# MSO-1

## સમાજશાસ્ત્રીય સિધ્ધાંતો

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

વિભાગ

# 1

## સમાજશાસ્ત્રીય સિધ્ધાંતો

## ______ એક પરિચય


એકમ-1

સમાજશાસ્ત્ર પરિચય 05

એકમ-2

સમાજશાસ્ત્રીય સિધ્ધાંત 31

# નોંધ

## નિષ્ણાત સમિતિ

| | |
|---|---|
| ડૉ. આમ્રપાલી મર્ચંટ | વાઈસ ચાન્સેલર ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| ડૉ.વિદ્યુત જોષી | ભૂતપૂર્વ વાઈસ ચાન્સેલર, ભાવનગર યુનિવર્સિટી. |
| ડૉ.હેમીક્ષા રાવ | પ્રોફેસર અને અધ્યક્ષ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ. |
| ડૉ.ચંદ્રકાન્ત ઉપાધ્યાય | નિયામક આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |

## લેખક

| | |
|---|---|
| ડૉ. જયશ્રી શાહ | વ્યાખ્યાતા<br>સમાજમાનવશાસ્ત્ર વિભાગ<br>ગૂજરાત વિદ્યાપીઠ<br>અમદાવાદ |

## પરામર્શક (વિષય)

| | |
|---|---|
| ડૉ. ચંદ્રકાંત ઉપાધ્યાય | નિયામક આદિવાસી સંશોધન અને<br>તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ,<br>અમદાવાદ. |

## પરામર્શક (ભાષા)

| | |
|---|---|
| ડૉ. પ્રદીપ જોષી | આચાર્યશ્રી,<br>આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ,<br>વસો |

## સંયોજન સહાય

| | |
|---|---|
| શ્રી.એસ.એચ.બારોટ | મદદનીશ કુલસચિવ<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,<br>ડફનાળા, શાહીબાગ,અમદાવાદ - 380 003. |

Printed at Sudarshan Graphics, Ahmedabad-28. Ph.079-25430560

પ્રકાશક

કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
સરકારી બંગલા નંબર-9, ડફનાળા, શાહીબાગ, અમદાવાદ - 380 003 ટે.નં. 22869690
© સર્વ હક્ક સ્વાધીન. આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈ પણ ભાગને
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર
મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈ પણ રીતે પુનઃમુદ્રિત કરવાની મનાઈ છે.

# નોંધ

# એકમ-૧ સમાજશાસ્ત્ર પરિચય

## એકમની રૂપરેખા

૧.૧ હેતુ

૧.૨ પ્રસ્તાવના

૧.૩ સમાજશાસ્ત્રનો ઉદ્‌ભવ

૧.૪ સમાજશાસ્ત્રની વ્યાખ્યાઓ

૧.૫ સમાજશાસ્ત્રનું વિષયવસ્તુ

૧.૬ સમાજશાસ્ત્રની પ્રસ્તુતતા

# એકમ-૧ 'સમાજશાસ્ત્ર પરિચય

એકમની રૂપરેખા

૧.૧ હેતુ
૧.૨ પ્રસ્તાવના
૧.૩ સમાજશાસ્ત્રનો ઉદ્‌ભવ
૧.૪ સમાજશાસ્ત્રની વ્યાખ્યાઓ
૧.૫ સમાજશાસ્ત્રનું વિષયવસ્તુ
૧.૬ સમાજશાસ્ત્રની પ્રસ્તુતતા

## ૧.૧ હેતુ :

આ એકમનો હેતુ અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓને સમાજશાસ્ત્ર અંગેના તથ્યોથી અવગત કરાવવા અને જે વિદ્યાર્થીઓએ સ્નાતક કક્ષાએ તેનો અભ્યાસ ન કર્યો હોય તેમને પણ આ અભ્યાસ દ્વારા સમાજશાસ્ત્ર અંગેની સ્પષ્ટ સમજણ પ્રાપ્ત થાય તે છે. સમાજશાસ્ત્રના ઉદ્‌ભવ, વિકાસ, પ્રસ્તુતતા, વ્યાખ્યા તથા વિષયવસ્તુની સ્પષ્ટ સમજણ આ એકમમાંથી વિદ્યાર્થીને પ્રાપ્ત થઈ શકશે.

આ એકમમાં સમાજશાસ્ત્રના સિધ્ધાંતનાં લક્ષણો અને સિધ્ધાંતનાં ઘડતર વિશે પણ ચર્ચા કરવામાં આવી છે.

## ૧.૨ પ્રસ્તાવના :

માનવમાં રહેલી જીજ્ઞાસા તથા દુનિયા અંગે વિધવિવિધ વાતો જાણી અને માનવ જીવનને સુખી, સંપત્તિવાન તથા શાંતિયુક્ત બનાવવાના પ્રયાસ સતત ચાલુ રહ્યા છે. લોકશાહી એ માનવસમાજના શાણપણનું અનેરુ પ્રદાન છે કે જે સ્વાભાવિક ક્રમમાં માનવને માનવની ગરીમા પ્રાપ્ત થાય તેવી તક આપે છે. માત્ર જન્મથી નહીં પરંતુ પોતાની આવડત, મહેનત અને અભિગમ દ્વારા સમાન તક પ્રાપ્ત કરી પોતાના જીવનને સુખમય બનાવવાની તક લોકશાહી આપે છે. ફ્રાંસમાં જયારે ક્રાંતિ થઈ ત્યારે માનવ જીવનમાં આકસ્મિક પરિવર્તનો આવ્યા તે સમયે જ સમાજશાસ્ત્રના જનક કોમ્ટે આ શાસ્ત્રની રચના કરી. પ્રસ્તુત પુસ્તકમાં સમાજશાસ્ત્રનો ઉદ્‌ભવ, વ્યાખ્યા, પ્રસ્તુતતા અને સિધ્ધાંત અંગેની ચર્ચા છે. પ્રસ્તુત પ્રકરણમાં સમાજશાસ્ત્રીય સિધ્ધાંતની વ્યાખ્યા , લક્ષણો અને ઘડતરની પ્રક્રિયા અંગેની ચર્ચા છે. પ્રસ્તુત અભ્યાસનું આ એકમ સમાજશાસ્ત્રના વિદ્યાર્થીઓને સમાજશાસ્ત્ર અંગેની મૂળભૂત સમજણ આપવાનો પ્રયાસ કરે છે. સામાજિક સંબંધો , વ્યકિત-વ્યકિત વચ્ચેની આંતરક્રિયાઓ, વ્યકિત અને જૂથ વચ્ચેની આંતરક્રિયાઓ તથા જૂથ-જૂથ વચ્ચેની આંતરક્રિયાનો અભ્યાસ સમાજશાસ્ત્ર કરે છે. સામાજિક વિજ્ઞાન હોવાને નાતે પ્રયોગ પધ્ધતિ તે તેની પધ્ધતિ નથી, પરંતુ કયારેક વિવિધ પ્રકારના ટૂંકાગાળાનો પ્રયોગ તેમાં શકય છે. સમાજશાસ્ત્રની મુખ્ય પ્રયોગશાળા સમાજ છે. સમાજશાસ્ત્રનો ઉદ્‌ભવ પશ્ચિમના સમાજમાં થયો છે. કારણ કે પુનઃ જાગરણના યુગમાં મોટાભાગના વિજ્ઞાનોની શોધ પશ્ચિમના દેશોમાં થઈ છે.ભારતના પરિપ્રેક્ષ્યમાં ૧૯૬૦ અને ૧૯૭૦ ના દાયકા પછી તેમાં પણ અનેકવિધ બાબતો નવી ઉમેરાઈ. સમાજશાસ્ત્ર દરેક સમાજ માટે કંઈક નવું છે કારણકે દરેક સમાજ એક બીજાથી ભિન્ન હોય.છે. ભારતીય વિવિધતાઓ જેવી કે ધર્મની, જ્ઞાતિની વર્ગની અને જાતિની અનેકવિધ વાસ્તવિકતાઓ પ્રગટ કરે છે.અને તેથી જ ભારત સમાજશાસ્ત્રમાં નવી ઘણી બધી બાબતો ઉમેરી રહ્યુ છે.

## ૧.૩ સમાજશાસ્ત્રનો ઉદ્ભવ

માનવીની સામાજિકતા એ સમાજશાસ્ત્રનો પાયો ગણી શકાય. સમાજ અંગે જાણવાની ઇચ્છા માનવને સતત રહી છે. સમાજ અંગેની ચર્ચા કરનાર પહેલા પોતાની જાતને તત્વચિંતકો, ઇતિહાસવિદો વિચારકો, કાયદાના ઘડવૈયા તથા આર્ષદષ્ટા તરીકે ઓળખાવતા. ભારતની જ્ઞાતિવ્યવસ્થાને આધ્યાત્મવાદના પાયા ઉપર સમજાવી તને કાર્યત્મકવાદ સાથે જોડી બૌદ્ધિક, તાર્કિક ખુલાસાઓ કર્યા. ચીનમાં પણ સમાજ માટે સ્પષ્ટ સિદ્ધાંતો જોવા મળે છે. પ્રાશ્ચાત્ય સમાજમાં પ્લેટો સૌ પ્રથમ સમાજના અભ્યાસની વાત કરે છે.પ્લેટોએ સૌ પ્રથમ સાવયવી જૈવિક સિદ્ધાંતની વાત કરી. એરિસ્ટોટલે સમાજશાસ્ત્રમાં અને કૌટિલ્યે અર્થશાસ્ત્રમાં સામાજિક વાસ્તવિકતાને લક્ષમાં રાખી રાજકીય વ્યવસ્થાનું વિશ્લેષણ કર્યુ. આ બંને પણ જૈવિક સિદ્ધાંતના પુરસ્કર્તા છે. સાવયવી રોમન તત્વચિંતકોએ પણ આ સિદ્ધાંતને સમર્થન આપ્યું. પ્લેટોએ ચર્ચા કરતાં જણાવ્યું કે વ્યક્તિ એ સમાજનું પ્રતિબિંબ છે અને સમાજના ભાગ તરીકે વ્યક્તિને જોવી જોઇએ.

મધ્યયુગમાં ઇબ્ન ખલ્દુને સામાજિક વાસ્તવિકતાને સમજી તેને સમજાવવાનો, તેના વિશ્લેપણનો પ્રયાસ કર્યો. પશ્ચિમનાં સમાજમાં કેટલાક રાજયશાસ્ત્રીઓ અને તત્વચિંતકો જેવા કે પોલિબસ, વિકો, હોબ્સ, લોક, રુસો વિગેરેએ રાજકીય પ્રશ્નોને સમાજના વિશાળ સંદર્ભમાં તપાસ્યા.

મેકીયાવલીએ સાવયવી સિદ્ધાંતને બદલે વાસ્તવિક દષ્ટિબિંદુ રજૂ કર્યું. હોબ્સના મતે સમાજ અધિકતમ અનુકૂલન કરી સમાજકાર્ય કરે છે. તેમના મતે રાજયે વ્યક્તિને સંપૂર્ણ સ્વતંત્રતા અને અભિવ્યક્તિની સ્વતંત્રતા આપવી જોઇએ જેથી નાગરિકોના જીવનમાં સુસંવાદિતતા આવે. લોકસભા-સમાજ કે જે સમાજમાં નાગરિકોના અધિકારોને સરકાર દ્વારા રક્ષણ અપાય છે. ૧૭મી સદીમાં એમ મનાતું કે સામાન્ય સંસ્થાઓ સ્થિર છે અને તે કાયમ છે.૧૮મી સદીમાં આ બાબતમાં પરિવર્તન આવ્યુ. તેમના મતે રાજયે માનવના સામાજિક જીવનને રક્ષિત બનાવવા મદદ કરવી જોઇએ.

રૂસોએ આદર્શસમાજની વાત કરી જેમાં દરેક વ્યક્તિની ગરીમા સચવાવવી જોઇએ. વોલ્ટેરના મતે ધાર્મિક સંસ્થાઓ યોગ્ય નથી. સામાજિક સંસ્થાઓ કુદરતી નથી. કેટલાક તત્વચિંતકોએ સમાજ પરિવર્તનશીલ છે એ દષ્ટિકોણ રજૂ કર્યો. તેમના મતે દરેક સમાજ વિવિધ ત્રણ તબક્કાઓમાંથી પસાર થાય છે. આ તબકકાઓ મોટેભાગે બધાજ સમાજોમાં સરખા જોવા મળે છે.

- માનવજાતિના વિકાસ માટે પ્રગતિ એ મુખ્ય નિયમ છે.
- જટીલ સામાજિક પરિબળોમાંથી સામાજિક સંસ્થાઓ ઉદ્ભવી છે, નહીં કે મનસ્વી રીતે ઠોકી બેસાડવામાં આવી છે.

એડમ સ્મિથ માને છે કે આર્થિક પ્રવૃતિ સ્વંયસ્ફૂર્ત છે. સમાજને જંગલી અને સભ્ય એમ બે વિભાગમાં તે વહેંચે છે. સમાજ અભ્યાસ માટે સંખ્યાત્મક પદ્ધતિઓ રચી આંકડાકીય અને સાંખ્યકીય પદ્ધતિઓનો ઉદ્ભવ ત્યારથી થયો.૧૮મી સદી તપાસ અને પ્રશ્નોનો યુગ હતો. મોટાભાગના તત્વચિંતકોને પરંપરાગત મૂલ્યો અંગે સંશય હતા અને માનવીની બુદ્ધિશક્તિ અંગે અમર્યાદિત વિશ્વાસ હતો. તે સમયના આધિભૌતિક ખ્યાલો, અનેકિવધ બાબતો, માન્યતાઓ અને પારંપારિક જ્ઞાન, પારંપારિક વિશ્વાસ, લોકરિતિ સમાજ અંગેની અનેકવિધ માન્યતાઓએ કાયદા, સમાજશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર માટે મહત્ત્વની ભૂમિકા પૂરી પાડી. આ બધા માંથી જ નવી બાબતોને પાયો પ્રાપ્ત થયો.

૧૯મી સદીમાં ઓગસ્ટ કોમ્ટ (૧૭૯૮-૧૮૫૩)દ્વારા સમાજશાસ્ત્રનો ઉદ્ભવ થયો. કોમ્ટના સમયમાં થયેલ સામાજિક તથા રાજકીય પરિવર્તનોને કારણે જે અંધાધૂંધી સર્જાઈ તેને થાળે પાડવાના ચિંતનમાંથી સમાજશાસ્ત્રનો ઉદભવ થયો છે તેમ કહી શકાય.

**Saint Pierre** અને **Vico** એ અઢારમી સદીમાં પ્રગતિના ખ્યાલની વાત કરી તે મહદઅંશે સૌને સ્વીકાર્ય હતી. આ ખ્યાલ મોન્ટેસ્કયુ, વોલ્ટરે ફ્રાંસમાં તથા હાર્ડરે જર્મનીમાં વિકસાવ્યો. ૧૯મી સદીમાં ઇતિહાસમાં તત્વજ્ઞાનને મહત્ત્વના પરિબળ તરીકે હેગલ અને સેંટ સાયમને સ્વીકાર્યું. ઇતિહાસ સતત અવિરતપણે આગળ ધપે છે અને તે રાજ્યના ઉદ્ભવમાં પરિણમે છે અને સામાજિક સંસ્થાઓ દ્વારા ટકી રહે છે. સેંટ સાયમન ઇતિહાસને મહત્વનો ગણે છે.સમાજમાં ઉદ્યોગ એ મહત્ત્વનું પરિબળ છે એમ સેંટ સાયમન માને છે. કોમ્ટ સેંટ સાયમનથી પ્રભાવિત થયા હતા. બધાજ તત્વચિંતકોએ ઇતિહાસના અભ્યાસ પછી રાજ્ય અને સભ્ય સમાજ બન્ને વચ્ચે તફાવત દર્શાવ્યો છે.

૧૯મી સદીમાં તત્વચિંતકોને એમ લાગ્યુ કે કુદરતી વિજ્ઞાનોની સંશોધનની પદ્ધતિઓ સામાજિક બાબતોને સમજવામાં મદદરૂપ થઇ શકે.સામાજિક ઘટનાઓને વર્ગીકૃત કરી શકાય અને માપી પણ શકાય. ગરીબી એ કુદરતી નથી પરંતુ તે સામાજિક પ્રશ્ન છે કાંતો માનવનું આ બાબત અંગે અજ્ઞાન છે અથવા તેને શોષણ કરવું છે. તે જમાનામાં કુદરતી વિજ્ઞાનો અને સામાજિક સુધારણા આંદોલનોને પ્રતિષ્ઠિત માનવામાં આવતા હતા.

લંડનમાં સામાજિક તપાસનો પાયો નંખાયો.ઇંગ્લેન્ડની ઔદ્યોગિક ક્રાંતિ અને ફ્રાંસની રાજ્યક્રાંતિએ આમૂલ ફેરફારો સર્જયા. ઉદ્યોગોને કારણે ઉદ્ભવેલા સામાજિક દૂષણોને સમજવા નવા દૃષ્ટિકોણને કારણે સામાજિક તપાસ ઉદ્ભવી. રૂઢિચુસ્ત અને સ્વપ્નીલ લેખકો વગેરેના લખાણોમાં સમુદાય,સલાહ અને પરંપરાને મહત્ત્વ અપાયુ પરંતુ સામાજિક વાસ્તવિકતાના તાર્કિક વિશ્લેષણને મહત્ત્વ ન અપાયુ. જૈવિક ઉત્ક્રાંતિના ખ્યાલની પણ સમાજશાસ્ત્રીઓ ઉપર અસર જણાય છે. તેથી જ સામાજિક ઉત્ક્રાંતિના તબક્કા અંગે પણ તેઓએ વિચાર કર્યો છે. ડાર્વિનની અસર સ્પષ્ટપણે જોવા મળી.

સમાજશાસ્ત્રને વિધેયાત્મક વિજ્ઞાન ગણવામાં આવ્યું અને કુદરતી વિજ્ઞાનોના જેવા જ લક્ષણ ધરાવે છે તેમ માનવામાં આવ્યું. સમાજશાસ્ત્રનો ઉદ્ભવ બૌદ્ધિક અને સામાજિક વાતવરણમાં થયો. જેમાં ઔદ્યોગિકરણને કારણે ઉદ્ભવેલી સામાજિક સમસ્યાઓ અંગે વિશ્લેષણ કરી શકે તેવા વિજ્ઞાનનો પાયો નંખાયો.

આ સમાજશાસ્ત્રીઓની વિચારધારાઓ સમગ્ર ૧૯મી સદી તેમજ ૨૦મી સદીના શરૂઆતના વર્ષોમાં જ્યારે આધુનિક સમાજશાસ્ત્રનો ઉદ્ભવ થયો ત્યારે છવાયેલી હતી. તે સમયના મુખ્ય રાષ્ટ્રો ફ્રાન્સ,ઇંગ્લેન્ડ અને જર્મની કે જ્યાં સમાજશાસ્ત્ર પ્રથમ વિકસ્યું અને જ્યાંથી આધુનિક સમાજશાસ્ત્રીય પરંપરાની શરૂઆત થઇ. દરેક સમાજશાસ્ત્રીએ સમાજશાસ્ત્રની એક બુદ્ધિજન્ય વિષય તરીકેની વિભાવનાઓ ઉપર વ્યક્તિગત અસર પાડી છે અને આથી જ યોગ્ય રીતે સમાજશાસ્ત્રના વિષયવસ્તુને સમજવું જરૂરી છે.

ઓગસ્ટ કોમ્ટ ગણિતશાસ્ત્રી હતા પરંતુ સમાજ અંગે વિચારતા તેમણે સૌ પ્રથમ આ શાસ્ત્રને સામાજિક ભૌતિકશાસ્ત્ર નામ આપ્યું. થોડા સમય બાદ તેને સમાજશાસ્ત્ર Sociology નામ આપ્યું. કોમ્ટે સામાજિક ઘટનાઓને સામાજિક ગતિશાસ્ત્ર અને સામાજિક સ્થિતિશાસ્ત્રમાં મૂલવી. આ બન્ને વિભાવનાઓ જુદા જુદા રૂપે આ ક્ષેત્રમાં આજે પણ જોવા મળે છે. સામાજિક સ્થિતિશાસ્ત્રમાં સમાજના મુખ્ય સંસ્થાગત સંકુલને સમાવ્યા છે. અર્થકારણ, કુટુંબ કે રાજકારણ સમાજશાસ્ત્રીય વિશ્લેષણમાં મુખ્ય એકમો છે. અને આ સમાજશાસ્ત્રને જુદી જુદી સંસ્થાઓ વચ્ચેના આંતર સંબંધોના અભ્યાસ કરનાર વિષય ગણવામાં આવે છે. સામાજિક તંત્રનો અભ્યાસ એટલે તેના જુદા જુદા ભાગમાં થતી ક્રિયાઓ,પ્રક્રિયાઓ અને નિયમો અંગેની તપાસ. તેઓ એવું કહેતા કે"સમાજના જુદા જુદા ભાગોને અલગ અલગ રીતે સમજી શકાય નહિ કારણકે તેઓ પરસ્પરના સંબંધમાં જ સકળતાના સ્વરૂપે હોય છે. આથી તેમને એકબીજાના પૂરક તરીકે જોયા વિના છૂટકો નથી" બીજા શબ્દોમાં તેઓ સનાતન સામાજિક આંતર સંબંધમાં માનતા હતા.

સામાજિક ગતિશાસ્ત્રની બાબતમાં કોમ્ટ માનતા કે જે સામાજિક સ્થિતિશાસ્ત્ર એ સમાજના જુદા જુદા ભાગો કેવી રીતે જોડાયેલા છે તેનો અભ્યાસ કરે છે. સામાજિક ગતિશાસ્ત્ર સમગ્ર સમાજને વિશ્લેષણના એકમ તરીકે અભ્યાસ કરીને દર્શાવે છે કે તેઓ કેવી રીતે વિકસ્યા અને કેવી રીતે પરિવર્તિત થયા. આમ જ્યારે આપણે ગતિશાસ્ત્રના નિયમોને તુર્તજ ઓળખી શકીએ છીએ ત્યારે આપણે તેને મોટા માનવ સમુદાયો સાથે સરખાવીએ છીએ.આમ કોમ્ટે વિવિધ માનવ સમુદાયો કે સમાજના  તુલનાત્મક અભ્યાસને સમાજશાસ્ત્રીય વિશ્લેષણ માટેનો મુખ્ય વિષય માન્યો છે.

હર્બર્ટ સ્પેન્સર પોતાના પુસ્તક સમાજશાસ્ત્રના સિદ્ધાંતો Principle of Sociology માં વિશિષ્ટ રીતે સમજાવે છે કે સમાજશાસ્ત્રે ક્યા ક્યા વિષયોના અભ્યાસની જવાબદારી લેવી જોઇએ. સ્પેન્સરે વ્યાખ્યા કર્યા પ્રમાણે સમાજશાસ્ત્રના વિષયવસ્તુમાં ઘણી બધી પરિચિત બાબતો આવે છે. સ્પેન્સરના મતે સમાજશાસ્ત્રના ક્ષેત્રમાં કુટુંબ, રાજકારણ,ધર્મ, સામાજિક નિયંત્રણ, ઉદ્યોગો કે કામ ગણાવી શકાય.વધારામાં સ્પેન્સરે મંડળો, સમુદાયો, કાર્ય વિભાજન, સામાજિક સ્તરીકરણ, જ્ઞાનનું સમાજશાસ્ત્ર, વિજ્ઞાનનું સમાજશાસ્ત્ર, કળાકારીગીરીનો અભ્યાસ વગેરે જેવા વિષયોને પણ સુનિશ્ચિત કર્યા છે. ટૂંકમાં સ્પેન્સરના સિદ્ધાંતો ઘણા સમયથી સમાજશાસ્ત્રમાં શીખવાતા જુદા જુદા વિષયોનું વર્ણન કરે છે.

સ્પેન્સરે સમાજશાસ્ત્રની એ ફરજ ઉપર ભાર મુક્યો છે કે તેણે સમાજના જુદા જુદા તત્ત્વો વચ્ચેના આંતરસંબંધો સમજવા જોઇએ અને તેઓ કઇ રીતે  સમગ્ર સમાજને અસર કરે છે, પરિવર્તિત કરે છે કે પરિવર્તિત થાય છે તે જોવું જોઇએ.

સ્પેન્સરે હજુ એક વધારાની જવાબદારી સમાજશાસ્ત્રીઓને  સોંપી છે કે તેણે સમગ્ર સમાજને પોતાના વિશ્લેષણ માટેનું એકમ ગણવું જોઇએ.સમાજશાસ્ત્રના સિદ્ધાંતોને સમજવા માટે આપણે સમાજ દ્વારા થતા કામો અને તેની સંરચના અને તેને વિઘટીત કરતા ખાસ તથ્યો અને ખાસ સંજોગો પણ જાણવા જોઇએ.આમ કોમ્ટ અને સ્પેન્સરની વિચારધારાઓમાં કેટલેક અંશે સામ્યતા જણાય છે.

એમીલી દુર્ખેમે સમાજશાસ્ત્રના વિષયવસ્તુની કોઇ ચોક્કસ વિભાવનાઓ સર્જી નથી.  પરંતુ તેમણે સમાજશાસ્ત્રના વિષયન  ખાસ ક્ષેત્રે બહોળા વિકાસની વાત કરી છે. તેના પરથી તેમના વિચારો જાણી શકાય. તેમણે એવું કહ્યું હતું કે જયાં સુધી સમાજશાસ્ત્ર સામાજિક વાસ્તવિકતાની સમગ્રતા પરના શરૂઆતના બધાજ દાવાઓ છોડે નહિ ત્યાં સુધી સમાજશાસ્ત્ર સામાજિક વિજ્ઞાન બની શકે નહિ તેમની એવી ઇચ્છા હતી કે સમાજશાસ્ત્રનું પદાર્પણ ખાસ વિષયના રુપમાં થાય. બીજા શબ્દોમાં કહીએ તો દુર્ખેમ સમાજશાસ્ત્રને ખૂબ વ્યાપક સંસ્થાઓ અને સામાજિક પ્રક્રિયાઓ સાથે સંબંધિત થાય તેમ જણાવે છે. વાસ્તવિકતાની રીતે જોઇએ તો જેટલા પણ સામાજિક વિજ્ઞાનો છે તેમજ સામાજિક તથ્યો અંગેની વિવિધતા છે તેટલી જ શાખાઓ સમાજશાસ્ત્રમાં વિકસી છે.

**દુર્ખેમે તેના પ્રથમ સમાજશાસ્ત્રીય જર્નલમાં સમાજશાસ્ત્રના મુખ્ય ભાગો નીચે પ્રમાણે દર્શાવ્યા છે.**

૧) વ્યક્તિ અને સમુહ

૨) ધર્મનું સમાજશાસ્ત્ર

૩) કાયદા અને નીતિનું સમાજશાસ્ત્ર
   જેમાં રાજકીય સંસ્થા, સામાજિક સંસ્થા જેમાં કુટુંબ અને લગ્નનો સમાવેશ થાય છે.

૪) ગુન્હાનું સમાજશાસ્ત્ર

૫) આર્થિક સમાજશાસ્ત્ર-જેમાં મૂલ્યો અને વ્યાવસાયિક જૂથોનો સમાવેશ થાય છે.

૬) વસ્તી વિજ્ઞાન - જેમાં શહેરી અને ગ્રામીણ સમુદાયોનો સમાવેશ થાય છે.

૭) કલાનું સમાજશાસ્ત્ર

૧૮૯૬માં તૈયાર કરવામાં આવેલી આ રૂપરેખા સાંપ્રત પરિસ્થિતિમાં સમાજશાસ્ત્રની સમીક્ષા માટે ઉપયોગમાં લઈ શકાય છે. આ રૂપરેખા જે ૧૮૯૬માં તૈયાર કરવામાં આવી હતી તે આજે પણ સમાજશાસ્ત્રની સાંપ્રત પરિસ્થિતિમાં પણ સમાજશાસ્ત્રની સમીક્ષા માટે ઉપયોગમાં લઇ શકાય છે.

દુર્ખેમ, કોમ્ટ અને સ્પેન્સરે સંસ્થાઓ વચ્ચેના સંબંધોના વિશ્લેષણ પર ભાર મૂક્યો છે. સમાજશાસ્ત્રનું સૌથી મહત્ત્વનું યોગદાન એ બાબતમાં છે કે અત્યંત વિરુદ્ધ પ્રકારના સામાજિક તથ્યો વચ્ચે પણ ખૂબ નજીકના સંબંધો છે. દરેક સામાજિક તથ્યને તેના ચોક્કસ સામાજિક પરિપ્રેક્ષ્યમાં કે ચોક્કસ પ્રકારના સમાજ સાથે દર્શાવવું જોઇએ.

દુર્ખેમ પણ સમાજ કે સમુદાયને સામાજિક વિશ્લેષણના મહત્ત્વના એકમ તરીકે ગણતા, તેણે સમાજશાસ્ત્રને સમાજના વિજ્ઞાન તરીકે ગણાવ્યું છે. એમણે જુદા જુદા પ્રકારના સમાજોના તુલનાત્મક રીતે અભ્યાસ કરવાના મહત્ત્વ ઉપર ભાર મૂક્યો છે. તુલનાત્મક સમાજશાસ્ત્ર એ સમાજશાસ્ત્રની ચોક્કસ શાખા નહિ પરંતુ પોતે જ સમાજશાસ્ત્ર છે.

મેક્સવેબરે તેનો મોટાભાગનો સમય સમાજશાસ્ત્રને એક ચોક્કસ વિષય તરીકે વિકસાવવાની ખાસ રીત શોધવામાં સમર્પિત કર્યો હતો. સામાજિક વિજ્ઞાનોમાં મૂલ્યાત્મક નિર્ણયોમાં વિષય નિષ્ઠતા અને તટસ્થતા જાળવવામાં થતા ઉતાર-ચઢાવનો તેમણે અભ્યાસ કર્યો છે. વેબરના મતે સમાજશાસ્ત્ર સામાજિક કાર્યને સમજવા માટે અર્થઘટન કરવાનો પ્રયત્ન કરે છે અને તેમ કરતાં સામાજિક કાર્યની દિશા અને અસરોની કારણદર્શક સમજૂતી આપે છે. વેબરે સામાજિક કાર્ય અને સામાજિક સંબંધને સમાજશાસ્ત્રના ચોક્કસ વિષયવસ્તુ તરીકે ગણાવ્યા છે. તેમના મુખ્ય કાર્યો જેમકે આર્થિક પ્રવૃત્તિઓ પર ધાર્મિક વિચારોની અસર, સામાજિક સ્તરીકરણ અને ધાર્મિક વિચારોનું વિશ્લેષણ અને પાશ્ચાત્ય સંસ્કૃતિના મુખ્ય લક્ષણો નક્કી કરવા અને સમજાવવા તે રહ્યા હતા.જે પૈકી પ્રથમ બે સમાજશાસ્ત્રની વિભાવનાને તે એક સમાજના જુદા જુદા ભાગો કે તત્ત્વો વચ્ચેના આંતર સંબંધો વચ્ચે સંકળાયેલ વિષય તરીકે ઓળખાવે છે અને ત્રીજો વિષય તુલનાત્મક સમાજશાસ્ત્રનો સંદર્ભ આપે છે કે જેની અંદર વિવિધ સમુદાયોને વિશ્લેષણના એકમ તરીકે ગણે છે.

**ઉપર જણાવેલ ચારેય સમાજશાસ્ત્રના સ્થાપકો દ્વારા દર્શાવવામાં આવેલા વિચારો મૂળભૂત રીતે સમાજશાસ્ત્રના યોગ્ય વિષયવસ્તુ અંગે નીચે મુજબ એકમતી સાધે છે.**

૧. બધાજ સમાજશાસ્ત્રીઓએ દર્શાવ્યું છે કે સામાજિક સંસ્થાઓ જેવી કે કુટુંબ, રાજ્ય વગેરેનો બહોળા પ્રમાણમાં અભ્યાસ કરવો જોઇએ અને તેમનું સમાજશાસ્ત્રીય દૃષ્ટિબિંદુથી વિશ્લેષણ કરવું જોઇએ.

૨. શાસ્ત્રીય પરંપરાથી સમજાવવામાં આવેલા સમાજશાસ્ત્રના વિષય-વસ્તુમાં જુદીજુદી સંસ્થાઓ વચ્ચેના આંતરસંબંધો જોવા મળે તેમ દર્શાવ્યું છે.

૩. સમાજશાસ્ત્રને ખાસ એકરૂપતા તરીકે સમાજની સમગ્ર સફળતાના અર્થમાં જોવું જોઇએ. એ બાબત પર બધા એકમત છે. સમાજશાસ્ત્રને ક્યા ક્યા અને ક્યારે ક્યારે વિવિધ સમાજો સરખા કે જુદા છે તે નક્કી કરવાનું હોય છે.

૪. અને અંતે આ બધા જ સમાજશાસ્ત્રીઓ એ બાબતમાં ભાવનાવશ જણાય છે કે સમાજશાસ્ત્રને સામાજિક ક્રિયા અને સામાજિક સંબંધોના અર્થમાં કેન્દ્રિત કરવું જોઇએ.

## ૧.૪ સમાજશાસ્ત્રની વ્યાખ્યાઓ :

સમાજશાસ્ત્રને વ્યવસ્થિત રીતે સમજવા માટે તેની વિવિધ વ્યાખ્યાઓ સમજવાનો પ્રયત્ન કરીએ.

### વ્યાખ્યાઓ :

૧ **Arnold Green** Sociology is the synthesizing and generalising science of man in all his Social relationships.

સમાજશાસ્ત્ર એટલે વ્યક્તિને તેના સામાજિક સંબંધોના પરિપ્રેક્ષ્યમાં સમજાવતું સમન્વયાત્મક અને સામાન્યીકરણ કરતુ શાસ્ત્ર.

૨ **Ginsberg:** Defines Sociology as the study of human inter actions & inter relations, their conditions & consequences.

સમાજશાસ્ત્ર એટલે સમાજનો અભ્યાસ, એટલે કે માનવની આંતરક્રિયા અને આંતરસંબંધોના તાણાવાણાંઓનો અભ્યાસ.

૩ **L.F.Ward:** Sociology is the science of society or of social Phenomena.

સમાજશાસ્ત્ર એટલે સમાજ અંગેનું વિજ્ઞાન અથવા સામાજિક ઘટનાઓ અંગેનું વિજ્ઞાન.

૪ **L.T. Hobhous:** The Subject matter of Sociology is the inter action of human minds.

સમાજશાસ્ત્રનું વિષયવસ્તુ એટલે માનવ મનની આંતરક્રિયાઓ.

૫ **Johnson:** Sociology is the science that deals Social groups, their internal forms or modes of organisation, the processes that tends to maintain or change these forms of organisation and relation and relations between groups.

સમાજશાસ્ત્ર-સામાજિક જૂથો, તેના આંતરિક સ્વરૂપ અથવા સંસ્થાના વિવિધ પ્રકારો, તેને ટકાવી રાખતી અને પરિવર્તન લાવતી પ્રક્રિયાઓ અને જૂથો વચ્ચેના સંબંધોનો અભ્યાસ કરે છે.

| | | |
|---|---|---|
| ૬ | Park and Burgess: | Sociology is the science of collective Behaviour.<br>સામૂહિક વર્તનનો અભ્યાસ એટલે સમાજશાસ્ત્ર. |
| ૭ | Kimball Young: | Sociology deals with the behaviour of men in groups.<br>સમાજશાસ્ત્ર સમૂહમાં માનવના વર્તનનો અભ્યાસ કરે છે. |
| ૮ | Max Weber: | Sociology is the Science which there by to arrive at a causal explaintion of its cause and effects at tempts the interpretive understanding of social action in order there by to arrive at a causal explaination of its cause and effects.<br>સમાજશાસ્ત્ર સામાજિક ક્રિયાની વ્યાખ્યાત્મક સમજ આપવાનો પ્રયત્ન કરે છે અને કાર્યકારણ અંગે સમજ આપે છે. |
| ૯ | Gillin & Gillin : | Sociology in its broadest sense may be said to be the study of interactions arising from the association of living beings.<br>સમાજશાસ્ત્ર એના વિસ્તૃત અર્થઘટન મુજબ સજીવ વ્યક્તિઓના સહચર્યના પરિણામે નીપજતી આંતરક્રિયાઓનો અભ્યાસ છે. |
| ૧૦ | H.R.Fairchild: | Sociology is the study of the relation ships between man and his human environment.<br>સમાજશાસ્ત્ર માનવ અને તેના માનવીય વાતાવરણ વચ્ચેના સંબંધોનો અભ્યાસ છે. |
| ૧૧ | J.F.Cuber: | Sociology may be defined as a body of scientific knowledge about human relationships<br>સમાજશાસ્ત્રને માનવીય સંબંધોના વૈજ્ઞાનિક જ્ઞાન તરીકે પરિભાષિત કરી શકાય. |

| | | |
|---|---|---|
| ૧૨ | W.F.Ogburn: | Sociology is a body of learning about society. It is a description of ways to make society better. it is social ethics, a social philosophy, Generally, however it is defined as science of society.<br>સમાજશાસ્ત્ર સમાજ અંગે જ્ઞાન આપતું શાસ્ત્ર છે. સમાજશાસ્ત્ર સમાજ અંગેની વિદ્યાશાખા છે. તે સમાજને બહેતર બનાવવા માટેની પદ્ધતિઓનું વર્ણન છે. આ સામાજિક નીતિશાસ્ત્ર,સામાજિક તત્ત્વજ્ઞાન છે. છતાં પણ સામાન્ય રીતે તેને સમાજ અંગેના વિજ્ઞાન તરીકે પરિભાષિત કરવામાં આવે. છે. |
| ૧૩ | Ferdinand Tonnies: | General Sociology is on the whole the theory of human beings livining together.<br>સામાન્ય સમાજશાસ્ત્ર સમગ્ર રીતે જોતા સાથે રહેતી વ્યક્તિઓ અંગેનો સિદ્ધાંત છે. |
| ૧૪ | Lundenberg, G.A. Schrag C.C. Larson Ohan. | Sociology is a body of releted generalisation about human soc. al behaviour arrived at by scientific method.<br>વૈજ્ઞાનિક પદ્ધતિઓ દ્વારા માનવના સામાજિક વર્તન અંગેનું સામાન્યીકરણ એટલે સમાજશાસ્ત્ર |
| ૧૫ | Simmel: | Sociology asks what happens to men and by what rules they behave not in so far as they unfold their un derstandable individual existences in their totalities, but in so far as they form groups and are determined by their group exitsence because of inter action<br>જ્યારે માનવી સમગ્રતાના સંદર્ભમાં વ્યક્તિગત અસ્તિત્વનો પરિચય કરાવે છે ત્યારે નહીં પરંતુ જ્યારે તેમની આંતરક્રિયાને કારણે જૂથ બનાવે છે અને તેના જૂથના અસ્તિત્વને નિશ્ચિત કરાય છે ત્યારે તેનું શું થાય છે અને ક્યા નિયમો પ્રમાણે વર્તે છે. એ વસ્તુને સમાજશાસ્ત્ર તપાસે છે. |

૧૬ Young and : Mack — Sociology is the scientific study of the Structure of Social life.

સમાજશાસ્ત્ર એ સામાજિક જીવનની રચનાનો શાસ્ત્રીય અભ્યાસ છે.

૧૭ Arthur Fairbanks : — Sociology is the name applied to somewhat inchoate mass of materi als which embodies our knowledge of society

આપણી સમાજ વિશેની પ્રારંભિક જાણકારીને સમાજશાસ્ત્ર કહેવામાં આવે છે.

૧૮ John.w.Bennet :Sociology is the science of the structure and functions of social life

સમાજશાસ્ત્ર એટલે સામાજિક જીવનની સંરચના અને કાર્યોનું વિજ્ઞાન.

૧૯ G. Duncan Mitchell : — Sociology is a descriptive and ana lytical discipline concerned with the structural aspects of human so ciety.

સમાજશાસ્ત્ર માનવ સમાજના સંરચનાત્મક પાસાંઓ અંગેનું વર્ણનાત્મક અને વિશ્લેષણાત્મક શાસ્ત્ર છે.

૨૦ T.Abel : — Sociology is the scientific study of social relationships, their variety, their forms, whatever affects them and whatever they affect.

સમાજશાસ્ત્ર સામાજિક સંબંધોના વિવિધ પ્રકારો, વિવિધ સ્વરૂપો તેને અસર કરતા અને તેના દ્વારા અસર પામતા પરિબળોનો વૈજ્ઞાનિક અભ્યાસ.છે.

૨૧ Bogardus : — Sociology may be defined as the study of the ways in which social experiences function in developing, maturing and repressing human be ings through inter-personal stimu lation.

સમાજશાસ્ત્ર એટલે સામાજિક અનુભવો વ્યક્તિને આંતર વૈયક્તિક ઉત્તેજના દ્વારા માણસને કઇ રીતે

વિકસાવે છે અને પરિપક્વ બનાવે છે તેનો અભ્યાસ છે.

૨૨ P.A.Sorokin : Sociology is a generalising science of socio-cultural phenomena viewed in their genetic form,oriented types and manifold interconnections.

સમાજશાસ્ત્રએ સામાજિક-સાંસ્કૃતિક ઘટનાઓનું તેના સામાન્ય કે જાતિગત સ્વરૂપ, પ્રકાર અને બહુવિધ આંતરસંબંધોનું સામાન્યીકરણ કરતું શાસ્ત્ર.

૨૩ Maciver : Sociology seeks to discover the principles of cohesion and of order within the social structure, the ways in which it roots and grows within an environment, the moving equilibrium of changing structure and changing environment the main trends of the incessant change, the forces which determine its direction at any time the harmonies and conflicts, the adjustments and mal adjustments whithin the structure as they are revealed in the light of human desires,and thus the practical application of means to ends in the creative activities of social man.

સમાજશાસ્ત્ર સમાજ સંરચનાની સુસંબદ્ધતા અને વ્યવસ્થાના સિદ્ધાંતો તેમજ વાતાવરણમાં તેની ઉત્પતિ અને વિકાસના કારણોની શોધ કરે છે. તેમજ સામાજિક માળખામાં માનવીય આકાંક્ષાઓના સ્વરૂપે વ્યક્ત થતાં, પરિવર્તનશીલ સામાજિક માળખાના ગતિમાન સંતુલન અને બદલાતા વાતાવરણ, સતત પરિવર્તનના મુખ્ય પ્રવાહો અને તેની દિશા નક્કી કરતા પરિબળો, સુસંવાદિતા અને સંઘર્ષ,સંવાદિતા અને વિસંવાદિતાઓને શોધવાનો પ્રયત્ન કરે છે. આમ

પ્રાયોજિત વિનિયોગ દ્વારા સામાજિક માનવીની સર્જનાત્મક પ્રવૃત્તિઓના ધ્યેયમાં પરિણમે છે.

૨૪ M.E.Jones : The chief interest of sociology is the people, the ideas, the customs, the other distinctively human phenomena which surround man and influence him, and which are therefore, part of his environment. So ciology also devotes some attention to certain aspects of the geographyical environment and to some natural as contrasted with hu man phenomena, but this interest is secondary to its preoccupation with human beings and the products of human life in association. our general field of study is man as he is related to other man and to the cre ation of other men which surround him.

સમાજશાસ્ત્રના રસનો મુખ્ય વિષય લોકો, તેમના ખ્યાલો, તેમના રીતરિવાજો અને અન્ય વિશિષ્ટ માનવીય ઘટનાઓ તેની આસપાસ ઘટે છે અને તેને અસર કરે છે આથી તેના સામાજીક વાતાવરણના ભાગ રૂપે છે-તે છે સમાજશાસ્ત્ર થોડે ઘણે અંશે તેનું ધ્યાન ભૌગોલિક વાતાવરણના કેટલાક પાસાંઓ અને કેટલેક અંશે માનવીય ઘટનાઓની તુલનામાં વિરોધાભાસી કુદરતી ઘટનાઓ પર પણ કેન્દ્રિત કરે છે. પરંતુ તેની આ અભિરૂચિ અગાઉની માનવીઓ અને જૂથમાં માનવીય જીવનની ફલશ્રુતિના મુખ્ય રસ કરતાં ગૌણ છે. આપણા અભ્યાસનું સામાન્ય ક્ષેત્ર છે માનવી તે અન્ય માનવીઓ સાથે કઇ રીતે સંકળાયેલો છે અને તેની આજુબાજુના માનવીઓ કઇ રીતે સર્જાયા છે તે છે.

૨૫ Durkheim: He defines sociology as the study of social Facts.

દુર્ખેમ સામાજિક તથ્યોના અભ્યાસને સમાજશાસ્ત્ર કહે છે.

## ૧.૫ સમાજશાસ્ત્રનું વિષયવસ્તુ

આમ તો કોઇ પણ બૌદ્ધિકક્ષેત્રની કે જ્ઞાનની કોઇ સીમાઓ આંકવાનો પ્રયત્ન કરવો એ મૂળભૂત રીતે નિરર્થક છે,કારણકે જ્યારે પણ આપણે તેમ કરવાનો પ્રયત્ન કરીએ છીએ ત્યારે આપણે અનિવાર્યપણે એવી વ્યક્તિઓના કામો અથવા ત્રુટીઓને જાણે અજાણે બાકાત રાખતા હોઇએ છીએ કે જેમાની આ બાબત માનવ સમુદાયો કે માનવ સમાજને સમજવા બેસીએ છીએ કે કોઇ જ્ઞાનની પરિસિમામાં ઢાળવા બેસીએ છીએ ત્યારે ચોકક્સ ઘટે છે.

આથી જ્યારે આપણે સમાજશાસ્ત્રના કાર્યક્ષેત્રની અંદર પ્રવેશીએ છીએ ત્યારે આપણે જેની કોઇ સીમા નથી અથવા જેની કોઇ વ્યાખ્યા નથી તેવા જ ક્ષેત્રમાં પ્રવેશીએ છીએ. કોઇ એક સમયે માનવ સમાજ માટે જે હકીકત હોઇ શકે છે તે બીજા સમય અથવા બીજા સ્થળે તદ્દન અસંબંધિત પણ હોઇ શકે. છતાં પણ સમાજશાસ્ત્ર જેવા વિષયમાં તેના વિષય વસ્તુને સમજવા માટે આગળ વધીએ ત્યારે આપણે એવી સમજણ સાથે હદ નક્કી કરીએ છીએ, સીમા આંકીએ છીએ. જેથી કરીને તેની મદદ આપણને આ વિષય સમજવામાં એક માત્ર સાધન તરીકે જ ઉપયોગી છે.

પ્રખ્યાત સમાજશાસ્ત્રી એલેક્ષ ઍંકલ્સ સમાજશાસ્ત્રના વિષયવસ્તુનું રેખાંકન કરવા માટે ત્રણ માર્ગે આગળ વધવું જોઇએ તેમ દિશા સૂચન કરે છે.

એક તો ઐતિહાસિક માર્ગે જેના દ્વારા આપણે શાસ્ત્રીય ઢબે લખાયેલા સમાજશાસ્ત્રનો અભ્યાસ કરીએ અને તેમાં રહેલ મધ્યવર્તી પારંપરિક ચિંતાઓ અને રસના વિષયોને શોધી શકીએ. જેથી સમાજશાસ્ત્રને એક બુદ્ધિગમ્ય ક્ષેત્ર તરીકે પ્રસ્થાપિત કરી શકાય.એટલે કે સમાજશાસ્ત્રના આદ્યસ્થાપકો શું કહી ગયા છે તે આપણે તપાસીએ.

બીજી રીત છે અનુભવજન્ય રીતે આપણે પ્રવર્તમાન સમાજશાસ્ત્રીય કામોનો અભ્યાસ કરીએ અને શોધીએ કે આ ક્ષેત્રની અંદર કયા વિષયો પર ધ્યાન આપવું જેઇએ. બીજા શબ્દોમાં કહીએ તો આજના સમાજશાસ્ત્રીઓ શું કરી રહ્યા છે ? સમાજશાસ્ત્રના વિષયવસ્તુને સમજવાની ત્રીજી પણ એક રીત છે કે તે દરેક સમાજશાસ્ત્રીય બાબતને બૃહદ તથા સૂક્ષ્મ ભાગોમાં વિશ્લેષણ કરીએ અને જુદા જુદા ક્ષેત્ર સાથે તેને સાંકળીએ. ટૂંકમાં આપણે કહી શકીએ કે ખરેખરો તર્ક, સંઘર્ષ શું છે?

ઐતિહાસિક અભિગમ આપણને ભૂતકાળના શાણપણનો લાભ આપે છે. તેની પૂર્વ ભૂમિકાને સમજીએ તો પ્રશ્નોને સમજવા આપણને સક્ષમ બનાવે છે. જો કે એકના એક ઇતિહાસને અલગ-અલગ લોકો જુદીજુદી રીતે વાંચે છે અને સમજે છે.તદ્દઉપરાંત ઐતિહાસિક રીતમાં એક ભય સ્થાન એવું રહેલું છે કે આપણી વિચારસરણીને તે જડ બનાવે છે. કારણ કે સાંપ્રત પરિસ્થિતિમાં અને ભવિષ્યમાં ઊભી થનારી સમસ્યાઓને હલ કરવામાં પરંપરા યોગ્ય ન રહી હોય.

અનુભવજન્ય અભ્યાસમાં સંદીગ્ધપણું ખૂબ ઓછા પ્રમાણમાં હોય છે. તેમાં મોટેભાગે કોઇક રૂપમાં ગણતરીની જરૂર પડતી હોય છે. જો કે પ્રવર્તમાન સમાજશાસ્ત્રીઓ તેમના મોટાભાગના સંશોધન કાર્યોમાં એક તર્ક રૂપે જ તેનો ઉપયોગ કરે છે. જેનો

 ભૂતકાળના કોઇ મહત્ત્વના કામ કે ભવિષ્ય માટે તેની પાસેથી અપેક્ષા કે સંબંધ ભાગ્યે જ હોય છે.

વિશ્લેષણાત્મક અભિગમ સૌથી ઓછો મુશ્કેલ છે. કેટલીક વ્યાખ્યાઓ અને કેટલીક સ્પષ્ટતાઓ કરી એટલે પુરુ થઇ ગયું. વર્ષોથી સતત આ અભિગમનો ઉપયોગ કરવામાં આવે છે.અનેક વિદ્વાનો અને વૈજ્ઞાનિકો તેમને જ્યાં રસ પડે ત્યાં દોરવાય છે, અને ઇચ્છામાં આવે તેનો અભ્યાસ કરે છે.તેઓ એવા કુદરતી અતિક્રમણીઓ છે કે જેમને કોઇ સંપત્તિના હક્કો કે પ્રવેશબંધી નડતી નથી. પરંતુ અભ્યાસ ક્ષેત્રમાં મનમાની રીતે કોઇ વિષય વસ્તુની વ્યાખ્યા કરવી તે ઘણી વખત અલંકૃત લાગે પરંતુ હકીકતથી ઘણી દૂર હોઇ શકે. તેનાથી મોટો સુસ્પષ્ટ નકશો તો દેખાય પરંતુ તેમાં હકીકતજન્ય સંશોધનના નિયમોના અભાવે કોઇપણ જાતનો વિષય સાથેનો સંબંધ જણાતો નથી.

સમાજશાસ્ત્રના ઇતિહાસમાં તેનો પાયો નાખનારા મુખ્ય સમાજશાસ્ત્રીઓ શું કહી ગયા તે તપાસીએ તો ચાર સમાજશાસ્ત્રીઓનો આધુનિક સમાજશાસ્ત્ર વિકસાવવાનો મહત્ત્વનો ફાળો જણાઇ આવે છે.આ સમાજશાસ્ત્રીઓ છે-

૧) ઓગસ્ટ કોમ્ટ

૨) હર્બર્ટ સ્પેન્સર

૩) એમીલી દુર્ખેમ

૪) મેક્સવેબર

આ ચારે સમાજશાસ્ત્રીઓની વિચારધારાઓ સમગ્ર ૧૯મી સદી તેમજ ૨૦મી સદીના શરૂઆતનાં વર્ષોમાં જયારે આધુનિક સમાજશાસ્ત્રનો ઉદ્‌ભવ થયો ત્યારે છવાયેલી હતી.તેઓ તે સમયનાં મુખ્ય રાષ્ટ્રો ફ્રાન્સ ,ઇંગ્લેન્ડ અને જર્મની કે જ્યાં સમાજશાસ્ત્ર પ્રથમ વિકસ્યું અને જયાંથી આધુનિક પરંપરાની શરૂઆત થઇ ત્યાંજ કાર્યરત હતા.દરેક સમાજશાસ્ત્રીએ સમાજશાસ્ત્રની એક બુદ્ધિજન્ય વિષય તરીકેની વિભાવનાઓ ઉપર વ્યક્તિગત અસર પાડી છે અને આથી જ યોગ્ય રીતે સમાજશાસ્ત્રના વિષયવસ્તુને સમજવા માટે જરૂરી છે.

આ એજ સમાજશાસ્ત્રી છે જેણે સમાજશાસ્ત્રને નામ આપ્યુ. તેમણે હંમેશા સામાજિક ઘટનાઓને સામાજિક ગતિશાસ્ત્ર અને સામાજિક સ્થિતિશાસ્ત્રમાં મુલવવું એમ કહ્યુ હતું. આ બન્ને વિભાવનાઓ જુદા જુદા રૂપે આજે પણ આ ક્ષેત્રમાં જોવા મળે છે. સામાજિક સ્થિતિશાસ્ત્રમાં સમાજની મુખ્ય સંસ્થાગત સંકુલને સમાવી શકાય જેમને અર્થકારણ,કુટુંબ કે રાજકારણ સમાજશાસ્ત્રીય વિશ્લેપણમાં આ મુખ્ય એકમો છે. એ આ સમાજશાસ્ત્રને જુદી જુદી સંસ્થાઓ વચ્ચેના આંતરસંબંધોના અભ્યાસકારી તરીકે ગણવામાં આવે છે. સામજિકતંત્રનો અભ્યાસ એટલે તેના જુદા જુદા ભાગોમાં આવતી ક્રિયાઓ , પ્રક્રિયાઓ અને નિયમો અંગેની તપાસ. તેઓ એવું કહેતા કે "સમાજના જુદા જુદા ભાગોને અલગ અલગ રીતે સમજી શકાય નહિ કારણકે તેઓ પરસ્પરના સંબધમાં જ ક્રિયાશીલ હોય છે. આથી તેમને એકબીજાના પૂરક તરીકે જોયા વિના છૂટકો નથી"બીજા શબ્દોમાં તેઓ સનાતન,સામાજિક આંતરસંબંધમાં માનતા હતા.

સામાજિક ગતિશાસ્ત્રની બાબતમાં કોમ્ટ માનતા કે જે સામાજિક સ્થિતિશાસ્ત્ર એ સમાજના જુદા જુદા ભાગો કેવી રીતે જોડાયેલા છે તેનો અભ્યાસ કરે છે, તો સામાજિક ગતિશાસ્ત્ર સમગ્ર સમાજને વિશ્લેષણના એકમ તરીકે અભ્યાસ કરીને દર્શાવે છે કે તેઓ કેવી રીતે વિકસ્યા અને કેવી રીતે પરિવર્તિત થયા. આમ જ્યારે આપણે ગતિશાસ્ત્રના નિયમ તુર્તજ ઓળખી શકીએ છીએ ત્યારે આપણે તેને મોટા માનવ સમુદાયો સાથે સરખાવીએ છીએ.આમ કોમ્ટે વિવિધ માનવ સમુદાયો કે સમાજના તુલનાત્ક અભ્યાસને સમાજશાસ્ત્રીય વિશ્લેષણ માટેનો મુખ્ય વિષય માન્યો છે.

હર્બર્ટ સ્પેન્સરે તેમના સમાજશાસ્ત્રના સિદ્ધાંતો "પ્રિન્સીપલ્સ ઓફ સોશ્યોલોજી"માં વિશિષ્ટ રીતે સમજાવ્યું છે કે સમાજશાસ્ત્રે ક્યા ક્યા વિષયોના અભ્યાસની જવાબદારી લેવી જોઇએ. સ્પેન્સરે વ્યાખ્યા કર્યા પ્રમાણે સમાજશાસ્ત્રના ક્ષેત્રમાં રાજકરણ,ધર્મ,સામાજિક નિયંત્રણ , ઉદ્યોગો કે કામ ગણાવી શકાય. વધારામાં સ્પેન્સરે મંડળો , સમુદાયો , કાર્ય વિભાજન , સામાજિક સ્તરીકરણ,જ્ઞાનનું સમાજશાસ્ત્ર,વિજ્ઞાનનું સમાજશાસ્ત્ર, કળાકારીગીરીનો અભ્યાસ વગેરે જેવા વિષયોને પણ સુનિશ્ચિત કર્યા છે. ટૂંકમાં સ્પેન્સરના સિદ્ધાંતો ઘણા સમયથી સમાજશાસ્ત્રમાં શીખવાતા જુદા જુદા વિષયોનું વર્ણન કરે છે.

સ્પેન્સરે સમાજશાસ્ત્રની એ ફરજ ઉપર ભાર મુક્યો છે કે તેણે સમાજના જુદા જુદા તત્વો વચ્ચેના આંતરસંબંધો સમજવા જોઇએ અને તેઓ કઇ રીતે સમગ્ર સમાજને અસર કરે છે,પરિવર્તિત થાય છે તે જોવું જોઇએ.

સ્પેન્સરે હજુ એક વધારાની જવાબદારી સમાજશાસ્ત્રને સોંપી છે કે તેણે સમગ્ર સમાજના વિશ્લેષણ માટેનું એકમ ગણવું જોઇએ. સમાજશાસ્ત્રના સિદ્ધાંતને સમજવા માટે આપણે સમાજ દ્વારા થતા કા ો અને તેની સંરચના અને તેને વિઘટીત કરતા ખાસ તથ્યો અને ખાસ સંજોગો પણ જાણવા જોઇએ. આમ કોમ્ટ અને સ્પેન્સરની ેચારધારાઓમાં કેટલેક અંશે સામ્યતાઓ જણાય છે.

૨ મીલી દુર્ખેમે સમાજશાસ્ત્રના વિષયવસ્તુની કોઇ ચોક્કસ વિભાવનાઓ સર્જી નથી પરંતુ તેમણે સમાજશાસ્ત્રના વિષયના ખાસ ક્ષેત્રમાં તેના બહોળા વિકાસની વાત કરી છે, તે પરથી તેમના વિચારો જાણી શકાય. તેમણે એવું કહ્યું હતું કે જ્યાં સુધી સમાજશાસ્ત્ર સામાજિક વાસ્તવિકતાની સમગ્રતા પરના શરૂઆતના અને બધાજ દાવાઓ છોડે નહિ ત્યાં સુધી સમાજશાસ્ત્ર વિજ્ઞાન બની શકે નહિં. તેમની એવી ઇચ્છા એ હતી કે સમાજશાસ્ત્રનું પદાર્પણ ખાસ વિષયના યુગમાં થાય.ટૂંકમાં દરેકે સમાજશાસ્ત્રને ખૂબ વિસ્તૃત વ્યાપમાં સંસ્થાઓ અને સામાજિક પ્રક્રિયાઓ સાથે સંબંધિત શાસ્ત્ર છે તેમ જણાવ્યું . વાસ્તવિકતાની રીતે જોઇએ તો જેટલા પણ સામાજિક તથ્યો અંગેની વિવિધતા છે તેટલીજ શાખાઓ સમાજશાસ્ત્રમાં વિકસી છે.

દુર્ખેમે તેના પ્રથમ સમાજશાસ્ત્રીય જર્નલમાં સમાજશાસ્ત્રના મુખ્ય ભાગો
નીચે પ્રમાણે દર્શાવ્યા છે.

૧) વ્યક્તિ અને સમુહ

૨) ધર્મનું સમાજશાસ્ત્ર

૩) કાયદા અને નીતિનું સમાજશાસ્ત્ર

સમાજશાસ્ત્રીય સિધ્ધાંતો જેમાં રાજકીય,સંસ્થા, સામાજિક સંસ્થા જેમાં કુટુંબ અને લગ્નનો સમાવેશ થાય છે.

૪) ગૂન્હાનું સમાજશાસ્ત્ર

૫) આર્થિક સમાજશાસ્ત્ર

૬) વસ્તી વિજ્ઞાન - જેમાં શહેરી અને ગ્રામીણ સમુદાયોનો સમાવેશ થાય છે.

૭) કળાનું સમાજશાસ્ત્ર

આ રૂપરેખા જે ૧૮૯૬માં તૈયાર કરવામાં આવી હતી તે આજે પણ સમાજશાસ્ત્રની સાંપ્રત પરિસ્થિતિમાં પણ સમાજશાસ્ત્રનો સમીક્ષા માટે ઉપયોગમાં લઇ શકાય તેટલી પ્રસ્તુત છે.

દુર્ખેમે, કોમ્ટ અને સ્પેન્સરની જેમ સંસ્થાઓ વચ્ચેના સંબંધોમાં વિશ્લેષણ પર ભાર મુક્યો છે. તેમણે દર્શાવ્યું છે કે સમાજશાસ્ત્રનું સૌથી મહત્ત્વનું યોગદાન તે બાબતમાં છે કે અત્યંત વિરુદ્ધ પ્રકારના સામાજિક તથ્યો વચ્ચે પણ ખૂબ નજીકના સંબંધો છે તે દર્શાવવામાં રહેલું છે. દરેક સામાજિક તથ્યને તેના ચોક્કસ સામાજિક પરિપ્રેક્ષ્યમાં કે ચોક્કસ પ્રકારના સમાજ સાથે દર્શાવવું જોઇએ.

દુર્ખેમ પણ સમાજ કે સમુદાયને સામાજિક વિશ્લેષણના મહત્ત્વના એકમ તરીકે ગણતા તેમણે સમાજશાસ્ત્રને સમાજના વિજ્ઞાન તરીકે ગણાવ્યું છે અને જુદા જુદા પ્રકારના સમાજને તુલનાત્મક રીતે અભ્યાસ કરવાના મહત્ત્વ ઉપર ભાર મુક્યો છે. તુલનાત્મક સમાજશાસ્ત્ર એ સમાજશાસ્ત્રની ચોક્કસ શાખા નહિ પરંતુ પોતે જ સમાજશાસ્ત્ર છે.

મેક્સવેબરે તેનો મોટાભાગનો સમય સમાજશાસ્ત્રની એક ચોક્કસ વિષય તરીકે વિકસાવવાની ખાસ રીત શોધવામાં સમર્પિત કર્યો હતો. તેમના મુખ્ય વિષય સામાજિક વિજ્ઞાનોમાં મુલ્યાત્મક નિર્ણયોમાં વિષય નિષ્ઠતા અને તટસ્થતા જાળવવામાં થતા ઉતાર-ચઢાવનો તેમણે અભ્યાસ કર્યો છે. વેબરના મતે સમાજશાસ્ત્ર સામાજિક કાર્યને સમજવા માટે અર્થઘટન કરવાનો પ્રયત્ન કરે છે અને તેમ કરતાં સામાજિક કાર્યની દિશા અને અસરોની કારણદર્શક સમજુતી આપે છે.વેબરે સામાજિક કાર્ય અને સામાજિક સંબંધને સમાજશાસ્ત્રના ચોક્કસ વિષયવસ્તુ તરીકે ગણાવ્યા છે. તેમના મુખ્ય કાર્યો જેમ કે આર્થિક પ્રવૃત્તિઓ પર ધાર્મિક વિચારોની અસર, સામાજિક સ્તરીકરણ અને ધાર્મિક વિચારોનું વિશ્લેષણ અને પાશ્ચાત્ય સંસ્કૃતિના મુખ્ય લક્ષણો નક્કી કરવા તે રહ્યા હતા. જે પૈકી પ્રથમ બે સમાજશાસ્ત્રની વિભાવનાને તે એક સમાજના જુદા જુદા ભાગો કે તત્વો વચ્ચેના આંતર સંબંધો વચ્ચે સંકળાયેલ વિષય તરીકે ઓળખાવે છે. અને ત્રીજો વિષય તુલનાત્મક સમાજશાસ્ત્રનો સંદર્ભ આપે છે કે જે અંદર વિવિધ સમુદાયોને વિશ્લેષણના એકમ તરીકે ગણે છે.

ઉપર જણાવેલ ચારેચાર સમાજશાસ્ત્રના સ્થાપકો દ્વારા દર્શાવવામાં આવેલા વિચારો મૂળભૂત રીતે સમાજશાસ્ત્રના યોગ્ય વિષય વસ્તુ અંગે નીચે મુજબ એકમતી સાધે છે.

૧. દરેક જણે દર્શાવ્યું છે કે સમાજશાસ્ત્રીઓએ સંસ્થાઓ જેવી કે કુટુંબથી માંડીને રાજ્ય સુધીનો બહોળા પ્રમાણમાં અભ્યાસ કરવો જોઇએ અને તેમનું ખાસ સમાજશાસ્ત્રના દ્રષ્ટિબિંદુથી વિશ્લેષણ કરવું જોઇએ.

૨. શાસ્ત્રીય પરંપરાથી સમજાવવામાં આવેલું સમાજશાસ્ત્રના અજોડ વિષયવસ્તુમાં જુદી જુદી સંસ્થાઓ

વચ્ચેના આંતરસંબંધો જોવા મળે છે તેમ દર્શાવ્યું છે.

૩. એ બાબત પર તેઓ બધા એક સરખો મત દર્શાવે છે કે સામાજિક વિશ્લેષણને ખાસ એકરૂપતા તરીકે સમાજની સમગ્ર સકળતાના(એકતાના) અર્થમાં હોવું જોઈએ. જેમાં સમાજશાસ્ત્રને કયા કયા અને ક્યારે ક્યારે વિવિધ સમાજો સરખા કે જુદા છે તે નક્કી કરવાનું હોય છે.

૪. અને અંતે આ બધાજ સમાજશાસ્ત્રીઓ એ બાબતમાં ભાવનાવશ જણાય છે કે સમાજશાસ્ત્રને સામાજિક ક્રિયા અને સામાજિક સંબંધોના અર્થમાં સમાજશાસ્ત્રે કેન્દ્રિત કરવું જોઈએ.

જાણીતા સમાજશાસ્ત્રી ઈન્કલસે સમાજશાસ્ત્રના વિષયવસ્તુની સામાન્ય રૂપરેખા નીચે મુજબ દર્શાવેલી છે.

**સમાજશાસ્ત્ર વિષયવસ્તુની સામાન્ય રૂપરેખા**

**૧ સમાજશાસ્ત્રીય વિશ્લેષણ**

માનવીય સંસ્કૃતિ અને સમાજ

સમાજશાસ્ત્રીય દષ્ટિબિંદુ

સામાજિક વિજ્ઞાનમાં વૈજ્ઞાનિક પદ્ધતિ

**૨ સમાજજીવનના પ્રાથમિક એકમો**

સામાજિક કાર્યો અને સામાજિક સંબંધો

વ્યક્તિગત વ્યક્તિત્વ

જૂથો (જાતિ અને વર્ગ સહિત)

સમુદાયો, શહેરી અને ગ્રામ્ય

મંડળો અને સંગઠન, વસ્તી અને સમાજ

**૩ મુખ્ય પાયારૂપ સામાજિક સંસ્થાઓ**

કુટુંબ અને સંબંધો

આર્થિક

રાજકીય અને કાયદાકીય

ધાર્મિક

શૈક્ષણિક અને વૈજ્ઞાનિક

મનોરંજન અને કલ્યાણકારી

**૪ પ્રાથમિક સામાજિક પ્રક્રિયાઓ**

વિભેદીકરણ અને સ્તરીકરણ

સહકાર,સમાયોજન અને આત્મીયીકરણ

સામાજિક સંઘર્ષ (ક્રાંતિ એ યુધ્ધ સહિત)

**૫ વ્યવહાર (લોકમત ઘડતર અને પરિવર્તન સહિત)**

સામાજિકરણ અને મતારોપણ

સામાજિક મૂલ્યાંકન **(મૂલ્યોનો અભ્યાસ)**

સામાજિક નિયંત્રણ

સામાજિક અસંગતતા(ગુનાખોરી, આત્મહત્યા)

સામાજિક સુગ્રથન

સામાજિક પરિવર્તન

## ૧.૯ સાંપ્રત સમયમાં સમાજશાસ્ત્રની પ્રસ્તુતતા

સાંપ્રત પરિસ્થિતિમાં સમાજશાસ્ત્રીય રીતે બદલાતા ઐતિહાસિક પરિબળોના સંદર્ભમાં આપણે આપણી ભૂમિકાની વ્યાખ્યા કરી શકીએ છીએ તે અંગે પ્રોફેસર શ્રીનિવાસ,યોગેન્દ્રસિંગ,ઘનાગરે જેવા સમાજશાસ્ત્રીઓએ સામાજિક વાસ્તવિકતાઓનો ભારતીય પરિપ્રેક્ષ્યમાં અભ્યાસો કર્યા છે. સુક્ષ્મ પાસાંઓમાં જ્ઞાતિ,લગ્નપ્રથા અને કુટુંબ,સગપણ - ગોત્રના સંબંધો,ગ્રામીણ સામાજિક સંરચના અને ગ્રામપંચાયતની જૂથબંધી, આદિમ તેમજ આદિવાસી સમાજોના અભ્યાસ તેમાં આવી રહેલ ફેરફાર અને સામાજિક રૂપાંતર વિગેરેના સમાજશાસ્ત્રીય રીતે અભ્યાસો થયા છે.

સંસ્થાનવાદ એટલે કે બ્રિટિશ સમય દરમ્યાન ભારતીય સમાજમાં શરૂ થયેલી બૃહદ્ પરિવર્તનની પ્રક્રિયાઓ,સામ્રાજ્યવાદ સામેની રાષ્ટ્રીય ચળવળ અને નવી શિક્ષણ વ્યવસ્થા, નવી ઉત્પાદન તકનીકી અને તેને પરિણામે મૂલ્યોમાં અને ધોરણોમાં આધુનિકરણના પરીબળો જે આમૂલ પરિવર્તનો લાવ્યા તેનો પણ અભ્યાસ થયો. આધુનિક ઔદ્યોગિક સમાજની સમસ્યાઓ જેવી કે ગરીબી, ઝૂંપડપટ્ટી,ગુન્હાખોરી અને ઔદ્યોગિક અશાંતિ તેમજ યુવાનોની ઓળખ અને બેચેની વિગેરે એ પણ સંશોધકોનું ખાસ્સું ધ્યાન ખેંચ્યું .ગરીબ અને વંચિત વર્ગો જેવા કે અનુ.જાતિ,પછાતવર્ગો અને મહિલાઓ તેમજ તેમની સમસ્યાઓને વિકાસના સિદ્ધાંત અને અભ્યાસની ખૂટતી કડી તરીકે ઓળખી તેના ઉપાય શોધાયા. સમાજશાસ્ત્રમાં પ્રવર્તમાન ખાસ રસના વિષયો કૃષિ સમાજશાસ્ત્ર,સામાજિક આંદોલનો ખાસ કરીને કોઇક મુદ્દાના વિરોધમાં થતી ચળવળ ખાસ ધંધાદારી વર્ગોની ભૂમિકા વિગેરેમાં ઉપેક્ષિત રહેલા મુદ્દાઓ અને પ્રશ્નોની આજુબાજુ રહેલા જણાયા છે.વિકાસ અંગેના સંવાદમાં વિક... ના અનુભવોથી ઉભરેલા બૃહદ પ્રશ્નો અને તેના મુખ્ય પાયાના અને આનુષાંગિક પ્રશ્નો તેના સાથેના અવિભાજ્ય સંબંધો પણ સમાજશાસ્ત્રીઓના સંશોધનના રસના વિષયો જણાયા છે.(આઇ.સી.એસ.એસ. આર)

ભારતીય સમાજશાસ્ત્રના સુસંગતતાના ખ્યાલો હંમેશા ઐતિહાસિક પરીબળોની સાથે બદલાતા રહ્યા છે અને ૬૦ના દાયકાના છેલ્લા વર્ષોમાં તેમજ ૭૦ના દાયકાની શરૂઆતમાં ખૂબ ઝડપથી બદલાવ આવતો જણાયો છે.ભારતીય સમાજશાસ્ત્ર જેવું જણાય છે તેવું સામાજિક સંરચનાઓના કોઇપણ એક વિદ્યાશાખાનું પોતાનું ચોક્કસ વિષયવસ્તુ હોવું જોઇએ,તેવા સિદ્ધાંતને આધારે જોતા આપણને જણાયું છે કે સંસ્થાઓની હારમાળા કોઇપણ ચોક્કસ પ્રત ચોક્કસ વિદ્યાશાખાના મુખ્ય વિષય બનાવવામાં નિષ્ફળ ગઇ છે તે બધી સમાજશાસ્ત્રના પેટા ક્ષેત્ર બની ગઇ છે.આપણે જોયું કે કુટુંબ જેવી સંસ્થાને પણ એક અલગ વિદ્યાશાખા તરીકે પ્રસ્થાપિત કરવાની હોય તો પણ સમુદાયો,સંસ્થાઓ સામાજિક આંતરસંબંધો અને સામાજિક પ્રક્રિયાઓ જેવી કે વિભેદીકરણ,સહકાર,મુલ્યાંકન,હરીફાઇ બધાજ સમાજશાસ્ત્રીય વિશ્લેષણના વિશેષ ક્ષેત્રો રહેવાના. જો કે નૃવંશશાસ્ત્ર પણ આજ વિષયનો અભ્યાસ કરે છે અને ઇતિહાસ પણ સમુદાયો અને સંસ્થાઓનો અભ્યાસ છે.પરંતુ બે ક્ષેત્રોને કોઇ ચોક્કસ ભેદ રેખાથી છૂટા પાડવા હોય તો આપણે તેમના વિષય વસ્તુને ગણતરીમાં લેવા કરતાં તેમના ધ્યેય, પરિપ્રેક્ષ્ય, દૃષ્ટિબિંદુઓ અને પદ્ધતિઓને લક્ષમાં લેવા જોઇએ.

કોઈપણ વિષયનો અભ્યાસ તેના ધ્યેય દ્વારા ભિન્ન પ્રસ્થાપિત થાય છે. સાથે સાથે દષ્ટિબિંદુ ભિન્ન હોવાથી તે ભિન્ન પરિમાણો સાથે અભ્યાસ કરે છે. શાસ્ત્રીય અભ્યાસમાં પધ્ધતિ ભિન્ન હોવાથી અભ્યાસ અલગ રીતે થાય છે.

આમ સમાજશાસ્ત્રના વિષયવસ્તુની વ્યાખ્યા કરવા માટે આપણે જુદા જુદા માર્ગો અપનાવ્યા પરંતુ ત્રણે અભિગમો તે દર્શાવે છે કે સમાજશાસ્ત્ર સામાજિક સંસ્થાઓ અને સામાજિક આંતરક્રિયાઓનો બૃહદ પ્રમાણમાં અભ્યાસ કરે છે.સમાજશાસ્ત્રનો આ બધા ઉપરનો દાવો કોઈપણ પ્રકારના ચોક્કસ પ્રશ્નો ઉભા કરતો નથી તેમ કહેવું અકલ્પ્ય છે કે કુટુંબ જેવી સનાતન સંસ્થા કે સામાજિક સ્તરીકરણ જેવી મહત્ત્વની પ્રક્રિયા કોઇપણ ઘનિષ્ઠ કે ખાસ અભ્યાસનો હેતુ હોઇ શકે નહિ. આથી જ સમાજશાસ્ત્રને સામાજિક સંસ્થાઓ અને સામાજિક પ્રક્રિયાઓનો અભ્યાસ કરતુ શાસ્ત્ર ગણવું જોઇએ. જેમના પ્રત્યે અન્ય વિદ્યાશાખાઓ બેધ્યાન રહી છે.

છતાં પણ આપણે એ સ્વીકારવું જોઇશે કે જુદીજુદી સામાજિક સંસ્થાઓ જેવી કે આર્થિક અને રાજકીય સંસ્થાઓ અન્ય ખાસ અને સ્વતંત્ર વિદ્યાશાખાઓના વિષયો રહી છે. છતાં પણ તે સમાજશાસ્ત્રનાં તપાસનાં હેતુઓ તરીકે ચાલુ રહે છે. આ કોઇ વિદ્વતાનો સામ્રાજ્યવાદ નથી કે પ્રચુરતા નથી, કોઇપણ સામાજિક કાર્યના અંર્તગત પ્રથાનાં લક્ષણ તરીકે ગણાવી શકાય.આમ આપણે કહી શકીએ કે સમાજશાસ્ત્ર એ સામાજિક ક્રિયાઓ અને સામાજિક આંતરસંબંધોનો અભ્યાસ કરે છે.સામાજિક કાર્યની પ્રથામાં આપણે (કદ અને જટીલતાને) ચડતા ક્રમમાં જોઇ શકીએ છીએ.

સામાજિક ક્રિયાઓના આ તંત્રમાં ખાસ કરીને એક જ પ્રકારના સામાજિક કાર્યો, સામાજિક સંબંધો,મંડળો સંસ્થાઓ, સમુદાયો અને સમાજોની અંદર જટીલતા અને કદને વધતા પ્રમાણમાં અથવા તો ચડતા ક્રમમાં જોઇ શકીએ છીએ.

ઉપર થયેલી ચર્ચાના અંતે આપણે કહી શકીએ કે સમાજશાસ્ત્ર એ માત્ર સમગ્ર માનવ જીવનના બધાજ ક્ષેત્રોને અસર કરતી બાબતોનો અભ્યાસ કરતી પેટા શાખાઓનો સમુહ માત્ર નથી પરંતુ દરેક સામાજિક સ્વરૂપે રહેલા સમાજ જીવનના અલગ અલગ પાસાંઓનો અભ્યાસ છે.આ વિચારને સમાજશાસ્ત્રના જુદાજુદા ગ્રંથોમાં વિસ્તૃત રીતે સમજાવેલ છે. કોઇને પણ એ બાબત સ્પષ્ટ થાય છે કે સમાજશાસ્ત્રના ચોક્કસ વિષયવસ્તુને તાર્કિક વિશ્લેષણથી રેખાંકન કરવામાં જણાય છે કે તે અન્ય વિદ્યાશાખાઓ જેવી કે રાજકીય કે આર્થિક સંસ્થાઓનો અભ્યાસ કરે છે તેના દાવા સાથે પણ તે સંઘર્ષમાં આવતું નથી.

ઉપર જે વિષયોની યાદી બનાવવામાં આવી તે એવું દર્શાવે છે કે સમાજશાસ્ત્રમાં શેનો અભ્યાસ થાય છે પરંતુ તેવો સવાલ કે સમાજશાસ્ત્ર શું બાબત છે ? તેનો જવાબ આપ્યા વિના સમાજશાસ્ત્ર શેનો અભ્યાસ કરે છે તે સમજાવે છે.આમ આપણે એ કહી શકીએ કે કદાચ વિજ્ઞાનનો વિદ્યાર્થી જીવનશાસ્ત્રનું વિષય વસ્તુ શું છે તે લખી શકે , પરંતુ સમાજશાસ્ત્રની વ્યાખ્યા પુરેપુરા અર્થમાં સમજી શકે નહીં.

ઇન્કલ્સના મત મુજબની ઉપરોક્ત પૂર્વભૂમિકાના સંદર્ભમાં કહી શકાય કે સમાજશાસ્ત્ર અંગેના વિચારો ભલે વિરોધાભાસી હોઇ શકે પરંતુ અંતે તો બધાજ

સમાજશાસ્ત્રીઓના વિચારો એકબીજાને પૂરક છે. જેમ સામાજિક જીવનના જુદાજુદા ભાગોનો ખાસ અભ્યાસ જરૂરી છે.તેટલી જ જરૂર સમાજશાસ્ત્ર જેનો હેતુ સામાજિક જીવનની સામાન્ય પરિસ્થિતિઓનો અભ્યાસ કરવાનો છે.

જિન્સબર્ગે કહ્યું છે તેમ સામાજિક સંબંધોના અભ્યાસને ચોક્કસ બિબામાં ઢાળવો ત્યારેજ ફળદાયી બની શકે,જ્યારે અભ્યાસ દ્વારા મેળવાયેલા પરિણામો ઐતિહાસિક સાધન સામગ્રી "આંકડાકીય તથ્ય" વગેરે ચોક્કસ સામાજિક સંસ્થાઓની સાથે સરખાવીને મુલવવામાં આવે.

સ્પ્રોટે પણ કહ્યું છે કે સમાજશાસ્ત્રની વ્યાખ્યા કરવી એટલે એક વિશાળ જેલીફીસ જેવી ચીકણી વસ્તુના મોટા જથ્થાને ખૂબજ નાના સમૂહોમાં સીધી સાદી રીતે વિભાજન કરવાનો નિષ્ફળ પ્રયાસ છે.હકીકત એ છે કે કોઇપણ વિકસતા વિજ્ઞાનમાં એવું નક્કી કરવું શક્ય નથી કે આ પદ્ધતિથી શેનો ચોક્કસ અભ્યાસ થઇ શકે અને શેનો ન થઇ શકે. આથી સમાજશાસ્ત્ર જેવા બૃહદ વિજ્ઞાનની સર્વગ્રાહી વ્યાખ્યા કરવી બિલકુલ અશક્ય બાબત છે.

રાજય તેમજ મોટી ઔદ્યોગિક કે ઔપચારીક સંસ્થાઓ ઉપરાંત સમાજશાસ્ત્રીય જ્ઞાનના અન્ય વધુ મૂક ઉપભોકતાઓ છે, જેમાં સ્વૈચ્છિક સંસ્થાઓ,બિનસરકારી બિન-પક્ષીય કાર્યજૂથો અને કાર્યકર્તાઓ તેમજ સુધારાવાદી કલ્યાણકારી સંસ્થાઓ કે જેઓ તેમની કોઇ વ્યૂહાત્મક સામાજિક દરમ્યાનગીરી કરતાં પહેલાં ચોક્કસ મોજણી અને વિશ્લેષણ કરાવવા માંગતા હોય છે. તેમનો સમાવેશ થાય છે. જો હાલનો અનુભવ કોઇ નિષ્કર્ષ તરીકે ગણવાનો થાય તો તે સ્પષ્ટ છે કે આ સંસ્થાઓ અને જૂથો જો સુધારણા,જાગૃતિકરણ અને પ્રજામત ઉભા કરવાની પ્રવૃત્તિ સાથે જોડાયેલા હોય તો તેઓ વ્યવસાયી સમાજશાસ્ત્રીઓ પાસે વધુ માગણીઓ મૂકવાના છે અને તેથી સમાજશાસ્ત્રની સુસંગતતા આવતા વર્ષોમાં પુનઃનિશ્ચિત થવાની છે.

સુસંગતતાના વધુ બીજા બે નિર્ધારકોનો ઉલ્લેખ કરવો જરૂરી જણાય છે પ્રથમ તો ઓગણીસમી સદીના પ્રત્યક્ષવાદના ફરમાનોને અનુસરતા અનુભવજન્ય સમાજશાસ્ત્રના આદેશો કે હજુ આજે પણ ભારતીય સમાજશાસ્ત્રમાં પ્રસરેલા છે અને મુખ્ય પ્રવાહરૂપ છે. જેઓ આ પ્રવાહમાં છે તે હજુ પણ સમાજશાસ્ત્રના હેતુલક્ષી,વૈજ્ઞાનિક અને મૂલ્ય-તટસ્થાની શક્યતામાં માને છે.કોઇપણ સામાજિક વિશ્લેષણકારની સામાજિક ક્રિયા કે સામાજિક ચળવળ સાથેની નિકટતા અને તેમાં સીધી દરમ્યાનગીરીને અસંગત અને બિનવ્યવસાયી અશક્તિ તરીકે નાપસંદ કરવામાં આવે છે.સુસંગતતાના મુખ્ય માળખામાં વિશ્લેષણ અને ક્રિયા વચ્ચેના ભેદને ચુસ્ત રીતે પાળવામાં આવે છે. બીજી બાજુ ઉપર જણાવ્યું તેમ બિનપક્ષીય જૂથો,સ્વૈચ્છિક બિનસરકારી સંસ્થાઓ અને અભિકર્તાઓ દ્વારા એવું સુસંગત સમાજશાસ્ત્ર ઉભું કરવાના દબાણ વધતા રહ્યા છે કે એવું વિશ્લેષણ થાય કે આચારવિચાર ઘડવામાં અસરકારક સાધન પુરવાર થાય એટલું જ નહીં સુક્ષ્મ સ્તરના કે નીચેની કક્ષાએ જેવા આ કાર્યકર્તા જુથો કામ કરે છે ત્યાંની સ્થિતિ બદલવામાં ઉપયોગી નીવડે.

આ પ્રકારનાં રાજય,રાષ્ટ્ર કે આંતરરાષ્ટ્રીય સ્તરના અભિકર્તાઓ,ઔદ્યોગિક સંસ્થાઓ તેમજ કાર્યકર્તા જૂથો તરફથી થતા દબાણો પરત્વે વ્યવસાયી દોરવાય છે.આ અર્થમાં વિશ્લેષણકારોના મનમાં સમાજશાસ્ત્ર વિશેના જવાબદારી તેમજ સુસંગતતાના મુદ્દાનું નિરાકરણ થાય છે.

સમાજશાસ્ત્ર આજે આરોગ્ય, પર્યાવરણ, સામાજિક સમસ્યાઓ, વિસ્થાપન વિગેરે બાબતોમાં સતત આગળ વધતું રહ્યું છે.

**તમારી પ્રગતિ ચકાસો**

૧ સમાજશાસ્ત્રના ઉદ્ભવની પૃષ્ઠભૂમિકા સમજાવો

૨ સમાજશાસ્ત્રની વ્યાખ્યાઓ આપી તેનું વિશ્લેષણ કરો તથા તેના વિષયવસ્તુની ચર્ચા કરો

૩ સમાજશાસ્ત્રની વ્યાખ્યા આપી તેની પ્રસ્તુતતાની ચર્ચા કરો

**૧ સમાજશાસ્ત્રને 'સામાજીક ભૌતિકશાસ્ત્ર'નામ આપનાર સમાજશાસ્ત્રીનુ નામ દર્શાવો**

| | | | |
|---|---|---|---|
| ૧ | કાર્લ માર્કસ | ૨ | મેક્સ વેબર |
| ૩ | ઑગસ્ટકોમ્ટ | ૪ | ટાલકોટ પારસન્સ |

**૨ 'સમાજશાસ્ત્ર'શબ્દ પ્રથમવાર યોજનાર સમાજશાસ્ત્રીનું નામ દર્શાવો**

| | | | |
|---|---|---|---|
| ૧ | ઑગસ્ટ કોમ્ટ | ૨ | હર્બટ સ્પેન્સર |
| ૩ | કાર્લ માર્કસ | ૪ | એમીલી દુર્ખેમ |

**૩ સમાજશાસ્ત્રના પિતાનું નામ જણાવો**

| | | | |
|---|---|---|---|
| ૧ | ટાલકોટ પાર્સન | ૨ | ચાર્લ્સ કૂલે |
| ૩ | મેક્સવેબર | ૪ | આં ત્રણેમાંથી કોઇ નહીં. |

**૪ સમાજશાસ્ત્ર અભ્યાસ કરે છે**

| | | | |
|---|---|---|---|
| ૧ | માનવ અને સમાજ વિશે | ૨ | માનવ સંગઠન વિશે |
| ૩ | વ્યક્તિ વ્યક્તિ વચ્ચેના સામાજિક સંબંધો અંગે | ૪ | નાગરિકના હક્ક અને ફરજ અંગે |

**૫ સમાજશાસ્ત્રનો ઉદ્ભવ કઈ પરિસ્થિતિઓના સંદર્ભમાં થયો હતો તે જણાવો**

૧ ૧૯મી સદીમાં અમેરિકન સમાજમાં ઉદ્ભવેલા પ્રશ્નો અને ધોરણવિહિન પરિસ્થિતિમાં

૨ ઔદ્યોગિક ક્રાંતિને કારણે સમાજમાં આવેલ ક્રાંતિકારી પરિવર્તનના સંદર્ભમાં

૩ પ્રથમ વિશ્વયુદ્ધ પછી

૪ ઉપરનામાંથી કોઈ નહિ.

**૬ સમાજશાસ્ત્ર શબ્દ લેટીન Societus અને Logos શબ્દથી બન્યો છે એનો અર્થ સમજાવો**

૧ મિત્ર અથવા સાથીદાર અને વિજ્ઞાન

૨ સમાજ અને કાયદા

૩ સમાજ અને વિજ્ઞાન

૪ ઉપરના માંથી કોઈ નહિં

**૭ માનવ એક સામાજિક પ્રાણી છે - આ વિધાન કોણે દર્શાવ્યું છે**

૧ ઑગસ્ટ કોમ્ટે ૨ સોક્રેટિસ

૩ પ્લેટો ૪ એરિસ્ટોટલ

**૮ સમાજશાસ્ત્રીમાં ક્યો ગુણ આવશ્યક છે તે જણાવો**

૧ સુધારક ૨ ક્રાંતિકાર

૩ તટસ્થશોધક ૪ ઉપદેશક

**૯ ક્યા પશ્ચિમનાં વિદ્વાને સૌ પ્રથમ સમાજના વૈજ્ઞાનિક અભ્યાસની વાત કરી**

૧ પ્લેટો ૨ સોક્રેટિસ

૩ એરિસ્ટોટલ ૪ ઑગસ્ટ કોમ્ટ

**૧૦ ક્યું વિજ્ઞાન સૌથી નવું શોધાયેલ સામાજિક વિજ્ઞાન છે તે દર્શાવો**

૧ અર્થશાસ્ત્ર ૨ નૃવંશશાસ્ત્ર

૩ સમાજશાસ્ત્ર ૪ માનસશાસ્ત્ર

**૧૧ 'સમાજશાસ્ત્ર માનવની જૂથમાં વર્તણુંકનો અભ્યાસ કરે છે'તેવું દર્શાવ્યું**

૧ કિમ્બાલ યંગ ૨ એલ.એફ.વોર્ડ

૩ માગરિટ મીડ ૪ હર્બર્ટ સ્પેન્સર

**૧૨ સમાજશાસ્ત્રનું મુખ્ય ધ્યેય સમજાવો**

૧ સમાજને સમજાવવાનું

૨ સમાજમાં ભવિષ્યમાં કેવા બનાવો બનશે તેની આગાહી કરવાનું

૩ સમાજમાં બનતા બનાવોને નિયંત્રીત કરવાનું

૪ સમાજમાં ક્રાંતિકારી પરિવર્તન લાવવાનું

**૧૩ મોટાભાગના સમાજશાસ્ત્રીય અભ્યાસનું ધ્યેય સમજાવો**

૧ નૈતિક ધારાધોરણો સમજવાનું

૨ સામાજિક સુધારણાનું

૩ સમાજના પ્રશ્નો ઉકેલવાનું

૪ માનવીની જિંદગી સમજવાનું

**૧૪ સમાજશાસ્ત્રીઓ મૂળભૂત રીતે સમજવા માંગે છે**

૧ માનવીય જિંદગીના બધાજ પાસાં

૨ માનવીય જિંદગીના કાર્યાત્મક પાસાં

૩ માનવીય જિંદગીના માનસશાસ્ત્રીય પાસાં

૪ માનવીય જિંદગીના સામાજિક પાસાં

**૧૫ સમાજશાસ્ત્રના અભ્યાસુઓ મૂળભૂત રીતે શેમાં રસ ધરાવે છે.**

૧ માનવ પરસ્પર કઇ રીતે અસર કરે છે

૨ માનવ વર્તનને અસર કરતાં પરિબળોને સમજવામાં

૩ વ્યક્તિને સમાજ પરની અસરોને તપાસવામાં

૪ માનવવર્તન અને પ્રાણી વર્તનની તુલના કરવામાં

**૧૬ માનવીય વર્તનો અભ્યાસ માટે સમાજશાસ્ત્રી** મૂલ્યને કઇ રીતે સમજશે

૧ મૂલ્યને માહિતી ગણે છે

૨ મૂલ્યને અવગણે છે કારણ તે પૂર્વગ્રહના સ્રોત છે.

૩ મૂલ્યોને સારા નરસામાં વર્ગીકૃત કરે છે.

૪ જે તે સમાજના મૂલ્ય યોગ્ય છે કે નહિ તે નક્કી કરે છે.

**૧૭ નીચેનામાંથી ક્યું વિધાન સત્ય છે**

૧ બધાજ સામજિક વિજ્ઞાનો સમાજનો અભ્યાસ કરે છે.

૨ માત્ર સમાજશાસ્ત્ર અને નૃવંશશાસ્ત્ર સમાજનો અભ્યાસ કરે છે.

૩ નૃવંશશાસ્ત્ર સમાજનો જ અભ્યાસ કરે છે

૪ સમાજશાસ્ત્ર સામાજિક સંબંધોનો અભ્યાસ કરે છે.

**૧૮ સમાજશાસ્ત્ર અને માનસશાસ્ત્ર બન્નેનો સંયુકત** ઉપયોગ કયા શાસ્ત્રમાં થાય છે?તેદર્શાવો

૧ સંસ્કૃતિના અભ્યાસમાં

૨ સામાજિક કાર્યના અભ્યાસમાં

૩ કલીનિકલ માનસશાસ્ત્ર

૪ સામાજિક મનોવિજ્ઞાન

**૧૯ સમાજશાસ્ત્રના કાર્યક્ષેત્રમાં ક્યા વિષયનો સમાવેશ થતો નથી**

૧ સમાજનો અભ્યાસ

૨ કાયદાકીય સંસ્થાઓનો અભ્યાસ

૩ સામાજિક સંબંધોનો અભ્યાસ

૪ સામાજિક સંસ્થાઓનો અભ્યાસ

**૨૦ સમાજશાસ્ત્ર સામૂહિક વર્તનનો અભ્યાસ કરે છે**-આ વિધાન આપનાર સમાજશાસ્ત્રીનું નામ દર્શાવો

૧ ક્યુબર ૨ મેકાઇવર

૩ કિમ્બાલ યંગ ૪ ઉપરમાંથી કોઈ નહિં

**૨૧ સમાજશાસ્ત્ર વિજ્ઞાન છે કારણ................**

૧ સમાજશાસ્ત્ર તટસ્થ છે

૨ સમાજશાસ્ત્ર માપી શકાય તેવું છે.

૩ સમાજશાસ્ત્ર ચોક્કસ પદ્ધતિ ધરાવે છે.

૪ સમાજશાસ્ત્ર ગુણવત્તાવાળું શાસ્ત્ર છે.

**૨૨ વૈજ્ઞાનિક માહિતીનું ખાસ લક્ષણ દર્શાવો**

૧ વિશ્વાસનીયતા

૨ ચકાસી શકાય તેવું

૩ સાર્વત્રિક ઉપયોગીતા

૪ માપી શકાય તેવું

**૨૩ લેટીન શબ્દ Sociusનો અર્થ............**

૧ એકતા

૨ આંતરક્રિયા

૩ જૂથ

૪ ફેલોશીપ

**૨૪ સમાજશાસ્ત્રીય અભિગમની દૃષ્ટિએ ક્યું વિધાન અસત્ય છે તે જણાવો**

૧ માનવ બીજા માનવ સાથે સંકળાયેલો હોય છે.

૨ માનવ સામાજિક પ્રાણી છે.

૩ માનવના બધાજ લક્ષણો વારસાથી જ નક્કી થાય છે.

૪ માનવનો સ્વભાવ વિવિધ સમાજોમાં વિવિધ પ્રકારના હોય છે.

**૨૫ નીચેનામાંથી ક્યું વિધાન અસત્ય છે**

૧ સમાજશાસ્ત્ર વૈજ્ઞાનિક પદ્ધતિનો ઉપયોગ કરે છે.

૨ સમાજશાસ્ત્ર તુલનાત્મક પદ્ધતિનો ઉપયોગ કરે છે

૩ સમાજશાસ્ત્ર કલ્પનાશક્તિનો ઉપયોગ કરે છે

૪ સમાજશાસ્ત્ર તટસ્તાથી અભ્યાસ કરે છે.

**૨૬ નીચેનામાંથી ક્યું વિધાન સૌથી વધુ યોગ્ય છે.**

ક્યા એકમમાં વ્યવસ્થિત સામાજિક જીવન અસ્તિત્વ ધરાવે છે.

૧ બધાજ પ્રાણીઓમાં

૨ માનવ સમાજમાં

૩ મધમાખીઓમાં

૪ કીડીઓમાં

**૨૭ નીચેનામાંથી ક્યું વિધાન સત્ય છે.**

૧ પ્રાણીઓ કંઇ જ શીખતા નથી

૨. પ્રાણીઓ સહેલાઇથી શીખી શકે છે.

૩ પ્રાણીઓ મર્યાદિત બાબતો જ શીખી શકે છે.

૪ પ્રાણીઓ પોતાની વર્તણૂક બીજી પેઢીને હસ્તાંતરીત કરે છે.

**૨૮કઇ સાલમાં સમાજશાસ્ત્ર નામ નક્કી કર્યું.**

૧ ઇ.સ. ૧૯૨૪

૨ ઇ.સ.૧૮૩૭

૩ ઇ.સ.૧૮૫૭

૪ ઇ.સ.૧૯૫૭

**૨૯સમાજશાસ્ત્રમાં પ્રયોગો કરવાનું**

૧ શક્ય છે.

૨ કવચિત શક્ય છે.

૩ અશક્ય છે.

૪ શક્ય છે પણ સ્વીકાર્ય નથી.

**૩૦સમાજશાસ્ત્રને સામાજિક વિજ્ઞાનોની રાણી કહેનાર સમાજશાસ્ત્રી જણાવો**

૧ ઑગસ્ટ કોમ્ટ

૨ કાર્લમાર્કસ

૩ ટાઇલર

૪ મેક્સવેબર

# એકમ - ૨ સમાજશાસ્ત્રીય સિધ્ધાંત

## એકમની રૂપરેખા

૨.૧ ખ્યાલો

૨.૨ પરિવર્ત્યો

૨.૩ સૈધ્ધાંતિક વિધાનો :

૨.૪ સિધ્ધાંતની અનિવાર્ય બાબતો

૨.૫ સિધ્ધાંતના કાર્યો

# એકમ - ૨ સમાજશાસ્ત્રીય સિધ્ધાંત

દરેક શાસ્ત્રમાં સિધ્ધાંત ખુબ મહત્વના હોય છે. તે જ રીતે સમાજશાસ્ત્રમાં સિધ્ધાંત ખુબ મહત્વના છે તેવું સ્પષ્ટ છે. સિધ્ધાંત એટલે એવી ચોકકસ બાબત કે જે સ્પષ્ટ, ચોકકસ પધ્ધતિસરની પ્રક્રિયા વડે કોઈ ઘટના કે પરિસ્થિતિને સમજાવી શકાય. સમાજશાસ્ત્રીય સિધ્ધાંતો એટલે સમાજ વિશેના વ્યવસ્થિત સંગઠિત તર્કબધ્ધ ખ્યાલોથી ઘડાયેલ અને પુરાવાને આધારે જેનું ઘડતર થયું હોય તેવી રચના. સિધ્ધાંતમાં ખ્યાલો, પરિવર્ત્યો અને વિધાનો મહત્વ ધરાવે છે.

સિધ્ધાંત શાસ્ત્રને ચોકકસ ખ્યાલો, પરિવર્ત્યો આપે છે. સિધ્ધાંત સ્વયં સ્પષ્ટ છે અને તેના દ્વારા બીજી તપાસો થઈ શકે છે. આ સિધ્ધાંત બીજી ઘટનાઓ તથા બીજી બાબતોના વિશ્લેષણમાં માળખાં તરીકે કાર્ય કરે છે. સિધ્ધાંત કોઈપણ બાબતે વ્યવસ્થિત સમજવા માટે પરિપાટી પૂરી પાડે છે. સિધ્ધાંત શાસ્ત્રને સ્પષ્ટતા અર્પે છે તથા અભ્યાસુને સરળતા બક્ષે છે. સિધ્ધાંત શાસ્ત્રને દીવાદાંડી તરીકે મદદરુપ બને છે. અભ્યાસુને સતત માર્ગદર્શન તથા સ્પષ્ટતા આપે છે. સિધ્ધાંતમાં ખ્યાલો, પરિવર્ત્યો તર્કબધ્ધ રીતે સંકળાયેલા હોય છે.

સિધ્ધાંતમાં સૌ પ્રથમ ખ્યાલો એ ખુબ મહત્વની બાબત છે. ખ્યાલ વ્યકિતને કોઈ ઘટના, વસ્તુ કે બાબત અંગે અર્થ આપતી બાબત છે. ખ્યાલ મૂર્ત કે અમૂર્ત બન્ને બાબતો માટે હોય છે. સમાજશાસ્ત્રીય ખ્યાલો એ સામાજિક સબંધો, પ્રક્રિયાઓ, આંતરક્રિયાઓ અંગેના સંદર્ભમાં હોય છે અને તેને વ્યવસ્થિત રીતે પરિભાષિત કરવામાં આવે છે. આ પ્રકરણમાં સિધ્ધાંતની ચાર બાબતો અંગે ચર્ચા કરવામાં આવી છે. સૌ પ્રથમ ખ્યાલ અને ખ્યાલ સાથે પરિવર્ત્ય ખુબ મહત્વની બાબત છે. સિધ્ધાંતમાં ખ્યાલ એ વિવિધ સંદર્ભો સાથે અનેકવિધતા ધરાવે છે તેની ચર્ચા કરવામાં આવે છે. સમાજશાસ્ત્રમાં અનેકવિધ પરિમાણોથી અભ્યાસ કરવામાં આવે છે. ખ્યાલ અને પરિવર્ત્ય બન્ને બાબતો એક સાથે જોડાવાથી સૈધ્ધાંતિક વિધાન બને છે અને સૈધ્ધાંતિક વિધાન ચકાસ્યા બાદ સિધ્ધાંત બને છે. સિધ્ધાંત ઘટનાઓને ચોકકસ માળખામાં વર્ગીકૃત કરે છે. સિધ્ધાંત સ્પષ્ટ અને ટૂંકમાં જ્ઞાન આપે છે, તથ્ય દર્શાવે છે, સબંધ દર્શાવે છે, કયારેક આગાહી પણ કરે છે. સિધ્ધાંત સમગ્ર શાસ્ત્રમાં કે જ્ઞાનમાં રહેલી ઉણપ પણ દર્શાવે છે. બધાજ શાસ્ત્રોની જેમ સમાજશાસ્ત્રમાં પણ સિધ્ધાંત સામાજિક ઘટનાઓને સમજવા માટે અભ્યાસુને માર્ગદર્શન આપે છે.

સમાજશાસ્ત્રીય સિધ્ધાંત મહદઅંશે કાયમી હોય છે. જોકે જ્ઞાનમાં તથા વાસ્તવિક જગતમાં પરિવર્તનની સાથે એમાં પણ પરિવર્તન આવે છે કેટલીક બાબતો ઉમેરાય છે અને કેટલીક બાબતો બાદ થાય છે. સિધ્ધાંતોજ શાસ્ત્રોની કરોડરજ્જુ હોય છે. સમાજશાસ્ત્રીય સિધ્ધાંતમાં અનિવાર્ય બાબતોની ચર્ચા અને તેના કાર્યોની ચર્ચા પ્રસ્તુત પ્રકરણમાં કરવામાં આવી છે.

## ૨.૧ ખ્યાલો :

સમસ્ત માનવ જગત ભાષા વાપરે છે અને ભાષામાં દરેક શબ્દ સાથે એક ચોકકસ ખ્યાલ જોડાયેલો હોય છે. માનવ સમાજનું જ્ઞાન અનેકવિધ શાસ્ત્રો, ટેકનોલોજી, તત્વજ્ઞાન વગેરેમાં વિકાસ પામેલુ હોય છે. દરેક શાસ્ત્ર, દરેક વિજ્ઞાન એક અલગ પ્રકારની ચોકકસ ભાષા વાપરે છે. તે ભાષાને ટર્મિનોલોજી કહે છે. સમાજશાસ્ત્રમાં પણ સમાજશાસ્ત્રીય ખ્યાલો વપરાય છે. દા.ત. સહકાર, હરિફાઈ, સંઘર્ષ, ભૂમિકા, દરજ્જો વગેરે. સમાજશાસ્ત્રમાં દુર્ખિમ ખ્યાલોને સામાજીક તથ્યો તરીકે ઓળખે છે, અને ઓળખાવે છે. ખ્યાલો એક અર્થ દર્શાવે છે.દા.ત. સહકાર શબ્દ એ અનેકવિધ માનવો કે સામાજિક સંસ્થાઓ વચ્ચે એકબીજાને મદદરૂપ, એક બીજાના અંગ રૂપ બની કોઈ ચોકકસ ધ્યેયપ્રાપ્તિની ક્રિયા કહી શકાય. ખ્યાલ સ્પષ્ટ હોવા જોઈએ અને તેમાંથી ચોકકસ અર્થ પ્રગટ થતો હોવો જોઈએ. રોબર્ટ મર્ટનના મતે વિજ્ઞાનમાં વપરાતા ખ્યાલો સ્વયં સ્પષ્ટ હોવા જોઈએ. ખ્યાલો અમૂર્ત હોય છે.મૂર્ત ખ્યાલો ચોકકસ સમય, સ્થળ કે ઘટના સાથે સંબંધિત હોય છે અને તે પરિસ્થિતિનો નિર્દેશ કરે છે. પરંતુ અમૂર્ત ખ્યાલો તે સમય અને સ્થળનો સંબંધ દર્શાવતા નથી. ખ્યાલો વિશિષ્ટ પરિસ્થિતિ દર્શાવે છે.સિધ્ધાંતમાં આ ખ્યાલ ખૂબ મહત્વનું સ્થાન ધરાવે છે.

## ૨.૨ પરિવર્ત્યો :


સિધ્ધાંતની રચનામાં પરિવર્ત્યો ખુબ મહત્વના હોય છે. પરિવર્ત્યો એટલે કે અનેકવિધ બાબતો જેવી કે ઓપન યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની જાતિ , ઉંમર, જ્ઞાતિ, વર્ગ , કુટુંબનો પ્રકાર, ઉંમર, વ્યવહારિક દરજ્જો વગેરે બાબતોને પરિવર્ત્ય ગણી શકાય. પરિવર્ત્યો ગુણાત્મક, અને પરિમાણાત્મક હોઈ શકે.પરિવર્ત્યોને ગણી શકાય છે અને આંકડાકીય રીતે દર્શાવી શકાય છે.સિધ્ધાંતના ઘડતરમાં આ પરિવર્ત્યો મહત્વના છે.

## ૨.૩ સૈધ્ધાંતિક વિધાનો :

પરસ્પર સંકળાયલા ખ્યાલોને સિધ્ધાંતમાં પરિવર્તીત કરવા માટે તેના વિધાનો બનાવવા આવશ્યક છે. વિજ્ઞાનનું ખરુ ધ્યેય ઘટનાને સમજવાનું , પરિસ્થિતિને સમજવાનું અને કાર્યકારણના નિયમોને સમજાવવાનું હોય છે. તેથી આ વિધાનો મહદઅંશે તેને સ્પષ્ટ કરવા પ્રયત્ન કરે છે. આ વિધાનો અમૂર્ત હોય છે કારણ તે સમય અને સ્થળ સાથે સંકળાયેલા હોતા નથી. તર્કબધ્ધ રીતે પરસ્પર સંકળાયેલા વિધાનો હોય તો સિધ્ધાંત પ્રસ્થાપિત કરી શકાય છે. દુર્ખેમે આ જ રીતે શ્રમવિભાજનનો સિધ્ધાંત રજુ કર્યો છે. વિદ્વાનો પહેલા ખ્યાલો વિકસાવે છે અને ત્યારબાદ એને સિધ્ધાંત તરીકે પ્રસ્થાપિત કરે છે. દા.ત. દુર્ખેમે આત્મહત્યા અંગેના તથ્યો એકત્ર કર્યા, એ અંગેના વિવિધ ખ્યાલો વિકસાવ્યા. એ તમામ ખ્યાલોને તર્કબધ્ધ રીતે સાંકળ્યા અને સિધ્ધાંતનું ઘડતર કર્યુ. આ ખ્યાલો વિવિધ રીતે જોડી શકાય છે.

ભારતીય સમાજમાં જોઈએ તો ગરીબી અને નિરક્ષરતા એ બન્ને વચ્ચે સંબંધ છે તેથી મહદઅંશે આર્થિક રીતે પછાત લોકો નિરક્ષર હોઈ શકે એમ કહી શકાય. જયારે કેટલીક વાર એક પરિસ્થિતિ અનિવાર્ય બને છે અને એના આધાર પર સિધ્ધાંત ઘડાય છે. દા.ત. દુર્ખેમના મતે સુગ્રથનનો અભાવ હોય છે ત્યાં આત્મહત્યાનું પ્રમાણ ઉંચુ હોય છે.એટલે કે એક બાબત માટે બીજી એક બાબત અનિવાર્ય હોય છે.આને કારણે કેટલીક ચોકકસ બાબત માટે અમુક બાબત હોય તો અમુક પરિણામ નકકી થાય છે. કેટલીક વાર માત્ર અમુક બાબતોને કારણે કેટલીક ઘટનાઓ ઘટતી હોય છે. દા.ત. શહેર થવાને કારણે અને વિકસવાને કારણે નજીકના ગામોની ખેતીલાયક જમીનો ધનીકો વેચાતી લેતા હોય છે. કોઈ પણ સિધ્ધાંત બનવા માટે આ પ્રકારના વિધાનોનું સંયોજન બની સિધ્ધાંત બને છે. સિધ્ધાંતમાં મૂર્ત અને અમૂર્ત બન્ને પ્રકારના ખ્યાલો અસ્તિત્વ ધરાવે છે. સિધ્ધાંતમાં બધાજ વિધાનો એક બીજા સાથે સુસંકલન અને સુસંગતતા ધરાવે છે. આ બધાજ વિધાનો એક બીજા સાથે સંબંધિત હોય છે.આ બધા વિધાનો સ્પષ્ટ હોય છે અને તર્કબધ્ધ હોય છે.

## ૨.૪ સિધ્ધાંતની અનિવાર્ય બાબતો




સિધ્ધાંત આ રીતે વ્યાખ્યાઓમાંથી વિકાસ પામીને ખ્યાલો બને છે અને આ ખ્યાલો જયારે તર્કબધ્ધ રીતે કાર્યકારણના નિયમ મુજબ વ્યવસ્થિત રીતે સંકળાઈ સુસંકલીત વિધાનો બને અને એ વિધાનો વ્યવસ્થિત રીતે જોડાઈ કોઈક ઘટના સમજવા માટે સમય કાળના બંધન સિવાય કેટલીક ચોકકસ બાબતોને સમજાવી શકે ત્યારે વિધાન બને છે.

વૈજ્ઞાનિક સિધ્ધાંત બનવા માટે જે રજુઆત થાય છે તે અનુભવજન્ય હોવી જોઈએ. એટલે વ્યકિતએ પોતે કે ચોકકસ પધ્ધતિ દ્વારા એકત્રીત કરી ચકાસી માહિતીને સ્પષ્ટ અને ચોકકસ રીતે રજુ કરી હોય, જેને ચકાસી શકાતી હોય અને વારંવાર ચકાસ્યા બાદ જેમાં સ્પષ્ટતા જ પ્રાપ્ત થતી હોય અને તેનું સામાન્યીકરણ થાય ત્યારે વૈજ્ઞાનિક સિધ્ધાંત બની શકે અને તેને જ વૈજ્ઞાનિક સિધ્ધાંત કહી શકાય.

## ૨.૫ સિધ્ધાંતના કાર્યો

કોઈ પણ કાર્ય માટે સિધ્ધાંત ખુબ મહત્વનો ભાગ ભજવે છે અને સિધ્ધાંતો શાસ્ત્ર માટે અતિ મહત્વના હોય છે.

૧. સિધ્ધાતં એક દ્રષ્ટિકોણ રજુ કરે છે

૨. સિધ્ધાંત એ ઘટનાને ચોકકસ માળખામાં મુકી વર્ગીકૃત કરે છે.

૩. સિધ્ધાંત સંક્ષિપ્ત રીતે જ્ઞાન આપે છે.

૪. સામાજિક તથ્યો અંગેની આગાહી કરે છે.

૫. માળખામાં કે જ્ઞાનમાં રહેલી ઉણપ શોધી આપે છે.

**સિધ્ધાંત એક દ્રષ્ટિકોણ રજુ કરે છે :**

કોઈ પણ બાબત જોવા માટેનો દ્રષ્ટિકોણ સિધ્ધાંત આપે છે. દુર્ખેમના આત્મહત્યાના સિધ્ધાંતમાં દુર્ખેમે આત્મહત્યા સાથે સંકળાયેલ અનેકવિધ કારણો માંથી માત્ર સામાજિક કારણોને લક્ષમાં લીધા અને જે સમાજમાં એકતા જોખમાય , સામાજિક સુગ્રથન જોખમાય ત્યાંજ આત્મહત્યાનો દર વધે છે. તેવું પ્રતિપાદીત કર્યુ. અહીં તેમણે આત્મહત્યા માટે જવાબદાર આર્થિક કારણોને લક્ષમાં લીધા નથી પરંતુ સામાજિક કારણો સમજવાનો તેના વિવિધ કારણો શોધવાનો , કારણ અને પરિણામ જોડવાનો પ્રયત્ન કર્યો છે અને તે દ્વારા માત્ર સમાજ, સામાજિક સંસ્થાઓ , વ્યકિતનો સામાજિક સંસ્થા સાથેનો સંબંધ મહત્વનો ગણ્યો છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે ક્રિકેટ મેચ રમાય ત્યારે તેમાં રમાતા સટ્ટા, આર્થિક લાભ અંગે સરકારી અમલદારો તથા અર્થશાસ્ત્રીઓ વિચાર કરે પરંતુ તેમાંથી પ્રજા વચ્ચે કયા પ્રકારની આંતરક્રિયાઓ થશે અને એ આંતરક્રિયાઓ સામાજિક સંબંધો ઉપર કેવી અસર કરશે તે સમાજશાસ્ત્રીઓ માટે મહત્વની વાત બને છે. સિધ્ધાંત વિજ્ઞાનના ક્ષેત્રને મર્યાદા બાંધી આપે છે અને એ બાબતને જોવાનો ચોકકસ અભિગમ આપે છે. સિધ્ધાંત અભ્યાસ માટે એક માર્ગદર્શન આપે છે જેનાથી કયા કયા તથ્યો વચ્ચે સંબંધ છે તે પણ સ્પષ્ટપણે દર્શાવે છે.

૨. **સિધ્ધાંત એ ઘટનાને ચોકકસ માળખામાં મૂકી વર્ગીકૃત કરે છે :**

સિધ્ધાંત ખ્યાલોને વિકસાવે છે, એના માળખાં તૈયાર કરે છે અને તેનું વર્ગીકરણ કરે છે. સમાજશાસ્ત્રમાં ભૂમિકા, દરજ્જો, સામાજિકરણ, પ્રાથમિક સમૂહ, દુરવર્તી સમૂહ, સંઘર્ષ, સહકાર , હરિફાઈ વગેરે વિકાસ પામ્યા હતા. ત્યારબાદ સમાજશાસ્ત્રમાં ભારતીય સંદર્ભમાં વપરાતા પશ્ચિમીકરણ, જ્ઞાતિ, જજમાની પ્રથા, જ્ઞાતિના કોટીક્રમનો ખ્યાલ વગેરે અનેકવિધ નવા ખ્યાલો વિકસ્યા. જયારે પણ અભ્યાસી અભ્યાસ હાથ ધરે ત્યારે સિધ્ધાંત તેને માર્ગદર્શન આપે છે અને તે અભ્યાસમાં કયા સામાજિક ખ્યાલો છે તે અંગે દીવાદાંડી તરીકે પણ કામ કરે છે.

૩. **સિધ્ધાંત સંક્ષિપ્ત રીતે જ્ઞાન આપે છે :**

સિધ્ધાંત સતત શાસ્ત્રની જાણકારીને વ્યકત કરે છે. શાસ્ત્રની જાણકારીને તેના ઐતિહાસિક સંદર્ભમાં પણ રજુ કરે છે. સિધ્ધાંત અનેકવિધ નિરીક્ષણો અને અનુભવો બાદ ઘડાયો હોય છે તેથી સ્વાભાવિક રીતે ઘટનાને ખૂબ વ્યવસ્થિત રીતે સાર કાઢી સંક્ષિપ્ત પણે દર્શાવે છે. દા.ત. લગ્નવિધિમાં પરંપરા મહત્વની હોય છે તે વિધાન એક જ સાથે અનેકવિધ બાબતોને રજુ કરે છે, સ્પષ્ટ કરે છે અને સમગ્ર બાબતને સંક્ષિપ્તમાં રજુ કરે છે.

૪. **સામાજિક તથ્યો અંગેની આગાહી કરે છે.**

સિધ્ધાંત મહદઅંશે નિરીક્ષણ , અનુભવ અને કસોટી પરથી ઘડાય છે ત્યારે કાર્યકારણનો સબંધ પણ તેમાં મહત્વનો હોય છે અને તેથી સિધ્ધાંત આગાહી કરી શકે છે. દા.ત. તબીબી વિજ્ઞાનના વિકાસને કારણે માણસની ઉંમર વધી છે અને જન્મ સમયે આયુષ્ય ધારણામાં વધારો નોંધાયો છે તેથી સમાજમાં મોટી ઉંમરની વ્યકિતઓનું પ્રમાણ વધશે અને તેમની કાળજી માટે અનેકવિધ પ્રકારની સવલતો ઉભી કરવી પડશે તથા તે પ્રમાણેની તાલીમ આપતી સંસ્થાઓ સ્થાપવી પડશે. તબીબી વિજ્ઞાન દ્વારા તેમને રાહત પ્રાપ્ત થાય તે પ્રકારે સાધનો વિકસાવવા પડશે અને સમાજમાં તે પ્રકારની સંસ્થાઓ સરકારે પણ રસ લઈ રચવી પડશે. ભારતીય પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો સીનીયર સીટીઝનને અપાતી વિવિધ સવલતો જેવી કે મુસાફરીમાં અનામત સીટો, ટીકીટના દરમાં કન્સેશન વગેરે. ટૂંકમાં સિધ્ધાંત ભવિષ્યના તથ્યો અંગે નિર્દેશ કરી શકે અને અપેક્ષિત પગલાંઓ અંગે સમાજને દિશા નિર્દેશ કરી શકે.

**૫. માળખામાં કે જ્ઞાનમાં રહેલી ઉણપ શોધી આપે છે :**

સિધ્ધાંત વ્યાખ્યા આપી ખ્યાલો વચ્ચેનો સબંધ દર્શાવી સામાન્યીકરણ કરે છે ત્યારે ખુબ સ્વાભાવિક રીતે જ્ઞાનમાં કે માળખામાં જે ઉણપો દેખાતી હોય તે દર્શાવે છે. સિધ્ધાંત તુલનાઓ કરી વિવિધ માળખાઓમાં રહેલા તફાવતને દૃશ્યમાન બનાવે છે.

**તમારી પ્રગતિ ચકાસો**

**અ. સિધ્ધાંતના અનિવાર્ય તત્વો સમજાવી સિધ્ધાંતના કાર્ય સમજાવો**

નીચેની બાબતો સમજાવો

૧ ખ્યાલો :

૨ પરિવર્ત્યો :

૩ સૈધ્ધાંતિક વિધાનો :

૪ સિધ્ધાંતના કાર્યો

૫ સિધ્ધાંત ઘડતરની પ્રક્રિયા સમજાવો

## NOTES

# NOTES

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# MSO-01
# સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો
## ભાગ-1

વિભાગ

# 2

## કાર્યાત્મકવાદ (Functionalism)

### એકમની રૂપરેખા


| | | |
|---|---|---|
| ૧.૧ | હેતુ | ૦૫ |
| ૧.૨ | કાર્યાત્મકવાદ | ૦૫ |
| ૧.૩ | કાર્યાત્મકવાદની પૂર્વભૂમિકા | ૦૬ |
| ૧.૪ | કાર્યાત્મકવાદમાં ઓગસ્ટ કોમ્ટનું પ્રદાન | ૦૮ |
| ૧.૫ | કાર્યાત્મકવાદમાં હર્બટ સ્પેન્સરનું પ્રદાન | ૧૧ |
| ૧.૬ | કાર્યાત્મકવાદમાં ઈમાઈલ દુર્ખિમનું પ્રદાન | ૧૪ |
| ૧.૭ | કાર્યાત્મકવાદમાં વિલ્ફ્રેડ પરેટોનું પ્રદાન | ૧૬ |
| ૧.૮ | કાર્યાત્મકવાદમાં મેલિનોવસ્કીનું પ્રદાન | ૧૯ |
| ૧.૯ | કાર્યાત્મકવાદમાં રેડકલીફ બ્રાઉનનું પ્રદાન | ૨૦ |
| ૧.૧૦ | કાર્યાત્મકવાદમાં ટાલ્કોટ પાર્સન્સનું પ્રદાન | ૨૨ |
| ૧.૧૧ | કાર્યાત્મકવાદમાં રોબર્ટ મર્ટનનું પ્રદાન | ૩૫ |

# નોંધ

## નિષ્ણાત સમિતિ

| | |
|---|---|
| ડૉ. આમ્રપાલી મર્ચંટ | વાઈસ ચાન્સેલર ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| ડૉ.વિદ્યુત જોષી | ભૂતપૂર્વ વાઈસ ચાન્સેલર, ભાવનગર યુનિવર્સિટી. |
| ડૉ.હેમીક્ષા રાવ | પ્રોફેસર અને અધ્યક્ષ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ. |
| ડૉ.ચંદ્રકાન્ત ઉપાધ્યાય | નિયામક આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. |

## લેખક

| | |
|---|---|
| ડૉ. આમ્રપાલી મર્ચંટ | વાઈસ ચાન્સેલર ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |

## પરામર્શક (વિષય)

| | |
|---|---|
| ડૉ.વિદ્યુત જોષી | ભૂતપૂર્વ વાઈસ ચાન્સેલર, ભાવનગર યુનિવર્સિટી. |

## પરામર્શક (ભાષા)

| | |
|---|---|
| શ્રી.યોગેન્દ્રભાઈ વ્યાસ | ભૂતપૂર્વ પ્રોફેસર અને અધ્યક્ષ ગુજરાતી વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |

## સંપાદન

| | |
|---|---|
| શ્રી.એસ.એચ.બારોટ | મદદનીશ કુલસચિવ<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,<br>ડફનાળા, શાહીબાગ, અમદાવાદ - 380 003. |

**પ્રકાશક**

કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,

સરકારી બંગલા નંબર - 9, ડફનાળા, શાહીબાગ, અમદાવાદ - **380 003** ટે.નં. **22869690**

© સર્વ હક સ્વાધીન. આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈ પણ ભાગને

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર

મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈ પણ રીતે પુનઃમુદ્રિત કરવાની મનાઈ છે.

નોંધ

## કાર્યાત્મકવાદ :

### ૧.૧ હેતુ

આ એકમના અધ્યયન બાદ તમે, કાર્યાત્મકવાદને સમજી શકશો. ઓગસ્ટ કોમ્ત,હર્બર્ટ સ્પેન્સર, ઈમાઈલ દુર્ખિમ, વિલ્ફ્રેડ પરેટો, મેલિનોવસ્કી, રેડકલીફ બ્રાઉન, ટાલ્કોટ પાર્સન્સ, રોબર્ટ મર્ટનના વિચારોને તથા કાર્યાત્મકવાદમાં તેમનો ફાળો સમજી શકશો.

### ૧.૨ કાર્યાત્મકવાદ :

સમાજશાસ્ત્રના અનેકવિધ પરિપ્રેક્ષ્યોમાં કાર્યાત્મકવાદ પ્રભાવી સ્થાન ધરાવે છે. સમાજશાસ્ત્રીય વિશ્લેષણ અને કાર્યાત્મકવાદ એક જ છે એવું મંતવ્ય અમેરિકન સમાજશાસ્ત્રીઓમાં પ્રચલિત છે. પરંતુ એ સત્ય નથી. કાર્યાત્મકવાદ સમાજની વાસ્તવિક્તાઓને તપાસવા માટેની એક ચોક્કસ પ્રકારની પદ્ધતિ છે. કાર્યાત્મકવાદ સમાજને સમજવા માટેનો મહત્ત્વનો પરિપ્રેક્ષ્ય, દષ્ટિકોણ છે. આ સિદ્ધાંત કાર્યાત્મક જરૂરિયાતો પૂરી કરતાં રચનાતંત્ર ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરે છે. દરેક સામાજિક વ્યવસ્થા પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ ટકાવી રાખવા માટે કેટલાક કાર્યો કરે છે. આ કાર્યોના વિશ્લેષણમાંથી કાર્યાત્મકવાદનો ઉદ્ભવ થયો. જીવ વિજ્ઞાનમાં આ શબ્દનો અર્થ માનવ શરીર રચના સાથે સંકળાયેલો જોવા મળે છે. સમાજશાસ્ત્રમાં કાર્યાત્મકવાદનો અર્થ સામજિક-સાંસ્કૃતિક વ્યવ-થામાં સામાજિક-સાંસ્કૃતિક ઘટનાઓ જે કાર્ય કરે છે એ કાર્યના સંદર્ભમાં કરવામાં આવ્યો છે. આ સામાજિક-સાંસ્કૃતિક ઘટનાઓનું વિશ્લેષણ સમાજના પરસ્પર સંબંધિત ઘટકોની તથા વ્યવસ્થાની સમજ આપે છે. આનો અર્થ એ થયો કે કોઈ પણ વ્યવસ્થાના ઘટકને સમગ્ર વ્યવસ્થાથી અલગ પાડીને સમજી શકાતો નથી. કાર્યાત્મકવાદ રચના અને કાર્યની ચર્ચા કરે છે. આ સિદ્ધાંત સમાજના એકમોને ઘટક ગણી બધા જ ઘટકો પરસ્પર સંકળાઈને સમગ્ર વ્યવસ્થા ઉભી કરે છે તેવું માને છે. આ વાદમાં માનનારાઓ ઘણા વર્ષો સુધી પ્રભાવશાળી રહ્યા. ઓગસ્ટ કોમ્ટ થી રોબર્ટ મર્ટન સુધીના સમાજશાસ્ત્રીઓ તથા માનવશાસ્ત્રીઓએ તેમાં પોતાનું પ્રદાન આપ્યું છે. આ વિચારધારામાં સંતુલન, એકસૂત્રતા તથા એકાત્મતાની વાતો તથા સુત્રો વારંવાર વપરાતા જોવા મળે છે. ટૂંકમાં સતત સુગ્રથીતતા તથા વ્યવસ્થા અને કાયદા માટે સમગ્ર વિદ્વાનો ચિંતિત હોય તેવું સ્પષ્ટપણે જણાય છે.

### કાર્યાત્મકવાદના મહત્વના મુદ્દાઓને નીચે મુજબ દર્શાવી શકાય :

(૧) સામાજિક-સાંસ્કૃતિક ઘટનાઓનું કાર્યના અર્થમાં વિશ્લેષણ.

(૨) કાર્યાત્મકવાદના વિચારકોના અભિપ્રાય પ્રમાણે સમાજ એ સામાજિક વ્યવસ્થા છે, જેમાં એકમો પરસ્પર જોડાયેલા છે.

(૩) સમાજના સંદર્ભમાં જ એકમને સમજી શકાય છે પણ એકમને સમગ્રથી અલગ

એકમ તરીકે સમજી શકાય નહીં.

(૪) સમાજના કોઈપણ એકમમાં આવતું પરિવર્તન તે એકમની વ્યવસ્થામાં અસમતુલન સર્જે છે. આથી આ સમતુલન વ્યવસ્થા બીજા એકમોના પરિવર્તનોમાં તેમજ સમગ્ર વ્યવસ્થામાં પરિવર્તન લાવી પુનઃ સંગઠનમાં પરિણમે છે.

કાર્યાત્મકવાદમાં એક એવી ધારણા છે કે સામાજિક વ્યવસ્થામાં હંમેશા પુનઃ સંગઠન થતું હોય છે કારણ સામાજિક વ્યવસ્થાના ખ્યાલ સાથે મૂલ્યો કેન્દ્રમાં રહે છે. કોઈ પણ વ્યવસ્થામાં મૂલ્યો દ્વારા જ સર્વસંમતિ સધાય છે અને સાથે સાથે પુનઃ સંગઠન પણ મૂલ્યો દ્વારા જ શક્ય બને છે. કાર્યાત્મકવાદમાં સૌ પ્રથમ એવી સમજ કેળવવાની જરૂર છે કે સમાજને એક એકમ તરીકે જોવામાં આવે છે અને તેના ભાગરૂપે સૌ એકમ પરસ્પર સંબંધિત રહી કાર્ય કરે છે, સાથે સાથે પરસ્પર ધ્યાન પણ રાખે છે. એટલે એક ભાગમાં થતી તકલીફને બીજો ભાગ સતત નિવારવાનો પ્રયત્ન કરે છે, એટલે કે પરસ્પર સંબંધની સાથે સંતુલનનું કાર્ય પણ આ એકમો જ કરે છે. સાથે સાથે વિરોધ કે સંઘર્ષની વાત ક્યાંય ધ્યાનમાં લીધી નથી. અસમતુલનને ધ્યાનમાં રખાયું છે પણ સમાજ જ સમતુલન સાધી લે છે એવી વિભાવના જોવા મળે છે.

## ૧.૩ કાર્યાત્મકવાદની પૂર્વભૂમિકા :

કાર્યાત્મકવાદના ઉદ્‌ભવની ચર્ચા કરતા જોઈએ તો કાર્યાત્મકવાદના મહત્વનાં બૌદ્ધિક પૂર્વજો ઓગસ્ટ કોમ્ટ, સ્પેન્સર, પરેટો અને દુર્ખિમને ગણાવી શકાય. રેડક્લિફ બ્રાઉન અને મેલિનોવસ્કીએ કાર્યાત્મકવાદની ચર્ચા કરી છે. કાર્યાત્મકવાદના સિદ્ધાંતોમાં બે મહત્ત્વની બાબત છે.

૧. તેમાં વિવિધ ઘટકોના કાર્યો ઉપર ભાર મૂકવામાં આવે છે.

૨. તેમાં સામાજિક વ્યવસ્થાની ચર્ચા કરવામાં આવે છે.

ટર્નરના મતે સૌ પ્રથમ પ્રશ્ન એ ઊભો થાય કે સમાજશાસ્ત્રીઓએ આ સિદ્ધાંતોની ચર્ચા શા માટે કરી ? તેના ઉત્તરમાં ઓગસ્ટ કોમ્ટના સમયમાં ફ્રાન્સમાં બનેલી ઘટનાઓ અને યુરોપમાં બનેલી ઘટનાઓ છે. ફ્રાંસની ક્રાંતિને કારણે સમાજમાં જે અવ્યવસ્થાઓ ઊભી થઈ તેમાંથી સામાજિક વ્યવસ્થા કઈ રીતે પૂર્વવત્ થાય અથવા તો ગોઠવાય તે અંગેનું ચિંતન કોમ્ટે કર્યું. સમાજના વિવિધ ઘટકોમાં સુગ્રથન કઈ રીતે આવી શકે ? સમાજના સભ્યોને એકસાથે જકડી રાખનારા તત્ત્વો ક્યા ક્યા છે? તેમાં પરિવર્તન કઈ રીતે આવી શકે ? - આ બધા જ પ્રશ્નો ખૂબ મહત્વના છે. ભૌતિક વિજ્ઞાનોમાં જે વિકાસ થયો અને જીવવિજ્ઞાનમાં જે વિકાસ થયો તેની અસર સમાજશાસ્ત્ર ઉપર પડેલી જણાય છે. તેથી જ સમાજશાસ્ત્રમાં Structure અને Function માળખાઓ અને કાર્યો એ અંગેની ચર્ચા સતત થતી હોય છે. સામાજિક વ્યવસ્થામાં દરેક એકમને બધા એકમના સંદર્ભમાં જ તપાસી શકાય છે. આ અભિગમમાં રચના અને તેના કાર્યો બેની સાથે એકમનું સમાજમાં સ્થાન અને સુગ્રથન મહત્વનું છે. કાર્યાત્મકવાદમાં સૌથી મહત્વનું છે - સમાજની વ્યવસ્થા અને પ્રગતિના નિયમોની શોધ. સમાજમાં આવેલા પરિવર્તનને લક્ષમાં રાખી સમાજમાં એકાત્મતા, સુગ્રથન, શાંતિ અને વ્યવસ્થાની શોધના પરિણામે સમાજશાસ્ત્રનો ઉદ્‌ભવ થયો. ફ્રાંસની ક્રાંતિને લીધે અચાનક આવેલા પરિવર્તનને કારણે

રાજ્ય અને સમાજમાં ધરખમ ફેરફારો આવ્યા. તેનાથી માન્યતા, વિશ્વાસ અને વલણોમા પણ પરિવર્તન આવ્યું અને તે પરિવર્તનને કારણે સમાજમાં અવ્યવસ્થા સર્જાઈ. સામાજિક ચિંતક કોમ્ટ આનાથી ચિંતિત થયા અને સામાજિક વ્યવસ્થા કઈ રીતે પુનઃ સ્થાપિત થાય તેના વિચારમાં જ આ અભિગમનો ઉદ્ભવ જણાય છે. કાર્યાત્મકવાદમાં વિવિધ સમાજશાસ્ત્રીઓનો ફાળો નીચે મુજબ દર્શાવી શકાય.

## તમારી પ્રગતિ ચકાસો :

૧. કાર્યાત્મકવાદી અભિગમનાં મહત્વના મુદ્દાઓ ક્યા ક્યા છે ?
૨. કાર્યાત્મકવાદી અભિગમમાં કયા કયા સમાજશાસ્ત્રીઓનો ફાળો છે ?
૩. કાર્યાત્મકવાદી અભિગમમાં દર્શાવેલ સામાજીક વ્યવસ્થા અંગેની ચર્ચા કરો .

## ૧.૪ કાર્યાત્મકવાદમાં ઓગસ્ટ કોમ્ટનું પ્રદાન : (૧૭૯૮ થી ૧૮૫૭)



**સમાજશાસ્ત્રના પિતા તરીકે ઓગસ્ટ કોમ્ટનું નામ જાણીતું છે. સમાજશાસ્ત્રને સૌ** પ્રથમ તેમણે સામાજિક ભૌતિકશાસ્ત્ર નામ આપ્યું. **ફ્રાંસમાં ઈકોલે પોલિટેકનિકમાં** તેઓ ગણિતશાસ્ત્રી તરીકે કાર્યરત હતા. અને તે સમયમાં જ શાસન વ્યવસ્થામાં આવેલ પરિવર્તનથી સમાજમાં જે અવ્યવસ્થા સર્જાઈ, અંધાધૂંધી સર્જાઈ તેને કારણે આ વૈજ્ઞાનિકે સમાજ વિશે વિચારવાની ફરજ ઊભી થઈ. કોમ્ટ પોતે શિક્ષક હતા અને ફ્રાંસમાં આવેલ ક્રાંતિની સમાજ ઉપર આવેલી અસરો જોઈ ચિંતિત હતા. પોતે વૈજ્ઞાનિક હોવાને નાતે સમાજને સમજવા માટે કોઈક ચોક્કસ નિયમો હોવા જ જોઈએ તેવું માનતા હતા. કોમ્તના મતે દરેક સમાજમાં કેટલાંક એકમો સ્થિર હોય છે તો કેટલાંકમાં એકમોમાં પરિવર્તન આવતું હોય તેવું જોવા મળે છે. તેમણે સમાજશાસ્ત્રમાં સામાજિક સ્થિતિશાસ્ત્ર અને સામાજિક ગતિશાસ્ત્ર એમ બે વિભાગો દર્શાવ્યા.

## સામાજિક સ્થિતિશાસ્ત્ર (Social Statics)

સમાજ એક ચોક્કસ વ્યવસ્થા છે. આ વ્યવસ્થામાં અનેકવિધ એકમો પરસ્પર સંકળાઈને નિશ્ચિત કાર્યો કરી પરસ્પરાવલંબિત વ્યવસ્થાનું નિર્માણ કરે છે. સામાજિક સ્થિતિશાસ્ત્ર પરસ્પરાવલંબિત વ્યવસ્થા તરીકે આ સિધ્ધાંતોને તપાસવાનો પ્રયત્ન કરે છે. એટલે કે આ વ્યવસ્થાના કોઈપણ એકમને તે સમગ્રથી અલગ રીતે જોવાનો પ્રયત્ન કરતા નથી. કોમ્તના મતે સમાજમાં અચાનક જ અંધાધૂંધી ફેલાય અને અરાજકતા વ્યાપી જાય છે, કારણ સામાજિક વ્યવસ્થાના નિયમોની સૌને ખબર નથી. જો આ નિયમોથી સૌ પરિચિત હોય તો વિઘટનની પરિસ્થિતિનું નિર્માણ થાય જ નહિં..કોમ્ટ માને છે કે સમાજ વિઘટીત ન થાય તે માટે તેનો અભ્યાસ કરી તેના નિયમો શોધી કાઢવા જોઈએ. અને આ બાબતને જ તેઓ સમાજશાસ્ત્રનો મૂળ હેતુ માનતા હતા.

## સામાજિક ગતિશાસ્ત્ર (Social Dynamics)

કોમ્ટ શાસનપ્રણાલિમાં આવેલા પરિવર્તનને કારણે સમાજમાં ચારેબાજુ ફેલાયેલી

અરાજકતાથી ચિંતિત હતા. તેમના મતે કાર્યકારણનો નિયમ અતિ મહત્વનો છે. સમાજમાં બદલાતી જતી બાબતો એ અકસ્માત નથી, પરંતુ કેટલાક ચોકકસ નિયમોને કારણે સમાજમાં પરિવર્તન આવે છે. પરિવર્તનની તરાહ, ઢબ અને ક્રમને સમજવાથી સમાજમાં આવતા પરિવર્તનોને સમજી શકાય. સામાજીક ગતિવિજ્ઞાન આ પરિવર્તનને સમજવાનો પ્રયત્ન કરે છે. કોમ્તના મતે આ પરિવર્તન ગતિ છે, પ્રગતિ છે અને વ્યવસ્થાનો વિકાસ છે. કોમ્ટ માને છે કે વ્યવસ્થા વિના પ્રગતિ  હોઈ ન શકે માટે વ્યવસ્થા જરૂરી છે.

કોમ્ટ સમાજને દૈહિક રચનાતંત્ર સાથે સરખાવે છે. તેના મતે સમાજમાં જ્યારે કંઈક તકલીફ ઉભી થાય ત્યારે તેના કારણો શોધવા જોઈએ. સમાજમાં ઊભી થતી આ તકલીફને દૈહિકતંત્રમાં થતાં રોગની સાથે સરખાવી શકાય. જેમ રોગની દવા કરવાથી દર્દનો ઈલાજ થાય છે, તેમજ સમાજમાં ઉત્પન્ન થતી સામાજિક બીમારીઓના કારણો શોધવાથી તથા તેને નિર્મૂળ કરવાના પ્રયાસથી સમાજમાં એકતા સ્થાપી શકાય છે. તેના મતે બધાજ એકમોનું ચોકકસ રચનાતંત્ર તથા કાર્ય હોય છે. અને આ બધા જ એકમો પરસ્પર સંકળાયેલા હોય છે, પરસ્પરાવલંબિત હોય છે .

કોમ્ટ પોતાના વિજ્ઞાનને યોગ્ય સ્થાન અપાવવા માંગતા હતા. તેથી તેમણે આ વિજ્ઞાનમાં ચોકકસ પદ્ધત્તિ આપવાનો પ્રયત્ન કર્યો હતો. તેમના મતે ચકાસણી વગરનું જ્ઞાન કોઈપણ સંજોગોમાં સ્વીકારી શકાય નહીં. કોમ્ટે સૌ પ્રથમ વૈજ્ઞાનિક હોવાના નાતે નિરીક્ષણ, વર્ગીકરણ, ચકાસણી અને તુલનાની વાત કરી. તેમણે વિજ્ઞાનોની તુલના કરીને સાદાથી જટિલ તરફ થતા વિકાસની વાત કરી. એમણે સમાજશાસ્ત્રને સૌથી ટોચ ઉપર મૂક્યું. એટલે કે સમાજશાસ્ત્રને સામાજિક વિજ્ઞાનોમાં સૌથી જટિલ વિજ્ઞાન તરીકે પ્રસ્થાપિત કર્યું. તેમણે વિજ્ઞાન સાથે સામાજિક વિજ્ઞાનોની ચર્ચા કરી અને તેની તુલના કરી. તેમણે જીવવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર વગેરે સાથે સમાજશાસ્ત્રને મૂકી વિજ્ઞાન તરીકેનો દરજ્જો અપાવ્યો. આ સાથે તેમણે સામાજિક વિકાસના તબક્કાઓની પણ ચર્ચા કરી. આદિમ સમાજથી આધુનિક સમાજ સુધીના સમાજોની યાત્રા, તેના લક્ષણો, તેની ગતિ, તેનું સ્વરૂપ વગેરેની ચર્ચા પણ તેમણે કરી. એટલે કે પોતે સમાજોની તુલના પણ કરી અને સમાજના ઈતિહાસનો અભ્યાસ પણ કર્યો. કોમ્ટનું મહત્વનું પ્રદાન એ છે કે તેમણે સમાજશાસ્ત્રને સામાજિક વિજ્ઞાન તરીકેનો દરજ્જો અપાવ્યો. આ વિજ્ઞાન કુદરતી વિજ્ઞાનો કરતાં જુદું હોવા છતાં વિજ્ઞાન છે તેની માંડણી તેમણે બહુ વ્યવસ્થિત રીતે કરી.

કાર્યાત્મકવાદના મૂળિયા કોમ્ટના વિચારોમાં જોવા મળે છે. કોમ્ટ સમાજવ્યવસ્થા અને તેની પ્રગતિ વિશે ખૂબ ચિંતિત હતા. તેઓના વિચારમાં સામાજિક રચના, તેનો વિકાસ અને પ્રગતિ કેન્દ્ર સ્થાને હતા. કોમ્ટ ઉપર જીવવિજ્ઞાનની અસર ખાસ જોવા મળે છે. કોમ્ટના મતે સામાજિક વિચારકોએ પણ જીવવિજ્ઞાનનો અભ્યાસ કરવો જોઈએ.

કોમ્ટના મતે કાર્યાત્મકવાદમાં સ્વાભાવિક રીતે જ સામાજિક સ્થિતિશાસ્ત્ર અને સામાજિક ગતિશાસ્ત્રની ચર્ચા મહત્ત્વની છે. ઓગસ્ટ કોમ્ટ સામાજિક સ્થિતિશાસ્ત્રની ચર્ચા કરતા જણાવે છે કે સમાજ પરસ્પર આધારિત એકમોથી બનેલો છે. અને આ સમાજવ્યવસ્થા કઈ રીતે કામ કરે છે તેનો અભ્યાસ એટલે જ સામાજિક સ્થિતિશાસ્ત્ર. તેમના મતે સમાજની એકતા કઈ રીતે ટકે છે, સમાજ કઈ રીતે કામ કરે છે તે સમજવું મહત્ત્વનું છે. સમાજનું તંત્ર કઈ રીતે સમગ્ર વ્યવસ્થા ગોઠવે છે તે મહત્ત્વની બાબત છે.

આ સાથે ઓગસ્ટ કોમ્ટે સમાજમાં પરિવર્તન કઈ રીતે આવે છે તેના નિયમો શોધવાનો પ્રયત્ન કર્યો. સામાજિક ગતિશાસ્ત્ર દ્વારા સામાજિક વિકાસ અને તેમાં થતી પ્રગતિના કોઈ ચોક્કસ નિયમો હોવા જોઈએ એમ કોમ્ટ માનતા હતા. અને તે નિયમો શોધવા તે સમાજશાસ્ત્રનું અભ્યાસવસ્તુ હોવું જોઈએ એમ કોમ્ટ માનતા હતા. કોમ્ટ સ્થાપક તરીકે ખ્યાતિ પામ્યા પણ ત્યારબાદ તેઓ સામાજિક કાર્યકર તરીકે ભૂમિકા ભજવવામાં સમાજવૈજ્ઞાનિક તરીકે રહી શક્યા નહીં. તેથી જ તેમને સ્થાપેલા માનવધર્મ અને સમાજપરિવર્તનની પ્રક્રિયામાં તેઓ વધુ વ્યસ્ત રહ્યા. પરંતુ તેમના ધીરગંભીર વિચારો અને સમાજચિંતક તરીકે વિચારોમાંથી સમાજવિજ્ઞાનનો ઉદ્દભવ મહત્વની બાબત રહી. અને સમાજશાસ્ત્ર એક અલગ સામાજિક વિજ્ઞાન તરીકે કાર્યરત બન્યું

## IMPORTANT BOOKS OF AUGUSTE COMTE

1. Positive Philosophy - 1830 - 1842
2. System of Positive Philosophy 1851 - 1854
3. Religion of Humanity

## IMPORTANT CONTRIBUTIONS OF AUGUSTE COMTE

1. General view of positivism
2. The catechism of positive religion
3. A discourse of positive spirit
4. Unilinear theory of evolution
5. Law of three stages

## ૧.૫ કાર્યાત્મકવાદમાં હર્બર્ટ સ્પેન્સરનું પ્રદાન : (૧૮૨૦-૧૯૦૩)

વિક્ટોરિયન યુગના પ્રભાવશાળી, બુદ્ધિજીવી અને બ્રિટીશ તત્ત્વચિંતક હર્બર્ટ સ્પેન્સર સમાજશાસ્ત્રમાં તેમના પ્રદાન માટે જાણીતા છે. તેમણે ચાર્લ્સ ડાર્વિનના ઉત્ક્રાંતિવાદ પર આધારિત 'Social Statics' નામના પુસ્તકનું લેખન કાર્ય કર્યું. તેમનો જન્મ ઈંગ્લેન્ડના ડર્બી શહેરમાં ૨૭મી એપ્રિલ ૧૮૨૦ના રોજ થયો હતો. નવ ભાઈ-બહેનોના પરિવારમાં તેઓ સૌથી મોટા હતા. તેમની સિવાય બાકીના બધા જ ભાઈ-બહેનો બાલ્યાવસ્થામાં જ અવસાન પામ્યા હતા. તેમના પિતા શિક્ષક હતા. સ્પેન્સર સંપૂર્ણપણે વ્યક્તિવાદી હતા અને સત્તાનું સતત ખંડન કરતા હતા. ખરેખર તો તેઓ સિવિલ એન્જીનિયર હતા અને અચાનક પત્રકારત્વમાં પ્રવેશ્યા. ત્યારબાદ તેમણે એડવોકેટ તરીકે અને એક મેગેઝિનના સબ-એડિટર તરીકે પણ કાર્ય કર્યું. અનેકવિધ વ્યવસાયો બદલ્યા બાદ ૧૮૫૫માં તેઓએ 'The Principles of Psychology' અને 'The system of synthetic Philosophy'નું લેખન કાર્ય નવ ભાગમાં કર્યું. તેમના આ કાર્યને અમેરિકામાં ખૂબ બિરદાવવામાં આવ્યું. ઈ.સ. ૧૯૦૨માં નોબેલ પ્રાઈઝ માટે એમનું નામ સૂચવવામાં આવ્યું.

સ્પેન્સર વૈજ્ઞાનિક અને અનુભવજન્ય બાબતોમાં વધુ માનતા હતા. તેમની ઉપર કોમ્ટનો પ્રભાવ જણાય છે. સ્પેન્સર સતત વૈજ્ઞાનિક જ્ઞાન અનુભવજન્ય રીતે મેળવવાનો પ્રયત્ન કરતા હતા. તેમના મતે ક્ષેત્રકાર્ય કરી, માહિતી મેળવી તેના તારણો કાઢવા જોઈએ અને તત્કાલીન સિદ્ધાંતો સાથે તેનો સંદર્ભ તપાસવો જોઈએ. સ્પેન્સર તારણોને ચોક્કસ પુરાવાઓ દ્વારા જ પ્રાપ્ત કરવા જોઈએ એવું માને છે. વિજ્ઞાન વિશે સ્પેન્સર જણાવે છે કે 'In Science the important thing is to modify, change one's ideas has science advances' એટલે કે વિજ્ઞાન જ્ઞાનને સુધારે છે, વ્યક્તિના વિચારોને પરિવર્તિત કરે છે અને વિજ્ઞાન પ્રગતિ કરે છે.

સ્પેન્સરના મતે સાર્વત્રિક ઉત્ક્રાંતિના કેટલાક ચોક્કસ નિયમો હોવા જોઈએ. તેમણે પોતાના ગ્રંથ 'First Principles'માં બળ, પદાર્થ અને ગતિની ચર્ચા કરી છે. તેમના મતે સાતત્ય સતત જોવા મળે છે. વિજ્ઞાનનો હેતુ શક્તિના રૂપાંતરને શોધી કાઢવાનો છે. સ્પેન્સરનું માનવું છે કે વ્યવસ્થાની પૂર્ણતા માટે અને સંચાલન માટે ચોક્કસ નિયમો હોવા જ જોઈએ અને એ નિયમોની શોધ વૈજ્ઞાનિકોએ કરવી જોઈએ. પદાર્થનું વિભાજન અને સાતત્ય એ સતત જોવા મળે છે અને એ સ્વયંસિદ્ધ નિયમ છે.

સ્પેન્સરના મતે સજીવ શરીરોની પણ ઉત્ક્રાંતિ થઈ હોવી જોઈએ. વૈજ્ઞાનિકો જો આ બાબતનો સ્વીકાર ન કરે તો તેમણે અલૌકિક સર્જનની વાત સ્વીકારવી પડે, જે કોઈપણ રીતે સાબિત થઈ શકે નહીં. વળી તે બુદ્ધિગમ્ય પણ નથી. તેમના મતે સૃષ્ટિના સમગ્ર તત્ત્વોને આવરી લે તેવા ઉત્ક્રાંતિને લગતા નિયમો હોવા જોઈએ. પદાર્થ અને ગતિના નિયમને ધ્યાનમાં રાખીને જ વિકાસને સમજાવી શકાય. સ્પેન્સર માને છે કે બધા જ તત્વો અથવા પદાર્થ અસંગતતામાંથી સુસંગતતા તરફ અને એકરૂપતામાંથી વૈવિધ્યતા તરફ ગતિ કરે છે. સ્પેન્સર સમાજને સજીવતંત્ર સાથે સરખાવે છે. જેમ ઉત્ક્રાંતિની પ્રક્રિયા સાદાથી જટિલ તરફ ગતિ કરે છે, તેમ સમાજ પણ સાદાથી જટિલ તરફ પ્રયાણ કરે છે. સ્પેન્સરના મતે સમાજ કદ અને વ્યાપમાં વધતો જાય તેમ તેમ તેને સંકલિત કરનારા વિભાગો પણ વિકસતા જાય છે. આ વિકાસ જટિલતામાં પરિવર્તિત

થાય છે. આમ સમાજ અલગ અલગ વિભાગોમાં વિભાજીત હોવા છતાં દરેક વિભાગ પરસ્પર જોડાઈ પણ રહે છે અને વિકાસ પણ સાધે છે.

બ્રિટીશ સમાજશાસ્ત્રી હર્બર્ટ સ્પેન્સર સામાજિક વ્યવસ્થાઓ વચ્ચેની સરખામણી અને તફાવત રજૂ કરી સમાજને સમજવાનો પ્રયાસ કરે છે. જોનાથન ટર્નર આ અંગેના મહત્વના મુદ્દાઓ નીચે મુજબ દર્શાવે છે.

(૧) સમાજ અને સજીવ બંને વિકાસ પામે છે, વૃદ્ધિ પામે છે.

(૨) બંનેના વિકાસ અને વૃદ્ધિથી જટિલતા વધતી જાય છે.

(૩) વિકાસ અને વૃદ્ધિથી એકમોની રચના અને કાર્યોમાં વિભેદીકરણ જોવા મળે છે. એક ભાગમાં આવતું પરિવર્તન સમગ્રમાં પરિવર્તન નિપજાવે છે.

(૪) સજીવતંત્ર અને સમાજ બંનેમાં વિકાસ થતા ધીમેધીમે તફાવત વધતો જાય છે. આ તફાવતને કારણે જુદા જુદા એકમોના કાર્યોમાં પણ પરિવર્તન આવે છે. આ પરિવર્તન દરેક ભાગને, એકમોને અને સમગ્રને પણ અસર કરે છે. સ્પેન્સરના મતે સમાજમાં આવતું પરિવર્તન સામાજિક વ્યવસ્થામાં પરિવર્તન લાવે છે.

(૫) સ્પેન્સરના મતે સમાજની સંસ્થાઓ, એકમો વગેરે પરસ્પર સંકળાયેલા છે પરસ્પરાવલંબિત છે. દરેક એકમનું પોતાનું અલગ રચનાતંત્ર અને તે મુજબનું કાર્ય પણ નિશ્ચિત હોય છે. આ બધા જ અલગ અલગ એકમોનો વૈજ્ઞાનિક રીતે અભ્યાસ કરી શકાય છે.

આમ સમગ્ર રીતે જોઈએ તો સ્પેન્સરના મતે સમાજ એક સજીવ તંત્ર સમાન છે. તે સજીવ સાથે સમાજની તુલના કરે છે. જેમ સજીવતંત્રમાં બધા જ એકમો અલગ અલગ હોવા છતાં એકબીજા સાથે સંકળાયેલા છે, તેમ સમાજના દરેક એકમ એકબીજા માટે પરસ્પર કાર્યરત છે. દરેક એકમનું કાર્ય નિશ્ચિત હોય છે. જેમ શરીરમાં કોઈ રોગ આવે તો બધા જ એકમો સાથે મળી તેને દૂર કરવાનો પ્રયત્ન કરે છે. તેમ સમાજમાં પણ કોઈ સામાજિક સમસ્યા ઊભી થાય તો બધા જ એકમો સાથે મળી તે સમસ્યાને નિવારવાનો પ્રયાસ કરે છે. સ્પેન્સરના મતે સમાજને ટકી રહેવા માટે ત્રણ બાબતો મહત્ત્વની છે :

(૧) વહેંચણી

(૨) સાતત્ય

(૩) નિયંત્રણ

સ્પેન્સરના મતે સમાજને જ્યારે શરીર તરીકે જોવામાં આવે ત્યારે સૌ પ્રથમ બધા જ એકમો વચ્ચે કાર્યની વહેંચણી થવી જોઈએ. કાર્યની વહેંચણી યોગ્ય રીતે થાય તો દરેક એકમ સમગ્રને જાળવવામાં મદદરૂપ થઈ શકે તથા સામાજિક વ્યવસ્થા જળવાઈ રહે. આ વહેંચણી કાયમી એટલે કે સાતત્યપૂર્ણ હોવી જોઈએ અને બધા જ એકમો વ્યવસ્થિત રીતે તે પ્રમાણે કાર્ય કરતા હોવા જોઈએ. સ્પેન્સરના મતે આ એકમો પર નિયંત્રણ પણ હોવું જોઈએ. આ ત્રણેય બાબતો હોય તો જ સમાજ ટકી શકે. આ ત્રણમાંથી એકપણ બાબતની ઉણપ હોય તો સમાજનું અસ્તિત્વ જોખમમાં આવી શકે છે.

સમાજમાં વિવિધ સંસ્થાઓ દ્વારા આ ત્રણેય બાબતો પરિપૂર્ણ થાય તેનું ધ્યાન રાખવામાં આવે છે. સ્પેન્સરે સામાજિક વ્યવસ્થા અને તેમના ઘટકોનું વર્ણન કર્યું છે. તેમના મતે સજીવ પ્રાણીની જેમ સમાજો પણ પરિવર્તન પામે છે. સાદામાંથી જટિલ સમાજ તરફ, એકરૂપતામાંથી વૈવિધ્યતા તરફ, એકરૂપતામાંથી વિભેદીકરણ તરફ પરિવર્તન પામતું રહે છે. સ્પેન્સર સમાજને સાવયવીતંત્ર તરીકે દર્શાવે છે. એટલે કે

સમાજ શરીરની જેમ પરસ્પરાવલંબિત એકમોનો બનેલો છે. સ્પેન્સર સમાજના એકમોને આંતરક્રિયાઓ અને આંતરસંબંધોથી સાંકળી પરસ્પરાશ્રિત એકમ તરીકે કલ્પના કરે છે.

## IMPORTANT BOOKS OF HERBERT SPENCER

1. Social statics - 1885
2. Principle of Biology - 1864 -1867
3. Principle of phychology - 1870 - 1872
4. principle of sociology - 1876
5. Principle of ethics - 1879 - 1893
6. The study of sociology -1873 -18

## તમારી પ્રગતિ ચકાસો :

૧. કોમ્ટ કયા દેશના હતા ?
૨. કોમ્તનો વિષય કયો હતો ?
૩. કોમ્ટે સૌ પ્રથમ નવા વિજ્ઞાન માટે કયુ નામ આપ્યું હતું ?
૪. ટૂંકનોંધ લખો :
   ૧. સામાજીક સ્થિતિશાસ્ત્ર.
   ૨. સામાજીક ગતિશાસ્ત્ર.
૫. કોમ્તના સમાજ અંગેના બે મુખ્ય ધ્યેયો દર્શાવો.
૬. સ્પેન્સર કયા દેશના છે ?
૭. સ્પેન્સરના પ્રથમ પુસ્તકનું નામ લખો .
૮. ટર્નરના મતે સ્પેન્સરના સામાજીક વ્યવસ્થા અંગેના મહત્વના મુદ્દા લખો .
૯. સ્પેન્સરના મતે સમાજમાં ટકી રહેવા માટે કઈ બાબતો મહત્વની છે .
૧૦. કાર્યાત્મકવાદમાં સ્પેન્સરનો ફાળો દર્શાવો .

## ૧.૬ કાર્યાત્મકવાદમાં ઈમાઈલ દુર્ખાઈમનું પ્રદાન :



સમાજશાસ્ત્રને વિજ્ઞાન તરીકેનો દરજ્જો અપાવનાર આ ફ્રેંચ સમાજશાસ્ત્રીનું પ્રદાન મહત્ત્વનું છે. ૧૫ એપ્રિલ, ૧૮૫૮ના રોજ ફ્રાંસમાં જન્મેલા ઈમાઈલ દુર્ખાઈમ એક વિદ્વાન સમાજશાસ્ત્રી તરીકે ખ્યાતિ પામ્યા છે. તેઓ ફ્રાંસની અનેકવિધ પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થઈ તત્વજ્ઞાનના શિક્ષક બન્યા. વધુ અભ્યાસ અર્થે તેઓ જર્મની ગયા. દુર્ખાઈમે શ્રમવિભાજન પર મહાનિબંધ લખી પી.એચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરી હતી. એક પ્રાધ્યાપક તરીકેની સેવાઓ આપનાર દુર્ખાઈમે રાજ્યને પણ પોતાના જ્ઞાનનો લાભ આપ્યો હતો. તેમણે સોશિયોલોજિક નામના માસિકનો પ્રારંભ કર્યો. ઈમાઈલ દુર્ખાઈમ ધર્મ અને વિજ્ઞાન વચ્ચેનો સંબંધ જાણવા માટે આતુર હતા. આ સંદર્ભમાં તેમણે ઓસ્ટ્રેલિયાના અરુન્ટા જાતિના લોકોનો અભ્યાસ કર્યો. અનેકવિધ વિષયોમાં રસ હોવાને કારણે ઈમાઈલ દુર્ખાઈમે ઘણાબધા સંશોધનાત્મક અભ્યાસો પણ કર્યા છે. સમાજશાસ્ત્રમાં દુર્ખાઈમનું જો કોઈ મહત્ત્વનું પ્રદાન હોય તો તે છે - ચોક્કસ પ્રકારનું પદ્ધતિશાસ્ત્ર. દુર્ખાઈમ પણ સમાજ કઈ રીતે વ્યવસ્થિત રહેશે, એકતા તથા સુગ્રથન પામશે તેવી સતત ચિંતા સેવતા હતા. ફ્રેંચ સમાજની અવ્યવસ્થા અને તત્કાલીન પરિસ્થિતિ આ બંને બાબતો તેમને વિચારવા પ્રેરે તેવી હતી. દુર્ખાઈમના મતે સંબંધિત સામાજિક તત્ત્વો એક વ્યવસ્થા ઊભી કરે છે અને વ્યક્તિના વર્તન માટે અપેક્ષિત વર્તનની તરાહ ઊભી કરે છે. જ્યાં વિવિધ વ્યક્તિઓ સંપર્કમાં આવે છે અને સંબંધો વિકસાવે છે ત્યાં તેમની વચ્ચે સામાન્ય પ્રત્યક્ષીકરણો, મૂલ્યાંકનો, લાગણીઓ અને ક્રિયાઓ વિકસે છે. દરેક ભૂમિકામાં વ્યક્તિએ કઈ રીતે વર્તવું અને કઈ રીતે ન વર્તવું તે અપેક્ષાઓ અને નિયંત્રણો ઊભા કરે છે. વ્યક્તિઓ એકબીજાના સંપર્કમાં આવતી જાય તેમ તેમ સામૂહિક ચેતનાનો વિકાસ થતો જાય છે. આ સામૂહિક ચેતના વ્યક્તિને નિયંત્રિત કરી અમુક રીતે વર્તન કરવા બાધ્ય કરે છે. સામાજિકરણની પ્રક્રિયા દ્વારા વિવિધ પ્રકારે વ્યક્તિમાં નૈતિક મૂલ્યોનું સિંચન કરવામાં આવે છે. સામાજિક નિયમોનો ભંગ કરનારને શિક્ષા કરી સમાજ પોતાની વ્યવસ્થા જાળવે છે. સમાજમાં કઈ રીતે શાંતિ સ્થપાય. દરેકે કઈ રીતે વર્તવું જોઈએ એ અંગે સર્વસંમતિ સધાયેલી જોવા મળે છે. સર્વસંમતિ એ વ્યવસ્થાનો પાયો છે અને વ્યક્તિ તેને સામાજિક મૂલ્ય તરીકે સમજે છે. વ્યક્તિ તેને સામૂહિક ચેતના તરીકે સ્વીકારે છે અને તેની અવગણના તેને માટે શક્ય નથી.

## દુર્ખિમનું કાર્યાત્મકવાદી વિશ્લેષણ :

દુર્ખિમ માને છે કે સમાજમાં મૂળભૂત મૂલ્યોની સર્વસંમતતા જોવા મળે છે. દુર્ખિમ સમાજનો અભ્યાસ કઈ રીતે કરવો, તેનું વિશ્લેષણ કઈ રીતે કરવું તે માટે સામાજિક તથ્યની ચર્ચા કરે છે. તે સામાજિક તથ્યને બાહ્ય વસ્તુ ગણે છે કે જે વ્યક્તિને વર્તન કરવા માટે દબાણ કરે છે. દુર્ખિમના મતે સામાજિક તથ્યોના સંશોધનમાં તેના કારણો અને કાર્યો શોધવા જોઈએ. સામાજિક વ્યવસ્થાની ભૂમિકામાં તેનું કાર્ય શું છે તે પણ જાણવું જોઈએ. સામાજિક જૂથ અને સામાજિક તથ્યને ક્યા પ્રકારનો સંબંધ છે તે સમજવું જોઈએ. સામાજિક તથ્યને સમજતાં પહેલાં સામાજિક જૂથનું આંતરિક બંધારણ પણ તપાસવું જોઈએ.

કાર્યાત્મકવાદમાં સ્વાભાવિક રીતે જ દુર્ખિમ સર્વસંમતિ,પરસ્પરાવલંબન, સાવયવી એકતા વગેરેનો વિચાર કરે છે. દુર્ખિમના મતે સમાજ એક સામાજિક વ્યવસ્થા છે અને એ વ્યવસ્થાની જટિલતા વધે તેમ તેમ સાવયવી એકતા વધે છે અને પરસ્પરાવલંબન પણ વધે છે. કાર્યાત્મકવાદી દષ્ટિબિંદુથી જોઈએ તો માનવસમાજ કઈ રીતે કાર્ય કરે છે તેને સમજાવતા દુર્ખિમ જણાવે છે કે જેમ જેમ જટિલતા વધતી જાય તેમ તેમ માનવ તેને સ્વીકારી તેને સમાજિક તથ્ય તરીકે તપાસે છે. સામાજિક તથ્ય વ્યક્તિના વર્તન માટે ખૂબ મહત્ત્વનું છે. તે વ્યક્તિત્વના ઘડતર માટે પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. દુર્ખિમના મતે કાર્યાત્મકવાદી અભિગમ સૌથી યોગ્ય છે. તેમના મતે મૂલ્યોના દ્રઢીકરણમાં અસરકારક પરિબળો વ્યકિતને સામાજિક ધોરણો અનુસાર વર્તવાની ફરજ પાડે છે, જેને કારણે સમાજનું રચનાતંત્ર યોગ્ય રીતે કાર્યરત રહે છે. દુર્ખિમના મતે ગુનાની શિક્ષા તે વ્યકિતને ખોટા કામમાંથી પાછા વાળી સમાજની સુગ્રથિતતા જાળવવામાં મદદરુપ બને છે. તેવી જ રીતે ધર્મ સમાજ માટે હકારાત્મક કાર્ય કરે છે. એટલે કે વ્યકિતને ધોરણો જાળવી કાર્ય કરવા માટે પ્રેરે છે. દુર્ખિમ માને છે કે ધર્મના પ્રતીકો, માન્યતાઓ સમગ્ર સમાજને એકત્ર રાખે છે. ધર્મની અનેકવિધ પ્રક્રિયાઓ સમાજને સુગ્રથિતતાથી કાર્ય કરવા પ્રોત્સાહન આપે છે. દુર્ખિમ સમાજમાં સંતુલનના માળખાને જુએ છે. તે સમાજને સજીવતંત્ર માને છે. તેમના મતે સમાજ અનેકવિધ એકમોનો બનેલો છે અને બધાજ એકમો પરસ્પર સંકળાયેલા છે તેમજ એકબીજા પર આધારિત છે.

## IMPORTANT BOOKS OF EMILE DURKHEIM

1. The Division of Labour in Society (1893)
2. The Rules of the Sociological Method (1895)
3. Le Suicide (1897)
4. The Elementary Forms of Religious Life (1912)

## ૧.૭ કાર્યાત્મકવાદમાં વિલ્ફ્રેડ પરેટોનું પ્રદાન : (૧૮૪૮-૧૯૨૩)

વિલ્ફ્રેડ પરેટો મૂળ ફ્રાંસના અર્થશાસ્ત્રી હતા. સમાજશાસ્ત્રમાં તેમનું પ્રદાન અનન્ય છે. પરેટોના મતે સામાજિક પ્રાણી તરીકે વ્યક્તિ અનેક ક્રિયાઓ કરે છે. સમાજમાં દૃશ્યમાન આવી ક્રિયાઓને તે બે ભાગમાં વહેંચે છે.

૧. તાર્કિક અથવા તર્કસંગત ક્રિયા

૨.અતાર્કિક અથવા અતર્કસંગત ક્રિયા

પરેટોના મતે તાર્કિક ક્રિયાઓનો આધાર સામાન્ય રીતે વસ્તુનિષ્ઠ હોય છે. જ્યારે અતાર્કિક ક્રિયાઓનો આધાર વ્યક્તિનિષ્ઠ હોય છે. પ્રત્યેક સામાજિક ઘટનાના બે દૃષ્ટિબિંદુ હોઈ શકે છે. પ્રથમ એ કે જેમાં ખરેખર ઘટનાનું અસ્તિત્વ હોય છે અને બીજું એ કે ઘટના કોઈ વ્યક્તિના મગજમાં અંકિત થયેલી હોય છે. પરેટોના મતે આ પ્રકારનું વિભાજન અત્યંત આવશ્યક છે કારણ કે તેના વગર તાર્કિક અને અતાર્કિક ક્રિયાઓનું વિભાજન કરવામાં ઘણી જ મુશ્કેલી ઊભી થાય છે. દા. ત. એક રસાયણશાસ્ત્રી પોતાની પ્રયોગશાળામાં પ્રયોગ કરવામાં રત છે અને એક જાદુગર કોઈ જગ્યાએ જાદુની ક્રિયા દર્શાવી રહ્યો છે - આ બંને ક્રિયાઓને એક જ શ્રેણીમાં મૂકવી ઉચિત નથી. કારણ કે રસાયણશાસ્ત્રીની ક્રિયાનો આધાર વસ્તુનિષ્ઠ છે, જ્યારે જાદુગરની ક્રિયાનો આધાર માત્ર વ્યક્તિનિષ્ઠ છે.

પરેટોના મતે પ્રત્યેક સામાજિક અથવા વ્યક્તિગત ક્રિયાનાં બે પાસાં હોય છે - ધ્યેય અને સાધન. કોઈપણ ધ્યેયની પ્રાપ્તિ માટે કોઈને કોઈ સાધનોનો ઉપયોગ હંમેશા કરવામાં આવતો હોય છે. આ સાધનો કેવા પ્રકારના હશે એ કાર્યોની પ્રકૃતિ પર આધારિત છે જેને આપણે ધ્યેયપ્રાપ્તિ માટે ઉપયોગમાં લઈએ છીએ. કેટલાક કાર્યો એવા પણ હોય છે કે જે ધ્યેય અને સાધન બંનેની રીતે ઉચિત હોતા નથી.

પરેટોના મતાનુસાર માનવીય ક્રિયાઓ તર્કસંગત અને અતર્કસંગત એમ બંને પ્રકારની હોઈ શકે છે. તર્કસંગત ક્રિયાઓ અર્થપૂર્ણ અને વિજ્ઞાને પ્રમાણિત કરેલી હોય છે. ઉદાહરણ તરીકે એક સમાજશાસ્ત્રી વૈજ્ઞાનિક પદ્ધતિથી બાળ-અપરાધીઓનો અભ્યાસ કરે છે તો તેને તાર્કિક કહી શકાય. કારણ કે તે જે કંઈ પણ કરી રહ્યો છે તેનો તર્કસંગત આધાર શોધી શકાય છે. જ્યારે આનાથી વિરુદ્ધ અતાર્કિક ક્રિયાઓ તર્કસંગત હોતી નથી. આવી ક્રિયાઓ કરવાવાળા વ્યક્તિ પોતાની સમજ પ્રમાણે એ ક્રિયાને ઉચિત માને છે અથવા સામાજિક પરંપરામાં આ પ્રકારની ક્રિયાઓનું પ્રાબલ્ય વધુ હોય છે. પરીક્ષામાં ચોરી કરવી કે ખરાબ સંસ્કારોને અપનાવવા એ અતાર્કિક ક્રિયાઓ છે. ધ્યેય અને સાધનના આધાર પર પણ તાર્કિક અને અતાર્કિક ક્રિયાઓને સારી રીતે સમજાવી શકાય. દા.ત. એક વિદ્યાર્થી માટે પરીક્ષામાં પાસ થવું એ તેનું ધ્યેય છે અને પાસ થવા માટે પુસ્તકોનું વાંચન, લેખન વગેરે તેના સાધન છે. જો વિદ્યાર્થી અભ્યાસક્રમના પુસ્તકોનું બરાબર અધ્યયન કરે, પ્રશ્નોને લખીને બરાબર તૈયાર કરે તો તેના કાર્યના ધ્યેય અને સાધન વચ્ચે તાર્કિક સંબંધ છે અને તેથી તેનું કાર્ય તર્કસંગત છે એમ કહી શકાય. જ્યારે આનાથી વિરુદ્ધ કોઈ વિદ્યાર્થી ખૂબ વાર્તાઓ અને નવલકથાઓ વાંચતો હોય, પ્રેમપત્રો લખતો હોય તો તેની આ ક્રિયા તાર્કિક ક્રિયા નથી કારણ કે ક્રિયાના ધ્યેય તથા સાધનો વચ્ચે કોઈ તાર્કિક સંબંધ નથી. પરેટોના મતે મોટભાગની સામાજિક ક્રિયાઓ અતાર્કિક જ હોય છે અને એ ક્રિયા કરવાવાળા વ્યક્તિઓ પોતાની ક્રિયાની

તાર્કિકતાને પ્રમાણિત કરવાનો પ્રયત્ન કરતા હોય છે.

વિલ્ફ્રેડ પરેટો, કોમ્ટ, સ્પેન્સર, દુર્ખિમ વગેરેના સામાજિક વ્યવસ્થા અંગેના વિચારો સાથે સહમત નથી. તેમના મતાનુસાર કોઈપણ સમાજ એક વ્યવસ્થાના રૂપમાં સ્થિર રહે છે અને કાર્ય કરે છે. કોઈપણ સામાજિક વ્યવસ્થા સામાજિક સંતુલનની અંતર્ગત જ વિકસે છે. સામાજિક વ્યવસ્થાનો મુખ્ય આધાર સામાજિક સંતુલન છે. સામાજિક સંતુલન એ અવસ્થા છે જેમાં વિઘટનકારી અને સંગઠનકારી શક્તિઓમાં એક સંતુલન જળવાઈ રહે છે. પરેટોના મતે દરેક સમાજમાં બે વિરોધી શક્તિઓ ક્રિયાશીલ રહે છે. એક શક્તિ સમાજના વિભિન્ન ખંડોને, અંગોને અથવા તત્ત્વોને વિઘટિત કરવા માટે ક્રિયાશીલ હોય છે, જ્યારે બીજી શક્તિ સમાજના જુદા જુદા ખંડોને સંગઠિત કરવામાં સહાયક બને છે. તેના મતે એવો કોઈ સમાજ નથી કે જેમાં સંપૂર્ણપણે કોઈપણ એક શક્તિનો અભાવ હોય.

વિલ્ફ્રેડ પરેટોના મતે સમાજ એક સામાજિક વ્યવસ્થા છે. અને આવી સામાજિક વ્યવસ્થા સતત સમતુલા રાખે છે. આ સમતુલાનો ખ્યાલ કાર્યાત્મકવાદ સાથે સંકળાયેલો છે. દરેક સમાજના ઘટકોને કેન્દ્રમાં તપાસીએ તો તે ઘટકો એકબીજા સાથે સંકળાયેલા છે અને તેમાંથી એક સામાજિક વ્યવસ્થાનો ખ્યાલ ઉત્પન્ન થતો જોવા મળે છે. સમાજશાસ્ત્રીઓએ આ સમતુલાનો અભ્યાસ કરવો જોઈએ. પરેટોના મતે સામાજિક વ્યવસ્થાની સમતુલાનો આધાર તેની ભૌતિક પરિસ્થિતિ અને બાહ્ય તથા આંતરિક વ્યવસ્થા ઉપર આધારિત છે. પરેટોના મતે તે નીચે મુજબ જોઈ શકાય :

**(૧) ભૌતિક પરિસ્થિતિ :-** આ પરિસ્થિતિમાં ભૌગોલિક પરિસ્થિતિનો સમાવેશ કરી શકાય.

**(૨) બાહ્ય વ્યવસ્થા :-** દરેક સમાજ અન્ય બીજા સમાજ સાથે સંકળાયેલો હોય છે અને તે જે રીતે સંકળાયેલો હોય છે તેની અસર તેના માળખા ઉપર, કાર્ય ઉપર પણ થાય છે.

**(૩) આંતરિક વ્યવસ્થા :-** દરેક સમાજમાં કેટલાક ચોક્કસ કોટિક્રમ હોય છે. કેટલાક ખ્યાલ, માન્યતાઓ, વલણો, પરંપરાઓ જોવા મળે છે. તે બધા જ સામાજિક વ્યવસ્થાનો ભાગ બને છે. આ બધું જ એકબીજા સાથે સંકળાયેલું હોય છે.

પરેટોના મતે આ ત્રણેય બાબત એકબીજા સાથે સંકળાઈ અનુસંધાન સાધે છે અને સમાજના સભ્યો તેનાથી પ્રભાવિત થાય છે. પરેટોના મતે અનુકૂલન, સંતુલન અને પરસ્પરાવલંબન તે મહત્ત્વના છે અને દરેક સમાજમાં આ પરિસ્થિતિ જોવા મળે છે. પરેટો આ બાબતને સમજાવતા કહે છે કે સમાજના વિવિધ એકમોમાં સતત અનુકૂલન સાધવાની પ્રક્રિયા ચાલુ રહેતી હોય છે. કોઈપણ એકમને કારણે કે પરિસ્થિતિને કારણે અસમતુલન ઊભું થાય ત્યારે બધા જ એકમો સમતુલા જાળવવાના તમામ પ્રયાસો કરે છે. અને સમગ્ર વ્યવસ્થા પરસ્પરાવલંબિત હોવાને કારણે બધા જ એકમો પર તેની અસર જોવા મળે છે. પરંતુ મૂળ વાત સમાજ એક જ છે અને તેના વિવિધ એકમો પરસ્પર જોડાયેલા છે તથા પરિવર્તનની પ્રક્રિયામાં અનુકૂલન અને સમતુલન સતત જોવા મળે છે.

## IMPORTANT BOOKS AND CONTRIBUTIONS OF PARETO

1. Mind and Society
2. Logico - Experimental Method
3. Logical and Non-Logical action
4. Society as a system in equilibrium
5. Residues and Derivations
6. Circulation of Elites

---

## તમારી પ્રગતિ ચકાસો :

---

૧. દુર્ખાઈમ કયા દેશના છે ?
૨. દુર્ખાઈમના પ્રથમ પુસ્તકનું નામ લખો.
૩. દુર્ખાઈમના કાર્યાત્મકવાદી વિશ્લેષણ અંગેના મહત્વના મુદ્દા લખો.
૪. દુર્ખાઈમના પુસ્તકોના નામ દર્શાવો.
૫. પરેટો કયા દેશના છે ?
૬. પરેટોના પ્રથમ પુસ્તકનું નામ લખો.
૭. પરેટોના કાર્યાત્મકવાદી વિશ્લેષણ અંગેના મહત્વના મુદ્દા લખો.

## ૧.૮ કાર્યાત્મકવાદમાં મેલિનોવસ્કીનું પ્રદાન : (૧૮૮૪-૧૯૪૨)



મેલિનોવસ્કી એ જાણીતા માનવશાસ્ત્રી છે. તેમનો જન્મ ૧૮૮૪ની ૭મી એપ્રિલે પોલેન્ડમાં થયો હતો. તેઓ વિજ્ઞાનના વિદ્યાર્થી હતા. તેઓએ પીએચ.ડી.ની પદવીના સંદર્ભમાં ભાષા શિખવા સાહિત્યના પુસ્તકોનું વાંચન કર્યું. આ ઉપરાંત તેમણે ઈતિહાસ તથા માનસશાસ્ત્રનું પણ અધ્યયન કર્યું.

મેલિનોવસ્કીએ કુટુંબવ્યવસ્થા અંગે સંશોધન શરુ કર્યું. ઈ.સ.૧૯૧૪માં તેમણે માનવશાસ્ત્રી તરીકેની કારકીર્દી શરુ કરી. આ સાથે તેમની અધ્યાપક તરીકેની કારકીર્દીની પણ શરુઆત થઈ. તેઓએ વિકસાવેલી ક્ષેત્રકાર્યની પધ્ધતિઓ ખૂબ જ ઉપયોગી છે. તેઓ પોતાના વિદ્યાર્થીઓને માનસિક સંતાનો ગણે છે. અને તેથી તેઓ વિદ્યાર્થીઓ સાથે ખૂબ જ પ્રેમથી સંકળાયેલા હતા. મેલિનોવસ્કી સતત વિદ્યાર્થીઓને મદદરુપ થતા હતા. તેઓ ઉપર ઉત્ક્રાંતિવાદી તથા પ્રસરણવિદ્યા શાખાની અસર હતી.

તેઓ માનવશાસ્ત્રી હોવા છતાં તેમની ઉપર દુર્ખિમની ગાઢ અસર જોવા મળે છે. માનવની મનોવૈજ્ઞાનિક જરૂરિયાત, તેના કાર્યો અને પૂર્તિ વિશે તેઓ સતત વિચારતા હતા. સમાજની બધી જ સંસ્થાઓ એકબીજાને કઈ રીતે અસર કરે છે તથા સાતત્ય માટે કેવો ફાળો આપે છે - ે કાર્યાત્મકવાદીઓના મુખ્ય પ્રશ્નો હતા. આ સંદર્ભમાં તેઓ સમાજને પરસ્પરાવલંબિત એકમોના એક માળખા તરીકે મૂલવે છે.

મેલિનોવસ્કીએ ધર્મ, જાદુ, રાજકીય સંસ્થા, અર્થવ્યવસ્થા, શિક્ષણ વ્યવસ્થા, કુટુંબ અને સગાઈ સંબંધો વચ્ચેના આંતરસંબંધોનું વિશ્લેષણ કરી કાર્યાત્મકવાદ વિકસાવ્યો છે. મેલિનોવસ્કીના મતે એક સંસ્થા સમાજની બીજી સંસ્થાને કઈ રીતે અસર કરે છે અને ક્યા પ્રકારના સંબંધોની જાળવણીમાં મદદ કરે છે ? સમગ્રના અસ્તિત્વ માટે શું ફાળો આપે છે ? - આ બધી બાબતોની ચર્ચા કરવી જરૂરી છે. મેલીનોવસ્કી સમાજને અંતઃગ્રથિત અને પારસ્પરિક અનુકૂલિત ભાગોના બનેલા માળખા તરીકે જોવાનો પ્રયાસ કરે છે.

મેલિનોવસ્કીએ સાંસ્કૃતિક સુગ્રથનનો સિદ્ધાંત આપ્યો. તેના મતે સાંસ્કૃતિક તત્ત્વો અથવા ઘટકો માનવી અને સંસ્કૃતિની જરૂરિયાતો સંતોષવા અસ્તિત્વ ધરાવે છે. મેલિનોવસ્કીના મતે માનવની મૂળભુત જરૂરિયાતો સંતોષવા વ્યવસ્થા ગોઠવાય છે અને તેને કારણે સાંસ્કૃતિક પ્રતિભાવો ઉત્પન્ન થાય છે. એટલે કે સમાજનું દરેક એકમ કંઈક ને કંઈક કાર્ય કરી વિવિધ કક્ષાની, વિવિધ સ્તરની જરૂરિયાતો પરિપૂર્ણ કરે છે અને તે

દ્વારા જ સામાજિક વ્યવસ્થાની જાળવણી કરે છે. વળી, માનવીની પ્રાથમિક જરૂરિયાતો સંતોષવા માટે પણ સંગઠનની જરૂરિયાત છે. માનવીની પ્રાથમિક જરૂરિયાતો અને ગૌણ જરૂરિયાતોને પરિપૂર્ણ કરવા માટે સમાજમાં અનેકવિધ વ્યવસ્થાઓ વિકસે છે. માનવની જૈવિક અર્થાત્ માનસિક જરૂરિયાત અને ગૌણ જરૂરિયાત હોય છે. આ જરૂરિયાત સંતોષવા માટે સમાજ સંચાર સાધનો, સહકાર અને સંઘર્ષ કરે છે. ભાષા, ધોરણો, નિયમો અને સામાજિક નિયંત્રણોનો વિકાસ કરે છે. મેલિનોવસ્કીના મતે સમાજ એ સુગ્રથિત સંકલિત રચનાતંત્ર છે. સમાજશાસ્ત્રીનું કાર્ય સમાજના દરેક અંગના કાર્યો અને જરૂરિયાતો શોધી કાઢવાનું છે.

## IMPORTANT BOOKS OF BRONISLAW MALINOWSKI

1. The Family Among Australian Aborigines
2. Argonauts of the Western Pacific
3. Myth in Primitive Psychology
4. The Sexual Life of Savages in North - Western Melanesia
5. Coral Gardens and their Magic
6. Magic Science and Religion

## ૧.૯ : કાર્યાત્મકવાદમાં રેડક્લિફ બ્રાઉનનું પ્રદાન:(૧૮૮૧ થી ૧૯૫૫)

માનવશાસ્ત્રી રેડક્લિફ બ્રાઉને રચનાતંત્રી કાર્યાત્મકવાદમાં મહત્ત્વનું પ્રદાન આપ્યું છે. તેમનો જન્મ ૧૭મી જાન્યુઆરી, ૧૮૮૧ના રોજ ઈંગ્લેન્ડમાં થયો હતો. બાળપણમાં તેઓએ સખત કાર્ય કરવુ પડ્યું હતું. તેઓ તબીબી વિજ્ઞાનના કોર્સમાં જોડાયા હતા. ત્યારબાદ તેઓ કેમ્બ્રીજ યુનિવર્સિટીમાં દાખલ થયા હતા. માનવશાસ્ત્રના અભ્યાસ માટે મદદ મળતાં તેમણે આંદામાનના ટાપુઓ પર જઈ સઘન ક્ષેત્રકાર્ય કરી અભ્યાસ કર્યો હતો. સાથે સાથે તેમણે અનેકવિધ સંશોધનાત્મક અભ્યાસો પણ કર્યા હતા. તેમણે પોતાની જીવનશૈલી વિશિષ્ટ રીતે તૈયાર કરી હતી તેથી તેઓ સમયનો મહત્તમ ઉપયોગ કરી શકયા હતા. તેમના વિચારો કાર્યાત્મકવાદી છે. માનવશાસ્ત્ર અને સમાજશાસ્ત્રની સંયુક્ત અસર તેમના અભિગમમાં જોવા મળે છે. દુર્ખાઈમના વિચારોથી તેઓ ઘણા જ પ્રભાવિત થયા હતા. તેમણે સાંસ્કૃતિક સુગ્રથનની વાત કરી. તેમના મતે સમાજની બધી જ બાબતો સમાજને મદદરુપ થાય છે અને સમાજને સંતુલીત રાખે છે. તેમણે માનવશાસ્ત્ર સાથે સમાજશાસ્ત્રને સાથે રાખી અભ્યાસો કર્યા હતા. તેમને સમાજનો

વૈજ્ઞાનિક અભ્યાસ કરી અનેક અભ્યાસો હાથ ધર્યા હતા. બ્રાઉનના મતે જૈવિક વ્યવસ્થાઓમાં રૂપશાસ્ત્ર, શરીરશાસ્ત્ર અને ઉત્ક્રાંતિ મહત્વના છે. સમાજમાં માનવ એ મહત્વનું એકમ છે અને સ્વાભાવિક રીતે એકબીજા સાથે સુગ્રથિત રહી તે પોતાના રચનાતંત્રની જાળવણી કરે છે. બ્રાઉનના મતે સંશોધકે સમગ્ર સમાજમાં સુગ્રથન ક્યાં છે તે જાણી લેવું જોઈએ.

રેડક્લિફ બ્રાઉન સમાજને સજીવતંત્ર માને છે. તેના મતે તંત્રના દરેક ભાગ તંત્રને જાળવવા માટે ફરજ બજાવે છે. આ તંત્ર વ્યવસ્થિત રીતે ગોઠવાયેલા એકમો છે. સુગ્રથન, સ્થિરતા અને જાળવણી માટે રચનાતંત્રના વિવિધ ભાગો પોતાનું પ્રદાન કરે છે. બ્રાઉનના મતે સામાજિક સ્વરૂપ સ્થિર છે. પરિવર્તનથી સાતત્ય પૂરતું નથી, પરંતુ સામાજિક પ્રણાલિકા ચાલુ રહે છે.

## IMPORTANT BOOKS OF REDCLIFFE BROWN

1. The Andaman Islanders
2. Structure and Function in Primitive Society
3. Teleological Interpretation
4. Necessary Conditions of Existance

## તમારી પ્રગતિ ચકાસો :

૧. મેલિનોવસ્કી કયા દેશના છે ?
૨. મેલિનોવસ્કીના પ્રથમ પુસ્તકનું નામ લખો .
૩. મેલિનોવસ્કીના કાર્યાત્મકવાદી વિશ્લેષણ અંગેના મહત્વના મુદ્દા લખો
૪. રેડક્લિફ બ્રાઉન કયા દેશના છે ?
૫. રેડક્લિફ બ્રાઉનના પ્રથમ પુસ્તકનું નામ લખો .
૬. રેડક્લિફ બ્રાઉનના કાર્યાત્મકવાદી વિશ્લેષણ અંગેના મહત્વના મુદ્દા લખો.

# ૧.૧૦ ટાલ્કોટ પાર્સન્સ : (૧૯૦૨ થી ૧૯૮૨)



**ટાલ્કોટ પાર્સન્સનો જન્મ અમેરિકાના કોલારોડામાં થયો હતો. રચનાતંત્રીય કાર્યાત્મકવાદી વિચારધારામાં પાર્સન્સનું પ્રદાન ખૂબ જ મહત્વનું છે. પાર્સન્સે માનસશાસ્ત્ર, રાજયશાસ્ત્ર તથા અર્થશાસ્ત્રને સાથે રાખીને વિવિધ સિધ્ધાંતોની ચર્ચા કરી હતી.**

તેમણે લંડન સ્કુલ ઓફ ઈકોનોમિક્સમાં સ્નાતકની પદવી મેળવી હતી. ત્યારબાદ જર્મનીની હાઈડલબર્ગ યુનિવર્સિટીમાં પણ તેઓએ અભ્યાસ કર્યો હતો. પાર્સન્સ ઉપર વેબરનો ખૂબ પ્રભાવ જણાય છે. ઈ.સ.૧૯૨૭માં તેઓ હાર્વર્ડ યુનિવર્સિટીમાં પ્રોફેસર બન્યા. સૌ પ્રથમ પોતાના પુસ્તક The Structure of Social Action દ્વારા તેમણે અમેરિકામાં વેબરની ઓળખાણ કરાવી. ઈ.સ.૧૯૫૧માં તેમણે Social System નામનું પુસ્તક લખ્યું હતું, જે સમગ્ર વિશ્વમાં ઈ.સ.૧૯૭૦ સુધી ખૂબ મહત્વનું રહ્યું. ઈ.સ.૧૯૪૯મા અમેરિકન સમાજશાસ્ત્રીય મંડળના તેઓ પ્રમુખ બન્યા. દુર્ખાઈમનો પ્રભાવ તેમની ઉપર સતત રહ્યો હતો. આ ઉપરાંત વ્યવસ્થા, એકતા, સુગ્રથન અને કુટુંબના વિવિધ પાસાંઓ અંગેના ખ્યાલ તેમણે દુર્ખિમ પાસેથી મેળવ્યા હતા. ટાલ્કોટ પાર્સન્સ પોતાના સિધ્ધાંતને ક્રિયાના સિધ્ધાંત તરીકે ઓળખાવે છે. વેબરના આદર્શ પ્રરુપની જેમ અનેકવિધ ખ્યાલો વિકસાવ્યા છે. વેબરના વિચારોથી પ્રેરાઈને તેમણે સમગ્ર સમાજના માળખાનું વિશ્લેષણ કરવાનો પ્રયત્ન કર્યો. સાથે સાથે તેમણે સામાજીક ક્રિયાને પણ એટલું જ મહત્વ આપ્યું. તેમનો હેતુ વ્યકિત કઈ રીતે સામાજીક સંસ્થાઓને અસર કરે છે તે જોવાનો હતો. પાર્સન્સ સામાજીક વ્યવસ્થાને ખૂબ મહત્વની ગણે છે. કોમ્તથી પાર્સન્સ સુધીના બધાજ કાર્યાત્મકવાદી સમાજશાસ્ત્રીઓ સમાજવ્યવસ્થા, સુગ્રથન, એકતા, વ્યવસ્થા, સંતુલન વગેરેને મહત્વ આપે 'છે. આ બધાજ સમાજશાસ્ત્રીઓ સમાજમાં સુગ્રથન જળવાઈ રહે તેની ચિંતા કરતા જોવા મળે છે. ક્રિયા અંગેની ચોકકસ વ્યવસ્થાની પાર્સન્સે ચર્ચા કરી છે.

ટાલ્કોટ પાર્સન્સ પોતાને મુખ્ય કાર્યાત્મકવાદી માને છે. પાર્સન્સ ઈમાઈલ દુર્ખાઈમથી પ્રભાવિત છે. પાર્સન્સ પોતાને શિષ્ટ સમાજશાસ્ત્રી માને છે. જીવનના ધ્યેય તરીકે સર્વગ્રાહી સિદ્ધાંત તૈયાર કરવાનું તેઓ સ્વીકારે છે. યુરોપમાં માર્કસ, વેબર અને દુર્ખાઈમે સામાજિક જગતના વિશ્લેષણ માટે કેટલાક ચોકકસ સિદ્ધાંતોની રચના કરી. ત્યારબાદ મોટાભાગના વિદ્વાનોએ આ સિદ્ધાંતોનો સ્વીકાર કરી તેનું વિશ્લેષણ કરવાનું

જ કાર્ય કર્યું છે. સમાજશાસ્ત્રના દિગ્ગજોમાં પાર્સન્સનું સ્થાન મહત્વનું છે. ઈ.સ. ૧૯૮૦ પછી પાર્સન્સનો કાર્યાત્મકવાદ પ્રભાવશાળી બન્યો. પાર્સન્સના સમયમાં વ્યક્તિની ભૂમિકા અને સામાજિક વર્તનના અભ્યાસનું મહત્વ વધવા લાગ્યું. ઈ.સ. ૧૯૮૦ બાદ આ અભ્યાસો અંગે ધીમેધીમે ચર્ચાઓ શરૂ થઈ અને અન્ય અભિગમો પણ મહત્વના બનવા લાગ્યા.

અમેરિકન સમાજશાસ્ત્રી ટાલ્કોટ પાર્સન્સે સમગ્રદર્શી સામાન્ય સિદ્ધાંતો વિકસાવ્યા છે. તેમના પ્રદાનને સમજવું જરા અઘરૂં છે. કારણ તેમણે સ્નાતક કક્ષાએ દર્શનશાસ્ત્ર અને જીવશાસ્ત્રનો અભ્યાસ પણ કર્યો છે. તેમના લખાણો પર આ બંનેનો પ્રભાવ જોવા મળે છે. પાર્સન્સે સમાજશાસ્ત્રના વિષયવસ્તુની ચર્ચા કરી છે. પાર્સન્સે The Social System માં સમાજશાસ્ત્રના કાર્યક્ષેત્રનો પરિચય આપતાં કહ્યું છે કે વિજ્ઞાન તરીકે સમાજશાસ્ત્રમાં સામાજિક વ્યવસ્થા અને સંસ્થીકરણની ઘટના તપાસવી જોઈએ. પાર્સન્સના મતે મનોવિજ્ઞાન વ્યક્તિઓના અભ્યાસ ઉપર ભાર મૂકે છે. માનવશાસ્ત્ર સંસ્કૃતિના અભ્યાસ સાથે સંકળાયેલું છે. જ્યારે સમાજશાસ્ત્ર સમાજની રચનાતંત્રીય કાર્યાત્મક તરાહના વિશ્લેષણ સાથે સંકળાયેલું છે. તેમના મતે સામાજિક સંસ્થાઓનો અભ્યાસ એ જ સમાજશાસ્ત્રનું મુખ્ય કાર્યક્ષેત્ર છે. વ્યક્તિ, સંસ્કૃતિ અને સમાજ એ ત્રણેય પરસ્પર સંકળાયેલા છે.

પાર્સન્સે સિદ્ધાંતના ઘડતર અંગે કેટલીક ધારણાઓની ચર્ચા કરી હતી. આ ધારણાઓમાં તે જણાવે છે કે :-

(૧) સામાજિક વ્યવસ્થા એ સ્વતંત્ર વાસ્તવિક્તા છે, તેનું સ્વતંત્ર અસ્તિત્વ છે.

(૨) સામાજિક વ્યવસ્થાનું માળખું કેટલાંક મૂળભૂત કાર્યોનો નિર્દેશ કરે છે. અનુકૂલન, ધ્યેય પ્રાપ્તિ, સુગ્રથન અને રચનાની જાળવણી તેમજ તંગદિલી નિવારણ એ વ્યવસ્થાનું મુખ્ય કાર્ય છે. આ મુખ્ય કાર્ય અનિવાર્ય છે જેને કારણે રચનાતંત્ર અને સામાજિક વ્યવસ્થા ટકી રહી છે.

(૩) સામાજિક વ્યવસ્થા એ વિવિધ પેટાવ્યવસ્થાઓને આધારે ઘડાય છે. અર્થવ્યવસ્થા, કુટુંબવ્યવસ્થા, શિક્ષણવ્યવસ્થા, રાજ્યવ્યવસ્થા અને ધર્મવ્યવસ્થા આ સૌ એકબીજા સાથે સંકળાયેલા છે.

(૪) દરેક સામાજિક વ્યવસ્થા આંતરિક સ્થિરતા અને સંતુલન જાળવવાની સતત કોશિષ કરે છે.જ્યારે જ્યારે પણ અવરોધો ઊભા થાય અને અસમતુલન પેદા થાય ત્યારે સામાજિક વ્યવસ્થા સમતુલા જાળવવાનો સતત પ્રયત્ન કરે છે.

(૫) સમાજ અનુકૂલનાત્મક ઉત્ક્રાંતિની ક્ષમતા ધરાવે છે.

(૬) સમાજ વિવિધ ઐતિહાસિક તબક્કાઓમાંથી પસાર થાય છે અને એની ઉપર વિવિધ પ્રક્રિયાઓ થાય છે. દા.ત. આધુનિકરણની પ્રક્રિયામાં ભાષા, મૂલ્યો વગેરે સ્વાભાવિક રીતે જ મુખ્ય સંચાલન બળ તરીકે જોવા મળે છે.

પાર્સન્સે System of Action માં દર્શાવ્યું છે કે વ્યવસ્થામાં ક્રિયાઓ થાય છે અને સામાજિક વ્યવસ્થાની સમજ પ્રાપ્ત કરવામાં ક્રિયા અને ક્રિયા કરનાર બંને તપાસવા જોઈએ. પાર્સન્સની દૃષ્ટિએ મોટાભાગની માનવક્રિયાઓ સમાજમાં ઉદ્ભવે છે અને ક્રિયા એ આંતરક્રિયાનો ભાગ બને છે. પાર્સન્સ સમાજમાં આંતરક્રિયાઓનો અભ્યાસ કરવાનું સૂચવે છે. તેઓ ક્રિયાઓના ઘટકોને જુદાં જુદાં વિભાગોમાં વહેંચે છે. તેમનો હેતુ ક્રિયાને પેટાવિભાગમાં વહેંચી વ્યવસ્થાને સમજવાનો છે. તેઓ ક્રિયાના તંત્રોની

વાત કરે છે. પાર્સન્સ માને છે કે સામાજિક ક્રિયાઓ સમાજમાં ઉદ્‌ભવે છે અને આ ક્રિયાતંત્રો સમાજમાં કેન્દ્રસ્થાને છે. તેઓ સામાજિક તંત્રને સમજવા માટે ક્રિયાને વિશ્લેષિત કરે છે. પાર્સન્સના મતે વ્યક્તિની અર્થપૂર્ણ ક્રિયા એટલે સામાજિક ક્રિયા. માનવની સામાજિક ક્રિયાઓને લીધે જ સમાજ કાર્યાન્વીત રહે છે. ક્રિયા અને સામાજિક ક્રિયામાં ફેર છે. બધી જ ક્રિયાઓ સામાજિક ક્રિયાઓ હોતી નથી. એક વ્યક્તિ બીજી વ્યક્તિના સંદર્ભમા ક્રિયા કરે તો તેને સામાજિક ક્રિયા કહી શકાય. ટાલ્કોટ પાર્સન્સ તેને સામાજિક વ્યવસ્થતંત્રના ચાલકબળ તરીકે સ્વીકારે છે. સામાજિક ક્રિયા એટલે જે બીજાથી પ્રભાવિત હોય, પ્રતિભાવરૂપે હોય, અર્થપૂર્ણ હોય તથા અન્યના સંદર્ભમાં હોય. સામાજિક ક્રિયાને મુખ્ય ચાર તત્ત્વો હોય છે.

(૧) સ્વ અથવા કર્તા
(૨) ધ્યેય
(૩) શરત
(૪) સાધન

ઉપરોક્ત ચારેય તત્ત્વો અનિવાર્ય છે. આ ચાર તત્ત્વોનો અભાવ હોય તો સામાજિક ક્રિયા શક્ય બનતી નથી. આ તત્ત્વો અલગ અલગ નથી પરંતુ પરસ્પર સંકળાયેલા છે. આ ચારેય તત્ત્વો એકબીજાથી છૂટા પડે તો પણ સામાજિક ક્રિયા શક્ય બનતી નથી.

**(૧) સ્વ અથવા કર્તા :**

પાર્સન્સની દૃષ્ટિએ માનવક્રિયા એ આ તંત્રનું મહત્ત્વનું લક્ષણ છે. માનવક્રિયા કરે ત્યારે તેમાં તેનું શરીરતંત્ર તેમજ ભૌતિક વાતાવરણ મહત્ત્વનું બને છે. પાર્સન્સની દૃષ્ટિએ આ પાયાનું એકમ છે. શરીર એ વ્યક્તિ નથી. દરેક વ્યક્તિ પોતે એક અલગ અસ્તિત્વ છે અને અલગ તંત્ર છે. દરેક વ્યક્તિ એક ચોક્કસ ઓળખ ધરાવે છે. પોતાના અંગે તે સામાજિક સભાનતા અને આત્મચેતના ધરાવે છે. એટલે કે પોતે ચોક્કસ ઓળખ ધરાવે છે. જન્મ સમયે તે માત્ર એક જૈવિક પ્રાણી છે. તે કેટલાક શારીરિક અને માનસિક લક્ષણો ચોક્કસ ધરાવે છે, પરંતુ એ સામાજિક હોતું નથી. તેને સામાજિક બનાવવા માટે સામાજિકરણની પ્રક્રિયા મહત્ત્વની હોય છે. આ પ્રક્રિયા દ્વારા વ્યક્તિ સામાજિક ઓળખ પ્રાપ્ત કરે છે. આ પ્રક્રિયા દ્વારા જ વ્યક્તિ પોતાને, સમાજને, સામાજિક સંબંધોને, સામાજિક આંતરક્રિયાઓને, સામાજિક પ્રક્રિયાઓને, માન્યતા, વલણ, વિશ્વાસ, ભાવ, ભાષા, પૂર્વગ્રહો, જ્ઞાન વગેરેને સમજે છે, શીખે છે અને આત્મસાત કરે છે. આ પ્રક્રિયા વ્યક્તિને અનેકવિધ જાણકારી આપે છે. સાથે સાથે સ્વની અને સમાજની ઓળખ કરાવે છે. આ પ્રક્રિયા દ્વારા સૌ પ્રથમ સ્વ ઘડાવવાની શરૂઆત થાય છે. ધીમે ધીમે સ્વ વૃદ્ધિ પામે છે અને વિસ્તરે છે. ખરેખર સ્વ એટલે સભાનતા અને ઓળખ તથા અનુભવ ધરાવતી માનસિક ઘટના. વ્યક્તિ સમાજના સભ્ય હોવાના નાતે બીજાના સંદર્ભમાં પોતાને તપાસે છે અને સતત સ્વની સરખામણી કરે છે. વ્યક્તિ પોતાના સ્વને સતત તુલનાત્મક માળખામાં તપાસે છે. વ્યક્તિમાં મૂલ્યાંકન કરવાની શક્તિ હોય છે. માનવ દેહ કદી પણ એકલો ક્રિયા કરતો નથી. પરંતુ સામાજિક સ્વ માનવદેહને ક્રિયાઓ કરાવે છે. વ્યક્તિ સતત પોતાને બીજાના સંદર્ભમાં તપાસે છે. વ્યક્તિ પોતાને બીજાના સંદર્ભમાં તપાસી અને બીજાના સંદર્ભમાં જ જૂએ છે. પોતાના

અંગે બીજા શું માનતા હશે, પોતે સૌમાં કેવું સ્થાન ધરાવતા હશે તે વિચાર દ્વારા જ પોતાના વ્યક્તિત્ત્વને ઘડવાનો પ્રયત્ન કરે છે. વ્યક્તિમત્તા એ ભૂમિકા અદા કરતી વ્યક્તિના સંદર્ભમાં છે. પાર્સન્સના મતે ક્રિયા કરનાર વ્યક્તિમાં 'સ્વ' મહત્ત્વનું છે. 'સ્વ' પરિસ્થિતિનું અર્થઘટન અને મૂલ્યાંકન કરી પ્રતિભાવ દર્શાવે છે. વ્યક્તિમત્તાના સંદર્ભમાં વ્યક્તિત્ત્વ એ પ્રવૃત્તિ, પ્રતિભાવો અને પ્રત્યાઘાતોનું કેન્દ્ર છે તથા તે દ્વારા જ તેનું ઘડતર થાય છે તેવું કહી શકાય. વ્યક્તિ સતત સમાજના સંદર્ભમાં જ પોતાના વર્તનને તપાસે છે. વ્યક્તિનો સ્વ એ વિવિધ સામાજિક આંતરક્રિયાઓમાંથી જ ઉદ્ભવે છે અને સ્વ એ ક્રિયા માટેનું ચાલકબળ બની રહે છે.

(૨) ધ્યેય :

વ્યક્તિનું વર્તન ધ્યેયના સંદર્ભમાં જ હોય છે. વ્યક્તિ પોતાના માટે કોઈ ચોક્કસ આયોજન કરે છે અને ધ્યેય નક્કી કરે છે. ધ્યેય એટલે એવી પરિસ્થિતિ જેનું વર્તમાનમાં અસ્તિત્વ ન હોય. પરંતુ તેને કલ્પના દ્વારા જાણી શકાય છે અને ભવિષ્યમાં પ્રયત્ન દ્વારા પામી શકાય છે. આમ ધ્યેય ભવિષ્ય સાથે સંકળાયેલી પરિસ્થિતિ છે. વ્યક્તિની તમામ ક્રિયાઓ ધ્યેય પરિપૂર્તીની આસપાસ જ હોય છે. ધ્યેય વ્યક્તિ માટે પ્રેરક છે અને તે વ્યક્તિને કાર્યરત રાખે છે. સ્વ પોતે જ ધ્યેય નક્કી કરે છે અને તેનો ધ્યેય સમાજમાથી જ ઘડાય છે. ધ્યેય તૃપ્તિ માટે વ્યક્તિ સતત કોઈકને કોઈક રીતે પ્રયત્નશીલ રહે છે. ક્યારેક ધ્યેયો અસ્પષ્ટ હોય છે અને ધીમેધીમે તે સ્પષ્ટ થાય છે. વ્યક્તિનું ધ્યેય સામાજિક વાતાવરણમાં નક્કી થાય છે. વ્યક્તિના ધ્યેયો સતત એકસરખા રહેતા નથી. વ્યક્તિ માત્ર એક જ ધ્યેય ધરાવતી નથી. વ્યક્તિના ધ્યેયો વિવિધ પરિબળોના કારણે સતત બદલાતા જાય છે. ધ્યેય વ્યક્તિના સમગ્ર ઉપર કબજો જમાવી લે છે. વ્યક્તિના અનેકવિધ ધ્યેયો હોય છે અને એ ધ્યેયોનો ચોક્કસ કોટિક્રમ હોય છે. કેટલાક ધ્યેયો વ્યક્તિ માટે આજીવન અને અમૂલ્ય હોય છે. જ્યારે કેટલાક ધ્યેયોમાંથી વ્યક્તિ ધ્યેયોની પસંદગી કરે છે. વ્યક્તિ માટે ધ્યેયોનો ચોક્કસ એક ક્રમ હોય છે. વ્યક્તિનું ધ્યેય નક્કી કરવામાં સામાજિકરણની પ્રક્રિયા, તેની પર વિવિધ લોકોના પ્રભાવ, તેનું અંગત મૂલ્ય, જરૂરિયાતો, સામાજિક ધોરણો, સામાજિક અને સાંસ્કૃતિક મૂલ્યો મહત્વના હોય છે. વ્યક્તિના ધ્યેય બિલકુલ અલગ અલગ પણ હોઈ શકે અને સંકળાયેલા પણ હોઈ શકે. ટૂંકમાં કહી શકાય કે વ્યક્તિને સતત કાર્યરત રાખનાર ધ્યેય છે. આ ધ્યેય જ વ્યક્તિની પ્રવૃત્તિઓ અને વલણ નક્કી કરે છે. વ્યક્તિનું ધ્યેય વ્યક્તિના જ્ઞાનાત્મક માળખાને અસર કરે છે તથા એના વલણને પણ નક્કી કરે છે. સમાજમાં વ્યક્તિઓ પોતાને વિવિધ ધ્યેયોને પરિપૂર્ણ કરવા સતત કાર્યશીલ હોય છે. વ્યક્તિનું ધ્યેય વ્યક્તિને પ્રેરકબળ પૂરું પાડી સખત મહેનત કરવા તૈયાર કરે છે.

(૩) શરત :

સ્વ એ દૈહિક, સામાજિક અને માનસિક હોય છે. વ્યક્તિ ધ્યેયો નક્કી કર્યા પછી સતત તેને પામવા કાર્યરત રહે છે. વ્યકિત પોતાનો ધ્યેય નકકી કર્યા બાદ તે ધ્યેયને પરિપૂર્ણ કરવા પ્રયત્નશીલ બને છે. ધ્યેય પ્રાપ્ત કરવા વિવિધપ્રકારના આયોજન કરે છે. દરેક વ્યકિત પોતાના સામાજીક વાતાવરણમાંથી પોતાનો ધ્યેય નકકી કરે છે. વ્યકિત ઉપર સમાજના મૂલ્યો, ધોરણો, પરંપરા, લોકરીતિઓ, આદર્શો અસર કરતા હોય છે.

સામાજીક વાતાવરણમાં અનેકવિધ પરિબળો અસર કરતા હોય છે તેની ઉપર કોઈનું નિયંત્રણ હોતુ નથી. વ્યકિત સમાજમાં જ તૈયાર થાય છે અને તેની ઉપર સમાજની અસર જોવા મળે છે. વ્યકિતના બધા જ ધ્યેયો પરિપૂર્ણ થાય તેવું શકય હોતુ નથી. તેમાં અનેકવિધ અવરોધો આવતા હોય છે. જે અવરોધો વ્યકિત દૂર ન કરી શકે તેને શરતો કહેવાય છે. શરત વ્યકિતની મર્યાદા નકકી કરે છે. દા.ત. વ્યકિતને ચંદ્ર ઉપર જવું હોય તો વાહન જોઈએ તથા નાણાં જોઈએ. એ ન હોય તો વ્યકિત ચંદ્ર ઉપર ન પહોચી શકે. આમ ચંદ્ર ઉપર પહોંચવા માટે નાણાં જોઈએ અને તે તેની શરત હોઈ શકે. બધી જ શરતો બાહ્ય છે તેવુ નથી. કયારેક વ્યકિતને દોડની હરિફાઈમાં પ્રથમ આવવું હોય પણ એક જ પગ હોય તો તે પણ તેની શરત બની જાય છે. આ બધી બાબતો ઉપર કોઈનું નિયંત્રણ હોતું નથી અને તેથી તેને શરતો ગણવામાં આવે છે.

**(૪) સાધન :**

વ્યકિતને ધ્યેય પ્રાપ્તિ માટે સ્વ, ધ્યેય અને શરત જે રીતે મહત્વના છે તેમ સાધન વિના પણ ધ્યેય પ્રાપ્ત કરી શકાતું નથી. આમ ધ્યેય પ્રાપ્તિ માટે સાધન મહત્વનું છે. સાધન સાદામાં સાદુ કે જટીલ પણ હોઈ શકે. દરેક વ્યકિતને ધ્યેયને અનુરુપ સાધન પસંદ કરવું આવશ્યક છે. જો સાધનની પસંદગી ખોટી હોય તો વ્યકિતને નિશ્ચિત ધ્યેય પ્રામ કરવામાં મુશ્કેલી ઉભી થાય છે. ધ્યેય પ્રામિ માટે સાધનની પસંદગી ખૂબ વિચાર માગી લે તેવી છે. દા.ત. વ્યકિતને મુંબઈ બે જ કલાકમાં પહોંચવુ હોય તો તેની સાધન તરીકેની રેલ્વેની પસંદગી ખોટી કહી શકાય. જયારે એરોપ્લેનની પસંદગી એ યોગ્ય સાધન ગણી શકાય.

ટૂંકમાં કહી શકાય કે વ્યકિતને ધ્યેય પ્રાપ્તિ માટે ઉપરના ચારેય સાધનો આવશ્યક છે. ઉપરોકત ચારેય તત્વો સામાજીક ક્રિયા માટે આવશ્યક છે.

પાર્સન્સના મતે ક્રિયા સમજવા માટે સમાજશાસ્રીય અભિગમથી તપાસ કરવી ઘટે. કાર્ય, પરસ્પરાવલંબન, સુગ્રથન, સંતુલન અને ઉત્ક્રાંતિની પ્રક્રિયાના કારણે આવતા પરિવર્તનો મહત્વના છે. પાર્સન્સ ખાસ કરીને સમાજની પ્રભાવાત્મક સંસ્થાઓ તથા તેના રચનાતંત્રો અને તેના ઉદ્દ્ભવ વિશે ચર્ચા કરે છે. સાથે સાથે સમાજના વિવિધ ભાગોનો ફાળો અને સમગ્ર સમાજવ્યવસ્થા ચલાવવામાં આ વિવિધ ભાગોનો ફાળો તે રીતે ચર્ચા કરે છે. પાર્સન્સ બધા જ ભાગોનો એકબીજા સાથેનો સંબંધ અને પરસ્પરાવલંબનને સમજવાનો પ્રયત્ન કરે છે. સામાજિક વ્યવસ્થા કઈ રીતે સતત ચાલતા સંઘર્ષનું નિર્મૂલન કરી સંતુલન જાળવી રાખે છે તે જાણવાનો તેમણે પ્રયત્ન કર્યો હતો. આ ઉપરાંત ઉત્ક્રાંતિવાદી પરિવર્તનો કઈ રીતે સમાજમાં પરિવર્તન લાવે છે, પરિવર્તનની પ્રક્રિયામાં સંતુલન જાળવવામાં કેવી તકલીફ પડે છે, કેવા અનુકૂલનો સધાય છે તથા રચનાતંત્ર કઈ રીતે નવા ઉદ્દ્ભવતા પ્રશ્નોને ઉકેલે છે તે જાણવાનો પ્રયાસ તેઓ કરે છે. પાર્સન્સ જણાવે છે કે ધીમેધીમે જટીલ બનતા સમાજમાં નવી સંસ્થાઓ વિકસતી જાય છે. આ સંસ્થાઓ નવા નવા કાર્યો કરે છે. આ કાર્યોને નવી ઉદ્દ્ભવેલી સંસ્થાઓ કઈ રીતે પૂર્ણ કરે છે તે સમજવાનો તેઓ પ્રયાસ કરે છે. દરેક સમાજે પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે કેટલીક લઘુત્તમ જરુરિયાતો પરિપૂર્ણ કરવાની હોય છે. દરેક સમાજ તે કઈ રીતે પરિપૂર્ણ કરે છે તેને જાણવાનો પ્રયાસ પણ તેઓ કરે છે. પાર્સન્સના મતે રચનાતંત્રી કાર્યાત્મકવાદી મોડેલો મુજબ સમાજમાં દરેક પોતાની

ભૂમિકા પ્રમાણે કાર્ય કરે છે. અને તેમાં તે સમાજના નિયમોને લક્ષમાં રાખે છે. દરેક સમાજમાં ઉત્પાદન, તેની વહેચણી તથા વ્યવસ્થા બરાબર જળવાય તે મહત્વનું છે. આ કાર્ય કરનારને સામાજીક, રાજકીય અને વહીવટી ન્યાય પ્રાપ્ત થાય તે પણ જોવું પડે છે. રચનાતંત્રમાં અસમાનતા જોવા મળે છે. સમાજ કેટલીક અસમાનતાઓ વિના કાર્ય કરી શકતો નથી. સમાજની જરુરિયાત પ્રમાણે અને યોગ્ય રીતે જે ભૂમિકા ભજવે છે તેને સમાજમાં આવશ્યક દરજ્જો, સત્તા અને પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય છે. અને જો યોગ્ય રીતે ન ભજવે તો તેને યોગ્ય વળતર અપાતું નથી. સમાજ પોતાના સભ્યોની કદર કરે છે અને કયારેક શિક્ષા પણ કરે છે. આમ સમાજમાં કેટલીક અસમાનતાઓ જોવા મળે છે. અહીં દુર્ખાઈમના મતને યાદ કરવો ઘટે. તેના મતે સામાજીક અસમાનતાઓ અને કુદરતી અસમાનતાઓનું પ્રતિનિધિત્વ રહેશે. સમાજમાં જે જરુરી છે તે જ અસ્તિત્વ ધરાવે છે. કાર્યાત્મકવાદીઓના મતે સામાજીક વ્યવસ્થાના ભાગરૂપે આર્થિક, કાયદાકીય તથા શૈક્ષણિક રચનાતંત્રો અસ્તિત્વ ધરાવે છે. આ રચનાતંત્રો સમાજની જરુરિયાતો પૂર્ણ કરે છે. સમાજમાં વિવિધ ભાગો વચ્ચે પરસ્પરાવલંબીતતા જોવા મળે છે અને તેને લીધે જ સમાજના રચનાતંત્રો ટકી શકે છે. સમાજની વિવિધ સંસ્થાઓમાં ભૂમિકા ભજવનાર પણ એકબીજા ઉપર આધારિત હોય છે. સમાજના કોઈ પણ ભાગમાં આવતું પરિવર્તન સમગ્ર ભાગને અસર કરે છે અને બધાજ ભાગો અનુકૂલન સાધી કાર્યરત રહે છે. સામાજીક વ્યવસ્થા જાળવવામાં સમાજના બધાજ ભાગો સહજપણે ફાળો આપે છે અને તે દ્વારા જ સમાજવ્યવસ્થા ટકી રહે છે. જયારે કેટલાક ભાગો વ્યવસ્થિત કાર્ય ન કરે ત્યારે અવ્યવસ્થા સર્જાય છે. આવું બને છે ત્યારે અનુકૂલન સાધી પુનઃ સંતુલન સ્થપાય છે. કાર્યાત્મકવાદીઓના મતે સામાજીક વ્યવસ્થા વિશે એક ચોકકસ પ્રકારની સંમતિ જોવા મળે છે. વ્યકિતનું વર્તન સામાજીક ધોરણો અને મૂલ્યો દ્વારા નિયંત્રિત રહે છે. સમાજમાં તે સ્વીકાર્ય હોય છે અને તે અંગે સંમતિ પ્રવર્તે છે. આ મૂલ્યના ધોરણો સાતત્ય પૂર્ણ રીતે સમાજમાં પ્રવર્તે છે. દુર્ખેઈમના મતે નિયંત્રણ, શિક્ષા, સામાજિક સંમતિ અને સામાજિક અસંમતિ વ્યકિતના વર્તનને નિયંત્રણમાં રાખે છે. કાર્યાત્મકવાદીઓ સંઘર્ષને અવગણે છે અથવા તો તેને ખાસ મહત્ત્વ આપતા નથી. કાર્યાત્મકવાદી અભિગમ એ પશ્ચિમની ઉદારવાદી પરંપરાની સાથે ચાલે છે, જેમાં તકની સમાનતા અને ઉદારમતવાદી લોકશાહી તથા સામાજીક સુધારણાની ચર્ચા થાય છે.

કાર્યાત્મકવાદી અભિગમ મોટે ભાગે અમેરિકન સમાજશાસ્ત્રીઓમાં વધુ પ્રવર્તમાન છે. વોલેસ અને વુલ્ફ રચનાતંત્રીય કાર્યાત્મકવાદના મૂળિયા કોમ્ટ, સ્પેન્સર અને દુર્ખાઈમના વિચારોમાં જુએ છે. ઈ.સ. ૧૯૩૯થી આ અભિગમ અસ્તિત્વમાં આવ્યો. પાર્સન્સ, વેબર અને દુર્ખાઈમે એનો વ્યાપ વધાર્યો. પાર્સન્સે વેબર અને દુર્ખાઈમે આપેલા મોડેલને માર્કસના વિચારોને ખાળવા ઉપયોગમાં લીધો. અમેરિકન સમાજશાસ્ત્રમાં ઈ.સ. ૧૯૪૦ થી ઈ.સ. ૧૯૭૦ સુધી આ અભિગમ પ્રભાવાત્મક રહ્યો. રચનાતંત્રી કાર્યાત્મકવાદી અભિગમ અમેરિકન સમાજની ઘણી બાબતો સમજવામાં સક્ષમ ન રહ્યો ત્યારે પરિવર્તનની શરુઆત થઈ. આ અભિગમ દ્વારા ગરીબી, વિરોધ, અસમાનતા ન સમજાવી શકાયા. તેથી તેમાં પરિવર્તન આવવાનું ચાલુ થયું. પરિણામે વેબર, દુર્ખેઈમ અને કાલમાર્કસ વધુ પ્રભાવશાળી બન્યા. સાથેસાથે નારીવાદી અભિગમે પણ કાર્યાત્મકવાદ સામે આક્રમણ કર્યું. અમેરિકાની જેમ જ કેનેડામાં પણ આવા પ્રશ્નો ઉભા થયા. ઈ.સ. ૧૮૯૯ પછી તેમાં પરિવર્તનો આવવાની શરુઆત થઈ

અને આ મોડેલ એ સર્વ સંમતિનું મોડેલ ગણાયુ. સમાજશાસ્ત્રના આ મોડેલને અર્થશાસ્ત્રીઓ, શિક્ષણશાસ્ત્રીઓ વધુ ઉપયોગમાં લે છે. સાથે સાથે રાજયશાસ્ત્રમાં ઉદારમતવાદીઓ પણ તેનો ઉપયોગ કરે છે. પાર્સન્સ માને છે કે સામાજીક ક્રિયાઓ સમાજમાં ઉદ્ભવે છે. અને આ ક્રિયા તંત્રો સમાજમાં કેન્દ્ર સ્થાને છે. તેઓ સામાજીક તંત્રને સમજવા માટે ક્રિયાને વિશ્લેષિત કરે છે.

**(૧) દૈહિક તંત્ર (સજીવતંત્ર) :** પાર્સન્સની દષ્ટિએ માનવક્રિયા આ તંત્રનું મહત્વનું લક્ષણ છે. માનવક્રિયા કરે ત્યારે તેમાં તેનું શરીરતંત્ર તેમજ ભૌતિક વાતાવરણ મહત્વનું બને છે. પાર્સન્સની દષ્ટિએ આ પાયાનું એકમ છે.

**(૨) વ્યકિતમત્તા તંત્ર :** વ્યકિતમત્તા તંત્ર એ ભૂમિકા અદા કરતી વ્યકિતના સંદર્ભમાં છે. પાર્સન્સના મતે ક્રિયા કરનાર વ્યકિતમાં સ્વ મહત્વનું છે. સ્વ સભાનતા અને અનુભવ ધરાવે છે. સ્વ પરિસ્થિતિનું અર્થઘટન કરી મૂલ્યાંકન કરી પ્રતિભાવ દર્શાવે છે.

**(૩) સાંસ્કૃતિક તંત્ર :** દરેક સમાજની પોતાની એક સંસ્કૃતિ હોય છે અને તેમાં વિવિધ પ્રતિકો પણ હોય છે. ભાષા, મૂલ્યો, ધોરણો, માન્યતાઓ, વલણો એ તંત્રમાં મહત્ત્વના છે. કારણ વ્યક્તિની વ્યક્તિમત્તામાં આ તમામ બાબતો આત્મસાત થયેલી હોય છે. સામાજિકરણની પ્રક્રિયા દ્વારા વ્યક્તિમાં આ સાંસ્કૃતિક તંત્ર આત્મસાત થયેલું હોય છે અને વ્યક્તિમત્તાના એક ભાગરૂપે સંગ્રહાયેલું હોય છે. સામાજિકરણની પ્રક્રિયામાં સતત વિવિધ પ્રકારના સાંસ્કૃતિક પ્રતિભાવો સંગ્રહાતા હોય છે અને તે પણ મહત્ત્વની બાબત છે.

**(૪) સામાજિક વ્યવસ્થા :** એક કે તેથી વધુ વ્યક્તિઓ સાથે કામ કરતી હોય ત્યારે દરજ્જો, ભૂમિકા, ફરજ, કાર્ય વગેરે મહત્ત્વના બને છે. સામાજિક વ્યવસ્થામાં આંતરક્રિયા ખૂબ મહત્ત્વની બાબત છે. આંતરક્રિયા વગર સમાજ કાર્યશીલ રહી શકતો નથી. વ્યક્તિઓ જે ભૂમિકા અદા કરે છે અને દરજ્જાઓ પ્રાપ્ત કરે છે તેમાંથી ચોક્કસ પ્રકારના સામાજિક સંબંધો અસ્તિત્વમાં આવે છે.

વોલેસ અને વુલ્ફ પાર્સન્સના સામાજિક વિચારોને સમજવા માટે સામાજિકરણના ખ્યાલને કેન્દ્રમાં રાખી ચર્ચા કરે છે. તેમના મતે પાર્સન્સના ચારેય તંત્રો એકબીજા સાથે સંબંધિત છે. સામાજિકરણની પ્રક્રિયા દ્વારા દૈહિક તંત્રમાં વ્યક્તિમત્તા તૈયાર થતી જાય છે, જેમાં સામાજિક અને સાંસ્કૃતિક તંત્રો ચોક્કસ પ્રકારની ભૂમિકા ભજવે છે. સામાજિકરણની પ્રક્રિયા દ્વારા સમાજના મૂલ્યો અને ધોરણો વ્યક્તિમાં આત્મસાત થાય છે. આમ સામાજિક વ્યવસ્થા એટલે ધોરણો અને મૂલ્યોની વ્યવસ્થા એમ કહી શકાય. સ્વાભાવિક રીતે વ્યક્તિ દૈહિક તંત્ર ધરાવે છે અને દરેક સમાજ પોતાના સામાજિક અને સાંસ્કૃતિક તંત્ર પ્રમાણે વ્યક્તિની વ્યક્તિમત્તા ઘડે છે. તેથી જ સમાજમાં સમાન ક્રિયાઓ, સમાન પ્રત્યક્ષીકરણો, મૂલ્યો અને ધોરણો દશ્યમાન થાય છે. પાર્સન્સના મતે ક્રિયા કરનાર માટે ચારેય તંત્ર મહત્ત્વના છે. વ્યક્તિના વર્તન માટે ધોરણો અને મૂલ્યોની વ્યવસ્થા વધુ મહત્ત્વની છે અને તે વ્યક્તિના વર્તનની તરાહ, ઢબ નક્કી કરે છે.

તરાહ, ઢબ અને પરિવર્ત્યો : મૂલ્ય અને અભિગમ માટેના વિકલ્પ :-

Pattern (Life Style)કોઈ પણ ક્રિયામાં કર્તા અને કર્તાનું ધ્યેય મહત્ત્વનું છે. ધ્યેય પ્રાપ્તિ માટે વ્યક્તિએ ધોરણાત્મક અપેક્ષાઓ દ્વારા શરતો પરિપૂર્ણ કરવી પડે છે. ક્યારેક ક્રિયા કરતી વખતે વિરોધાભાસી અપેક્ષાઓનો સામનો કરવો પડે છે. તેથી જ કહેવાય છે કે કર્તા માટે પરિવર્ત્યો મહત્ત્વના બને છે. જર્મન સમાજશાસ્ત્રી ટોનિઝ બે પ્રકારની સમાજવ્યવસ્થાઓને વિશ્લેષિત કરે છે. પાર્સન્સે પરિવર્ત્યો શોધવા માટે મુખ્યત્વે નીચેની બાબતો ધ્યાનમાં રાખી હતી. પરિવર્ત્યો સૌને લાગુ પડી શકે તેવા હોવા જોઈએ. આ સાથે વર્તનને અને તેની અભિમુખતાને લાગુ પાડી શકાય તેવા હોવા જોઈએ. તેમાં ભૂમિકા અને અપેક્ષાઓને સમજી શકે અને તેનું વર્ગીકરણ થઈ શકે તથા તેના દ્વારા વિશ્લેષણ થઈ શકે તેવા હોવા જોઈએ. સમાજમાં ઊભી થતી કાર્યાત્મક સમસ્યાઓ માટે પણ તે વિશ્લેષણના પરિબળો તરીકે ચાલી શકે તેવા હોવા જોઈએ. પાર્સન્સ માને છે કે કર્તા માટે આ પરિવર્ત્યો ખૂબ મહત્વના હોય છે. બધા જ પરિવર્ત્યો એ વિરોધાભાસી વિકલ્પો છે. પરસ્પર વિરોધી અથવા તો વિકાસની જુદી ઢબ ધરાવતા સમાજોના અભ્યાસના આધારે પાર્સન્સે તરાહ સાથે પરિવર્ત્યોને જોડી વ્યક્તિના વર્તનનું વિશ્લેષણ કરવાનો પ્રયત્ન કર્યો. પાર્સન્સના મતે મૂળ સમસ્યા અભિમુખતાની છે, જે વ્યક્તિ માટે દ્વિધાત્મક પરિસ્થિતિ છે. વ્યક્તિએ વસ્તુ કે વ્યક્તિની પસંદગી કરવી પડે છે અને વિસ્તૃત રીતે તેના તમામ પાસાંઓને સમજવા પડે છે. સાથે સાથે ભાવાત્મકતા અને અંગત સંબંધોને લક્ષમાં રાખી સામૂહિક હિતમાં વર્તવું પડે છે. વ્યક્તિ મૂલ્ય કે અભિગમ દ્વારા નક્કી કરે છે કે તે શું કરી શકે તેમ છે અને મૂલ્ય મુજબ જ પ્રતિભાવ દર્શાવે છે. સાથે સાથે વ્યક્તિ તટસ્થતા પણ દર્શાવે છે. કર્તા મૂલ્યાંકન પણ કરે છે અને સ્વ-હિતને ધ્યાનમાં પણ રાખે છે. પાર્સન્સના મતે આ અભિગમ કર્તાના કાર્ય માટે મહત્ત્વની બાબત છે. પાર્સન્સની દૃષ્ટિએ આ બાબતની વિસ્તૃત ચર્ચા કરીએ.

૧. અર્પિતતા વિરુદ્ધ પ્રાપ્ત પરિસ્થિતિ :-

સામાજિક પરિસ્થિતિમાં પાર્સન્સ આ વિકલ્પની સમજ આપતા કહે છે કે આ બંને પરિવર્ત્યોની અસર વ્યક્તિની વ્યક્તિમત્તા ઉપર થાય છે અને ક્યારેક તેની કાર્યદક્ષતા ઉપર પણ થતી હોય છે. બધી જ પરિસ્થિતિઓમાં વસ્તુ કે વ્યક્તિની પસંદગી કે વ્યક્તિ શું છે તે ધ્યાનમાં રાખી શકાય છે. એટલે કે વ્યક્તિની જાતિ, જ્ઞાતિ, કોમ, ઉંમર કે સગપણ સંબંધને ધ્યાનમાં રાખી કરવામાં આવે છે. જ્યારે આનાથી વિરુદ્ધ પરિસ્થિતિમાં વ્યક્તિ શું કરે છે, શું કરી શકે તેમ છે, તેની સિદ્ધિઓ શું છે વગેરે પ્રાપ્ત લાક્ષણિકતાઓ જોવા મળે છે. ઔદ્યોગિકરણમાં વ્યક્તિનો અનુભવ અને કાર્યકાળને ધ્યાનમાં રાખી વ્યક્તિની નોકરી માટે પસંદગી થાય છે. નોકરીની ચોક્કસ લાયકાત પછી જ તેની જાતિ, જ્ઞાતિ કદાચ જોવામાં આવે છે. કારણ ઔદ્યોગિકરણમાં વ્યક્તિની કાર્યક્ષમતાને મહત્ત્વની ગણવામાં આવે છે. પરિણામે તેમાં સુગ્રથિતતા જોવા મળે છે અને ચોક્કસ પ્રકારે સફળતા પ્રાપ્ત થાય છે. પાર્સન્સના મતે આ બંને બાબત સમાજમાં જોવા મળે છે. અહીં અર્પિત પરિસ્થિતિ મદદરૂપ થાય છે તો ક્યારેક મુશ્કેલી પણ સર્જે છે. અર્પિત પરિસ્થિતિ વ્યકિતના વારસાની વાત કરે છે. સાથે સાથે તેની જાતિ, પ્રદેશ, કોમ, ઉંમર, કુટુંબ વગેરેની ચર્ચા કરે છે. જ્યારે પ્રાપ્ત પરિસ્થિતિમાં તેની લાયકાત, શકિત, ઉંમર

વગેરેની ચર્ચા થાય છે. અર્પિત પરિસ્થિતિ ક્યારેક પ્રાપ્ત પરિસ્થિતિને મદદરુપ થાય છે અથવા તેને અડચણ રુપ બને છે.

**૨. વિસ્તૃતતા વિરુદ્ધ ચોક્કસતા :-**

સામાજિક સંબંધ અને ઔદ્યોગિકરણનું ક્ષેત્ર આ બંનેમાં અપેક્ષાના ક્ષેત્રો અમર્યાદિત હોય છે અને તેથી તેને વિસ્તૃત સંબંધો કહેવામાં આવે છે. એટલે કે સામાજિક આંતરક્રિયામાં ભૂમિકા કે ફરજ બજાવનાર વ્યક્તિ અન્ય વ્યક્તિ સાથેના સંબંધોનું ક્ષેત્ર અચોક્કસ હોય છે. તેમાં અપેક્ષાનું ક્ષેત્ર વિશાળ હોય છે. દા.ત. ભાઈ-ભાઈ કે પતિ-પત્નીના સંબંધો.

જ્યારે દુકાનદાર અને ગ્રાહક વચ્ચેના સંબંધો મર્યાદિત, ચોક્કસ અને સિમિત હોય છે. કારણ તેમાં અપેક્ષા નક્કી થયેલી હોય છે. દરજીની દુકાનવાળો કપડા સિવવા સિવાય બીજી કોઈ પ્રવૃત્તિ કરતો નથી. પાર્સન્સના મતે ઔદ્યોગિક સમાજમાં મર્યાદિત અપેક્ષાઓ અને ચોક્કસ ભૂમિકાઓ હોય છે. અને વ્યક્તિની પસંદગીનો આધાર વ્યક્તિની અભિમુખતા પર રહેલો છે.

**૩. ભાવાત્મકતા વિરુદ્ધ તટસ્થતા :-**

પાર્સન્સના મતે ઔદ્યોગિક સમાજો અને નોકરીના ક્ષેત્રોમાં તટસ્થતા જોડાય છે. પરંતુ કેટલીક બાબતોમાં આ બે વિકલ્પો સાથે પણ જોડાયેલા હોય છે. વ્યક્તિગત સંબંધોમાં વ્યક્તિ ભાવાત્મક બને છે. પરંતુ કેટલીક વખત વ્યક્તિ પોતાના હિતો અને સંતોષને આધારે તટસ્થ કે ભાવાત્મક બને છે.

કુટુંબમાં વ્યક્તિ ભાવાત્મક હોય છે. પરંતુ બીજા ક્ષેત્રોમાં તટસ્થતા જાળવી કાર્ય કરે છે. યુદ્ધ ક્ષેત્રમાં સૈનિકને એના કુટુંબીઓની યાદ ભાવાત્મક બનાવી દે તો તે ભાગી જાય છે. પરંતુ સામાન્ય સંજોગોમાં તટસ્થતા જાળવી અંગત હિતોને મહત્ત્વ આપતા નથી અને તો જ સૈનિક રાષ્ટ્ર માટે જાનની બાજી લગાવી શકે છે.

**૪. વિશિષ્ટતાવાદ વિરુદ્ધ સમષ્ટિવાદ :-**

પરંપરાગત સમાજમાં સમષ્ટિવાદ જોવા મળે છે. એટલે કે વસ્તુલક્ષિતા જોવા મળે છે. જ્યારે ઔદ્યોગિક સમાજમાં તટસ્થતાવાદ જોવા મળે છે. ઔદ્યોગિકરણમાં આંતરક્રિયાનો આધાર વસ્તુ કે વ્યક્તિના મૂલ્યાંકનના માપદંડ સાથે સંકળાયેલો છે. આ મૂલ્યાંકન આત્મલક્ષી વિરુદ્ધ વસ્તુલક્ષી છે.

વ્યક્તિ વિવિધ સંજોગોમાં સામાજિક ભૂમિકા ભજવતી વખતે કેટલાક ચોક્કસ પ્રકારના ધોરણો અપનાવે છે. સગો ભાઈ ચોરી કરતો હોય તો વ્યક્તિ પોલિસને જાણ કરતો નથી. આમ તે વફાદારીનો સિદ્ધાંત અપનાવે છે એમ કહી શકાય. પરંતુ ભાઈ હોવા છતાં પોલિસને જાણ કરે તો તે નૈતિકતાનો સિદ્ધાંત સ્વીકારે છે એમ કહી શકાય. આમ સામાજિક ભૂમિકાઓ ભજવવામાં વ્યક્તિ કયો વિકલ્પ સ્વીકારે છે તે બાબત ખૂબ મહત્ત્વની છે.

**૫. સામૂહિક હિત વિરુદ્ધ સ્વ હિત :-**

વ્યક્તિ સ્વહિત અને સામૂહિક હિતને ધ્યાનમાં રાખી વિકલ્પ નક્કી કરે છે.

ક્યારેક સ્વહિત તો ક્યારેક સામૂહિક હિત આધિપત્ય ભોગવે છે. દા.ત. શિક્ષક પોતાની ફરજ યોગ્ય રીતે બજાવે તો એને સામૂહિક અભિમુખતા કહી શકાય. પરંતુ અંગત સ્વાર્થને લક્ષમાં લઈ વર્ગને બદલે ટ્યૂશન ક્લાસમાં સારું શિક્ષણ આપે તો અંગત હિતને ધ્યાનમાં રાખી વર્તે છે એમ કહી શકાય.

પાર્સન્સના આ તરાહ પરિવર્ત્યોને કાર્યાત્મક વિશ્લેષણના સંદર્ભમાં જોઈ શકાય. આ પરિવર્ત્યો અનેક ભૂમિકાઓનો ખ્યાલ આપે છે અને એકબીજા સાથે સંકળાયેલા જોવા મળે છે. આ પરિવર્ત્યો પરંપરાગત તેમજ આધુનિક ઔદ્યોગિક સમાજના લક્ષણો ધરાવે છે. આ પરિવર્ત્યો મૂલ્ય અભિગમ દર્શાવે છે.

**પાર્સન્સનું AGIL મોડેલ :**

પાર્સન્સના મતે સમાજ એક એકમ છે અને તેમાં અનેકવિધ એકમો કાર્યરત છે. આ એકમો પરસ્પર આધારિત અને સુગ્રથિત છે. સમાજને તે સ્વતંત્ર અને સજીવ વ્યવસ્થા સાથે સરખાવે છે. પાર્સન્સના મતે કોઈ ચોક્કસ ધ્યેય પ્રાપ્તિ માટે સુગ્રથિત સમાજ સતત અનુકૂલન સાધે છે. સામાજિક વ્યવસ્થામાં ઊભી થતી તંગદિલી કે તાણનું નિવારણ કરી સમાજની વ્યવસ્થા જાળવવામાં આવે છે. દરેક સમાજે પોતાનું અસ્તિત્વ જાળવવા માટે કેટલીક અનિવાર્ય જરૂરિયાતો પરિપૂર્ણ કરવી જરૂરી છે. સામાજિક વ્યવસ્થાએ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે આ જરૂરિયાતોને પૂરી કરવી જરૂરી છે. આ જરૂરિયાતોની પરિપૂર્તિથી જ સામાજિક વિકાસ શક્ય બને છે. આ જરૂરિયાતોને પાર્સન્સ કાર્યાત્મક પૂર્વાવિશ્યક્તાઓ તરીકે પણ ઓળખાવે છે. આ કાર્યાત્મક પૂર્વાવિશ્યાક્તાઓને નીચે મુજબ ચાર રીતે દર્શાવી છે.

૧. અનુકૂલન
૨. ધ્યેય પ્રાપ્તિ
૩. તરાહની જાળવણી અને તંગદિલી નિવારણ
૪. સુગ્રથન

**૧. અનુકૂલન :**

અનુકૂલન એ સર્વપ્રથમ કાર્યાત્મક પૂર્વાવિશ્યક્તા છે. પાર્સન્સના મતે આ જરૂરિયાતને સંતોષવાનું કાર્ય આર્થિક સંસ્થા કરે છે. દરેક સમાજને પોતાની કેટલીક ભૌતિક જરૂરિયાતો હોય છે. ઉત્પાદન અને વહેંચણી દ્વારા આ જરૂરિયાતને સંતોષવામાં આવે છે. સમાજમાં આ જરૂરિયાતની પરિપૂર્તિ અનિવાર્ય છે.

**૨. ધ્યેયપ્રાપ્તિ :**

દરેક સમાજમાં સમાજના પોતાના ધ્યેયો માટે સર્વસંમતિ સધાય છે. આ ધ્યેયોને સામૂહિક ધ્યેયો તરીકે સ્વીકારવામાં આવે છે. આ સામૂહિક ધ્યેયોને પરિપૂર્ણ કરવા રચનાતંત્રોની ગોઠવણ કરે છે. સાથે સાથે તેના માટે વાતાવરણ પણ પૂરું પાડે છે. આ કાર્ય રાજકીય સંસ્થા કરે છે.

**૩. તરાહની જાળવણી અને તંગદિલી નિવારણ :**

પાર્સન્સના મતે સમાજને સાતત્ય જાળવવું તે અગ્રિમ ધ્યેય હોય છે. સમાજ પોતાની વ્યવસ્થા જાળવવા માટે સામાજિક મૂલ્યના સંદર્ભમાં ધોરણો ઘડે છે. સમાજમાં આ ધોરણો અંગે સર્વસંમતિ સર્જાય તેવા પ્રયત્નો થાય છે. સમાજના સભ્યો વ્યવસ્થિત રીતે ભૂમિકાઓ ભજવી શકે તે માટે સામાજિકરણની પ્રક્રિયા દ્વારા સામાજિક મૂલ્યો વ્યક્તિને આત્મસાત કરાવવામાં આવે છે. સમાજ વ્યક્તિને તે પ્રમાણે જ વર્તન કરવા બાધ્ય કરે છે. સમાજના સભ્યો વચ્ચે લાગણીના નિકાલની તથા જાળવણીની વ્યવસ્થા ઊભી કરવાના પ્રયત્નો કરવામાં આવે છે. પાર્સન્સના મતે આ કાર્ય કુટુંબવ્યવસ્થા પરિપૂર્ણ કરે છે.

**૪. સુગ્રથન :**

સમાજે પોતાના અસ્તિત્વની જાળવણી માટે તથા સામાજિક વ્યવસ્થાના દરેક એકમો વચ્ચે સંકલન રહે અને સુગ્રથન સર્જાય તેવી વ્યવસ્થાનું નિર્માણ કરવું અનિવાર્ય છે. દરેક સમાજ સામાજિક વ્યવસ્થા યોગ્ય રીતે કાર્યાન્વિત રહે તે માટે સતત પ્રયત્નશીલ રહે છે. સમાજમાં ધર્મવ્યવસ્થા સમાજને સુગ્રથિત રાખવાનું કાર્ય કરે છે.

પાર્સન્સના મતે કોઈપણ સમાજે પોતાનું અસ્તિત્વ જાળવી રાખવા માટે આ ચાર શરતો પૂર્ણ કરવી જરૂરી છે. આ ચાર જરૂરિયાતોમાંથી પ્રથમ બે જરૂરિયાતો એટલે કે અનુકૂલન અને ધ્યેય પ્રાપ્તિ એ બંને ભૌતિક વ્યવસ્થા સાથે સંકળાયેલી છે. દરેક સમાજના સભ્યોની પ્રાથમિક જરૂરિયાતો જેવી કે રોટી, કપડા અને મકાન આવશ્યક છે. અને તેથી જ એક વ્યવસ્થાનું નિર્માણ કરી મૂલ્યોની સર્વસંમતિ સર્જાય તથા સમાજનો દરેક સભ્ય તેને સમજે અને સ્વીકારે એ જરૂરી છે. માનવના ધ્યેયો સમાજના બને તથા સમાજનો દરેક સભ્ય ધ્યેયપ્રાપ્તિ માટે પ્રયત્નશીલ બને તે આવશ્યકતાની પરિપૂર્તિ માટે જરૂરી છે. આ ધ્યેયોને પ્રાપ્ત કરવા માટે જ્યારે સંઘર્ષ કે તાણ ઊભી થાય ત્યારે તેને દૂર કરવાની વ્યવસ્થા પણ ઊભી કરવી પડે છે. આ માટે ભાવાત્મક એકતા સર્જાય અને સુગ્રથન રહે તે જરૂરી છે.પાર્સન્સના મતે સમાજના સભ્યોની આ ભાવાત્મક જરૂરિયાતને સંતોષવાનું કાર્ય કુટુંબ અને ધર્મસંસ્થા કરે છે.

**સામાજિક પરિવર્તન અંગેના પાર્સન્સના વિચારો :-**

પાર્સન્સે સતત સંતુલન ઉપર ભાર મૂક્યો છે અને તેની ટીકા પણ થઈ છે. કારણ પાર્સન્સ સામાજિક પરિવર્તનનો ચોક્કસ સિદ્ધાંત વિકસાવી શક્યા નથી. પાર્સન્સે ટીકાના જવાબમાં કહ્યું છે કે તેઓ સામાજિક તંત્રોમાં પરિવર્તન અંગે કાર્ય કરી રહ્યા છે. પાર્સન્સ પરિવર્તન અંગેના વિચારો નીચે મુજબ વ્યક્ત કરે છે.

(૧) દરેક સમાજવ્યવસ્થા તેની ચોક્કસ મર્યાદા દ્વારા ટકી રહે છે: સામાજિક વ્યવસ્થાનું સાતત્ય જાળવવાનું કાર્ય સામાજિકરણ અને સામાજિક નિયંત્રણ દ્વારા થાય છે. એટલે કે લોકોને તેમની મર્યાદામાં રાખવાનું અને સાતત્ય જાળવવાનું કાર્ય થાય છે. આ વિચાર ધીમા પરિવર્તનનો નિર્દેશ કરે છે.

(૨) પાર્સન્સ આ મુદ્દાની સાથે એ પણ સ્પષ્ટ કરે છે કે દરેક સામાજિક તંત્ર પોતાની સીમા જાળવવાનો પ્રયત્ન કરે છે. એટલે કે દરેક સામાજિક વ્યવસ્થા પોતાના વાતાવરણની અને વિશિષ્ટતાઓની જાળવણી કરે છે. પ્રત્યેક વાતાવરણમાં આવી સામાજિક

વ્યવસ્થાઓ અલગ રીતે જળવાઈ રહે છે. તે વિલિન થઈ જઈને નવું સ્વરૂપ ધારણ કરતી નથી.

(૩) પાર્સન્સ ધીમા પરિવર્તનની ચર્ચા કરે છે. પાર્સન્સના મતે સામાજિક વ્યવસ્થામાં અને તેના સંતુલનમાં પરિવર્તનની પ્રક્રિયા શરૂ થાય ત્યારે તણાવ, તંગદિલી, મુશ્કેલી, તણાવ પ્રત્યે પ્રતિક્રિયા અને પુનઃ સંતુલન એમ આખી પ્રક્રિયા થાય છે. એટલે કે પહેલાના સંતુલનની વ્યવસ્થા અને પુનઃ પ્રસ્થાપિત થયેલી સંતુલનની વ્યવસ્થા સામાજિક પરિવર્તન સૂચવે છે. સામાજિક વ્યવસ્થામાં ધીમું અને અનુકૂલનાત્મક પરિવર્તન જોવા મળે છે. પરિવર્તનની પ્રક્રિયામાં સ્થાપિત હિત ધરાવનારા પરિવર્તન ના થાય એવા વલણો ધરાવે છે. પાર્સન્સ સામાજિક પરિવર્તનને વિચલન અને તંગદિલી સાથે સાંકળે છે. સમાજમાં સંતુલન જાળવવું હોય તો વિચલન અને તણાવને નિયંત્રણમાં રાખવા જોઈએ એવું તેઓ માને છે. સમાજમાં ધીમું અને અનુકૂલનાત્મક સ્વરૂપનું પરિવર્તન સતત જોવા મળે છે. વ્યક્તિગત કરતા વ્યક્તિ સામાજિક તંત્રની જેમ જ પોતાની શાંતિમાં ખલેલ પહોંચાડતા કે પોતાને દુઃખી કે અસ્વસ્થ કરતા બનાવ કે સંઘર્ષને પસંદ કરતી નથી. તેથી સંતુલનની પુનઃ સ્થાપના ઝંખે છે અને સામાજિક વ્યવસ્થામાં પણ પુનઃસંતુલન સ્થપાય તેવી આંતરિક ગોઠવણ કરે છે.

**પાર્સન્સનું ઉત્ક્રાંતિવાદી મોડેલ :-**

પાર્સન્સે સમાજના ત્રણ તબક્કા દર્શાવ્યા છે. ઓગસ્ટ કોમ્તે પણ સામાજિક વિકાસના તબક્કા દર્શાવ્યા હતા. પાર્સન્સે દર્શાવેલા ત્રણ તબક્કાઓ નીચે મુજબ છે.

(૧) **આદિમ તબક્કો :-** માનવસમાજની ઉત્ક્રાંતિનો પ્રાગૈતિહાસિક તબક્કો જેમાં સંબંધો અને ધાર્મિક અભિમુખતા વધુ જોવા મળે છે.

(૨) **વચગાળાનો તબક્કો :-** આ તબક્કામાં ભાષા, દસ્તાવેજો અને ઐતિહાસિક બાબતો મહત્ત્વની જોવા મળે છે.

(૩) **આધુનિક તબક્કો :-** આ તબક્કામાં ઔપચારિક સંબંધો, કાર્યક્ષમતા અને મહત્ત્વ, કાયદાનું સંસ્થાકરણ અને શિક્ષણનું મહત્ત્વ જોવા મળે છે.

**ઉત્ક્રાંતિના સાર્વત્રિક ઘટકો :**

પાર્સન્સ ઉત્ક્રાંતિના કેટલાક સાર્વત્રિકો રજૂ કરે છે. આ સાર્વત્રિકો સંગઠનાત્મક વિકાસમાં મહત્ત્વના ઘટકો તરીકે ભાગ ભજવે છે. ભાષા, રક્તસંબંધોની વ્યવસ્થા, ધર્મ, યંત્રવિજ્ઞાન વગેરે સામાજિક વિકાસ માટેની પુર્વશરતો છે. પાર્સન્સ નીચે મુજબના છ ઘટકોને સામાજિક વિકાસ માટે મહત્ત્વના ગણે છે :

૧. સામાજિક સ્તરરચના
૨. સાંસ્કૃતિક અનુમોદન
૩. નોકરશાહી સંગઠન
૪. અર્થવ્યવસ્થા

૫. સાર્વત્રિકતાવાદી ધોરણો અને
૬. લોકશાહી સંગઠનો

**ઉત્ક્રાંતિવાદી પ્રક્રિયાઓ :**

પાર્સન્સ નીચેની ચાર પ્રક્રિયાઓને ઉત્ક્રાંતિક પ્રક્રિયાઓ તરીકે ઓળખાવે છે :

**(૧) વિભાજન :**

વિભાજનને સમજાવવા માટે પાર્સન્સે સ્પેન્સરના વિચારોનો આધાર લીધો છે. વિભેદન એટલે કે એક વ્યવસ્થાનું વધુ ઘટકોમાં વિભાજન. આવા ઘટકો, રચનાઓ અને કાર્યની દૃષ્ટિએ વિભિન્ન હોય છે અને નવા ઘટકો તરીકે તે અનેક જરૂરિયાતો ઉત્પન્ન કરે છે.

**(૨) અનુકૂલનાત્મક બઢતી :**

સમાજના વિવિધ ઘટકો વચ્ચે [illegible]લન સધાય તો વ્યવસ્થાની બઢતી થાય છે. પાર્સન્સના મતે આ વિવિધ ઘટકો વચ્ચે અનુકૂલન થાય તો આ પ્રક્રિયા વ્યવસ્થિત રીતે કાર્યરત રહે છે. અને સમાજ કદર કરીને અને પ્રતિષ્ઠા આપીને ઘટકો વચ્ચે અનુકૂલન સાધે છે.

**(૩) સમવિષ્ટતા :**

દરેક સમાજમાં અલગ પડેલા ઘટકો એકલા ન પડી જાય તે રીતે એ ઘટકોનો સમાવેશ થાય છે. એટલે કે અલગ પડેલા ઘટક સમાજથી અલગ પડવાને બદલે તેના ભાગ તરીકે સમાવિષ્ટ થાય છે અને સામાજિક પરિવર્તન તથા પ્રગતિ ઝડપી બને છે.

**(૪) મૂલ્ય સામાન્યીકરણ :**

પાર્સન્સે કોઈ પણ સમાજમાં સ્થાનિક કે સાંપ્રદાયિક મૂલ્યોને બદલે સર્વસામાન્ય અને બિનસાંપ્રદાયિક મૂલ્યોનો સમાવેશ કરવાની પ્રક્રિયાને મૂલ્ય સામાન્યીકરણ કહે છે. પાર્સન્સના મતે વિશાળ દૃષ્ટિકોણવાળી મૂલ્ય વ્યવસ્થા સંસ્કૃતિની ઉત્ક્રાંતિની પ્રક્રિયા ઝડપી બનાવે છે. પાર્સન્સના મતે આ મુદ્દાઓ ઉત્ક્રાંતિની દિશા અને પરિવર્તનની દિશા સ્પષ્ટ કરે છે. પાર્સન્સ માને છે કે પરિવર્તન માટે આ પ્રક્રિયાઓ મહત્ત્વની છે અને તે દ્વારા પરિવર્તન આવે છે.

## IMPORTANT BOOKS OF TALCOTT PARSONS

1. The Structure of Social Action (1937)
2. Essays in Sociological Theory (1949)
3. Toward a General Theory of Action (1951)
4. The Social Systems (1951)
5. Structure and Process in Modern Societies (1960)
6. Societies : Evolutionary and Comparative Parspectives (1966)
7. The Evolution of Societies (1977)

## ૧.૧૧ કાર્યાત્મકવાદમાં રોબર્ટ મર્ટનનું પ્રદાન (૧૯૧૦-૨૦૦૩)



સમાજશાસ્ત્રમાં અનેકવિધ નવા ખ્યાલો આપનાર તરીકે રોબર્ટ મર્ટનનું નામ જાણીતું છે. ઈ.સ.૧૯૧૦માં અમેરિકાના ફિલાડેલ્ફીયા મુકામે તેમનો જન્મ થયો હતો. તેમના પિતા એક સામાન્ય સુથાર હતા. તેઓ કયારેક ડ્રાઈવર તરીકે પણ કાર્ય કરતા હતા. મર્ટનનો ઉછેર ઝૂંપડપટ્ટીમાં થયો હતો. તેમને માટે બધી જ પરિસ્થિતિ ખૂબ વિપરીત હતી. જ્ઞાન મેળવવા માટે તેઓ સતત પુસ્તકોનું વાંચન કરતા હતા. તેઓ અનેકવિધ બાબતોમાં પણ સહભાગી થતા હતા. જીવનની પરિસ્થિતિ અતિ વિકટ હોવાને કારણે તેઓએ પુસ્તકોના વાંચન માટે જાહેર પુસ્તકાલયમાં જવું પડતું હતું. મહાન વ્યક્તિઓના જીવનચરિત્રોના વાંચનમાં તેમને ખૂબ રસ પડતો હતો. શાળાનું શિક્ષણ પૂરું કરી તેઓ ટેમ્પલ યુનિવર્સિટીમાં ઉચ્ચ શિક્ષણ માટે જોડાયા. આ માટે તેઓને સ્કોલરશીપ પણ મળી. યુનિવર્સિટીમાં વિદ્વાન અધ્યાપકો સાથેના સહવાસથી તેમનો વિકાસ ઝડપી બન્યો. ઈ.સ. ૧૯૩૧માં તેઓ આ યુનિવર્સિટીમાંથી સ્નાતક થયા હતા. હાર્વર્ડ યુનિવર્સિટીમાંથી તેમણે એમ. એ. અને પીએચ.ડી.ની પદવી મેળવી હતી. પોતાના મહાનિબંધમાં તેમણે વિવિધ પ્રકારના સામાજીક અનુકૂલન ઉપર આધારિત વિચલિત વર્તનનો સિધ્ધાંત વિકસાવ્યો હતો. એક સમાજશાસ્ત્રી તરીકે મર્ટને અનેકવિધ ક્ષેત્રમાં રસ લીધો હતો. આમાં વિજ્ઞાન અને વ્યવસાયનું સમાજશાસ્ત્ર, સમાજશાસ્ત્રીય સિધ્ધાંત, સંચારમાધ્યમો વગેરેને ગણાવી શકાય.

રોબર્ટ મર્ટને ઈ.સ.૧૯૩૯-૪૧ દરમિયાન ન્યૂ-ઓર્લીયોન્સની તુલાને યુનિવર્સિટીમાં અધ્યાપક તરીકે પોતાની સેવાઓ આપી હતી. ત્યારબાદ ઈ.સ. ૧૯૪૧માં તેઓ કોલંબિયા યુનિવર્સિટીમાં જોડાયા. ઈ.સ. ૧૯૪૭માં તેઓ પૂર્ણસમયના પ્રોફેસર બન્યા. રોબર્ટ મર્ટન તેમના મધ્યવ્યાપી સિધ્ધાંતો માટે ખૂબ જાણીતા છે. તેમણે પાર્સન્સના સિધ્ધાંતની સામે મધ્યવ્યાપી સિધ્ધાંતની રજૂઆત કરી હતી. કાર્યાત્મકવાદી સિધ્ધાંતમાં તેમનું આગવું પ્રદાન રહ્યું છે. મર્ટન પહેલા એવા સમાજશાસ્ત્રી હતા કે જેમણે વિકાર્યોની વાત કરી. વળી તેમણે પ્રગટ અને અપ્રગટ કાર્યોની પણ ચર્ચા કરી છે. મર્ટને કાર્યનો જુદો જ ખ્યાલ રજૂ કર્યો હતો. સૌ પ્રથમ આ સમાજશાસ્ત્રીએ કાર્ય અને વિકાર્યની ચર્ચા કરી હતી. કોઈ એક બાબતની વિકાર્યાત્મક અસર પણ હોઈ શકે તેવું તેમણે રજૂ કર્યું હતું. આ પહેલા આવી કોઈ ચર્ચા જોવા મળી નથી. રોબર્ટ મર્ટન તેમના નવા પ્રકારના ચિંતનના કારણે સમકાલીનોમાં જાણીતા છે. મર્ટનના મતે સમાજની જરૂરિયાત

પ્રમાણે કાર્ય થતુ હોય છે. પરંતુ કાર્યો અનેકવિધ હોઈ શકે છે. મર્ટન જણાવે છે કે બધા જ કાર્યો સમાજના રચનાતંત્રને જાળવવામાં મદદરૂપ થતા નથી. કાર્યનો અર્થ સમજાવવા માટે તે કાર્યની વિવિધ વ્યાખ્યાઓ આપે છે.

મર્ટન સર્વગ્રાહી જ્ઞાનમાં માને છે. એટલે કે તેણે સિદ્ધાંતકારોના સર્વગ્રાહી જ્ઞાનને લક્ષમાં લઈ કાર્યાત્મક પૃથક્કરણ કર્યું છે. રોબર્ટ મર્ટન મેક્સવેબરના પ્રભાવ હેઠળ હોય એવું જણાય છે. ઈંગ્લેન્ડમાં ૧૭મી સદીમાં મર્ટને 'વિજ્ઞાનનો વિકાસ' નામના પુસ્તકમાં વર્તનવાદ અંગે ચર્ચા કરી હતી. મર્ટનના મતે વર્તનવાદ કરતા કાર્યાત્મકવાદ વધુ અગત્યનો છે. મર્ટન અનુભવજન્ય સંશોધનમાં સતત સક્રિય રહ્યા છે. તેઓના મતે સમાજશાસ્ત્રીય સિદ્ધાંત અને સંશોધન એ બંનેનો સંબંધ તપાસવો જોઈએ. મર્ટનના સમાજશાસ્ત્રીય સિદ્ધાંતમાં ત્રણ મુદ્દા મહત્ત્વના છે.

(૧) સમાજશાસ્ત્ર પ્રાકૃતિકશાસ્ત્રો જેટલું જૂનું નથી. તેથી સર્વગ્રાહી સિદ્ધાંતોને બદલે કામચલાઉ વિધાનો વિકસાવવા જોઈએ. જેથી સ્વાભાવિક રીતે આવા અનેક વિધાનો બાદ સામાન્ય સિદ્ધાંત વિકસાવી શકાશે.

(૨) મર્ટનના મતે સમાજશાસ્ત્રીય સિદ્ધાંતમાં ખ્યાલોની સ્પષ્ટતા જરૂરી છે. તેમના મતે વિજ્ઞાનમાં અર્થ ચોક્કસ અને સ્પષ્ટ હોવા જોઈએ. તેઓ માને છે કે ખ્યાલ સ્પષ્ટ અર્થ ન આપતો હોય તો તેને લક્ષમાં લેવો જોઈએ નહીં. મર્ટને કોઈ પણ ઘટનાના અભ્યાસ માટે શું કરવું જોઈએ અને શું ના કરવું જોઈએ તેની યાદી પૂરી પાડી છે.

(૩) મર્ટનના મતે વિજ્ઞાનના વિકાસ માટે જે ખ્યાલ વપરાય તે ખ્યાલની વ્યાખ્યા સ્પષ્ટ હોવી જોઈએ. એટલે કે તેનો એક જ અર્થ નીકળવો જોઈએ. રોબર્ટ મર્ટને તેના અભ્યાસમાં 'કાર્ય' શબ્દ અંગે સ્પષ્ટતા કરી છે.

## કાર્ય : (Function)

મર્ટને કાર્યનો ખ્યાલ અનેક રીતે પ્રયોજવામાં આવે છે એવું જણાવ્યું. કાર્યનો એક અર્થ વ્યવસાય, પર્વની ઊજવણી, ભૂમિકા ભજવવી એવો કરી શકાય. મર્ટનના મતે કાર્યના અર્થની સ્પષ્ટતા થવી જરૂરી છે. કારણ કુટુંબ સામાજિકરણનું કાર્ય કરે છે જ્યારે રાજ્ય કાયદો અને વ્યવસ્થા જાળવવાનું કાર્ય કરે છે. સમાજના આંતરિક અનુકૂલનમાં આ બંને સંસ્થાઓ પોતાનો ફાળો આપે છે. તેથી કહી શકાય કે સમાજવ્યવસ્થા માટે તે બંને આવશ્યક છે. સામાજિક માનવશાસ્ત્રીઓએ કાર્યાત્મક પૃથ્થકરણમાં કેટલાંક અનુમાનો અને ધારણાઓનો ઉપયોગ કર્યો છે, જે સંશોધનો દ્વારા ચકાસવામાં આવ્યા નથી. માનવશાસ્ત્રીઓ માને છે કે સમાજ કે સંસ્કૃતિના સર્વ ઘટકો જેવા કે માન્યતાઓ, ભૂમિકાઓ, સામાજિક પ્રવૃત્તિઓ વગેરે કાર્યાત્મક ઐક્ય માટે જરૂરી છે. એટલે કે સ્વાભાવિક રીતે જ સામાજિક-સાંસ્કૃતિક વ્યવસ્થાની જાળવણી માટે તે મહત્ત્વના છે. આ ઘટકો સમાજ માટે અનુકૂળ પરિણામો ધરાવે છે. તે રચનાતંત્રની જાળવણીમાં મદદ કરે છે તેથી તેને કાર્યાત્મક સાર્વત્રિક્વાદના ગૃહિતો તરીકે ઓળખવામાં આવે છે. આ બધા જ કાર્યો સામાજિક-સાંસ્કૃતિક વ્યવસ્થાના સાતત્ય માટે અનિવાર્ય છે. મર્ટનની દષ્ટિએ આવા વિધાનો સમગ્ર સમાજના ક્યા એકમ' માટે કાર્યાત્મક છે તે તપાસવું જોઈએ. એટલે કે અમુક ઘટક કાર્યાત્મક છે એમ કહીએ ત્યારે તેનું એકમ સ્પષ્ટ કરી લેવું જોઈએ. મર્ટને ધર્મના સ્થાપકોએ એકતાના તત્ત્વ તરીકે આલેખ્યાં છે. પરંતુ જો ધર્મ સમાજમાં વિપરીત પરિણામો પણ લાવે તો તે વિકાર્યાત્મક છે. પાર્સન્સના મતે સમાજમા અસ્તિત્વ

ધરાવતી સંસ્થાઓ સમાજ માટે કાર્યાત્મક છે. મર્ટનના મતે દરેક એકમના કે વ્યવસ્થાના વિકાર્યો પણ હોય છે અને આ તત્ત્વોને નકારી કાઢવા જોઈએ નહીં. તેણે સમગ્ર સામાજિક વ્યવસ્થા માત્ર કાર્યાત્મક જ છે તે માન્યતાને પડકારી હતી. તેના મતે દરેક એકમના કે ઘટકના વિધેયાત્મક કાર્યો કે જે સમાજને સુગ્રથિત રાખે છે તે તો છે જ પણ તેની સાથે સાથે દરેક એકમ પ્રગટ અને અપ્રગટ કાર્યો પણ કરે છે. આ સાથે કેટલાક વિકાર્યો પણ હોય છે. મર્ટનની દૃષ્ટિએ કાર્યાત્મક સાર્વત્રિકવાદની માન્યતાને પુનઃ વિચારવાની જરૂર છે. તેના મતે કાર્યો અને વિકાર્યો બંને અંગેની તપાસ થવી જોઈએ. સાથે સાથે એકમના કાર્યાત્મક અને વિકાર્યાત્મક બંને પાસાં કોઈક જૂથ માટે મદદરૂપ હોઈ શકે છે. મર્ટન માને છે કે ધર્મ સર્વસંમતિના મૂલ્યો ઊભા કરી સમાજને સુગ્રથિત રાખે છે. પરંતુ જે જૂથ ધર્મમાં માનતુ નથી તો તેને માટે તે વિકાર્યાત્મક હોઈ શકે છે. સમાજશાસ્ત્રીએ સામાજિક સંસ્થાઓ, સામાજિક રિવાજો વગેરે અંગે વાત કરતી વખતે પોતે ક્યા જૂથની વાત કરે છે તે સ્પષ્ટ કરવું જોઈએ.

કાર્યાત્મકવાદ દર્શાવે છે કે સમાજમાં કેટલાક પાયાના કાર્યો છે જે અનિવાર્ય છે. આ કાર્યો ન થાય તો સમાજ સાતત્ય જાળવી શકશે નહીં. કેટલાક સાંસ્કૃતિક અને સામાજિક સ્વરૂપો, ઘટકો કે સંસ્થાઓ આ કાર્યો કરે છે. મર્ટન દલીલ કરતા જણાવે છે કે કાર્ય કે ઘટક એ બે માંથી કયુ તત્ત્વ અનિવાર્ય છે તેની સ્પષ્ટતા થવી જોઈએ. સમાજમાં કેટલાક સામાન્ય કાર્યોને સમજવા માટે તે ટાલ્કોટ પાર્સન્સની કાર્યાત્મક પૂર્વાવશ્યક્તાઓનો ઉપયોગ કરે છે. તેમના મતે અનુભવજન્ય સંશોધન વિના તેને સ્વીકારી શકાય નહીં. રોબર્ટ મર્ટન કાર્યાત્મક વૈકલ્પિક્તાનો ખ્યાલ રજૂ કરે છે. તે એવું માને છે કે વિવિધ સામાજિક સંસ્થાઓ એકબીજાને બદલે સમાજની જરૂરિયાતો પરિપૂર્ણ કરી શકશે. તેથી જ આ બાબતને અનુભવજન્ય સંશોધન કર્યા બાદ જ સ્વીકારવી જોઈએ. મર્ટને કાર્યાત્મક વૈકલ્પિક્તાનો ખ્યાલ દર્શાવ્યો છે.

મર્ટનના મતે સમાજે પોતાનું અસ્તિત્વ ટકાવવું હોય તો કેટલાક લક્ષણો તેને માટે અનિવાર્ય છે. મર્ટન જણાવે છે કે અમૂક પ્રકારના કાર્યો સંતોષવા માટે કેટલાંક વિશેષ પ્રકારના જ રચનાતંત્રો હોવા જરૂરી નથી. અંને બદલે સમાજમાં વૈકલ્પિક અને પૂરક રચનાતંત્રો જોવા મળે છે. મર્ટનના મતે એક જ કાર્ય અનેક વૈકલ્પિક ઘટકો દ્વારા સંતોષી શકાય છે. આ ખ્યાલને એણે સામાજિક પરિવર્તનના ખ્યાલ સાથે જોડ્યો છે. મર્ટન માને છે કે કાર્યાત્મક આવશ્યક્તા છે પરંતુ તે આવશ્યક્તાઓ બીજા વૈકલ્પિક એકમો દ્વારા પરિપૂર્ણ થઈ શકે છે. મર્ટન કાર્યાત્મક પૃથક્કરણમાં વૈકલ્પિક્તાને પણ મહત્વનો મુદ્દો માનવો જોઈએ એવું રજૂ કરે છે. વિવિધ ઘટકો અને સંસ્થાઓ કેટલાક લોકો માટે કાર્યાત્મક અને કેટલાક લોકો માટે વિકાર્યાત્મક છે એમ તેઓ જણાવે છે.

**પ્રગટ અને અપ્રગટ કાર્ય :**

મર્ટન સંશોધનકર્તાઓને કાર્યાત્મક પૃથક્કરણમાં પ્રગટ અને અપ્રગટ કાર્યો વચ્ચે ભેદ રેખા દોરવાનું કહે છે. કાર્યાત્મકવાદીઓ સામાજિક અને સાંસ્કૃતિક ઘટનાના પરિણામો પરત્વે ધ્યાન કેન્દ્રિત કરે છે. આ પરિણામો પ્રગટ અથવા અપ્રગટ હોઈ શકે. પ્રગટ કાર્યો એ વસ્તુનિષ્ઠ પરિણામો છે જે સમાજને સમાયોજન કે અનુકૂલનમાં મદદ કરે છે. પ્રગટ કાર્યો સમાજના સભ્યો જાણે છે અને તેમને અપેક્ષિત છે.

જ્યારે અપ્રગટ કાર્યો એ સ્વાભાવિક રીતે સભ્યોને અપેક્ષિત ન હોય તેવા છે.

મર્ટન માને છે કે પ્રગટ અને અપ્રગટ બંને કાર્યોને ધ્યાનમાં રાખવા જોઈએ કારણ કે જો અપ્રગટ કાર્યોની નોંધ ન લેવાય તો સ્વાભાવિક રીતે જ અભ્યાસને ગેરમાર્ગે દોરી શકાય. વળી, મર્ટનના મતે ઘટનાના અભ્યાસ વખતે સ્વાભાવિક રીતે જ જો પ્રગટ અને અપ્રગટ કાર્યો બંનેને ધ્યાનમાં ન રખાય તો સંશોધનો ગેરમાર્ગે દોરાય છે. તેથી જ એ બંને કાર્યોને ધ્યાનમાં રાખવા જોઈએ એવુ મર્ટન માને છે.

## મર્ટનના કાર્યાત્મક પૃથક્કરણની રૂપરેખા :

મર્ટન કાર્યાત્મકવાદની છણાવટ કરી તેમાં કેટલાક સુધારા દર્શાવે છે. તે એવું માને છે કે કાર્યાત્મકવાદના ભય સ્થાનો જો દૂર કરાય તો સ્વાભાવિક રીતે જ કાર્યાત્મકવાદ વધુ વ્યવસ્થિત રીતે કાર્ય કરી શકશે.

(૧) જો વ્યવસ્થાનું પૃથક્કરણ કરવામાં આવે તો તેનું સ્વરૂપ શું છે ? એટલે કે તે કોઈ સાંસ્કૃતિક કે જાતિ વિષયક જૂથ છે, તે નાનુ જૂથ કે મોટુ જૂથ છે તે સ્પષ્ટ કરવું જરૂરી છે. કારણ એક જૂથ માટે જે કાર્ય હોય તે બીજા જૂથ માટે વિકાર્ય પણ હોઈ શકે.

(૨) દરેક બાબતના કાર્ય અને વિકાર્ય તપાસવા જોઈએ. કારણ જો કાર્ય અને વિકાર્ય બંનેને ધ્યાનમાં ન રખાય તો સ્વાભાવિક રીતે જ અભ્યાસ યોગ્ય રીતે થઈ શકે નહીં.

(૩) કોઈ પણ વ્યવસ્થાની કાર્યાત્મક જરૂરિયાત નક્કી કરતી વખતે માત્ર જરૂરિયાતો અથવા આવશ્યકતાઓ નહીં પરંતુ કાર્યાત્મક વૈકલ્પિકતા તરફ પણ ધ્યાન આપવું જોઈએ.

(૪) મર્ટનના મતે કાર્યાત્મકવાદીઓ વ્યવસ્થામાં રહેલા અસંતુલનની ઉપેક્ષા કરે છે અથવા તેને જોવા માગતા નથી. તે વિકાર્યાત્મક અને હકારાત્મક કાર્યના ખ્યાલ દ્વારા સામાજિક પરિવર્તનનો ખ્યાલ દર્શાવે છે. પરંતુ મર્ટનના મતે જ્યારે સાંસ્કૃતિક ઘટકો અથવા ધોરણો સામાજિક વ્યવસ્થાની વિરુદ્ધ કાર્ય કરે છે ત્યારે પરિવર્તન શક્ય છે.

મર્ટને ઉપરોક્ત બાબત અંગે ચર્ચા કર્યા બાદ ચોક્કસ જૂથોને લાગુ પાડી શકાય તેવા સંશોધનો ઉપર ભાર મૂક્યો છે. મર્ટનને મધ્યવ્યાપી સિદ્ધાંતના પ્રણેતા કહેવામાં આવે છે.

## મધ્યવ્યાપી વિચાર :

મર્ટન કાર્યાત્મકવાદનું વિશ્લેષણ કરે છે અને દાખલો સામાજિક વિચલન એટલે કે એનોમીનો આપે છે. મર્ટન માને છે કે કેટલીક વ્યક્તિઓને સામાજિક વિચલન તરફ દોરી જવા માટે કેટલાક સામાજિક રચનાતંત્રો દબાણ કરે છે. આ સામાજિક રચનાતંત્રો કેવા પ્રકારના સામાજિક તંત્રો છે તે સમજવાનો, શોધવાનો મર્ટન પ્રયત્ન કરે છે. મર્ટન સાંસ્કૃતિક ધ્યેયો અને સંસ્થાકીય ધોરણોની તરાહનું વિશ્લેષણ કરે છે અને તેમાં વ્યક્તિગત અનુકૂલનના કેવા પ્રકારો જોવા મળે છે તેને સ્પષ્ટ કરે છે. એનોમીની પરિસ્થિતિમાં વિવિધ વ્યક્તિઓ કઈ રીતે અનુકૂલન સાધે છે અને કેવા પ્રતિભાવ દાખવે છે તેનું તે વિશ્લેષણ કરે છે. ક્યારેક સમાજના ધ્યેયો પર ભાર મૂકવામાં આવે છે, પરંતુ સાધનો પર ભાર મૂકાતો નથી ત્યારે અનુકૂલન જોખમાય છે અને એનોમીની પરિસ્થિતિ ઉદ્‌ભવે છે. અનૈતિકરણ વધતુ જાય છે. દરેક સમાજમાં સાંસ્કૃતિક રીતે કેટલાક ધ્યેયો અને મૂલ્યો નક્કી કરવામાં આવે છે અને વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા સમાજ એને માટે કાર્યરત રહે છે. આ માટે સમાજ તેના સભ્યોને નિરંતર પ્રેરણા કે દબાણ કરતો હોય છે.

ધોરણો અને મૂલ્યો દ્વારા યોગ્ય અને સંસ્થાપિત સાધનો સમાજમાં દશ્યમાન હોય છે. જો કે ધ્યેય પ્રાપ્ત કરવા માટે બધા જ પ્રકારના સાધનો સમાજમાન્ય હોતા નથી. સમાજમાન્ય સાધ્યો સિદ્ધ કરવાના સાધનોની યોગ્યતા સાંસ્કૃતિક મૂલ્યો દ્વારા નિર્ધારીત કરવામાં આવે છે. મર્ટનના મતે જ્યાં સુધી સાધ્ય અને સાધન બંનેને લક્ષમાં રખાય અને તેની ઉપર ભાર અપાય ત્યાં સુધી સમાજનું અસરકારક સમતુલન જળવાઈ રહે છે. સામાજિક માળખામાં બીજી મહત્વની બાબત એ છે કે સૈદ્ધાંતિક રીતે કેટલાક સમાજોમાં દરેક વ્યક્તિ માટે સાધ્યો અને સાધનોની પ્રાપ્તિની તકો સમાન હોય છે. જો કે સમાજ રચનાતંત્રમાં માન્ય, યોગ્ય અને શુદ્ધ સાધનો દરેક વ્યક્તિને સુલભ હોતા નથી. વિવિધ સ્તરના લોકોની વિવિધ પરિસ્થિતિ હોય છે. જે લોકો આનાથી વંચિત છે તેઓને સમાજમાન્ય ન હોય તેવા માર્ગો અપનાવવા પડે છે. સાંસ્કૃતિક રચના અને સામાજિક રચનાતંત્રમાં હંમેશા પરસ્પર ઐક્ય હોતું નથી અને એનોમીની પરિસ્થિતિ સર્જાય છે. મર્ટન એનોમીને સાંસ્કૃતિક રચનાતંત્રમાં બંધારણીય પરિસ્થિતિ સૂચવતો ખ્યાલ છે તેવું દર્શાવે છે. મર્ટનના મતે સાંસ્કૃતિક ધોરણો અને ધ્યેયો સભ્યોની નબળી પડેલી છાપ દર્શાવે છે. સાંસ્કૃતિક ધ્યેયો અને ધોરણો વચ્ચેની વિસં ંદિતા સૂચવે છે. સમાજમાન્ય અપેક્ષાઓથી સભ્યોની વિમુખતા સૂચવે છે. મર્ટન એના રીને ઉપરની તમામ પ્રક્રિયા સાથે જોડે છે.

## વ્યક્તિગત અનુકૂલનના પ્રકારોનું વર્ગીકરણ

| અનુકૂલનની રીત | સાંસ્કૃતિક સાધ્યો/ધ્યેયો | સંસ્થીકૃત સાધનો |
|---|---|---|
| અનુરૂપતા | સ્વીકાર | સ્વીકાર |
| નવો માર્ગ | સ્વીકાર | અસ્વીકાર |
| વિધિપરાયણતા | અસ્વીકાર | સ્વીકાર |
| પીછેહઠ | અસ્વીકાર | અસ્વીકાર |
| વિદ્રોહ | અસ્વીકાર<br>સ્વીકાર | અસ્વીકાર<br>સ્વીકાર |

૧. અનુકૂલન

વ્યક્તિગત અનુકૂલનના વિવિધ પ્રકારો ઉપર મુજબ જોયા. તે વ્યક્તિના વર્તનની વૈકલ્પિક રીતો છે. જેમાં અનુરૂપતા છે જ અને વ્યક્તિઓ સાંસ્કૃતિક ધ્યેયો અને સંસ્થીકૃત સાધનોનો સ્વીકાર કરે છે. આ પ્રકારના અનુકૂલનમાં અનુરૂપતા જોવા મળે છે. આવી અનુરૂપતા મોટેભાગે સ્થિર સમાજમાં વિશેષ કરીને જોવા મળે છે. આવા સમાજોમાં મોટાભાગની વ્યક્તિઓ સમાજે નક્કી કરેલા અને સમાજ દ્વારા સ્વીકૃત

થયેલા ધ્યેયો તરફ અભિમુખ હોય છે. સાદા કે ગ્રામ્ય સમાજોમાં વ્યક્તિઓના વર્તનમાં અનુરૂપતા વિશેષ જોવા મળે છે.

**૨. નવો માર્ગ :**

કેટલીકવાર વ્યક્તિ સમાજમાન્ય ધ્યેયોને સ્વીકારે છે પણ તે પ્રાપ્ત કરવા માટે જે સાધનો માન્ય રાખવામાં આવ્યા હોય એ સાધનો સિવાયના કેટલાક સાધનોનો ઉપયોગ કરે છે. આ સાધનો વ્યક્તિ પોતાની શક્તિ અને પોતાના સંપર્કોને અનુરૂપ સ્વીકારે છે. મર્ટનના મતે કેટલીકવાર વ્યક્તિ સંપત્તિ કમાવવા માટે દાણચોરી, છેતરપીંડી, લાંચરૂશ્વત વગેરે સિદ્ધાંતો અપનાવે છે. આવા સાધનોને કારણે વ્યક્તિ બે નંબરી ધંધા તરફ વળી જાય છે. મર્ટનના મતે અમેરિકાના નિમ્ન વર્ગના લોકોમાં આ પ્રકારનું વર્તન જોવા મળે છે. આવા નવીન માર્ગોને કારણે ક્યારેક સામાજિક પરિવર્તનની શક્યતા જોવા મળે છે.

**૩. વિધિપરાયણતા :**

આવા અનુકૂલનમાં વ્યક્તિ સાંસ્કૃતિક સાધનોના ભોગે પણ સાધન શુદ્ધિનો આગ્રહ રાખે છે. આ પ્રકારના અનુકૂલનમાં વ્યક્તિ પોતાના મર્યાદિત સાધનો દ્વારા ધ્યેયો પરિપૂર્ણ કરવાનો પ્રયત્ન કરે છે. જો શુદ્ધ સાધનો દ્વારા ધ્યેયો સિદ્ધ ન થાય તો વ્યક્તિ પોતાના ધ્યેયોનો ત્યાગ કરીને સાધન શુદ્ધિને વળગી રહે છે. આમ વિધિપરાયણતા વ્યક્તિમાં ધ્યેય પ્રાપ્તિ માટે હરિફાઈમાંથી જન્મતી માનસિક તંગદિલીને ઘટાડવાનો પ્રયત્ન કરે છે. તે શુદ્ધ સાધનો વિહિન ધ્યેય ન સ્વીકારવાનો સંકલ્પ કરે છે. એટલે કે સાધનશુદ્ધિનો આગ્રહ રાખે છે.

**૪. પીછેહઠ :**

વ્યક્તિ જ્યારે સાંસ્કૃતિક ધ્યેયો અને સ્થાપિત સાધનો બંનેનો ત્યાગ કરે છે ત્યારે તેણે પીછેહઠ કરી છે એવું માનવામાં આવે છે. ક્યારેક આવા વલણ સ્વીકારનાર વ્યક્તિઓ માનસિક રોગીઓ પણ હોય છે, તો ક્યારેક સમાજથી વિમુખ હિપ્પીઓ, નશાખોરો વગેરે હોય છે. સમાજની પલટાતી પરિસ્થિતિઓમાં આ વ્યક્તિઓ મેળ પાડી શકતી નથી તેથી તેઓ પીછેહઠ કરે છે. આવી વ્યક્તિઓ પોતે અશક્તિમાન છે એવું માની હતાશ થાય છે.

**૫. વિદ્રોહ :**

આ પ્રકારનું અનુકૂલન પીછેહઠને મળતું જ છે. પરંતુ આ પ્રકારના અનુકૂલનમાં સંસ્થીકૃત થયેલા સાધ્યો અને સાધનોનો ત્યાગ કરવામાં આવે છે. અલબત્ત અહીં માત્ર ત્યાગ નથી સાથે સાથે સમાજ ન સ્વીકારે તેવા સાધનો પણ આ વ્યક્તિઓ શોધે છે જેને વિદ્રોહ કહેવામાં આવે છે.

આવા વિવિધ અનુકૂલનો સમાજમાં વિવિધ આંદોલનો જન્માવે છે. મર્ટનની દૃષ્ટિએ આ અનુકૂલનના પ્રકારો વ્યક્તિગત અનુકૂલનના પ્રકારો તરીકે ઓળખાવી શકાય. સામાજિક માળખામાં સાંસ્કૃતિક ધ્યેયો અને સાધનો વચ્ચે વિસંવાદિતા ઊભી થાય ત્યારે આવા પ્રકારનું અનુકૂલન કહી શકાય. મર્ટન અનુકૂલનના વિશ્લેષણને મહત્વ આપે છે.

## IMPORTANT BOOKS OF ROBERT KING MERTON

1. Science, Technology and Society in the Seventeenth Century England (1938)
2. Social Theory and Social Structure (1949)
3. On the Shoulders of Giants (1965)
4. On the Theoritical Sociology (1967)
5. The Sociology of Science (1973)

## તમારી પ્રગતિ ચકાસો :

૧. પાર્સન્સ કયા દેશના છે ?
૨. પાર્સન્સના પ્રથમ પુસ્તકનું નામ લખો.
૩. પાર્સન્સના કાર્યાત્મકવાદી વિશ્લેષણ અંગેના મહત્વના મુદ્દા લખો.
૪. રોબર્ટ મર્ટન કયા દેશના છે ?
૫. રોબર્ટ મર્ટનના પ્રથમ પુસ્તકનું નામ લખો.
૬. રોબર્ટ મર્ટનના કાર્યાત્મકવાદી વિશ્લેષણ અંગેના મહત્વના મુદ્દા લખો.

## સંદર્ભ સૂચિ :-

(1) Abraham, Francis M. (1982) : Modern Sociological Theory-An Introduction, Oxford University Press, Delhi

(2) Don Martindate : 'The Nature and Types of Sociological Theories', Rutledge & Kegan Paul, 1970

(3) Wallace Ruth A. & Wolf : 'Nature of Sociological Theories The Action Approach', Sterling Publishers Pvt. Ltd., New Delhi, 1977

(4) Dhanagare D. N. : Themes and Perspectives in Indian Sociology, Rawat Publications, Jaipur, 1993

(5) Parsons Talcott : 'Social Structure and Personality', The Free Press, Collier - Macmillan Ltd., London, 1970

(6) Parsons Talcott : 'Essays in Sociological Theory', The Free Press, Collier Macmillan Ltd., London, 1963

(7) Margarate Wilson Vine : An Introduction to Sociological Theory, Longmans, Green & Co. London, 1959.

# NOTES

# NOTES

**MSO -01**

## સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો ભાગ - ૩

વિભાગ

# 3

## સંઘર્ષવાદ

### એકમની રૂપરેખા


| | | |
|---|---|---|
| ૧. | સંઘર્ષવાદ | ૫ |
| ૨. | કાર્લ માર્ક્સ | ૧૧ |
| ૩. | રાલ્ફ ડહરેન્ડોર્ફ | ૨૧ |
| ૪. | લુઇસ કોઝર | ૨૮ |
| ૫. | રેન્ડાલ કોલિન્સ | ૩૫ |

નોંધ

## નિષ્ણાત સમિતિ :

| | |
|---|---|
| ડૉ. આમ્રપાલી મર્ચંટ | વાઈસ ચાન્સેલર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અમદાવાદ. |
| ડૉ. વિદ્યુત જોષી | ભૂતપૂર્વ વાઈસ ચાન્સેલર, ભાવનગર યુનિવર્સિટી. |
| ડૉ. હેમીક્ષા રાવ | પ્રોફેસર અને અધ્યક્ષ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ. |
| ડૉ. ચંદ્રકાંત ઉપાધ્યાય | નિયામક આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ. |

## લેખક :

| | |
|---|---|
| ડૉ. આમ્રપાલી મર્ચંટ | વાઈસ ચાન્સેલર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અમદાવાદ. |
| ડૉ. ચંદ્રિકા રાવલ | અનુસ્નાતક સમાજશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |

## પરામર્શક (વિષય) :

| | |
|---|---|
| ડૉ. વિદ્યુત જોષી | ભૂતપૂર્વ વાઈસ ચાન્સેલર, ભાવનગર યુનિવર્સિટી. |

## પરામર્શક (ભાષા) :

| | |
|---|---|
| ડૉ. પ્રદીપ જોષી | આચાર્યશ્રી, આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વસો. |

## સંપાદન :

શ્રી એસ. એચ. બારોટ
મદદનીશ કુલસચિવ,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અમદાવાદ.

પ્રકાશક
એસ. એચ. બારોટ (ઈન્ચાર્જ રજીસ્ટ્રાર) ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
સરકારી બંગલા નંબર - ૯, ડફનાળા, શાહીબાગ, અમદાવાદ ૩૮૦ ૦૦૩, ટે. નં. ૨૨૮૬૯૯૬૯૦
સર્વ હક્ક સ્વાધીન. આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈપણ ભાગને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈપણ રીતે પુનઃ મુદ્રિત કરવાની મનાઈ છે.

# નોંધ

# સંઘર્ષવાદ


૧. પ્રસ્તાવના.
૧.૧ સંઘર્ષવાદની કેટલીક ચોક્કસ માન્યતાઓ.
૧.૨ સત્તા અને સામાજિક સમસ્યાઓ.
૧.૩ સમાજશાસ્ત્રમાં સંઘર્ષનો ખ્યાલ : ઐતિહાસિક પૃષ્ઠભૂમિ.
૧.૪ સંઘર્ષવાદી સિદ્ધાંતની મુખ્ય વિશેષતાઓ.


## ૧. પ્રસ્તાવના :

સામાજિક વાસ્તવિક્તાઓને તપાસવા માટે, સમજવા માટે તથા સામાજિક સંરચના, સામાજિક સંબંધો, માનવીના કાર્યો, જૂથો, સંસ્કૃતિ અને વિવિધ સંસ્થાઓને સમજવા માટે સમાજશાસ્ત્રમાં વિવિધ અભિગમો પ્રવર્તમાન છે. આ અભિગમો સામાજિક વાસ્તવિક્તાને સમજવા માટે ચોક્કસ પ્રકારના સિદ્ધાંતો રજૂ કરે છે. વર્તમાન સમયમાં સમાજશાસ્ત્રમાં બે વિચારધારાઓ મહત્ત્વની રહી છે - એક કાર્યાત્મકવાદી વિચારધારા અને બીજી સંઘર્ષવાદી વિચારધારા. સંતુલનવાદી અથવા તો સંગઠનાત્મક દષ્ટિકોણથી જોઈએ તો કાર્યાત્મકવાદ મુજબ પ્રત્યેક સમાજનું નિર્માણ જુદા જુદા તત્ત્વોના સમન્વયથી થાય છે, જેમાં અપેક્ષિત સ્થાયિત્વ જોવા મળે છે. સમાજ સંપૂર્ણ રીતે સંગઠિત વ્યવસ્થા છે. સમાજમાં પ્રત્યેક તત્ત્વનું કોઈને કોઈ કાર્ય અવશ્ય જોવા મળે છે. એટલે કે સામાજિક વ્યવસ્થાને ટકાવી રાખવામાં તેનું કોઈને કોઈ પ્રકારનું યોગદાન હોય છે. પ્રત્યેક સમાજ વ્યવસ્થામાં સમાજના સભ્યોમાં મૂલ્યોને લઈને સમાન વિચાર જોવા મળે છે. સંગઠનાત્મક સિદ્ધાંતનો ઉલ્લેખ આપણને ઐતિહાસિક લખાણોમાં વિભિન્ન રૂપે જોવા મળે છે. પ્લેટો, રૂસો, કોમ્ટ અને દુર્ખિમના વિચારોમાં આપણને સંતુલન સંબંધી વિચારો જોવા મળે છે. વર્તમાન સમયમાં રિવર્સ, રેડક્લિફ બ્રાઉન, મેલિનોવસ્કી, મર્ટન અને પાર્સન્સના વિચારોમાં આપણને સંતુલનવાદી વિચારધારાનું એક વ્યવસ્થિત અને વિકસિત રૂપ જોવા મળે છે. સંતુલનવાદીઓ માને છે કે સંઘર્ષ એક નકારાત્મક શક્તિ છે. તેઓ સંઘર્ષની ઉપસ્થિતિને સમાજ વ્યવસ્થામાં અવરોધરૂપ માને છે. તેમના મતે સમાજ વ્યવસ્થામાં સંતુલનની અંતર્નિહીત શક્તિ હોય છે જેના લીધે સંઘર્ષ આપોઆપ જ સમાપ્ત થઈ જાય છે તથા સમાજની સામાન્ય વ્યવસ્થા જળવાઈ રહે છે.

કાર્યાત્મકવાદથી જુદી સંઘર્ષવાદી વિચારધારાના વિચારકો માને છે કે સંઘર્ષ કોઈ અસ્થાયી કે અસામાન્ય ઘટના નથી પરંતુ સંપૂર્ણપણે સામાન્ય અને સ્થાયી ઘટના છે. અભાવની સ્થિતિ સમાજમાં સંઘર્ષને જન્મ આપે છે. પ્રત્યેક સમાજમાં સંઘર્ષ માટે કેટલાક કારણો હોય છે. પ્રત્યેક સમાજમાં પરિવર્તનની સંભાવના હોય છે અને સામાજિક પરિવર્તન અનિવાર્ય છે. પ્રત્યેક સમાજમાં દરેક સમયે આપણને સંઘર્ષ જોવા મળે છે. સમાજમાં પ્રત્યેક તત્ત્વ સામાજિક વ્યવસ્થાના વિઘટન માટે સહયોગ આપે છે

જેના ફળસ્વરૂપે પરિવર્તન આવે છે. આ સંઘર્ષનું કારણ મૂલ્યોની ભિન્નતા છે.

પ્રસિદ્ધ સમાજશાસ્ત્રી માર્ટિન્ડેલે માનવ સમાજમાં સંઘર્ષ સંબંધી વિચારોનો ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય આપ્યો છે. ભારતમાં ઇસિવીસન પૂર્વે ત્રીજી સદીમાં કૌટિલ્યે અર્થશાસ્ત્રમાં સામાજિક સંઘર્ષનો ઉલ્લેખ કર્યો હતો. યૂનાની દાર્શનિકોએ પણ રાજકીય સંઘર્ષનો ઉલ્લેખ કર્યો છે. પોલીબિયસ નામના યૂનાની દાર્શનિકે રાજકીય સંસ્થાઓમાં જોવા મળતા સંઘર્ષનો ઉલ્લેખ કર્યો છે. પ્રાચીન આરબ દેશોના સાહિત્યમાં પણ સંઘર્ષનું વર્ણન જોવા મળે છે. ઈબ્ન ખલ્દુને ખેતી વિષયક સમાજ અને આદિવાસીઓ વચ્ચેના સંઘર્ષનું વર્ણન કર્યું છે. યૂરોપના પ્રસિદ્ધ વિદ્વાન મૅકિયાવલીએ મધ્યકાલીન યૂરોપીય સમાજમાં જોવા મળતા રાજકીય સંઘર્ષનો ઉલ્લેખ કર્યો છે. રાજકીય સંઘર્ષનો ઉલ્લેખ કરવાવાળા વિદ્વાનોમાં હોબ્સ, જીન બોડિન, લૉક, ડેવિડ હ્યૂમ, ફરગ્યૂસન અને મોસ્કાનું નામ ખાસ ઉલ્લેખનીય છે.

અનેક વિદ્વાનોએ સમાજના આર્થિક જીવનમાં જોવા મળતા સંઘર્ષનો ઉલ્લેખ કર્યો છે. આ વિદ્વાનોમાં એડમ સ્મિથ અને માલ્થસ મુખ્ય છે. આ વિદ્વાનોનો મત છે કે સમાજમાં આદિકાળથી આર્થિક પ્રતિયોગિતા અને સંઘર્ષ જોવા મળે છે. માલ્થસે સંઘર્ષને વસ્તીવૃદ્ધિ સાથે જોડ્યો. તેમણે જણાવ્યું કે જ્યારે કોઈ દેશમાં વસ્તી જરૂરિયાત કરતા વધારે હોય ત્યારે અસ્તિત્ત્વ ટકાવી રાખવા માટે જીવન સંઘર્ષ વધી જાય છે અને સંઘર્ષ તથા યુદ્ધ સામાન્ય પ્રક્રિયાઓ બની જાય છે. આધુનિક યુગમાં ટેક્નોલોજીના વિકાસે આર્થિક જગતમાં પ્રતિયોગિતા અને સંઘર્ષની પ્રક્રિયાને વધારે ગતિશીલ બનાવી છે.

આમ, કાર્યાત્મકવાદ સમાજ કઈ રીતે કાર્ય કરે છે, સમાજના પ્રગતિના નિયમો, એની પારસ્પરિક અવલંબિતતા તથા પરિવર્તનને તપાસવાનો પ્રયાસ કરે છે. જ્યારે સંઘર્ષવાદ સમાજને જુદા જ પ્રકારના અભિગમથી સમજાવવાનો પ્રયાસ કરે છે. સમાજશાસ્ત્રમાં સુધારાવાદી અને તટસ્થ સમાજશાસ્ત્રીઓ વચ્ચે સતત એક તણાવભરી પરિસ્થિતિ જોવા મળે છે. સંઘર્ષવાદી સિદ્ધાંતનો મુખ્ય વ્યક્તિ કાર્લ માર્ક્સ આ બન્નેનો સમન્વય કરે છે. સમાજ કઈ રીતે કાર્ય કરે છે તેની સાથે સાથે સમાજે કઈ રીતે કાર્ય કરવું જોઈએ તેની રૂપરેખા આપી સમાજને તે પ્રમાણે સુધારવાની માર્ક્સ હિમાયત કરે છે. સાંપ્રત સમાજ, આદિમ સમાજથી જુદો ઔદ્યોગિક પાયા ઉપર રચાયેલો સમાજ છે. જેમાં જન્મગત બાબતો પર આધારિત સત્તા માળખામાં પરિવર્તન આવ્યું છે. વિવિધ બાબતોમાં સંઘર્ષ જોઈ શકાય છે. સમાજ સતત પરિવર્તનશીલ છે.

## ૧.૧ સંઘર્ષવાદની કેટલીક ચોક્કસ માન્યતાઓ :

૧. સમાજનો સભ્ય કેટલાક ચોક્કસ હિત ધરાવે છે અને તે પામવાનો ધ્યેય પ્રયત્ન કરે છે.

૨. સમાજમાં કેટલીક ચોક્કસ સત્તા હોય છે જે અસમાન રીતે વહેંચાયેલી છે અને તે મેળવવા અવારનવાર દબાણનો ઉપયોગ કરી પ્રયાસ કરવામાં આવે છે.

૩. સમાજના જુદા જુદા જૂથો પોતાના હિતો પ્રાપ્ત કરવા કેટલાક ચોક્કસ મૂલ્યો અને વિચારસરણીઓ ધરાવે છે. આ હિતો પરિપૂર્ણ કરવા તે મૂલ્યો અને વિચારસરણીઓને શસ્ત્ર તરીકે વાપરે છે.

## ૧.૨ સત્તા અને સામાજિક સમસ્યાઓ :

સંઘર્ષવાદના સમર્થકો માને છે કે સત્તા અને નાણાંના કેન્દ્રીકરણને કારણે સમસ્યા ઊભી થાય છે. પરંતુ આ સમસ્યાને નિર્મૂળ કરવા અથવા તો બીજી દિશામાં વાળી દેવા માટે કેટલાક પ્રકારની માન્યતાઓ અને કલ્પનાઓ ઊભી કરવામાં આવે છે. દા.ત. પૂર્વજન્મમાં પાપ કર્યાં હોય તો માણસ દુઃખ વેઠે છે, ગરીબ રહે છે. ગરીબી દૂર કરવી હોય તો આ જન્મમાં સારા કર્મો કરવા જોઈએ. ગરીબ ગરીબ છે કારણ કે તે પરિસ્થિતિ બરાબર સમજતો નથી, તેને કામ કરવું નથી. એટલે કે ગરીબને જ, ભોગ બનનારને જ સમસ્યાનો સર્જક માનવામાં આવે છે. સામાજિક સમસ્યાને સ્થાપિત હિતના અભિગમ દ્વારા જોવામાં આવે છે. ધીમે ધીમે સામાજિક વિજ્ઞાનો અને સમાજશાસ્ત્રીઓ એનું વિશ્લેષણ કરવાનો પ્રયાસ કરે છે. નાણાંનું અસમાન વિતરણ સામાજિક સમસ્યા સર્જે છે.

## ૧.૩ સમાજશાસ્ત્રમાં સંઘર્ષનો ખ્યાલ : ઐતિહાસિક પૃષ્ઠભૂમિ :

સમાજશાસ્ત્રમાં સંઘર્ષની વિચારધારાનો ઉદ્ભવ ઘણો મોડો થયો. અહીં રાજકીય અને આર્થિક એમ બંને પ્રકારના સંઘર્ષના સિદ્ધાંતોનું મિશ્રણ જોવા મળે છે. રોબર્ટ નિસ્બતે પોતાના પુસ્તક 'The Sociological Tradition. 1967'માં એવા અનેક ખ્યાલોનો ઉલ્લેખ કર્યો છે જેનો વિકાસ છેલ્લા ૧૦૦ વર્ષોમાં થયો છે. તેમાં સંઘર્ષના ખ્યાલનો કોઈ ઉલ્લેખ નથી. આ પરથી સ્પષ્ટ થાય છે કે સમાજશાસ્ત્રીય સાહિત્યમાં સંઘર્ષના ખ્યાલનો વિકાસ માર્ક્સ પછી વધુ થયો છે. એટલે કે તેનો વિકાસ ૨૫-૩૦ વર્ષોથી વધારે જૂનો નથી. જો કે અમેરિકન સોશિયોલોજીકલ સોસાયટીએ ૧૯૦૭ અને ૧૯૩૦માં પોતાના સંમેલનોમાં સંઘર્ષના વિષયને વિચારવિમર્શ માટે પસંદ કર્યો હતો. કુલે, સ્મોલ, પાર્ક તથા રોસ જેવા સમાજશાસ્ત્રીઓએ અમેરિકામાં સંઘર્ષ સંબંધી વિચારધારાના સંદર્ભમાં સાહિત્યનું સર્જન કર્યું હતું. પ્રથમ વિશ્વયુદ્ધ પછી સંઘર્ષનો સમાજશાસ્ત્રીય અભ્યાસ કરવાવાળા વ્યક્તિઓમાં રોબર્ટ પાર્કનું નામ ખાસ ઉલ્લેખનીય છે. શિકાગો વિચારધારાના રોબર્ટ ઈઝરાપાર્કે સંઘર્ષને સામાજિક આંતરક્રિયાના મૂળભૂત સ્વરૂપ તરીકે જોવાનો પ્રયાસ કર્યો છે. સંઘર્ષ હોય ત્યાં વ્યક્તિનું વર્તન સજાગ અને તાર્કિક હોય છે. તેના દ્વારા સુગ્રથન શક્ય બને છે. તેમણે જણાવ્યું કે સંઘર્ષ કરવાવાળા સમૂહોમાં સંઘર્ષની ભૂમિકા એકીકરણ, આધિપત્ય અને આધીનતા સ્થાપિત કરવાવાળી હોય છે. જ્યારે રોસ માને છે કે ખુલ્લો વિરોધ સમાજની જાળવણી કરે છે. દ્વિતીય વિશ્વયુદ્ધના સમયમાં સંઘર્ષનો સમાજશાસ્ત્રીય અભ્યાસ કરવાવાળા સમાજશાસ્ત્રીઓમાં જ્યોર્જ લુન્ડબર્ગનો પ્રયાસ પણ પ્રસંશનીય છે.

દ્વિતીય વિશ્વયુદ્ધ પછી અનેક સમાજશાસ્ત્રીઓએ સંઘર્ષના ક્ષેત્રમાં પોતાનું અધ્યયન કાર્ય કર્યું છે. એલ્ટન મેયો તથા રૂથલિસ્બર્ગે ઔદ્યોગિક સમાજમાં સંઘર્ષનો ઉલ્લેખ કર્યો છે. તેમણે ઔદ્યોગિક સમાજમાંથી સંઘર્ષને દૂર કરવા અને સમાન સ્થિતિની રચના માટે કેવા પ્રયાસો કરવા જોઈએ એ જાણવાનો પ્રયાસ કર્યો છે. વોનરિ ઈ.સ. ૧૯૪૭માં સામાજિક સંઘર્ષની સમસ્યા વિશે માનવીય દૃષ્ટિકોણથી વિચાર કર્યો છે. કર્ટ

અને લેવિને પણ સંઘર્ષના ક્ષેત્રમાં કાર્ય કર્યું છે. સંઘર્ષના ક્ષેત્રમાં કાર્લ માર્ક્સ, મેક્સવેબર, ડહરેન્ડોર્ફ, સી. રાઈટ મિલ્સ, હોરોવિઝ, મારક્યુસ, કાલિન્સ, આન્દ્રે ફ્રેંક, ગાલટુંગ અને લોકવુડ, પારસન્સ મેક તથા સ્નાઈડર, કોઝર તથા ગ્લકમેન, જ્યોર્જ સિમેલ વગેરેના નામ નોંધપાત્ર છે.

સમાજમાં સતત વિવિધ પ્રકારના સંઘર્ષ જોવા મળે છે. એ સંઘર્ષ વિશેની ચર્ચા અનેક વિદ્વાનોએ કરી છે. ગ્રીક ચિંતકોમાં હેર ક્લાયટ્સ અને સોફિસ્ટો એ બંનેએ સંઘર્ષને સ્વીકાર્યો છે, તથા તેને સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. સંઘર્ષ એ સૃષ્ટિનો નિયમ છે અને તેનાથી સતત પરિવર્તન આવે છે એવું માનવામાં આવે છે. ૧૯મી સદીમાં જિન બુડિન, થોમસ હોબ્સ, એડમ ફરગ્યુસન, થોમસ માલ્થુસ, લેમાર્ક અને ચાર્લ્સ ડાર્વિને ચર્ચા શરૂ કરી.

ડાર્વિનના ઉત્ક્રાંતિવાદના સિદ્ધાંતની સમાજશાસ્ત્રીઓ પર અસર જોવા મળે છે. વોલ્ટર ભાગોટે સંઘર્ષને સામાજિક વિકાસ માટેનું મહત્ત્વનું તત્ત્વ માન્યું છે. આ બધા વિદ્વાનોની ચર્ચામાં જોવા મળ્યું કે સ્વાભાવિક રીતે જ તે સમયે થતાં યુદ્ધોને ધ્યાનમાં રાખી તેમણે સંઘર્ષને સમજાવ્યો છે. ગૃમ પ્લાવિઝ જણાવે છે કે સંઘર્ષથી વિકાસ શક્ય બને છે એના મતે એક આંતરિક સંઘર્ષ હોય છે અને બીજો બાહ્ય સંઘર્ષ હોય છે. એના મત પ્રમાણે રાજ્ય દમનકારી સંસ્થા છે અને લોકોનું દમન કરે છે. રાટ્ઝનોફરો જણાવે છે કે, સંઘર્ષના પાયામાં વ્યક્તિનું હિત હોય છે. આ હિત ખાનગી કે જાહેર હોઈ શકે છે. જ્યોર્જ સિમેલે જણાવ્યું છે કે સંઘર્ષમુક્ત એકરાગી સમાજ કે જૂથ શક્ય નથી. સુમેળ, અમેળ અને સંયોગ આ પ્રક્રિયા ચાલ્યા જ કરે છે જે જૂથ જાળવણીનું પણ કામ કરે છે. વિલિયમ ગ્રેહામ સમ્નર જણાવે છે કે, જૂથો સામાજિક વિકાસના વાહક છે, જેમાં હરિફાઈ જોવા મળે છે. સંઘર્ષના ખ્યાલમાં પરસ્પર વિરોધી હિતો જોવા મળે છે. કૂલેના મતે સંઘર્ષ અને સહકાર એક જ પ્રક્રિયાના બે અંશ છે.

અમેરિકામાં ટાલકોટ પાર્સન્સની અસર નીચે ૧૯૫૦ સુધી સંઘર્ષવાદી વિચારધારાથી વિદ્વાનો અલિપ્ત રહ્યાં. પરંતુ વિશ્વમાં ૧૯૫૦માં ઠંડા યુદ્ધો, મહાસત્તાઓ સાથે ટકરાવ, સ્વતંત્રતાના આંદોલનો, વૈચારિક ક્રાંતિ વગેરે બાબાતો ટાલકોટ પાર્સન્સના સિદ્ધાંત દ્વારા સમજાવી શકાય નહીં તેથી સંઘર્ષના અભ્યાસ પ્રત્યે ધ્યાન દોરાયું. અમેરિકન સમાજમાં સમાજની એક સજીવતંત્ર તરીકે કલ્પના કરી સંઘર્ષને મનોવૈજ્ઞાનિક પ્રશ્ન તરીકે જોવાનો પ્રયાસ થયો. વર્તમાન સમાજમાં સંઘર્ષની ઘટનાઓને સમજવા એ મહત્વની બાબત છે. અને ડેહ્રેનડોર્ફ, લૂઈસ કોઝર વગેરેને સમજવા પ્રયાસ કરવા માટે.

---

## ૧.૪ સંઘર્ષવાદી સિદ્ધાંતની મુખ્ય વિશેષતાઓ :

---

સંઘર્ષવાદી સિદ્ધાંતની મુખ્ય વિશેષતાઓને આપણે નીચે મુજબ દર્શાવી શકીએ.

**(૧) સામાજિક સંરચનામાં સંઘર્ષની પ્રક્રિયા સમાયેલી હોય છે :**

સંઘર્ષવાદીઓ માને છે કે બધા જ સમાજોમાં સંઘર્ષની પ્રક્રિયા જોવા મળે છે. આ એક સાર્વભૌમિક પ્રક્રિયા છે જેનાથી કોઈ સમાજ મુક્ત નથી રહી શક્યો. આ સંદર્ભમાં મેકાઈવર જણાવે છે કે સમાજ સંઘર્ષ દ્વારા ચીરાયેલો સહયોગ છે. હેમિલ્ટન પણ જણાવે છે કે સ્વર્ગ જેવા અનાર્થિક સ્થાનને બાદ કરતા સંઘર્ષ સર્વત્ર જોવા મળે છે. પ્રગટ કે

અપ્રગટ સ્વરૂપમાં તો ક્યારેક હિંસા કે ક્રાંતિ જેવા ઉગ્ર સ્વરૂપે પણ સંઘર્ષ દરેક સમાજમાં વિદ્યમાન છે. આમ એક સાર્વભૌમિક પ્રક્રિયાના રૂપમાં સંઘર્ષ દરેક સમાજમાં જોવા મળે છે. સામાજિક સંઘર્ષના અનેક સ્વરૂપો હોય છે. સંઘર્ષની સાર્વભૌમિક્તાનું એક કારણ એ છે કે કોઈપણ સમાજ વધારે સમય માટે સંતુલિત નથી રહી શકતો, સ્થિર નથી રહી શકતો. સ્થિરતા અને સંતુલનથી જ્યારે તે પરિવર્તન તરફ આગળ વધે છે ત્યારે પરિવર્તનકારી અને પરિવર્તનની વિરોધી શક્તિઓ વચ્ચે ઘર્ષણ થાય છે અને સંઘર્ષનો જન્મ થાય છે.

**(૨) સંઘર્ષ અને પરિવર્તન વચ્ચે સહસંબંધ છે :**

કાર્યાત્મકવાદીઓની જેમ સંઘર્ષવાદીઓ સમાજને સ્થિર કે સ્થાયી વ્યવસ્થા તરીકે સ્વીકારતા નથી. તેઓ સમાજને પરિવર્તનશીલ પ્રક્રિયાના રૂપમાં જૂએ છે. તેઓ માને છે કે પરિવર્તન એક શાશ્વત તથ્ય છે જે દરેક સમાજોમાં જોવા મળે છે. તેઓ સંઘર્ષને વિશ્વવ્યાપી તથા અનિવાર્ય તથ્ય તરીકે સ્વીકારે છે. સંઘર્ષવાદીઓના મતે સામાજિક પ્રતિમાનો અને સામાજિક મૂલ્યોથી વિચલન એટલે સામાજિક પરિવર્તન. સમાજમાં પરિવર્તન અને અપરિવર્તનની સ્થિતિમાં સંતુલન જોવા મળે છે, પરંતુ જ્યારે પરિવર્તન અને અપરિવર્તનની સ્થિતિને જાળવી રાખવામાં કોઈ અવરોધ ઊભો થાય છે ત્યારે સંઘર્ષનો જન્મ થાય છે. સમાજમાં કેટલાક લોકો પરિવર્તન લાવવા માગે છે તો કેટલાક તેનો વિરોધ કરે છે, તથા યથાસ્થિતિને ટકાવી રાખવા માગે છે ત્યારે આ બન્ને વચ્ચે સંઘર્ષ ઉત્પન્ન થાય છે. આ રીતે સંઘર્ષ એક એવી પ્રક્રિયા છે જેના દ્વારા લોકો પરિવર્તનની પ્રક્રિયામાં અવરોધ ઊભો કરે છે. આમ સંઘર્ષનો સીધો સંબંધ પરિવર્તનની પ્રક્રિયા સાથે છે. સંઘર્ષ ક્યારેક તો પરિવર્તન માટે જવાબદાર બને છે.

**(૩) સંઘર્ષનો સંબંધ સામાજિક દ જ્જાઓ સાથે છે :**

સંઘર્ષવાદીઓ માને છે કે સમાજમાં સંઘર્ષને જન્મ આપવામાં સામાજિક દરજ્જાઓનું મહત્ત્વ ઘણું છે. સમાજની સંરચનાનું નિર્માણ સામાજિક દરજ્જાઓથી ાય છે. સમાજમાં બધા જ દરજ્જાઓ સમાન નથી હોતા. કેટલાક દરજ્જાઓ ઉચ્ચ તો કેટલાક નિમ્ન હોય છે. ઉચ્ચ તેમજ મહત્વપૂર્ણ દરજ્જાઓ પ્રાપ્ત કરવા માટે દરેક સમાજમાં સંઘર્ષ જોવા મળે છે. આમ ઉચ્ચ દરજ્જો ધારણ કરવાવાળી વ્યક્તિ નિમ્ન દરજ્જાવાળી વ્યક્તિનું શોષણ કરે છે. પરિણામે સંઘર્ષ ઉદ્‌ભવે છે.

**(૪) સંઘર્ષને હંમેશા માટે દબાવી શકાય નહીં :**

ડહરેન્ડોર્ફ માને છે કે સમાજમાં થોડાં સમય માટે સંઘર્ષને નિયંત્રિત કરી શકાય છે. પરંતુ લાંબા સમય સુધી તેને દબાવી શકાય નહીં. કોઈ ગમે તેટલા સૈનિક બળનો ઉપયોગ કરે અથવા તો દબાણ ઊભું કરે પરંતુ સંઘર્ષને હંમેશા માટે સમાપ્ત કરી શકાતો નથી.

**(૫) સંઘર્ષ નિયંત્રણનો અસ્વીકાર કરે છે :**

સમાજમાં સંગઠન અથવા તો વ્યવસ્થાને જાળવી રાખવા માટે નિયંત્રણ જોવા મળે છે. સામાજિક નિયંત્રણમાં સામાજિક મૂલ્યો મહત્ત્વનો ભાગ ભજવે છે. આ સામાજિક

મૂલ્યોનો જન્મદાતા સમાજના શક્તિશાળી વર્ગ છે. આ રીતે કોઈ એક વર્ગ દ્વારા લાદવામાં આવેલા સામાજિક મૂલ્યો સામાજિક વ્યવહારો અને સામાજિક ક્રિયાઓનું નિયંત્રણ કરે છે. જ્યારે આ સામાજિક મૂલ્યોમાં પરિવર્તન આવે છે ત્યારે સમાજમાં સંઘર્ષનો પ્રારંભ થાય છે.

**(૬) સામાજિક સંતુલનનો ખ્યાલ ખામીયુક્ત છે :**

કાર્યાત્મકવાદીઓ માને છે કે સમાજમાં સંતુલન હંમેશા જોવા મળે છે. તેઓ માને છે કે સામાજિક પરિવર્તન આવવા છતાં સમાજમાં સંતુલનની સ્થિતિ ટકી રહે છે. તેઓ આને ગતિશીલ સંતુલન તરીકે ઓળખાવે છે. જેમ કે કોઈ સ્કૂટર ચાલતું હોય તો પણ તેનું સંતુલન જાળવી રાખે છે.

સંઘર્ષવાદીઓ સંતુલનના આ ખ્યાલનો અસ્વીકાર કરે છે. તેઓ કહે છે કે સમાજમાં ક્યારેય પણ સંતુલન હોતું નથી પરંતુ હંમેશા સંઘર્ષ જ હોય છે. પરિવર્તન નિપજાવવા વાળી શક્તિઓ એટલી સમર્થ હોય છે કે તે સમાજને અસંતુલિત કરી દે છે. આ જ કારણથી માનવ સમાજમાં આપણને સંઘર્ષ અને સ્પર્ધાની પ્રક્રિયાઓ જોવા મળે છે. આમ સંતુલન નહીં પરંતુ સંઘર્ષ જ સમાજની વાસ્તવિક્તાને સમજવામાં મદદરૂપ થાય છે.

કાર્યાત્મકવાદી પાર્સન્સનું માનવું છે કે આધુનિક સમાજ સંપૂર્ણ રીતે વ્યવસ્થિત છે અને તેમાં સર્વસંમતિ જોવા મળે છે. સંઘર્ષવાદીઓના મતે પારસન્સનો આ વિચાર એક કાલ્પનિક સમાજનું દર્શન કરાવે છે.

## તમારી પ્રગતિ ચકાસો :

૧. સંઘર્ષને વસ્તીવૃદ્ધિ સાથે જોડનાર વિદ્વાનનું નામ જણાવો.
૨. સંઘર્ષવાદની મૂળભૂત માન્યતાઓ જણાવો.
૩. સંઘર્ષવાદની મુખ્ય વિશેષતાઓની ચર્ચા કરો.

૨. પ્રસ્તાવના :
૨.૧ કાર્લ માર્ક્સના મુખ્ય પુસ્તકો
૨.૨ કાર્લ માર્ક્સનો દ્વન્દ્વાત્મક ભૌતિકવાદ :
૨.૩ સમાજનું ઉચ્ચસ્તરીય માળખું :
૨.૪ આર્થિક માળખા અને ઉચ્ચસ્તરીય માળખા વચ્ચેના સંબંધો :
૨.૫ સામાજિક-આર્થિક સંગઠનના તબક્કા :
૨.૬ સામાજિક પરિવર્તન અને દ્વન્દ્વાત્મકતા :
૨.૭ વર્ગ અને વર્ગ સંઘર્ષ :
૨.૮ વર્ગ સંઘર્ષના સ્વરૂપો :


## ૨. પ્રસ્તાવના :

*કાર્લ માર્ક્સનો જન્મ ઈ.સ. ૧૮૧૮ના ૫મી મેએ જર્મનીના ટ્રીઅર શહેરમાં થયો હતો. માર્ક્સ પર તેના માતા કરતા તેના પિતાની વધુ અસર જોવા મળે છે. પોતાનો શાળાકીય અભ્યાસ પૂર્ણ કરી ૧૮૩૬માં તેઓ બર્લિન યુનિવર્સિટીમાં કાયદાના વિદ્યાર્થી તરીકે જોડાયા. અહીં તેઓ હેગલના વિચારોની અસર નીચે આવ્યા. આ ઉપરાંત અહીં તેમના પર મેક્સ સ્ટર્નરનો પણ પ્રભાવ પડ્યો હતો. જેને લીધે તેઓ કાયદાનો અભ્યાસ છોડીને તત્વજ્ઞાનના અભ્યાસમાં જોડાયા. ઈ.સ. ૧૮૪૧માં તેમણે જેના(Jena) યુનિવર્સિટીમાં માત્ર ૨૩ વર્ષની ઉંમરે* 'The Differences between the Natural Philosophy of Demokritus and Epicurus *વિષય પર પોતાનો મહાનિબંધ રજૂ કર્યો.*

*મૂડીવાદી વિચારધારા માટે માર્ક્સના વિચારો ખૂબ પડકાર સમાન છે. ઇર્વિંગ ઝટલીન જણાવે છે કે સમાજશાસ્ત્રના છેલ્લાં ૧૦૦ વર્ષના ઈતિહાસને માર્ક્સના આત્માના વાદ-વિવાદના ઈતિહાસ તરીકે ઓળખી શકાય. સી. રાઈટ. મિલ્સના મતે જેઓ કાર્લ માર્ક્સના વિચારો અમાન્ય રાખે છે તેઓ પોતાની શાખાની પ્રતિષ્ઠિત પરંપરાને અમાન્ય રાખે છે. સમાજશાસ્ત્ર માટે માર્ક્સના સામાજિક પરિવર્તનના વિચારો મહત્વના છે. માર્ક્સે દ્વન્દ્વવાદી સંઘર્ષની ચર્ચા કરી. હેગલે સૌ પ્રથમ દ્વન્દ્વ શબ્દનો ઉપયોગ કર્યો હતો. દ્વન્દ્વવાદને સર્વગ્રાહી અને સભાન રીતે રજૂ કરનાર તે પ્રથમ હતા. હેગલના મતે માનવજાત સતત પ્રગતિ કરે છે. પરંતુ તે ક્યા સિદ્ધાંતના આધારે પ્રગતિ કરે છે તે સમજવું મહત્વનું છે કારણ ભૌતિક વિશ્વનો આધાર વિચાર કે ચેતનાની અભિવ્યક્તિ છે. એટલે કે વિચાર પહેલો આવે છે અને ભૌતિક બાબત પછી જોવા મળે છે. હેગલના મતે વિચાર વ્યક્ત થાય છે, ત્યારબાદ આંતરવિરોધ થાય છે અને છેલ્લે વિકાસ થઈ સમન્વયાત્મક વિચાર બને છે. તેના દ્વારા જ ઉત્ક્રાંતિમાં ક્રિયા-પ્રતિક્રિયા, વિધેયાત્મક અને નકારાત્મક વિચાર વ્યક્ત થાય છે અને છેલ્લે વિકાસ શક્ય બને છે. વાદ-પ્રતિવાદ-સંવાદ શક્ય બને છે. આ દ્વારા પરિવર્તન જોવા મળે છે. હેગલના મતે*

સમાજ અમૂર્ત વિચારના મૂર્ત અભિવ્યક્તિ છે. વિચારમાં વ્યક્ત થતાં આંતરવિરોધોમાં જ વિકાસ સમાયેલો છે. હેગલના મતે આ પ્રક્રિયા દ્વારા સમાજનો વિકાસ થાય છે. દરેક વિદ્વાન સમાજોને જુદા જુદા વિકાસના દરજ્જામાં વર્ગીકૃત કરવાનો પ્રયત્ન કરે છે. હેગલના મતે જર્મન સૌથી વધારે વિકસિત રાજ્ય છે અને બાકીનું વિશ્વ જર્મનીના આધિપત્ય માટે અસ્તિત્વ ધરાવે છે.

## ૨.૧ કાર્લ માર્ક્સના મુખ્ય પુસ્તકો :

1. The Holly Family (1845)
2. The German Ideology
3. The Poverty of Philosophy (1847)
4. Communist Menifesto (1848)
5. Das Capital (1867)

## ૨.૨ કાર્લ માર્ક્સનો દ્વન્દ્વાત્મક ભૌતિકવાદ :

માર્ક્સે આ વાદ વિકસાવવા માટે હેગલ અને ફાયરબાખના વિચારોનો ઉપયોગ કર્યો હતો. ફાયરબાખે જણાવ્યું કે ફિલસૂફી માત્ર ચિંતન પૂરતી સિમિત ન રહેવી જોઈએ પરંતુ પ્રકૃતિ અને માનવીનું પરીક્ષણ થવું જોઈએ. ફાયરબાખના મતે પ્રકૃતિ પ્રાથમિક અને મુખ્ય છે અને તેનો સતત વિકાસ થાય છે. માર્ક્સ પદાર્થને અનંત અને શાશ્વત માને છે. ભૌતિક જગત સતત પરિવર્તન પામે છે. ભૌતિકશાસ્ત્રના સિદ્ધાંતને માર્ક્સે સ્વીકાર્યો છે. એટલે કે પદાર્થનું રૂપાંતર થાય છે, વિનાશ થતો નથી. જગતમાં ગતિમાન પદાર્થ સિવાય બીજુ કંઈ છે નહીં. એટલે કે ભૌતિકવાદને તેઓ સમર્થન આપે છે. સાથે સાથે ગતિને સ્વીકારે છે અને પદાર્થનો નાશ નથી, રૂપાંતર છે એ બાબત પણ સ્વીકારે છે.

દ્વન્દ્વવાદ અને ભૌતિકવાદ સંકળાયેલા છે. દ્વન્દ્વવાદ વિશ્વનું પરીક્ષણ, તેની ગતિ, પરિવર્તન તથા વિકાસની સ્થિતિમાં કરે છે. એટલે કે આપણા રોજબરોજના અનુભવો, વિજ્ઞાનનો વિકાસ સામાજિક ઐતિહાસિક પ્રવૃત્તિનું નિરીક્ષણ કરે છે. ભૌતિક જગતના વિકાસમાં ચેતના-વિચારો, સિદ્ધાંતો, અને દૃષ્ટિબિંદુમાં સતત પરિવર્તન આવે છે. કોઈપણ વસ્તુ કે ઘટનાને સમજવા માટે સતત નિરીક્ષણ કરવું જોઈએ. પરિવર્તન એ માનવ સમાજના ચિંતનનો વિકાસ અને પ્રત્યક્ષીકરણ દર્શાવે છે. એંજલ્સ માને છે કે દ્વન્દ્વવાદ ગતિના સર્વસામાન્ય નિયમોનો અને પ્રકૃતિ, માનવ સમાજ તથા ચિંતનના વિકાસનું વિજ્ઞાન છે. કાર્લ માર્ક્સના મતે દ્વન્દ્વવાદમાં પરિવર્તન નિશ્ચિત વર્તુળોમાં આવતું નથી, પરંતુ વિવિધ વલયોમાં આવે છે. અને આ વલયોના ક્રમમાં તે ગહનથી અતિગહન, સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ રીતે આવે છે.

માર્ક્સના મતે દ્વન્દ્વવાદ કોઈ પણ ઘટનાને તેના સામાજિક, રાજકીય અને આર્થિક વાતાવરણના સંદર્ભમાં તપાસે છે. દ્વન્દ્વવાદમાં વિકાસ ઉપર ભાર મૂકાય છે. મુખ્ય પ્રશ્ન એ છે કે વિકાસના સ્ત્રોતો ક્યા છે, ક્યા પરિબળોને કારણે વિકાસ થાય છે. કોઈપણ વિકાસની પ્રક્રિયામાં અનેકવિધ તત્ત્વો સમાયેલા હોય છે. આ તત્ત્વોમાં એકતા અને વિરોધ એકસાથે જોવા મળે છે. આ વિરોધ તથા એકતા કઈ રીતે સાથે કાર્ય કરે છે તે સમજવું જોઈએ. કોઈપણ ઘટના માત્ર એક પરિબળ પર આધારિત હોતી નથી.

અનેકવિધ પરિબળો કઈ રીતે શાંતિમય સહઅસ્તિત્વ ધરાવે છે કે સતત ટકરાતા રહે છે તે એક પ્રશ્ન છે. કાર્લ માર્ક્સના મતે વિરોધી તત્ત્વો વચ્ચે સંઘર્ષ જોવા મળે છે. પરંતુ વાદ-પ્રતિવાદ-સંવાદ રચાય છે, એટલે કે ઘર્ષણ જ વિકાસનો સ્રોત છે. સામાજિક વિકાસમાં પણ આ આંતરિક વિરોધો સતત જોવા મળે છે અને અસંખ્ય આંતર વિરોધો સતત જોઈ શકાય છે. આ આંતરવિરોધ ત્રણ પ્રકારે જોવા મળે છે :

## ૧. આંતરિક અને બાહ્ય આંતરવિરોધ :

માર્ક્સના મતે આંતરિક આંતરવિરોધ એટલે વસ્તુના અને ઘટનાના વિરોધી પાસાંની આંતરક્રિયાઓ વચ્ચેનું ઘર્ષણ. અને બાહ્ય વિરોધ એટલે વસ્તુનો અથવા ઘટનાનો તેના વાતાવરણ સાથેનો અને વાતાવરણનો વસ્તુ અને ઘટના સાથેનો વિરોધી સંબંધ. દ્વન્દ્વવાદમાં બંને પ્રકારના વિરોધો મહત્વના છે કારણ કે વિરોધ વિકાસની પ્રક્રિયા તરફ દોરી જાય છે. આંતરિક અને બાહ્ય વિરોધ ઘટનાને સ્પષ્ટ બનાવે છે અને સુસ્પષ્ટ રીતે પોતાની મર્યાદા તથા તાકાતને છતાં કરે છે.

## ૨. વિષમ આંતરવિરોધ અને બિનવિષમ આંતરવિરોધ :

વિષમ આંતરવિરોધ એવા પદો વચ્ચે જોવા મળે છે કે જેમના હિત પરસ્પર કટ્ટર વિરોધી હોય છે. આ વિરોધ અનેકવિધ સંજોગોને કારણે હોઈ શકે છે. અને મોટાભાગે આ અથડામણો ચાલતી રહે છે. આ અથડામણો સંઘર્ષમાં પરિણમતી હોય છે. વિચારસરણીઓ, સંજોગો સામાજિક રચનાતંત્રને કારણે આવો વિરોધ જોવા મળે છે. વિષમ આંતરવિરોધની સમજૂતી શક્ય નથી. તેમાં સામાજિક ક્રાંતિ એકમાત્ર ઉકેલ છે. બિનવિષમ આંતરવિરોધોમાં લગભગ સામાજિક જૂથો વચ્ચે મેળ બેસતો હોય પરંતુ એ લોકો વચ્ચે પણ આંતરવિરોધ જોવા મળે છે. જો કે એવા આંતરવિરોધોમાં જૂથો વચ્ચે પરસ્પર મેળ ખાતો હોય છે.

## ૩. મૂળભૂત અને બિનમૂળભૂત આંતરવિરોધો :

સમાજના કેટલાક આંતરવિરોધો મૂળભૂત છે. સમાજમાં અનેક પ્રકારના આંતરવિરોધો હોય છે. આ આંતરવિરોધોમાં જે પાયાના આંતરવિરોધો છે તેને સમજવા જોઈએ. આવા આંતરવિરોધો વૈચારિક કક્ષાએ વધારે હોય છે અને તેનો પ્રભાવ સમાજ ઉપર જોવા મળે છે. આંતરવિરોધ મૂળભૂત છે અને વાસ્તવિક પરિસ્થિતિમાં તમામ પ્રકારના આંતરવિરોધ સ્પષ્ટ રીતે પરસ્પર સંકળાયેલા જોવા મળે છે.

કાર્લ માર્ક્સ સામાજિક પરિવર્તનના ખ્યાલની પણ ચર્ચા કરે છે. માર્ક્સ માને છે કે સામાજિક પરિવર્તનો હંમેશા ધીમાં હોય છે. માર્ક્સના મતે ક્રાંતિને સમજવા માટે પરિસ્થિતિનું ગુણાત્મક વિશ્લેષણ જરૂરી છે. પરિવર્તન ક્યા સ્વરૂપનું છે તે સમજવું જરૂરી છે. પરિવર્તન સમાજના ભૌતિક અને અભૌતિક બંને પાસાંમાં આવે છે. જગતમાં બનતી ઘટનાઓ પરસ્પર સંકળાયેલી છે. સામાજિક વિકાસના સાતત્યને સમજવું પડે. વાસ્તવિક રીતે જોઈએ તો પરિમાણાત્મક અને ગુણાત્મક પરિવર્તનો સંકળાયેલા છે. સમાજના વિકાસમાં આ બંને મહત્વના છે. કાર્લ માર્ક્સે ઐતિહાસિક ભૌતિકવાદ અને દ્વન્દ્વવાદની ચર્ચા કરી. માર્ક્સના મતે એક વિચારની સાથે જ પ્રતિવાદ અસ્તિત્વ ધરાવે છે. વાદ-પ્રતિવાદ અને સંવાદ આ ત્રણ તબક્કા દરેક સમાજમાં જોવા મળે છે.

ઐતિહાસિક ભૌતિકવાદ ના કાર્લ માર્ક્સના સામાજિક અને આર્થિક સિદ્ધાંતોનું હાર્દ છે. વિશ્વ ઉત્ક્રાંતિ પામે છે અને ઉત્ક્રાંતિ દ્વન્દ્વવાદથી થાય છે. હેગલ માને છે કે ભૌતિક વિશ્વ એ માનવના આદર્શ વિશ્વનું પ્રતિબિંબ છે. જ્યારે માર્ક્સ માને છે કે આદર્શ વિશ્વ એ ભૌતિક વિશ્વનું પ્રતિબિંબ છે. હેગલ વિચારને પાયો માને છે જ્યારે માર્ક્સ પદાર્થને પાયો માને છે.

ઐતિહાસિક ભૌતિકવાદ દ્વારા માર્ક્સે Social existance અને Conciousnessના ખ્યાલો રજૂ કર્યા. સામાજિક અસ્તિત્વમાં સમાજના ભૌતિક જીવનની ખાસ કરીને લોકોની ઉત્પાદન પ્રક્રિયા અને આર્થિક સંબંધોને વણી લેવાયા છે. જ્યારે સામાજિક ચેતનામાં લોકોના બૌદ્ધિક જીવનને આવરી લેવાયું છે. માર્ક્સ સામાજિક અસ્તિત્વને પ્રાથમિક અને ચેતનાને ગૌણ ગણે છે. એટલે કે માર્ક્સના મતે શ્રમ મહત્વનો છે, પાયાનો છે. ફ્રેડરિક એંજલ્સના મતે માનવીના સર્જનમાં શ્રમ મહત્વનો છે. માર્ક્સના મતે વ્યક્તિત્વ વિકાસ અને સામાજિક વિકાસ માટે માનવને રોટી, કપડા અને મકાન મૂળભૂત જરૂરિયાતો પૂરી થવી જરૂરી છે. અને તે દ્વારા જ માનવનો વિકાસ શક્ય છે. માર્ક્સનો મુખ્ય હેતુ વિકાસના નિયમોનું પરીક્ષણ કરવાનો છે. તેનો હેતુ વિકાસમાં કઈ રીતે વિવિધ પરિબળો ભાગ ભજવે છે તેની શોધ કરવાનો છે. સાથે સાથે ઐતિહાસિક પ્રક્રિયામાં તેનું શું મહત્વ છે, વર્ગ સંઘર્ષ કઈ રીતે થાય છે તેની વૈજ્ઞાનિક સમજૂતી આપવાનો પ્રયત્ન છે. સમાજમાં બૌદ્ધિક જીવનનો આધાર ભૌતિક સંબંધો ઉપર છે. માર્ક્સના મતે ઉત્પાદનના સાધનો, ઉત્પાદનના સંબંધો અને વિચારસરણી એ ત્રણ મહત્વના છે. તેમના મતે આ ત્રણમાંથી કોઈપણ એકમાં ફરક થાય તો પરિવર્તન આવે છે.

**૧. ઉત્પાદનના સાધનો :**

સમાજ જ્યારે કુદરતી ચીજવસ્તુઓ ઉપર આધારિત હતો ત્યારે ઉત્પાદનના સાધનો સામાન્ય હતા અને આર્થિક બાબતો મહત્વની નહોતી. જ્યારે ધીમે ધીમે વ્યક્તિએ કુદરતી ચીજોમાંથી રૂપાંતર કરી માનવ વપરાશની વસ્તુઓ બનાવવા માંડી ત્યારે સ્વાભાવિક રીતે ઉત્પાદનના સાધનો અને ટેક્નોલોજી મહત્વના બન્યા. ઉત્પાદનના સાધનો ઈતિહાસની પ્રક્રિયાની પાયાની વાત છે. માનવી ઉત્પાદનના સાધનો દ્વારા શ્રમ કરે છે અને તેથી શ્રમ પણ અગત્યનો બને છે. સાથે સાથે વાહન પણ મહત્વના બને છે. ખાસ આ ત્રણેય બાબતો શ્રમ, ઉત્પાદનના સાધનો અને વાહન પરસ્પર આધારિત રહે છે અને તે દ્વારા સમાજ માટે, માનવ વપરાશ માટે ચીજવસ્તુઓનું ઉત્પાદન થાય છે.

**૨. ઉત્પાદનના સંબંધો :**

ઉત્પાદનના સાધનો અને પ્રક્રિયાને કારણે માનવ સંબંધો પણ નિશ્ચિત થાય છે. માર્ક્સ જણાવે છે કે લોકો ઉત્પાદન કરવા માટે પરસ્પર જોડાય છે અને એ જોડાણ ચોક્કસ પ્રકારના સંબંધો સર્જે છે. આમાં ઉત્પાદનના સાધનોની માલિકી પણ મહત્વનો ભાગ ભજવે છે. ઉત્પાદનમાં માનવશ્રમ અને અપાતા વળતરનો પરસ્પર વિનિમય થાય છે. ઉત્પાદનના સાધનો જેની પાસે હોય તે માલિક ગણાય છે. મૂડીવાદી સમાજના મુઠ્ઠીભર લોકોના હાથમાં જ ઉત્પાદનના સાધનોની માલિકી હોય છે. મિલ્કત ખાનગી હોય છે અને તેથી વર્ચસ્વ અને તાબેદારીના સંબંધો જોવા મળે છે. ઉત્પાદનના સાધનોને

કારણે માલિકો ઉત્પાદનમાં ભાગ ન લે અને છતા મોટાભાગનો નફો પ્રાપ્ત કરે છે. ઉત્પાદન કરનાર મજૂરને એ નફાથી વંચિત રાખવામાં આવે છે. ઉત્પાદનના સાધનોની માલિકી બદલાય છે. વિનિમય અને સામાજિક જૂથોની સામેલગીરી બદલાય છે. સામાજિક સામેલગીરી અને ભૌતિક સંપત્તિની વહેંચણી બંને સમજવા જરૂરી છે. મૂડીવાદી વ્યવસ્થામાં મૂડીપતિઓ યંત્રોની માલિકી ધરાવે છે અને કામદારોને કામ કરવા ફરજ પાડે છે. એક વર્ગ આ સાધનોનો ઉપયોગ બીજા માટે કરે છે. કામદારો અને માલિકો બંને સતત સારા સંબંધો ધરાવતા હોતા નથી. પરંતુ એક વર્ગની લાચારી સામે બીજો વર્ગ મજબૂતાઈથી કામ કરે છે.

## ૨.૩ સમાજનું ઉચ્ચસ્તરીય માળખું :

હેગલના મતે વિચારસરણીઓ અને મૂલ્યો સમાજના માળખા ઉપર અસર કરે છે જ્યારે માર્ક્સ માને છે કે ભૌતિક અને આર્થિક સંબંધો સમાજની તમામ સંસ્થાઓના માળખા અને કાર્યો નક્કી કરે છે. સમાજનું ઉચ્ચસ્તરીય માળખું એટલે સામાજિક વિચારસરણી, ધર્મો, આદર્શો, મૂલ્યો અને દૃષ્ટિકોણો. જ્યારે સંસ્થાઓ એટલે કુટુંબ, રાજ્ય, શિક્ષણ, કાયદાઓ, પ્રચાર, આનંદપ્રમોદના સાધનો અને રાજકીય પક્ષો. સમાજના બંને પાસાઓને સાથે જોવા જરૂરી છે. માર્ક્સના મતે સત્તા રાજ્ય સાથે સંકળાયેલી છે. રાજ્ય સમાજમાં આંતરિક વિકાસની પેદાશ છે. હેગલના મતે સ્વાભાવિક રીતે જ વિચાર મહત્વનો છે. જ્યારે માર્ક્સ માટે ઉત્પાદનના સાધનોની માલિકી વધુ મહત્વની છે. હેગલ સમાજના ઉચ્ચસ્તરીય માળખાને વિચાર આધારિત કહે છે. જ્યારે માર્ક્સ માને છે કે ભૌતિક ઉત્પાદનમાં પરિવર્તન આવે ત્યારે રાજ્યમાં પણ પરિવર્તન આવે છે. માર્ક્સના મતે આર્થિક પ્રભુત્વ ધરાવતો વર્ગ રાજ્યની રચના દ્વારા પીડિત અને શોષિત લોકોને નિ ંત્રણમાં રાખવા કરે છે. આર્થિક વર્ચસ્વ ધરાવનારા લોકો પાસે ઉત્પાદનના સાધનોનો ઈજારો હોય છે અને એના કારણે તેઓ રાજકીય સત્તા ઉપર પણ પ્રભુત્વ ધરાવે છે. મૂડીવાદી સમાજમાં ઉત્પાદનના સાધનોની ઈજારાશાહી સાથે મિલકતમાંથી કમાણી એ પણ એક ચોક્કસ પ્રકારની આવક ઊભી કરે છે. મૂડીવાદી સમાજ પોતાના હિતો, પોતાનું વર્ચસ્વ જાળવી રાખવા માટે વિચારસરણીઓ ઊભી કરી એ મુજબ એક ચોક્કસ પ્રકારનું માળખું ઘડવાનો પ્રયત્ન કરે છે. જ્યારે શોષિત વર્ગ પોતાના શોષણ સામે જેહાદ જગાવવા એકત્ર થઈ શોષણને નાબૂદ કરવા વિચારસરણી ઊભી કરે છે. આ વિચારસરણીઓ વચ્ચે સંઘર્ષ થાય છે. આ વિચારસરણીઓમાં ધર્મ, આદર્શ, મૂલ્ય, દૃષ્ટિકોણ, વિચાર વગેરે બધું જ નક્કી થાય છે. ફ્રેડરિક એંજલ્સના મતે ધર્મ એટલે માનવીને તેના રોજબરોજના જીવનમાં નિયંત્રણ કરનાર બહારની અલૌકિક શક્તિઓના બળોનું અદ્ભુત પ્રતિબિંબ. માર્ક્સ ધર્મને અફીણ ગણાવે છે. તેના મતે ધર્મ વિજ્ઞાન અને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણનો સખત વિરોધ કરે છે. ધર્મ લોકોને સ્વર્ગ અને મોક્ષના ખ્યાલો બતાવી શોષણને વશ થવાનો આદેશ આપે છે. મોટાભાગના ધર્મો લોકોને અત્યારના કષ્ટો સહન કરી આવતી કાલના સ્વપ્ન બતાવે છે, જે આવતીકાલ માણસ જોઈ શકતો નથી. આવા આવતીકાલના સ્વપ્નમાં સ્વાભાવિક રીતે જ માણસ શોષણને તાબે થાય છે. ધર્મ વાસ્તવિક્તાને પોતાના દૃષ્ટિકોણથી વિઘટન કરી સમજાવે છે. ધર્મ સાથે વિચારસરણી સંકળાયેલી છે. ધર્મ જીવનના સમગ્ર પાસાઓ અંગે ચર્ચા કરે છે અને

વ્યવસ્થિત રીતે પોતાના અર્થઘટનો રજૂ કરે છે. આમ ધર્મ સ્વાભાવિક રીતે જ સામાજિક પરિવર્તનને અટકાવવાનો પ્રયત્ન કરે છે. ધર્મમાં પરિવર્તન અંગે કોઈ વ્યવસ્થા હોતી નથી. ધર્મ સ્વાભાવિક રીતે જ માનવજીવનના તમામ પાસાંઓને અલૌકિક શક્તિના સંદર્ભમાં સમજાવવાનો પ્રયાસ કરે છે.

## ૨.૪ આર્થિક માળખા અને ઉચ્ચસ્તરીય માળખા વચ્ચેના સંબંધો :

સમાજમાં આર્થિક માળખુ એક મહત્વની બાબત છે. ઉચ્ચસ્તરીય માળખાના સંદર્ભમાં આર્થિક માળખું મહત્વનો ભાગ ભજવે છે. પ્રાચીન આદિમ સમાજોમાં ખાનગી માલિકી અને વર્ગો વચ્ચે વિષમ તત્ત્વ નહોતું. પરંતુ માલિક અને ગુલામ એ સંબંધો રચાતા. માલિકીને યોગ્ય ઠરાવવા ચોક્કસ પ્રકારના વિચારો અને સંસ્થાઓ અસ્તિત્વમાં આવ્યા. વિવિધ વર્ગો ઊભા થયા અને આ વર્ગોને ટકાવી રાખવા, આ વર્ગોના હિતોને જાળવી રાખવા ચોક્કસ પ્રકારના ખ્યાલો, વિચારસરણીઓ અસ્તિત્વમાં આવી. સમાજ ચોક્કસ મૂલ્યો પર આધારિત હોય છે અને તે આધારિત જ વિચારસરણીઓ ઘડે છે. ક્યારેક સમાજના આંતર માળખામાં વિરોધ પણ જોવા મળે છે. મોટા મોટા દાન કરનાર વ્યક્તિઓ પણ પોતાની પાસે કામ કરનારાઓનું શોષણ કરતા જોવા મળે છે. વિષમ વર્ગો જે સમાજમાં હોય ત્યાં આંતરવિરોધ અચૂક જોવા મળે છે. દરેક સમાજમાં કેટલાક વર્ગો આર્થિક વર્ચસ્વ ધરાવતા હોય છે . આર્થિક વર્ચસ્વ ધરાવનારા લોકો અને વંચિત લોકો બંનેના હિતો ટકરાતા હોય છે. વિષમ વર્ગો જે સમાજમાં હોય ત્યાં ઉચ્ચસ્તરીય માળખું આંતરવિરોધોને વ્યક્ત કરે છે. સમાજના વિવિધ વર્ગો અને સામાજિક જૂથો આર્થિક રીતે વર્ચસ્વ ધરાવે છે. તેમના વિચારો અને સંસ્થાઓનો વ્યાપ ફેલાયેલો હોય છે. માર્ક્સ અને ફેડરિક એંજલ્સના મતે સમાજનો શોષક ભૌતિક પરિબળ બની રહે તો મૂડીદાર વર્ગ પોતાનું બૌદ્ધિક પરિબળ પણ વિકસાવતો જાય છે.

મૂડીવાદી સમાજમાં મૂડીપતિ વર્ગ આર્થિક વર્ચસ્વ ધરાવે છે, પરંતુ કામદાર વર્ગ પણ શાંત રહેતો નથી. તેઓ પોતાના સંગઠન બનાવે છે, નીતિ નિયમો ઘડે છે અને પોતાનો વ્યાપ વધારે છે. સામાજિક-આર્થિક પદ્ધતિમાં અથવા આર્થિક માળખામાં આવતા પરિવર્તનો ઉચ્ચસ્તરીય માળખામાં પરિવર્તન લાવે છે અને રાજકીય શાસન પણ બદલે છે. તે સામાજિક ચેતનામાં પણ પરિવર્તન લાવે છે. સમાજનું ઉચ્ચસ્તરીય માળખું આર્થિક માળખામાંથી ઉદ્દભવે છે. પરંતુ તે સાપેક્ષ રીતે સ્વતંત્ર અને સક્રિય ભૂમિકા ભજવી શકે છે. કોઈ પણ સમાજનો વિકાસ સતત થતો રહે છે અને પરિવર્તન આવતું જાય છે. જો કે જૂની બાબતો સંપૂર્ણપણે નષ્ટ પામતી નથી છતાં પરિવર્તન આવતું રહે છે, સાતત્ય ચાલતું રહે છે જે ખૂબ જટિલ હોય છે. મૂડીવાદ પોતાના વિચારોને સ્પષ્ટ રીતે ફેલાવવાનો પ્રયત્ન કરે છે. સમાજનું ઉચ્ચસ્તરીય માળખું પોતાની રીતે વિચારસરણીઓને જ્યારે પ્રસરાવવાનો પ્રયત્ન કરે છે ત્યારે સ્વાભાવિક રીતે જ પોતાના ખ્યાલો પ્રમાણેના ચોક્કસ માળખા વ્યવસ્થિત રીતે ચાલે તેનો પ્રયત્ન કરે છે. અને આ ઉચ્ચસ્તરીય માળખું ઉત્પાદનના સંબંધોને પણ નિયંત્રીત રાખે છે. માર્ક્સના મતે સમાજવાદના ઉદ્દભવને કારણે સંઘર્ષ અને પરિવર્તનનો ઈતિહાસ થંભી જશે. માર્ક્સના મતે સમાજવાદમાં એક વર્ગ બીજા વર્ગની વિરુદ્ધ કામ કરશે નહીં. તેથી વર્ગ સંઘર્ષ

છે. માર્ક્સના મતે કોઈ પણ સમાજ સંપૂર્ણ રીતે સમાન અને માત્ર એક જ દરજ્જાધારી હોતો નથી. દરેક સમાજમાં વ્યવસ્થિત રીતે વિવિધ પ્રકારના દરજ્જા ધરાવતા જનસમૂહો જોવા મળે છે જેમની જીવન પ્રણાલી ચોક્કસ પ્રકારની હોય છે. એમના જીવન અંગેનો ખ્યાલ, એમની જીવનની ચોક્કસ પરિસ્થિતિ વગેરે વ્યવસ્થિત રીતે સમાજમાં વણાઈ જતી હોય છે. વર્ગમાં ત્રણ તત્ત્વો મહદ અંશે જોવા મળે છે.

૧. ઉત્પાદન સાધનો સાથે વર્ગોનો સંબંધો

૨. ભૌતિક ઉત્પાદનમાં તેમનું સ્થાન અને ભૂમિકા

૩. વિશિષ્ટ જીવનશૈલી રચાતી હોય તેવી આવક

વર્ગ રચના ધીમે ધીમે સત્તા પેદા કરે છે. સ્વાભાવિક રીતે જ વર્ગ રચના એ માનવની ઉત્પાદન શક્તિ, કલ્પના, ટેક્નિકલ તાકાત વગેરે દ્વારા ધીમે ધીમે સંપત્તિનો સંચય કરે છે. ખાનગી માલિકી એ પરસ્પર હિત સંઘર્ષ છે. માર્ક્સ અને એંજલ્સ પોતાના પુસ્તકમાં લખે છે કે માનવ સમાજનો ઈતિહાસ એ વર્ગ સંઘર્ષનો ઈતિહાસ છે. માર્ક્સના મતે કેટલાક ઉત્પાદનના સાધનો ધરાવતા લોકો એક સમૂહમાં હોય છે. જ્યારે બીજી બાજુ જેની પાસે પોતાની મજૂરી છે એવા લોકો અસ્તિત્વ ધરાવે છે. આ બન્ને પોતાના હિતોને સાચવવા પ્રયત્ન કરે છે. આદિમ સામ્યવાદી માણસમાંથી ગુલામ રાખી શકાય તેવો સમાજ ઉદ્ભવ્યો. ત્યારબાદ સામંતવાદી સમાજ જેમાં અમીરો, ઉમરાવો જેવા પ્રભુત્વ ધરાવતા માણસો વિવિધ વર્ગોમાં સ્થિર થયા. પ્રભુત્વની કક્ષા પ્રમાણે વર્ગ જોવા મળે છે. સ્વાભાવિક રીતે જ દરેક વર્ગ પોતાના હિતમાં કાર્ય કરવાનો પ્રયાસ કરે છે. વર્ગ સંઘર્ષ મૂળભૂત વર્ગો વચ્ચે જોવા મળે છે. વર્ગ સંઘર્ષ સમાજના વિકાસનો સ્રોત છે. માર્ક્સના મતે જેની પાસે ઉત્પાદનના સાધનો નથી તે બીજા વર્ગ સાથે સંઘર્ષમાં ઉતરે છે. સંઘર્ષનો સર્વોચ્ચ તબક્કો સામાજિક ક્રાંતિ છે. સામાજિક ક્રાંતિ સામાજિક વ્યવસ્થાને ઉખાડીને ફેંકી દે છે. તે વ્યવસ્થિત રીતે વ્યવસ્થા ચલાવશે અને સૌને સમાનતા આપવાનો પ્રયત્ન કરશે. ઈતિહાસ તરફ નજર કરીએ તો નવી નવી શોધો, વિજ્ઞાનનો વિકાસ એ કેટલાક લોકોને મદદરૂપ બન્યો કારણ કે રાજ્ય, લશ્કર અને ધર્મ તે સૌ બધાનું રક્ષણ કરતા અને સ્વાભાવિક રીતે જ તે સંઘર્ષને ડામી દેવામાં આવતો. મૂડીવાદમાં ઉત્પાદનની જરૂરિયાત પરિપૂર્ણ કરવા સૌ કામદાર એક સ્થળે એકત્ર થઈ કામ કરતા અને ઉત્પાદન જરૂરિયાતની માંગને પહોંચી વળતું. એક જ જગ્યાએ થતું ઉત્પાદન વ્યવસ્થિત રીતે વ્યક્તિઓને એકત્ર કરી એક ચોક્કસ પ્રકારની જીવનપ્રણાલી પ્રદાન કરે છે અને મૂડીવાદી સમાજ સર્જે છે. માર્ક્સના મતે મૂડીવાદ એ ચોક્કસ પ્રકારની સમાજવ્યવસ્થા છે. આ સમાજવ્યવસ્થા ચોક્કસ પ્રકારના લોકોનું શોષણ કરે છે. મૂડીવાદમાં મજૂર જે ઉત્પાદન કરે છે અને માલિક એ ઉત્પાદિત વસ્તુમાંથી જે નફો મેળવે છે તે અધિશેષ મૂલ્ય માલિક પાસે જમા થાય છે. આ અધિશેષ મૂલ્ય માલિકને મજૂરથી જુદો પાડે છે અને આવા અનેક મજૂરોના ઉત્પાદનમાંથી મૂડીવાદી વધુ ને વધુ સંચય કરી શકે છે. આ સંચયમાંથી તે અન્ય આવક પણ પ્રાપ્ત કરે છે. કામદારો જે કામ કરે છે તેના વળતરરૂપે તેને માન્ય વેતન પણ અપાય છે. આ માન્યતા રાજ્ય અને કાયદા દ્વારા પ્રભાવી વર્ગ નક્કી કરે છે. માર્ક્સના મતે મૂડીવાદમાં માલિક કામદારોનું શોષણ કરે છે એટલે કે મૂડીવાદી સમાજનો ઈતિહાસ એ કામદાર વર્ગ અને મૂડીવાદી વર્ગ વચ્ચેના સંબંધોનો ઈતિહાસ છે. મૂડીવાદી વર્ગ પોતાના આર્થિક વળતરની ચિંતા કરે છે, પરંતુ કામદાર વર્ગની ચિંતા કરતો નથી. તેને કારણે કામદાર વર્ગનું શોષણ થાય છે. આને

ઉદ્દ્ભવશે નહીં. માર્ક્સ એવું માને છે કે સામ્યવાદને કારણે ઉત્પાદનના સંબંધોમાં પરિવર્તન આવશે. અને તેનાથી સ્વાભાવિક રીતે જ સંઘર્ષ ઓછો થશે.

## ૨.૫ સામાજિક-આર્થિક સંગઠનના તબક્કા :

માર્ક્સ માને છે કે સમાજના વિકાસની સાથે સ્વાભાવિક રીતે જ નવી નવી અર્થ ઉત્પાદનની પદ્ધતિઓ ઉત્પન્ન થાય છે અને નવા નવા આર્થિક સંબંધો પ્રસ્થાપિત થાય છે. આ જટિલ ઘટનાઓની સમજૂતી એ જ ઈતિહાસના વિકાસની મૂળભૂત સમજૂતી છે. કાર્લ માર્ક્સના મતે ઉત્ક્રાંતિ અથવા વિકાસ સામ્યાવાદી વ્યવસ્થા ન આવે ત્યાં સુધી ચાલુ રહેશે. માર્ક્સના મતે સામાજિક-આર્થિક સંગઠન એ સમાજનું જટિલ અને વિકસતું રચનાતંત્ર છે. આ રચનાતંત્ર પ્રમાણે જ પરિસ્થિતિમાં પરિવર્તન આવે છે. વિવિધ સમાજો વિવિધ તબક્કાઓમાં જોવા મળે છે. દરેક સમાજ વિશિષ્ટ સ્વરૂપ ધરાવે છે કારણ કે વિવિધ તબક્કાઓમાં તે જોવા મળે છે. લેનિન માને છે કે આ પ્રાકૃતિક ઐતિહાસિક પ્રક્રિયા છે અને તેણે વિવિધ સમયખંડોમાં સમાજોને વ્યવસ્થિત રીતે વહેંચ્યો છે.

૧. આદીમ સમાજ
૨. ગુલામવાદી સમાજ
૩. સામંતવાદી સમાજ
૪. મૂડીવાદી સમાજ
૫. સમાજવાદી સમાજ
૬. સામ્યવાદી સમાજ

માર્ક્સના મતે દરેક સમાજો વિકાસની સાથે સાથે આવા કેટલાક ચોક્કસ લક્ષણો ધરાવે છે અને દરેક તબક્કામાં નવા તબક્કા માટેની ભૂમિકા સર્જાતી હોય છે. તેમાં વ્યવસ્થિત રીતે જ દ્વન્દ્વ એટલે કે સંઘર્ષ જોવા મળે છે. માર્ક્સ માને છે કે અસ્તિત્વ ધરાવતી વ્યવસ્થામાં આ તણાવ જોવા મળે છે.

## ૨.૬ સામાજિક પરિવર્તન અને દ્વન્દ્વાત્મકતા :

માર્ક્સના મતે ઉત્પાદન સંબંધો ઉત્પાદનના સાધનોના વિકાસને આધારે થાય છે. ઉત્પાદન કદી પણ સ્થિર રહેતું નથી, સતત વધે છે, વિકસે છે અને સુધરે છે. લોકોની વધતી જરૂરિયાત મુજબ આ પરિવર્તન જોવા મળે છે. સ્વાભાવિક રીતે જ ઉત્પાદનમાં સાધનો બદલાય છે, તેની પદ્ધતિ બદલાય છે અને ધીમે ધીમે ઉત્પાદન સંબંધો પણ બદલાય છે. અનૌપચારિક્તામાંથી ઔપચારિક, બિલકુલ સાદાના સ્થાને જટિલ, વ્યવસ્થિત, કાયદેસરના એવા સંબંધો ધીમે ધીમે વિકસે છે.

## ૨.૭ વર્ગ અને વર્ગ સંઘર્ષ :

માર્ક્સને વર્ગ સંઘર્ષના સિદ્ધાંતનો જન્મદાતા માનવામાં આવે છે. દાસ કેપિટલ અને સામ્યવાદી ચોપાનિયાપત્રમાં માર્ક્સે વર્ગ સંઘર્ષના સિદ્ધાંતની વિસ્તૃત વ્યાખ્યા આપી

કારણે કેટલીક વખત સંઘર્ષ ઊભો થાય છે. મૂડીવાદી સમાજમાં જ સંઘર્ષ અને આંતરવિરોધના ચાર પ્રવાહો સતત જોવા મળે છે :

૧. મૂડીવાદીઓ અને કામદારો બે વિરોધી છાવણીઓમાં વહેંચાય છે.
૨. બંને વર્ગો પોતપોતાની સમાન સ્થિતિને કારણે અલગ અલગ વિભાગમાં વહેંચાઈ જાય છે.
૩. એક વર્ગ પાસે ધીમે ધીમે અધિશેષ મૂલ્ય એકત્ર થવાને કારણે સ્વાભાવિક રીતે જ સંપત્તિનો સંચય થાય છે અને બીજા વર્ગ સાથે ચોક્કસ પ્રકારનું અંતર ઊભું થાય છે.
૪. મૂડીવાદીઓમાં એક ચોક્કસ પ્રકારની ઇજારાશાહી ઊભી થાય છે.

જ્યારે પણ આ ચારેય પરિસ્થિતિનું અતિ તિવ્રતમ પરિસ્થિતિમાં રૂપાંતર થશે ત્યારે મૂડીવાદ ભાંગી પડશે. મૂડીવાદ જ્યારે સર્વોચ્ચ તબક્કામાં હશે ત્યારે સામ્રાજ્યવાદ ફેલાશે. સામ્રાજ્યવાદ વિશાળ મંડળોમાં સંગઠિત થઈ માત્ર નફાલક્ષી અર્થતંત્રોનો ઉદ્ભવ કરે છે જેને કારણે વર્ગ સંઘર્ષ ધીમે ધીમે સમીપ આવતો જશે અને છેલ્લે ક્રાંતિમાં પરિણમશે. જેમ જેમ મૂડીવાદ વિકસતો જશે તેમ તેમ એક ચોક્કસ પ્રકારનો કામદાર વર્ગ સંગઠિત થઈ ક્રાંતિ લાવવાનો પ્રયત્ન કરશે. મૂડીવાદી સમાજમાં વિવિધ બુદ્ધિજીવીઓ હોય છે પરંતુ તેઓ તેમના વર્ગના સભ્યોને એક ચોક્કસ સંગઠનમાં રૂપાંતર કરી શકતા નથી. કારણ કે તેઓ પણ વેતન મેળવતા હોય છે. જેમ જેમ મૂડીવાદનો વિકાસ થાય છે તેમ તેમ શોષિત વર્ગ સાથેનો તેમનો સંઘર્ષ ઉગ્ર અને સ્પષ્ટ બને છે અને પ્રગટ રીતે અભિવ્યક્ત પણ થાય છે.

## ૨.૮ વર્ગ સંઘર્ષના સ્વરૂપો :

માર્ક્સના મતે મૂડીવાદી વ્યવસ્થામાં જ સતત આંતરવિરોધ વ્યક્ત થાય છે અને ઔપચારિક સ્વરૂપે તે અભિવ્યક્ત થતો જોવા મળે છે. તેમાંથી વર્ગ સંઘર્ષના ત્રણ સ્વરૂપો જોવા મળે છે.

**આર્થિક વર્ગ સંઘર્ષ**

ઉત્પાદનની પ્રક્રિયામાં ઉત્પાદન પદ્ધત્તિને કારણે ચોક્કસ પ્રકારનો સંઘર્ષ જોવા મળે છે. આ પરસ્પરનો હિત સંઘર્ષ છે. મૂડીવાદીઓ કામદારોનું શોષણ કરે છે અને કામદારો પોતાનું વેતન સુધારવા માટે, કલાકો ઘટાડવા માટે, કામની પરિસ્થિતિ સુધારવા માટે સતત અપેક્ષા રાખે છે. જ્યારે જ્યારે કામદારોની માંગ પરિપૂર્ણ ન થાય ત્યારે હડતાલનું શસ્ત્ર ઉપયોગમાં લેવામાં આવે છે. આ સમયે વધુ ને વધુ કામદારો આ ચોક્કસ પ્રકારના સંઘર્ષમાં એકત્ર થાય એવો પ્રયાસ કરવામાં આવે છે. આવા સંઘર્ષો મૂડીવાદીઓને ઉથલાવી પાડવા માટે હોતા નથી. તેથી કામદારોની અપેક્ષા પ્રમાણે કેટલીક માંગો સ્વીકારાય કે પરિપૂર્ણ થાય છે. સ્વાભાવિક રીતે જ આમાં શોષણ નાબૂદ થતું નથી, પરંતુ તેને અંકુશમાં રાખવાનો પ્રયત્ન થાય છે. જેમ જેમ કામદાર વર્ગની વૃદ્ધિ અને વિકાસ થાય તેમ તેમ વધુ ને વધુ કામદારો એમાં સંકળાતા જાય છે. ક્યારેક તે રાજકીય સ્વરૂપ પણ ધારણ કરે છે.

## ૨. રાજકીય સંઘર્ષ

કામદાર વર્ગ જ્યારે જ્યારે પણ સંગઠિત થઈ રાજકીય સત્તા હાંસલ કરવાનો પ્રયત્ન કરે છે ત્યારે તે મૂડીવાદી વ્યવસ્થાને ખતમ કરી સામાજિક ક્રાંતિ લાવવાનો પ્રયત્ન કરે છે. જેના દ્વારા તે ધર્મ, કેળવણી અને રાજ્ય સૌનો પોતાની રીતે ઉપયોગ કરવાનો પ્રયત્ન કરે છે. વર્ગ સંઘર્ષમાં આ સર્વોચ્ચ પરિસ્થિતિ છે. આનો મૂળભૂત હેતુ સમાજવાદી ક્રાંતિનો છે.

## ૩. વૈચારિક સંઘર્ષ

માર્ક્સના મતે સમાજવાદી ક્રાંતિ માટે કામદાર વર્ગે સંગઠિત થઈ મૂડીવાદને ઉખેડવાની પરિસ્થિતિ રચવી પડે છે. પોતાના હિત માટે જાગૃત થવું પડે છે અને વૈકલ્પિક સમાજવ્યવસ્થા માટે પ્રયત્ન કરવો પડે છે. આ વૈકલ્પિક પ્રયત્નો માટે તેણે ચોક્કસ પ્રકારની વિચારસરણી તૈયાર કરવી પડે છે. કારણ કે સંઘર્ષ સમયે અને ત્યારબાદ નવા સમાજની સ્થાપના માટે તેણે સતત પ્રયત્નશીલ રહેવું પડે છે. વ્યક્તિએ સતત વિચારશીલ બની, પ્રયત્નશીલ બની એક ચોક્કસ પ્રકારના સમાજ માટે અને તેને સ્થાપવા માટેના સંઘર્ષ માટે તૈયાર થવું પડશે. માર્ક્સના મતે ત્યારબાદ વર્ગવિહિન સમાજરચનાનો ઉદ્ભવ થશે

## તમારી પ્રગતિ ચકાસો :

૧. દ્વન્દ્વ શબ્દનો સૌ પ્રથમ ઉપયોગ કોણે કર્યો હતો ?
૨. કાર્લ માર્ક્સનો દ્વન્દ્વાત્મક ભૌતિકવાદ સમજાવો.
૩. આર્થિક માળખાં અને ઉચ્ચસ્તરીય માળખાં વચ્ચેના સંબંધો સમજાવો
૪. કાર્લ માર્ક્સના વર્ગ સંઘર્ષ વિશેના વિચારો સ્પષ્ટ કરો.

૩. **પ્રસ્તાવના**
૩.૧ રાલ્ફ ડહરેન્ડોર્ફ **(Ralf Daherendorf)**
૩.૨ ડહરેન્ડોર્ફના મુખ્ય પુસ્તકો
૩.૩ દ્વન્દ્વાત્મક સંઘર્ષ સિદ્ધાંત
૩.૪ સંઘર્ષનો સિદ્ધાંત
૩.૫ સત્તા અને સંઘર્ષની સમજૂતી અને સમાજનો સિદ્ધાંત
૩.૬ ડહરેન્ડોર્ફની કલ્પનાનો સમાજ
૩.૭ માર્ક્સ અને ડહરેન્ડોર્ફ
૩.૮ ડહરેન્ડોર્ફના સિદ્ધાંતનું મૂલ્યાંકન


## ૩. પ્રસ્તાવના

*રાલ્ફ ડહરેન્ડોર્ફ, લેવિસ કોઝર અને રેન્ડાલ કોલિન્સ વિશ્લેષણાત્મક સંઘર્ષ સિદ્ધાંતના નિષ્ણાત સમાજશાસ્ત્રીઓ કહી શકાય. કારણ કે આ ત્રણેય વિચારકના મતે સંઘર્ષ સિદ્ધાંત એક વૈજ્ઞાનિક સમાજશાસ્ત્રના વિકાસમાં કેન્દ્રીય સંદર્ભ છે. આ ત્રણેય વિચારકો વિવેચનાત્મક સિદ્ધાંતશાસ્ત્રીઓથી જુદા છે. આ ત્રણેય વિચારકો સમાજ વિજ્ઞાનને તાત્ત્વિકરૂપથી રાજનૈતિક ગતિવિધિનો એક હિસ્સો માનવાનો અસ્વીકાર કરે છે. બીજું એ માને છે કે તથ્ય અને મૂલ્યને સમાજવિજ્ઞાનથી અલગ કરવું અનિવાર્ય છે. આ એટલું જરૂરી છે કે કોઈ પણ વિશ્લેષણ કરવાવાળા સિદ્ધાંતવેત્તા માટે ઉપકલ્પના બનાવવી ઘણી અઘરી છે. વિશ્લેષણાત્મક સિદ્ધાંતશાસ્ત્રીઓ બધા સમાજોને એક દિશામાં સ્તરીકૃત કરવામાં માનતા નથી. ત્રીજુ એ છે કે આ સિદ્ધાંતશાસ્ત્રીઓ એવા આદર્શ સમાજની કલ્પના નથી કરતાં જે વિવેકપૂર્ણ અને સંઘર્ષમુક્ત ન હોય એ તથ્યમાં વિશ્વાસ કરે છે.*

*આ ત્રણેય વિચારકોના સંઘર્ષ સિદ્ધાંતોની થોડી સમજ આ મુજબ છે.*

## ૩.૧ રાલ્ફ ડહરેન્ડોર્ફ (Ralf Daherendorf)

*વીસમી સદીમાં સંઘર્ષના સિદ્ધાંતના સમર્થકોમાં રાલ્ફ ડહરેન્ડોર્ફનું યોગદાન મહત્ત્વનું છે. રાલ્ફ ડહરેન્ડોર્ફનો જન્મ જર્મનીમાં ૧૯૨૯માં થયો. એમનું મોટાભાગનું શિક્ષણ જર્મનીમાં થયું. લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સમાં તેઓ નિર્દેશક તરીકે રહી ચૂક્યા છે.*

## ૩.૨ ડહરેન્ડોર્ફના મુખ્ય પુસ્તકો :

1. Class and Class Conflict in industrial Society (1959)

2. આ ઉપરાંત તેમના લેખો Out Of Utopia - "Towards a Reorientation of Sociological Analysis" in lewis coser and Bern and Rosenberg(eds) Sociological Theory.
3. Ralf Dahrendorf "Towards a Theory of Social Conflict" in Amitai Etzoni and Eva Etzioni Halvey (eds) Social change.

## ૩.૩ ડહરેન્ડોર્ફનો દ્વન્દ્વાત્મક સંઘર્ષ સિદ્ધાંત

ડહરેન્ડોર્ફ માર્ક્સની જેમ દ્વન્દ્વાત્મક સમાજશાસ્ત્રના સમર્થક માનવમાં આવે છે. ડહરેન્ડોર્ફે સંઘર્ષને અનિવાર્ય સામાજિક તથ્ય ગણ્યું છે. કેમકે સમકાલીન ઔદ્યોગિક સમાજોમાં સંપૂર્ણ સામાજિક જીવન હિતો અને સ્વાર્થથી પ્રેરિત છે. ટર્નરે ડહરેન્ડોર્ફના સિદ્ધાંતને દ્વન્દ્વાત્મક સંઘર્ષ સિદ્ધાંત નામ આપ્યું છે. દ્વન્દ્વાત્મક એટલા માટે કે કોઈપણ સમાજમાં બે સમૂહોમાં સંઘર્ષ નિરંતર ચાલે છે. ડહરેન્ડોર્ફનો દ્વન્દ્વાત્મક સિદ્ધાંત શક્તિ પર આધારિત છે. આ કારણથી તે સામાજિક યથાર્થતાનું વિશ્લેષણ શક્તિના સંદર્ભમાં કરે છે. એમના મતે પ્રત્યેક સમાજમાં એક અંતઃનિહિત પ્રવૃત્તિ સંઘર્ષ હોય છે. એવા સમૂહ જેની પાસે શક્તિ છે અને પોતાના હિતોની પૂર્તિ કરે છે અને જેની પાસે શક્તિ નથી તે પોતાના હિતોની પૂર્તિ માટે ભાગદોડ કરે છે. આ ભાગદોડમાં સંઘર્ષ જેની પાસે વધુ શક્તિ છે તે પોતાની યથાશક્તિ બનાવી રાખવામાં સફળ થાય છે અને એમાંથી દ્વન્દ્વ થાય છે.

## ૩.૪ સંઘર્ષનો સિદ્ધાંત :

રાલ્ફ ડહરેન્ડોર્ફનો સંઘર્ષનો સિદ્ધાંત સમાજના દ્વિમુખી ચહેરાને અભિવ્યક્ત કરે છે. સમાજ એક તરફ સુગ્રથન અને મૂલ્યો અને બીજી તરફ દબાણ અને હિતોને મૂર્તિમાન કરે છે. કાર્યાત્મકવાદ જેવી આદર્શ વિચારશાખાના મૂલ્યો સર્વસંમતિ ઉપર ભાર મૂકે છે. બીજી તરફ સંઘર્ષવાદ એવી તર્કસંગત વિચારશાખા છે, જે દબાણ અને સત્તા પર ભાર મૂકે છે. ડહરેન્ડોર્ફની દૃષ્ટિએ આ બંને સિદ્ધાંતો એકબીજાથી તદ્દન અલગ નથી પરંતુ એકબીજાના પૂરક છે.

રાલ્ફ ડહરેન્ડોર્ફ કેટલીક માન્યતાનો સ્વીકાર કરે છે.

(૧) સંઘર્ષ સર્વવ્યાપી છે અને સમાજ સતત સંઘર્ષની સ્થિતિમાં હોય છે.
(૨) પ્રત્યેક સમાજમાં વિરોધી હિતો જોવા મળે છે તે સંઘર્ષ ઊભો કરે છે.
(૩) સમાજના પ્રત્યેક તત્ત્વ એના વિઘટન અને પરિવર્તનમાં યોગદાન આપે છે. સામાજિક પરિવર્તન સમાજનું અનિવાર્ય પાસું છે.
(૪) સમાજના પ્રભાવી અને તાબેદારી જૂથો વચ્ચે સત્તાની વહેંચણી જોવા મળે છે. વિરોધી હિતો આ સત્તાની વહેંચણીના તફાવતો અભિવ્યક્ત કરે છે.
(૫) હિતો જૂથ સંઘર્ષમાં સંગઠિત થાય છે.
(૬) સંઘર્ષ દ્વન્દ્વવાદી છે કારણ કે એક સંઘર્ષના ઉકેલ સાથે નવા વિરોધી હિતો ઊભા થાય છે, જે અમુક પરિસ્થિતિમાં નવો સંઘર્ષ ઊભો કરે છે.

ડહરેન્ડોર્ફના મતે સંઘર્ષ સમાજ માટે વિનાશક તેમજ લાભદાયક પણ છે. તે કાર્લ

માર્ક્સના સિદ્ધાંતનું આંશિક ખંડન કરી અને આંશિક સ્વીકાર, તેનું પુનર્ગઠન કરી પોતાનો સિદ્ધાંત વિકસાવે છે. આ માટે તે નીચેના મુદ્દાની ચર્ચા કરે છે.

- **મૂડીનું વિઘટન**

રાલ્ફ ડહરેન્ડોર્ફની ધારણા મુજબ મૂડીવાદમાં આવેલા રચનાતંત્રીય પરિવર્તનોએ કાર્લ માર્ક્સના વિશ્લેષણને નકામું બનાવી દીધું છે. આમાનું એક પરિવર્તન મુક્ત થવાનું છે. આ ઘટનાને તે મૂડીના વિઘટન (decomposition of capital)ની પ્રક્રિયા તરીકે ઓળખાવે છે.

તેઓના મતે જેમ જેમ યાંત્રિક વિકાસ થતો ગયો તેમ જોઈન્ટ સ્ટોક કંપનીના વિકાસની સાથે વ્યાપારી પેઢીઓમાં પણ વૃદ્ધિ થઈ છે. પરિણામે માલિકી અને ઉત્પાદન-સાધનો પરનાં નિયંત્રણો એકબીજાથી અલગ થયા છે. વિશાળ કોર્પોરેશન આનું ઉદાહરણ છે.

- **શ્રમનું વિઘટન**

ડહરેન્ડોર્ફના મતે વર્તમાન સમયમાં કામદારની સ્તરરચનામાં પરિવર્તન આવ્યું છે. હવે ઉદ્યોગમાં કુશળ, અર્ધકુશળ અને બિનકુશળ કામદારના સ્તર જોવા મળે છે. ઔદ્યોગિક કામદારોમં વૈવિધ્ય અને એમના હિતો વચ્ચે સતત સંઘર્ષ જોવા મળે છે. તેઓ એકબીજાથી ભિન્ન છે એવી સભાનતા ઊભી કરે છે.

- **નવો મધ્યમ વર્ગ અને સામાજિક ગતિશીલતા :**

ડહરેન્ડોર્ફના મતે મૂડી અને શ્રમના વિઘટનની સાથે મધ્યમ વર્ગનો ઉદ્ભવ થયો છે. કાર્લ માર્ક્સ આનો સ્વીકાર કરતા નથી. મધ્યમવર્ગ જુદા જુદા જૂથોનો બનેલો એક વિશાળ સમુદાય છે તે ઔદ્યોગિકરણની પેદાશ છે. એમાં વ્હાઈટ કોલર વર્ગનો સમાવેશ થાય છે. જેમ જેમ એમા લેબર યુનિયનોનો ઉદ્ભવ થાય છે તેમ સામાજિક ગતિશીલતા વધતી જાય છે અને એ દ્વારા સામાજિક આર્થિક અસમાનતા ઘટાડી શકાય છે.

## ૩.૫ સત્તા અને સંઘર્ષની સમાજિક સમજૂતી - સમાજનો સિદ્ધાંત

ડહરેન્ડોર્ફ સમાજનાં સિદ્ધાંત અનુસાર સામાજિક જીવનમાં સત્તાવાળા અને સત્તાવિહિન જૂથો હોય છે. સત્તા અને તેના વિરોધ વચ્ચેની સમતુલા બદલાય ત્યારે સમાજમાં પરિવર્તન આવે છે. સંઘર્ષ માનવ ઈતિહાસનું સર્જક બળ છે.

- **સત્તા**

ડહરેન્ડોર્ફના સમાજના સિદ્ધાંત અનુસાર સામાજિક રચનાતંત્રમાં સત્તાની વહેંચણી અગત્યની બાબત છે. સત્તા એટલે સામાજિક સંબંધમાં ક્રિયા કરનારની સામાપક્ષ ઉપર પોતાની ઈચ્છા લાદવાની શક્તિ. આ વ્યાખ્યા અનુસાર સજા પદ્ધત્તિનું નિયંત્રણ એ સત્તાનું હાર્દ છે. જેઓ સત્તા ધરાવે છે તેઓ હુકમો આપે છે. લોકોને આધીનતા ગમતી નથી. આમ સ્ત્રી દ્વારા સત્તાના ખ્યાલ, દબાણ કે બળનું તત્ત્વ ધરાવે છે એમ તેમનું માનવું છે.

ડહરેન્ડોર્ફના મતે સામાજિક ધોરણો તથા તેના પ્રસ્થાપિત કરવામાં આવે છે અને સત્તા દ્વારા એની જાળવણી કરવામાં આવે છે. સામાજિક ધોરણોની જાળવણી સત્તાધારી લોકોના હિતમાં થતી હોય છે.

તેઓ સામાજિક સ્તરરચના અને ધોરણોના અનુસંધાનમાં સામાજિક સ્થાન અને કામ બંનેને જુદા ગણે છે. સામાજિક સ્થાનોનું વિભેદીકરણ અને સ્તરીકરણ બંને કીર્તિ અને સંપત્તિ પર રચાયેલ છે. અને તેની અભિવ્યક્તિ સામાજિક સ્થાનના કોટિક્રમ દ્વારા વ્યક્ત થાય છે. આમ, સત્તાને કેન્દ્રવર્તી ખ્યાલ ગણે છે.

અધિકારના તફાવતો પદ્ધતિસરના સામાજિક સંઘર્ષો ઊભા કરે છે. અધિકાર એક પ્રકારની સત્તા છે. તે સામાજિક ભૂમિકા કે સ્થાન સાથે જોડાયેલ છે. આ અધિકાર ધરાવનાર અને ન ધરાવનાર વર્ગમાં મહત્ત્વના છે.

- **વર્ગ સંઘર્ષ**

વર્ગ વિશે ડહરેન્ડોર્ફનું દૃષ્ટિબિંદુ એવું છે કે સામાજિક વર્ગો એટલે સંગઠિત અથવા બિનસંગઠિત એવી લોકોની શ્રેણીઓ, જેમાં તેઓ પ્રગટ અથવા અપ્રગટ હિતો ધરાવે છે અને તે સમાજમાં તેમના સત્તાના સ્થાનને પરિણામે ઊભાં થાય છે. જેમની પાસે સત્તા છે અને જેમની પાસે સત્તા નથી તેવા લોકો વર્ગ તરીકે ઓળખાય છે. રાલ્ફ ડહરેન્ડોર્ફ વર્ગને સમજાવવા આર્થિક પાસાંનો ઉપયોગ કરતા નથી. વર્ગજૂથો વચ્ચેના સંઘર્ષને અભિવ્યક્ત કરે છે. જ્યારે પણ સંઘર્ષ થાય છે ત્યારે સત્તાનું તત્ત્વ મહત્ત્વનું છે. સત્તાની વિભિન્નતાને લીધે સંઘર્ષ ઊભો થાય છે.

આ માટે રચનાતંત્રીય અને મનોવૈજ્ઞાનિક વિચારસરણી મદદરૂપ થાય છે. વિચારસરણી સમાજમાં ધ્યેયોને હાંસલ કરવા નિશ્ચિત પગલાંની રૂપરેખા આપે છે. જો રાજ્ય ઉદાર વિચારસરણી આધારિત હોય તો લોકો સક્રિય રીતે સંઘર્ષ તરફ વળવા સંભવ છે. પરંતુ જો રાજ્ય એકહથ્થુ હોય તો આવી શક્યતાનો સંભવ નથી. મનોવૈજ્ઞાનિક જરૂરિયાતમાં જૂથના સભ્યોના હિતો મહત્ત્વના છે. રાલ્ફ ડહરેન્ડોર્ફને મતે માનવી સત્તાની ઝંખના કરતો હોય છે. સમાન સંસ્કૃતિને પરિણામે તેઓ સત્તાની ઓછપથી પીડાય છે અને સક્રિય રીતે સંઘર્ષ તરફ વળે છે.

રાલ્ફ ડહરેન્ડોર્ફ સત્તાના સંબંધોને સમાજના મહત્ત્વના લક્ષણ તરીકે ઓળખે છે. તાબેદારી અને સર્વોચ્ચ અથવા પ્રભાવી સ્વરૂપના સત્તાના સંબંધો સમાજમાં મહત્ત્વના ગણે છે. તેમના મતે સત્તાશાળી અને તાબેદાર વ્યક્તિઓ વચ્ચે સંઘર્ષ જોવા મળે છે અને તેમાં અર્ધજૂથો અને હિતજૂથો હોય છે જેને વર્ગસંઘર્ષ સાથે સંબંધ છે.

સંઘર્ષના સિદ્ધાંતમાં તે હિંસાને પણ મહત્ત્વ આપે છે. તે સ્પષ્ટ પણ માને છે કે જૂથસંઘર્ષ સમાજમાં પરિવર્તન લાવે છે. તીવ્ર સંઘર્ષ સમાજમાં પરિવર્તન લાવી પુનર્ગઠન ઊભું કરે છે.

વર્ગો હંમેશા સક્રિય સંઘર્ષમાં જોડાતા નથી. આથી ડહરેન્ડોર્ફ લોકો ક્યારે ખરેખર સક્રિય બનશે તેની સમજૂતી આપવા પ્રયત્ન કરે છે. તે સક્રિય સંઘર્ષ ઉદ્ભવવા માટેની રચનાતંત્રીય અને મનોવૈજ્ઞાનિક જરૂરિયાતોની ચર્ચા દ્વારા કઈ પરિસ્થિતિમાં સંઘર્ષ સક્રિય બને છે તેની સમજૂતી આપે છે. કેવી પરિસ્થિતિમાં સંઘર્ષ સક્રિય બને છે.

(૧) જૂથોને સક્રિય બનવા માટે તેનો સ્થાયી હોવો જરૂરી છે તેમજ વિચારસરણી જરૂરી છે.

(૨) રાજ્ય જેમ વધુ ઉદાર તેમ સક્રિય સંઘર્ષની શક્યતા વધુ રહે છે. વધુ સર્વસત્તાધીશ રાજ્ય હોય તો સક્રિય સંઘર્ષની શક્યતા ઓછી રહે છે.

(૩) સંભવિત કે સુષુપ્ત સભ્યો ભૌગોલિક રીતે કેન્દ્રિત થયેલા હોય, સભ્યો વચ્ચે સંપર્ક વ્યવહાર સરળતાથી થઈ શકતો હોય અને આ સભ્યોના અધિકારમાં સમાનતા હોય તથા તેઓ સમાન કૌટુંબિક, શૈક્ષણિક પાર્શ્વભૂમિ ધરાવતા હોય તો સક્રિય સંઘર્ષની સંભાવના રહે છે.

(૪) આ લોકો પોતાના સ્થાન સાથે સંકળાયેલા હિતોને ઓળખે અને આ હિતો મહત્ત્વના તથા વાસ્તવિક છે તેવી સભાનતા ધરાવતા હોય તો સક્રિય સંઘર્ષ ઉદ્ભવે છે.

**નીચેની પરિસ્થિતિમાં સંઘર્ષ તીવ્ર બને છે :**

(૧) એક મંડળમાં જે લોકો આધીનતાપૂર્ણ સ્થાન ધરાવતા હોય તેઓ બીજા મંડળમાં તેવું સમાન સ્થાન ધરાવતા લોકોનું પ્રમાણ સંઘર્ષની તીવ્રતા ઉપર અસર કરે છે. આવા લોકોનું પ્રમાણ જેમ વધુ તેમ સંઘર્ષની તીવ્રતા વધે છે. આવા લોકો તીવ્ર સંઘર્ષ તરફ દોરાય છે.

(૨) એક જ સંગઠનમાં સત્તા ધરાવતા લોકો એ જ સંગઠનમાં બીજી બાબતમાં સર્વોચ્ચ સ્થાને હોય તેવા લોકોનું પ્રમાણ સંઘર્ષની તીવ્રતા ઉપર અસર કરે છે. જો આવા લોકોનું પ્રમાણ વધુ હોય તો સંઘર્ષની તીવ્રતા વધે છે. દા.ત. પેઢીના મેનેજર તેના માલિક પણ હોય છે ત્યારે તેઓ પોતાની સંપત્તિ અને સ્થાનનો ઉપયોગ રાજ-કારણ નિયંત્રિત કરવામાં કરે તો તીવ્ર ઔદ્યોગિક સંઘર્ષ સંભવી શકે છે.

(૩) ગતિશીલતાની માત્રા સંઘર્ષની તીવ્રતા ઉપર અસર કરે છે. એટલે કે આધીન સ્થાનોમાંથી પ્રભુત્વ ધરાવતાં સ્થાનોમાં કેટલે અંશે જઈ શકાય છે તે બાબત સંઘર્ષની તીવ્રતા ઉપર અસર કરે છે. અર્થાત્ ઊર્ધ્વગામી ગતિશીલતાની માત્રા સંઘર્ષની તીવ્રતા ઉપર અસર કરતું મહત્ત્વનું પરિબળ છે. ઊર્ધ્વગામી ગતિશીલતાનું પ્રમાણ વધુ હોય તો સંઘર્ષ ઓછો તીવ્ર હશે. આનાથી વિરુદ્ધ, જ્યાં ઊર્ધ્વગામી ગતિશીલતા ઓછી હોય કે તેનો અભાવ હોય ત્યાં વધુ તીવ્ર સંઘર્ષ સર્જાય છે.

વાલેસ અને વુલ્ફના મતે ડહરેન્ડોર્ફે સંઘર્ષની તીવ્રતા ઉપર અસર કરતાં પરિબળો વિશે ઉપર મુજબની જે ઉપકલ્પનાઓ કરી છે તે સત્યાભાસી છે પરંતુ તેની ચકાસણી થઈ શકે તેમ નથી. ડહરેન્ડોર્ફનો સંઘર્ષજૂથનો સિદ્ધાંત શક્તિશાળી છે તેનું એક કારણ એ છે કે આ સિદ્ધાંત ઘણો સરળ છે. આ સિદ્ધાંત કોઈપણ સંગઠનમાં સંઘર્ષના સુષુપ્ત ક્ષેત્રો તરફ ધ્યાન દોરે છે, પરંતુ આ સિદ્ધાંત સુષુપ્ત સંઘર્ષજૂથો ક્યારે સક્રિય બને છે તેની સમજૂતી આપતો નથી.

## ૩.૬ ડહરેન્ડોર્ફની કલ્પનાનો સમાજ :

અગાઉ જોયું તેમ સમાજ વિશે ડહરેન્ડોર્ફની કલ્પના માર્ક્સથી જુદી છે. એમને મતે સંસ્થાગત ઢાંચો હોય છે: કુટુંબ, જાતિ, ધર્મ, સંપ્રદાય, રાજનૈતિક દળ, આર્થિક સમૂહ વગેરે સંસ્થાગત ઢાંચામાં આવી શકે કે જેમાં દરેક વ્યક્તિની નિશ્ચિત ભૂમિકા હોય છે.

આ ભૂમિકાને સમાજ તરફથી વૈધતા (legitimacy) મળી હોય છે. આનું કારણ એ પણ છે કે પ્રત્યેક સંસ્થાને એક નિશ્ચિત શક્તિ હોય છે, જેનાથી સમાજ ચાલે છે. સંસ્થાનું સંસ્થીકરણ અને એની આદેશસૂચક પ્રક્રિયા મહત્ત્વની છે. જેને ડહરેન્ડોર્ફ આદેશસૂચક સંભવિત સમાજ (Imperatively co-ordinated Association - ICA) કહે છે. ડહરેન્ડોર્ફને મતે સમાજ અથવા સંસ્થાના સભ્યો જે ભૂમિકા અદા કરે છે એની પાછળ સમાજનો આદેશ આ ભૂમિકામાં તાલમેળ ICA બન્યો છે.

ભૂમિકા, શક્તિ સંબંધ (power relations)ને મહત્ત્વ આપે છે. સમાજમાં નાના નાના એકમને લઈને ઔપચારિક સંગઠન હોય છે. વેબરની જેમ ડહરેન્ડોર્ફ power relationને મહત્ત્વ આપે છે અને વૈમનસ્ય માટે તે દીર્ઘકાલીન સ્રોત છે. શક્તિ અનિવાર્ય રીતે અવપીડક (coercive) એટલે કે મજબૂર કરવાવાળી છે. શક્તિમાં જ્યારે વૈધતા આવી જાય ત્યારે તે authority બને છે. તાત્ત્વિકરૂપથી શક્તિમાં પ્રભાવ હોય છે. આ પ્રભાવને માનવો કે ન માનવો એ સમાજનાં સભ્યો પર નિર્ભર હોય છે.

## ૩.૭ માર્ક્સ અને ડહરેન્ડોર્ફ

માર્ક્સ અને ડહરેન્ડોર્ફના વિવિધ સિદ્ધાંતો વિશે જોતાં સ્પષ્ટ થાય છે કે માર્ક્સ સંપતિ સંબંધો (property relations)ની વાત કરે છે. જ્યારે ડહરેન્ડોર્ફ પ્રાધિકાર સંબંધો (authority relations)ની રજૂઆત કરે છે.

માર્ક્સ વર્ગ સમાજની ચર્ચા કરે છે. ડહરેન્ડોર્ફ ઔદ્યોગિક સમાજના પૂંજીવાદી વ્યાખ્યા આપે છે.

— માર્ક્સ ઉત્પાદન પદ્ધતિ પર અને એનાં સંબંધો પર ભાર મૂકે છે. ડહરેન્ડોર્ફ ઔદ્યોગિક સમાજની સંપૂર્ણ ગતિવિધિઓ પર ભાર મૂકે છે.

આમ છતાં, બંને સમાજની વ્યવસ્થામાં ચાલતા સંઘર્ષ, વિરોધી જૂથો, પ્રભાવશાળી અને તાબેદારીના સંબંધો, દ્વન્દ્વાત્મકવાદ, સામાજિક પરિવર્તન વગેરે પર ભાર મૂકે છે.

રાલ્ફ ડહરેન્ડોર્ફનો સિદ્ધાંત બહુવિધ છે, જ્યારે કાર્લ માર્ક્સ ફક્ત બે વર્ગના માળખા પર આધારિત સિદ્ધાંતની વાત કરે છે.

માર્ક્સ સમાજમાં બે વર્ગના માળખાનો સ્વીકાર કરે છે, રાલ્ફ ડહરેન્ડોર્ફ બહુવિધ હિતોવાળા જૂથનો સ્વીકાર કરે છે.

આમ માર્ક્સ અને ડહરેન્ડોર્ફના સિદ્ધાંતમાં આંશિક તફાવત જોવા મળે છે.

## ૩.૮ રાલ્ફ ડહરેન્ડોર્ફના સિદ્ધાંતનું મૂલ્યાંકન :

ડહરેન્ડોર્ફના સંઘર્ષના સિદ્ધાંતની ફ્રાંસ અબ્રાહમ નીચે મુજબ ટીકા કરે છે.

(૧) ડહરેન્ડોર્ફ વર્ગને સત્તાના આધાર પર તથા વર્ગ સંઘર્ષને સત્તા માટે સંઘર્ષના રૂપમાં પરિભાષિત કરે છે. સત્તા વર્ગ નિર્ધારણમાં મહત્ત્વનું યોગદાન આપે છે છતાં તે એક માત્ર નિર્ધારક પરિબળ નથી. આવક, દરજ્જો, પ્રતિષ્ઠા, ભૌતિક વસ્તુ, વર્ગ

સંરચના વગેરે મહત્ત્વપૂર્ણ તત્ત્વ છે. આમ, એમની વર્ગની પરિભાષા અત્યંત સિમિત છે.

(૨) સત્તા સામાજિક સંઘર્ષનું એકમાત્ર સ્રોત છે એ ઠીક નથી. અબ્રાહમના મતાનુસાર સત્તા સમાજિક સંઘર્ષનો ન તો એક માત્ર સ્રોત છે ન તો એનો પ્રાથમિક સ્રોત.

(૩) ડહરેન્ડોર્ફે સામાજિક સંઘર્ષનો એક સામાન્ય સિદ્ધાંત પ્રતિપાદિત કર્યો છે. આ માત્ર વર્ગ સિદ્ધાંતનું રૂપાંતરણ છે. જે સમગ્ર સમાજમાં સામાજિક પરિવર્તનની વ્યાખ્યા નથી આપતું.

(૪) સામાજિક પરિવર્તન હંમેશા સત્તા, સંરચનામાં થતા પરિવર્તનના પરિણામ સ્વરૂપે છે એવું ડહરેન્ડોર્ફ જણાવે છે. પરંતુ એવું હંમેશા હોતું નથી.

- પીટર વેનગાર્ટે ડહરેન્ડોર્ફના દ્વન્દ્વાત્મક સંઘર્ષના સિદ્ધાંતની ટીકા કરતા જણાવ્યું છે કે ડહરેન્ડોર્ફ કારણાત્મક વિશ્લેષણની વિધિમાં કમજોર છે.
- ટર્નર ડહરેન્ડોર્ફના સંઘર્ષની ટીકા કરતાં જણાવે છે કે એમને જે અવધારણાને રજૂ કરી છે એને પરિવર્ત્ય (variables)ની જેમ કોઈ જગ્યાએ પરિભાષિત નથી કર્યું.

રાલ્ફ ડહરેન્ડોર્ફ માને છે કે કાર્લ માર્ક્સના ૧૯મી સદીના મૂડીવાદ બાદ નવો સમાજ અસ્તિત્વમાં આવ્યો છે જેને તે અનુ-મૂડીવાદી સમાજ તરીકે ઓળખાવે છે. તેના આ વિધાન સાથે બધા સહમત થતા નથી. જે.એચ. વેસ્ટવર્ડના મતે આધુનિક ઔદ્યોગિક સમાજોનાં લક્ષણો હજુ પણ મૂડીવાદી સમાજો જેવા જ છે, હજુ પણ સમાજવ્યવસ્થા ઉત્પાદનના સાધનોની માલિકીની આસપાસ જ વણાયેલી જોવા મળે છે.

આમ, સમગ્ર રીતે જોઈએ તો સંઘર્ષની પ્રક્રિયાનું વિશ્લેષણ કરવામાં ડહરેન્ડોર્ફનું પ્રદાન મહત્ત્વનું છે.

## તમારી પ્રગતિ ચકાસો :

૧. ડહરેન્ડોર્ફની સંઘર્ષ વિશેની માન્યતાઓ જણાવો.
૨. ડહરેન્ડોર્ફની સત્તા અને સંઘર્ષને કઈ રીતે સમજાવે છે ?
૩. વર્ગ સંઘર્ષ વિશેના ડહરેન્ડોર્ફના વિચારો જણાવો.
૪. માર્ક્સ અને ડહરેન્ડોર્ફના સંઘર્ષના વિચારો વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

૪. પ્રસ્તાવના
૪.૧ મુખ્ય પુસ્તકો
૪.૨ લૂઈસ કોઝરના સંઘર્ષ અંગેના વિચારો
૪.૩ સંઘર્ષના પ્રકારો
૪.૪ સંઘર્ષના કારણો સંબંધિત કોઝરનો પ્રસ્તાવ
૪.૫ સંઘર્ષના કાર્યો :
૪.૬ કોઝરના સિદ્ધાંતનું મૂલ્યાંકન

## ૪. પ્રસ્તાવના :

લૂઈસ કોઝરનો જન્મ જર્મનીના બર્લિન શહેરમાં ૧૯૧૩માં થયો હતો. એ પોતાના શૈક્ષણિક જીવનમાં સામાજિક નીતિ અને રાજનીતિમાં રસ લે છે. બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન કોઝરે અમેરિકાના શિકાગો અને બ્રાંડિજ વિશ્વવિદ્યાલયમાં શિક્ષણકાર્ય કર્યું. કોલંબિયા યુનિવર્સિટમાંથી તેમણે પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી. ૧૯૬૮માં અમેરિકાના ન્યૂયોર્કમાં સમાજશાસ્ત્રના પ્રોફેસર બન્યા. ૧૯૭૫માં અમેરિકન સમાજશાસ્ત્ર પરિષદના તેઓ પ્રમુખ હતા.

લૂઈસ કોઝરને વિદ્યાકીય રસ સાથે સામાજિક નીતિ અને રાજકારણ સાથે રસ રહ્યો છે. એમના મોટાભાગના લખાણોમાં રાજકારણના વિચારો અને સમાજના સ્વરૂપ વચ્ચેના સંબંધો વ્યક્ત થાય છે. તેઓ દૃઢપણે એવું માને છે કે સામાજિક વિશ્લેષણમાં સંઘર્ષને સર્વોચ્ચ સ્થાન મળવું જોઈએ.

## ૪.૧ લૂઈસ કોઝરના મુખ્ય પુસ્તકો :

1. The functions of Social Conflict (1956)
2. Continuities in study of Social Conflict (1967)
3. Men of Ideas : A Sociologist view (1970)
4. Greedy institutions : Patteri's of undived commitmtnts (1974)

આ ઉપરાંત તેમણે Dissent અને Partison Review and commentary જેવા સામયિકનું સંપાદન કર્યું.

કોઝર સામાજિક વિશ્લેષણમાં સંઘર્ષને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા માગે છે. સંઘર્ષના વિશ્લેષણમાં એ માર્ક્સ અને ડહરેન્ડોર્ફના વિચારોને સ્વીકારતા નથી. પરંતુ પોતાના સિદ્ધાંત ઘડતર માટે જર્મન સમાજશાસ્ત્રી જ્યોર્જ સિમેલના વિચારોનો બહોળો ઉપયોગ કરે છે. કોઝરને સંઘર્ષના વિચારોમાં સંઘર્ષ પ્રકાર્યકાર તરીકે ઓળખવામાં આવે છે.

## ૪.૨ લૂઈસ કોઝરના સંઘર્ષ અંગેના વિચારો :

જ્યોર્જ સિમેલની માફક તે પણ બધી જ સામાજિક ઘટનાઓને આવરી લે તેવો સર્વગ્રાહી સિદ્ધાંત વિકસાવતા નથી. જેમ જ્યોર્જ સિમેલ સામાજિક સ્વરૂપો અને સમાજશાસ્ત્રીય વિભાવનાઓને સુધારવા અને વિકસાવવા સતત પ્રયત્નશીલ રહેતા તેમ લૂઈસ કોઝર પણ નાના વિધાનોને અનુભવજન્ય સંશોધનના સંદર્ભમાં સતત તપાસવાનો પ્રયત્ન કરે છે.

કોઝરના અભિપ્રાય મુજબ 'સંઘર્ષ એટલે ઢાંચા દરજ્જા, સત્તા અને સાધનો મેળવવા માટેનો સંઘર્ષ, જેમાં વિરોધીઓનો હેતુ તેમના પ્રતિસ્પર્ધીને નિષ્ક્રિય બનાવવાનો, નુકસાન પહોંચાડવાનો અને તેમને દૂર કરી દેવાનો હોય છે.'
તેઓ પોતાના વિશ્લેષણમાં સંઘર્ષના વિકાર્યો કરતાં કાર્યો તરફ વધુ ધ્યાન કેન્દ્રિત કરે છે.

સંઘર્ષના ઉદ્‌ભવ વિશે તેઓ જણાવે છે કે સંઘર્ષનું મૂળ કારણ લોકોનો સંવેગ છે. આ સંદર્ભમાં તેઓ સિમેલ સાથે સહમત છે કે લોકોમાં આક્રમણશીલ અને શત્રુતાપૂર્ણ આવેગ હોય છે. નિકટની વ્યક્તિ સાથે પણ પ્રેમ અને ઘૃણાના સંબંધો હોઈ શકે છે. એમાંથી સંબંધો તૂટે અને સંઘર્ષ થવાની શક્યતા રહે છે. તેમના મત મુજબ જુદા જુદા સંબંધિત ભાગોનું બનેલું માળખું એટલે સમાજ કે જેમાં અસંતુલન, તાણ અને સંઘર્ષ જોવા મળે છે. અમુક પરિસ્થિતિમાં સંઘર્ષ સમાજના ભાગોની જાળવણીનું, પરિવર્તનનું તેમજ તેના સુગ્રથન અને અનુકૂલનમાં વધારા-ઘટાડાનું કાર્ય કરે છે. સંઘર્ષને તેઓ જુદા જુદા પ્રકારમાં વહેંચે છે.

## ૪.૩ સંઘર્ષના પ્રકારો :

કોઝર સંઘર્ષને ત્રણ પ્રકારમાં વર્ગીકૃત કરે છે.

૧. પૂર્ણ અને આંશિક સંઘર્ષ
૨. બાહ્ય અને આંતરિક સંઘર્ષ
૩. વાસ્તવિક અને અવાસ્તવિક સંઘર્ષ

**૪:૩:૧ પૂર્ણ અને આંશિક સંઘર્ષ :**

જ્યારે બે વ્યક્તિઓ અથવા બે જૂથો વચ્ચે તેમના સંબંધોના અમુક પાસાં બાબત સમજૂતી થયેલી જોવા મળે છે અને બીજા પાસાં બાબત સંઘર્ષ જોવા મળે છે ત્યારે તેને આંશિક સંઘર્ષ તરીકે ઓળખવામાં આવે છે. જેમ કે, ભારતીય સમાજમાં સવર્ણો અને હરિજનો વચ્ચે પ્રવર્તતો સંઘર્ષ.

પૂર્ણ સંઘર્ષમાં સંકળાયેલાં જૂથો વચ્ચે તેમના ધ્યેયો અથવા સાધનો માટે કાંઈ જ મેળ કે સમજૂતી જોવા મળતા નથી. આંશિક સંઘર્ષમાં સંડોવાયેલ જૂથો વચ્ચે આશાની પ્રતીતિ થતી જોવા મળે છે.

**૪:૩:૨ બાહ્ય અને આંતરિક સંઘર્ષ :**

બાહ્ય સંઘર્ષ સમાજ અથવા સમૂહથી બહાર હોય છે. રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચે જોવા મળતી પ્રતિસ્પર્ધા અને યુદ્ધ એ બાહ્ય સંઘર્ષનું ઉદાહરણ છે. આના પાયમાં અહમ પ્રધાન સંસ્કૃતિનું તત્ત્વ હોય છે.

સમાજની અંદર જ વ્યક્તિઓ વ્યક્તિઓ અને જૂથો વચ્ચે જોવા મળતો સંઘર્ષ આંતરિક સંઘર્ષ છે. દરેક નાનો કે મોટો સમાજ આંતરિક સંઘર્ષને સતત કાબૂમાં રાખવાનો પ્રયત્ન કરે છે. તેઓનું માનવું છે કે આંતરિક સંઘર્ષ જૂથના ટકાવ, સંબદ્ધતા અને સ્થિરતામાં વધારો કરે છે. આંતરિક સંઘર્ષ એક પ્રકારનો સેફ્ટી વાલ્વ છે.

**૪:૩:૩ વાસ્તવિક સંઘર્ષ અને અવાસ્તવિક સંઘર્ષ :**

વાસ્તવિક સંઘર્ષ ધ્યેય હાંસલ કરવાનું સાધન છે. જે તે સમયે સંઘર્ષમાં ઉતરનાર જૂથો આ ધ્યેયો માટે અન્ય સાધનો પ્રાપ્ત કરશે કે તરત જ બંધ થઈ જશે. આ પ્રકારના સંઘર્ષમાં કાર્યાત્મક વૈકલ્પિક સાધનો અસ્તિત્વ ધરાવે છે. વાસ્તવિક સંઘર્ષમાં મોટે ભાગે લોકો સંઘર્ષને પોતાની ઈચ્છાશક્તિનું સશક્ત સાધન માને છે. એની ઈચ્છા વિના સંઘર્ષ શરૂ થાય તો એને છોડી દે છે.

અવાસ્તવિક સંઘર્ષ જૂથોના વિરોધી ધ્યેયના સંઘર્ષને લીધે ઊભો થતો નથી, પરંતુ બેમાંથી એક જૂથ માને છે કે સામેના જૂથે પોતાનું બગાડ્યું છે : માટે આ પ્રકારની માનસિક તાણ ઘટાડવા સંઘર્ષમાં ઊતરે છે. આ પ્રકારના સંઘર્ષમાં લોકો પોતાની દબાયેલી ભાવનાને અભિવ્યક્ત કરે છે. આ એક પ્રકારનો માનસિક રોષ છે. ભારતમાં જોવા મળતા સાંપ્રદાયિક તણાવો પૂર્વગ્રહો આનું ઉદાહરણ છે. અવાસ્તવિક સંઘર્ષ ડિપ્રેશન અને હતાશાનું પરિણામ છે.

## ૪.૪ સંઘર્ષના કારણો સંબંધિત કોઝરનો પ્રસ્તાવ :

કોઝરના આ વિચારોમાં સિમેલની અસર વધુ જોવા મળે છે. કોઝર એ બતાવવા માગે છે કે સંઘર્ષના કારણોમાં પાંચ પાસાં મહત્ત્વના છે.

- સંઘર્ષના કારણોના સંદર્ભમાં તેઓની બે ધારણા છે. પહેલાં તો એ કે ગેર બરાબરીનો પ્રશ્ન હોય ત્યારે વધુ સંખ્યા પ્રભાવી જૂથ તાબેદારીવાળાનો વિરોધ કરે છે, જેમાંથી સંઘર્ષ શરૂ થાય છે.
  બીજું તાબેદારીવાળા લોકોનો સિમિત સહકાર.
- હિંસાત્મક સંઘર્ષના સંદર્ભમાં તેઓનું માનવું એવું છે કે વાતચીત દ્વારા જ્યારે કોઈ સમસ્યાનો નિકાલ કરવાની વાત કરે છે ત્યારે હિંસાત્મક સંઘર્ષ કમજોર થઈ જાય છે. પરંતુ જ્યારે અવાસ્તવિક મુદ્દા પર સંઘર્ષ થાય છે ત્યારે લોકોનો આવેગ વધી જાય છે અને હિંસા વધે છે.
- સંઘર્ષ કેટલો સમય ચાલશે એનો આધાર એના લક્ષ્યની પ્રાપ્તિ પર રહેલો છે. જો એ લક્ષ્યો માટે સર્વસંમતિ ઓછી હોય તો સંઘર્ષનો સમય વધે છે. વિરોધી દળોનો લક્ષ્ય સંબંધી સંઘર્ષ થોડો હોય છે. એના નેતૃત્વની ક્ષમતા પણ સંઘર્ષના સમય સાથે સંબંધિત છે.

- સંઘર્ષ સમૂહ માટે ઉપયોગી પણ હોય . ઘણીવાર પ્રજાના હિત માટે સંઘર્ષ પાછો ખેંચવામાં આવે છે.
- સંઘર્ષ સંપૂર્ણ સમાજને અસર કરે છે અને એના કાર્યાત્મક પાસાંને ધ્યાનમાં લેવું જોઈએ.

**કોઝરે સિમેલના આઠ મુદ્દાઓનો સ્વીકાર કરી એની વિસ્તૃત સમજૂતી આપી છે :**

**૧. સંઘર્ષ દ્વારા સામૂહિક ચેતના અને સમૂહ-સીમાઓ બની રહે છે :**

કોઝરે સંઘર્ષના સંગઠનાત્મક પાસાંનો સ્વીકાર કરીને પ્રકાર્યાત્મક પાસાં પર ભાર મૂક્યો છે. એમના મત અનુસાર સંઘર્ષ બે વ્યક્તિઓ વચ્ચે થયેલી આંતરક્રિયાનું પરિણામ છે. સંઘર્ષ સમાજના વિભિન્ન સમૂહ વચ્ચે અથવા બે વિરોધી સમાજોની વચ્ચે સીમાઓને નિર્ધારિત કરવા તથા એમાં સ્થાયિત્વ બનાવી રાખવાથી રોકે છે. આ પ્રકારે સંઘર્ષ મહત્ત્વપૂર્ણ સ્થાન ધરાવે છે.

**૨. સંઘર્ષ સમૂહ સંરક્ષણ અને સેફ્ટીવાલ્વનું કામ કરે છે :**

સંઘર્ષના કાર્યમાં પણ આનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સંઘર્ષ હંમેશા વિઘટનાત્મક નથી હોતો પરંતુ તણાવપૂર્ણ સ્થિતિમાં પણ સંબંધો જાળવી રાખવામાં એનું યોગદાન મહત્ત્વનું રહે છે. તણાવની અભિવ્યક્તિ ત્રણ પ્રકારે હોય છે.

- વિરોધી સમૂહ પ્રતિ શત્રુતા પ્રદર્શિત કરવા.
- શાંતિપૂર્ણ ભાવ વ્યક્ત કરવા.
- કોઈ અન્ય વ્યક્તિના સમૂહ વિના સ્વયં પોતાના ઉપર એને વ્યક્ત કરવું.

**૩. સંઘર્ષ શત્રુતા ભાવથી સંબંધિત છે :**

કોઝરના મતાનુસાર સંઘર્ષ અને શત્રુતા ભાવમાં એવો જ સંબંધ જોવા મળે છે. જેમ સહયોગ અને પ્રેમમાં જોવા મળે છે. એ બંનેમાં કોઈ લક્ષ્યની આવશ્યક્તા રહે છે. જે પ્રકારે પ્રેમ અને સહયોગનું કોઈ અનિવાર્ય તત્ત્વ નથી તેમ સંઘર્ષનું પણ કોઈ અનિવાર્ય તત્ત્વ નથી.

**૪. ઘનિષ્ઠ સંબંધ અને શત્રુતા :**

ઘનિષ્ઠ સંબંધોમાં પ્રેમ અને ઘૃણા અર્થાત્ મિત્રતા અને શત્રુતા બંને પ્રકારના સંબંધ જોવા મળે છે. આ બંને પ્રકાર એટલા ઘનિષ્ઠરૂપથી સંભવિત છે કે એને વિશ્લેષણના સંદર્ભમાં એકબીજાથી અલગ જોવામાં આવે છે. ઘનિષ્ઠ સંબંધ નકારાત્મક અને સકારાત્મક બંને પ્રકારે જોવા મળે છે.

**૫. ઘનિષ્ઠ સંબંધ અને તીવ્ર સંઘર્ષ :**

કોઝરના મતાનુસાર સંગઠિત સમૂહોમાં સામૂહિક ચેતનાના કારણે સભ્યોમાં ક્રિયાત્મક રૂપથી ભાગ લેવાની પ્રવૃત્તિ જોવા મળે છે. અર્થાત્ ઘનિષ્ઠ સંબંધોની સ્થિતિમાં એમાં થવાવાળા સંઘર્ષની તીવ્રતાનો સાથ હોય છે. આ સમૂહમાં વ્યક્તિગત ભાવનાથી પ્રેરાઈને કાર્ય કરવું એ સંઘર્ષનું એક કારણ છે.

## ૬. સામૂહિક સંરચના અને સંઘર્ષ :

કોઝરના મતાનુસાર સંઘર્ષના પરિણામે એ અનુપાતમાં વ્યાપક અને દૂરોગામી અસરો જોવા મળે છે. જે સમાજોમાં એકતા અને પારસ્પરિક નિર્ભરતા વધુ હોય છે એમાં સંઘર્ષના દૂરોગામી પરિણામો જોવા મળે છે. સરળ સમાજોની એકતામાં અંતઃનિર્ભરતા ઓછી હોવાના લીધે સંઘર્ષના પરિણામોમાં એકતામાં સિમિતપણું જોવા મળે છે.

## ૭. સંઘર્ષ અને સામાજિક સંબંધોનું સ્થાયિત્વ :

કોઝરના મતાનુસાર સંઘર્ષનો અભાવ સંબંધોમાં સ્થાયિત્વ અને દૃઢતાનું ઘોતક નથી. જ્યારે વ્યક્તિને એ અનુભવ થાય છે ત્યારે સંઘર્ષનો પ્રભાવ એના જીવન પર પૂર્ણ અને અનિચ્છનીયરૂપે પડે છે અને એ સંઘર્ષનું નિરાકરણ કરવા પ્રયત્નશીલ રહે છે જેનાથી એના [illegible] વધુ સુદૃઢ બને છે. નિકટના સંબંધોમાં સંઘર્ષ એના સ્થાયિત્વમાં વૃદ્ધિ કરે છે અને આ ગૌણ સંબંધોમાં સંતુલન જાળવી રાખવા તે આવશ્યક બને છે.

## ૪.૫ સંઘર્ષના કાર્યો :

સંઘર્ષ મહદ્ અંશે નકારાત્મક ગણાય છે પણ સંઘર્ષ વિકાર્યની જેમ કેટલાક કાર્યો પણ કરે છે. કોઝર સંઘર્ષના કાર્યો પર ભાર મૂકે છે જેને વિગતવાર નીચે મુજબ જોઈ શકાય.

### ૧. સંઘર્ષ જૂથની એકતામાં વધારો કરે છે :

સંઘર્ષ એમના સભ્યોમાં એકતા લાવે છે. ક્યારેક તીવ્ર નકારાત્મક જૂથ સામેના સભ્યોને જૂથ ઓળખ માટે તે સભાન બનાવે છે અને તેમની ભાગીદારી પણ વધારે છે. સામૂહિક રીતે ઉઠાવેલા અવાજ જૂથની સાચવણીમાં ઊપયોગી થાય છે.

### ૨. સમાજની અંદરનો સંઘર્ષ સ્થાપિત સામાજિક વર્ગો અથવા સામાજિક સ્તરીકરણની જાળવણીનું કાર્ય કરે છે :

જ્યારે સમાજમાં સભ્યો વચ્ચે જુદા જુદા જૂથો ઊભાં થાય છે ત્યારે તેમની સ્વતંત્ર ઓળખ અને આપણાપણાની ભાવના જાળવી રાખવાનું કાર્ય કરે છે. ભારતીય સમાજોમાં જોવા મળતા વિવિધ ભાષાકીય, ધાર્મિક અને જ્ઞાતિના સંઘર્ષો આ બાબતનો નિર્દેશ કરે છે. આવા સમયે સંઘર્ષ ક્રાંતિકારી પરિવર્તન અટકાવી સમાજના રચનાતંત્રની જાળવણી કરે છે.

### ૩. સંઘર્ષ જૂથ જાળવણીનું કાર્ય કરે છે :

સંઘર્ષ જૂથના સભ્યોની દબાયેલી લાગણીઓને અભિવ્યક્ત કરી સંઘર્ષ સંબંધોની જાળવણી કરે છે. સંઘર્ષ એક પ્રકારના સેફ્ટીવાલ્વ તરીકેની ભૂમિકા ભજવે છે. જેથી જૂથના સભ્યો પોતાના અસંતોષનો ઉભરો ઠાલવી શકે છે. પરિણામે સમગ્ર જૂથ અથવા સમાજ વેરવિખેર થતો અટકી જાય છે. સલામતી નિયમન જૂથના સભ્યોનો વિરોધનો નિકાલ કરવાનું અને તે દ્વારા તેને ઘટાડવાનું કાર્ય કરે છે અને જૂથ સ્ફોટક થતું અટકે છે.

**૪. સંઘર્ષની જૂથની કાર્યાત્મકતા બધે સરખી હોતી નથી :**

દરેક પ્રકારના સંઘર્ષથી જૂથને લાભ જ થાય છે કે દરેક પ્રકારના સંઘર્ષ જૂથ માટે કાર્યાત્મક હોય તેવું બનતું નથી. દરેક સમાજમાં સ્રોતની અછત કે ટાંચા સાધનો, દરજ્જા અને સત્તા માટે સંઘર્ષ થાય છે. પરંતુ દરેક સમાજ આ સહિષ્ણુતા દાખવી શકતો નથી. જયાં આંતરક્રિયા સુમેળવાળી છે ત્યાં સંઘર્ષ ઓછા થાય છે. જયાં એનો વિરોધાભાસ છે ત્યાં સંઘર્ષ વધુ થવાની શક્યતા રહે છે. સંઘર્ષના કાર્ય અથવા વિકાર્યનો આધાર સમાજના પ્રકાર ઉપરાંત સમસ્યા અથવા મુદ્દાના પ્રકાર પર પણ છે.

**૫. બાહ્યજૂથ અથવા સમાજો સાથેનો સંઘર્ષ જૂથની અંદરની એકતામાં વધારો કરે છે :**

બાહ્ય સંઘર્ષની પરિસ્થિતિમાં જૂથના તમામ સભ્યો એકબીજા સાથે સહકાર કેળવી અને સંગઠિત થઈ પોતાની બધી જ શક્તિઓ પોતાના વિરોધીઓને મહાત કરવા વાળે છે. વિરોધીઓનો સામનો કરવા એકતા પર વધુ ભાર મૂકવામાં આવે છે. જૂથના ધોરણોનું ચુસ્ત પાલન કરવાનો આગ્રહ રખાય છે. દા. ત. જયારે બે દેશો વચ્ચે લડાઈ થાય ત્યારે જે તે દેશની આંતરિક એકતા ટકી રહે છે.

**૬. ધોરણો અને સંબંધો :**

સંઘર્ષ પ્રતિસ્પર્ધી જૂથોને નવા નિયમ ઘડવા અને વર્તન માટેની વિવિધ મર્યાદા બાંધવા પ્રોત્સાહિત કરે છે. સામાજિક સંઘર્ષ નવા ધોરણ ઊભા કરી શકે છે તેમજ ધોરણોને સુધારી શકે છે અને વિરોધી જૂથો વચ્ચે નવા સંબંધો પણ શકય બનાવે છે. દ્વારા સમાજને વિભાજીત થતો અટકાવી શકાય છે.

**૭. સંઘર્ષ પ્રતિસ્પર્ધી જૂથોની એકબીજાની એકતાને પ્રોત્સાહિત કરી અસર કરે છે :**

કામદારોના સંગઠનો વ્યક્તિગત માલિકો સાથે ચર્ચા વિચારણા કરવાને બદલે માલિકોના મંડળ સાથે ચર્ચા કરે છે. કારણ કે વ્યક્તિગત દૃષ્ટિબિંદુઓ અને ધ્યેયો ધરાવતી વ્યક્તિઓ સાથે સીધો સંપર્ક સાધવા કરતા સંગઠિત વિરોધીઓના પ્રતિનિધિઓ સાથે ચર્ચા કરવી ઉત્તમ છે. આને લીધે સંઘર્ષમય જૂથોમાં એકતા આવે છે.

**૮. સંઘર્ષ સત્તાના સંબંધોને પુનર્ગઠિત કરવામાં મદદ કરે છે :**

સંઘર્ષ પ્રતિસ્પર્ધી જૂથોની સત્તા અને બળની કસોટી કરે છે. જો પ્રતિસ્પર્ધી જૂથ પોતાના બળ વિશે સભાન હોય તો પારસ્પરિક હરિફ જૂથ વિશે અંદાજ મેળવવા પ્રયત્ન કરે છે અને સત્તાના સંબંધોને પુનર્ગઠિત કરે છે. સંઘર્ષ વિભાજન કે વિઘટન કરતો નથી પરંતુ સંતુલન અને સમાજની જાળવણીનું કાર્ય કરે છે.

**૯. સંઘર્ષ મંડળો અને જોડાણો ઊભા કરે છે :**

સંઘર્ષ જુદા જુદા જૂથો જે અગાઉ સંબંધ ધરાવતા ન હોય તેની વચ્ચે મિત્રાચારી કરી સહકાર મેળવવાનો પ્રયાસ કરે છે. જૂથોનું પુનર્ગઠન, જોડાણો અને કામચલાઉ મંડળો ઊભા કરે છે અને એ દ્વારા એકતા લાવે છે.

**૧૦. સંઘર્ષ સમૂહ સંરક્ષણ અને સેફ્ટીવાલ્વનું કામ કરે છે :**

સંઘર્ષના કાર્યમાં પણ આનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સંઘર્ષ હંમેશા વિઘટનાત્મક નથી હોતો પરંતુ તણાવપૂર્ણ સ્થિતિમાં પણ સંબંધો જાળવી રાખવામાં એનું યોગદાન મહત્ત્વનું રહે છે. તણાવની અભિવ્યક્તિ ત્રણ પ્રકારે હોય છે.

- વિરોધી સમૂહ પ્રતિ શત્રુતા પ્રદર્શિત કરવા.
- શાંતિપૂર્ણ ભાવ વ્યક્ત કરવા.
- કોઈ અન્ય વ્યક્તિના સમૂહ વિના સ્વયં પોતાના ઉપર એને વ્યક્ત કરવું.

## ૪.૬ કોઝરના સિદ્ધાંતનું મૂલ્યાંકન

સંઘર્ષને કાર્યાત્મક દષ્ટિકોણથી જોવાનો પ્રયાસ કરે છે. કાર્યાત્મકવાદ સમાજના સંકલનના મુદ્દા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. પરંતુ સંઘર્ષ બહુ ધ્યાન આપતો નથી. કાર્યાત્મકવાદ સંઘર્ષને. સમાજને વિઘટીત અને વિભાજીત કરનાર તત્ત્વ તરીકે જુએ છે. લૂઈસ કોઝરના મતે સંઘર્ષ સમાજના સાતત્યની જાળવણીનું કાર્ય કરે છે. આથી તેને કાર્યાત્મક સંઘર્ષવાદી તરીકે ઓળખવામાં આવે છે અને આંશિક સિદ્ધાંતની ઓળખ દ્વારા તે મર્ટનના મધ્યવ્યાપી સિદ્ધાંતની નજીક આવે છે.

ઈરવિંગ ઝેટલીન જણાવે છે તેમ લૂઈસ કોઝર કાર્યાત્મકવાદથી ખાસ અલગ પડતો નથી. માત્ર રચનાતંત્રીય વિશ્લેષણમાં એક સામાજિક પ્રક્રિયા તરીકે સંઘર્ષને લાવવામાં લૂઈસ કોઝરનો ફાળો રહેલો છે. કોઝર સંઘર્ષના જુદા જુદા પ્રકારના કાર્યો જણાવે છે. પરિણામે તે કાર્યાત્મક સંઘર્ષવાદી તરીકે ઓળખાય છે.

કોઝરના સિદ્ધાંત પર સિમેલના સિદ્ધાંતની અસર વિશેષ જોવા મળે છે. પાર્સન્સ અને ડહેરેન્ડોર્ફ કોઝરના સિદ્ધાંતમાં સંઘર્ષની ઉત્પત્તિ અને સમગ્ર રજૂઆતને એક પ્રકારના શબ્દાડંબર કહે છે.

ટર્નર કોઝરને સંઘર્ષના પ્રકાર્યવાદી સંઘર્ષના નામે ઓળખાવે છે. વેલેસ રૂથ અને વુલ્ફ એલિસન કોઝરને આ પ્રકારે ડહેરેન્ડોર્ફ તથા રેન્ડાલ કોલિન્સના વિશ્લેષણાત્મક સંઘર્ષ સિદ્ધાંતશાસ્ત્રીઓમાં મૂકે છે.

## તમારી પ્રગતિ ચકાસો :

૧. કોઝરનો સંઘર્ષનો સિદ્ધાંત માર્ક્સ અને ડહેરેન્ડોર્ફથી કઈ રીતે જુદો છે ?
૨. કોઝર સંઘર્ષના કેટલા પ્રકારો જણાવે છે ?
૩. કોઝરે જણાવેલા સંઘર્ષના કાર્યોની ચર્ચા કરો.

૫. પ્રસ્તાવના
૫.૧ સંઘર્ષ સિદ્ધાંતના મુખ્ય તત્ત્વો
૫.૨ સંઘર્ષના સમાજશાસ્ત્ર વિશેના વિચારો
૫.૩ સંઘર્ષ સિદ્ધાંત-સ્રોતના પ્રકારો
૫.૪ સામાજિક સંસ્થાઓ અને સાધનો
૫.૫ કોલિન્સનું મૂલ્યાંકન


## ૫. પ્રસ્તાવના

યુવાન સંઘર્ષવાદી રેન્ડાલ કોલિન્સનો જન્મ ૧૯૪૧માં થયો હતો. તેઓએ હાવર્ડ યુનિવર્સિટીમાંથી સ્નાતકની પદવી મેળવી હતી. સ્ટેન્ફોર્ડ યુનિવર્સિટીમાંથી અનુસ્નાતકની પદવી અને કેલિફોર્નિયામાંથી તેમણે પીએચ. ડી. કર્યું હતું. Conflict Sociology : Toward an Explanatory Science - 1975 આ એમનો મહત્ત્વનો ગ્રંથ છે.

કોલિન્સની દૃષ્ટિએ સમાજશાસ્ત્ર એક એવું હથિયાર છે જેના માધ્યમથી સામાજિક પરિવર્તન લાવવામાં આવે છે. તેમણે માર્ક્સ, સિમેલ, ડહરેન્ડોર્ફ વગેરેના વિચારોના આધારે સંઘર્ષ સિદ્ધાંતના બધા મુખ્ય તત્ત્વોને આવરી લીધા છે જે નીચે મુજબ છે.

## ૫.૧ સંઘર્ષ સિદ્ધાંતના મુખ્ય તત્ત્વો

૧. સમાજ હરિફ જૂથોનો બનેલો છે અને તેમની હરિફાઈ એકબીજા ઉપર સત્તા જમાવવા ઉપર રચાયેલી છે.
૨. કોલિન્સ લોકોના હિતો પર ભાર મૂકે છે.
૩. સામાજિક સંઘર્ષ અને પ્રભુત્વના સાધન તરીકે તેઓ વિચારો પર ભાર મૂકે છે.

કોલિન્સ સંઘર્ષના સિદ્ધાંતને Macro level પર જૂએ છે ત્યારે દુર્ખિમ, માર્ક્સ અને વેબરના પ્રભાવને જૂએ છે. અને જ્યારે સંઘર્ષને સૂક્ષ્મ સ્તર (Micro level) પર જૂએ છે ત્યારે ગોફમેન, ગારફિંકલ વગેરેના વિચારોને જૂએ છે. કોલિન્સના સિદ્ધાંતના આધાર સ્રોત છે - સામાજિક, આર્થિક અને રાજનૈતિક. આ સ્રોતમાં વિનિમય હોય છે અને ગેરબરાબરી દૂર કરવા માટે તણાવ અને સંઘર્ષ થાય છે. સામાજિક સંઘર્ષ વિશે કોલિન્સના વિચારોનો સંક્ષિપ્ત પરિચય નીચે મુજબ છે.

## ૫.૨ સંઘર્ષના સમાજશાસ્ત્ર વિશે કોલિન્સના વિચારો :

૧૯૭૫માં રેન્ડાલ કોલિન્સનું પ્રથમ પુસ્તક પ્રકાશિત થયું ત્યારે તેમણે સંઘર્ષના

માલિક તત્ત્વોને પણ ધ્યાનમાં રાખ્યા છે. એ ત્રણ મુખ્ય ધારણા ઉપર ચાલે છે.

**૧. ધન, સંપત્તિ અને પ્રતિષ્ઠા :**

આ ત્રણ વસ્તુ બધા સમાજોમાં લોકો આગળ ધરે છે અને દરેકને કોઈ પોતાના પર હુકમ કરે તે ગમતું નથી. દરેક હંમેશા હુકમને ટાળવા કે તેનાથી દૂર રહેવા પ્રયત્ન કરે છે. એટલે કે લોકોના તેમના મૂળભૂત હિતો છે અને આ હિતો મુજબ એ વર્તન કરશે. કોલિન્સના મતે સંપત્તિ મળવાની સાથે પ્રતિષ્ઠા અને શક્તિ આપોઆપ મળે છે. મતલબ કે પ્રત્યેક સમાજમાં લોકોના પોતાના હેતુઓ હોય છે, સ્વાર્થ અને પોતાની લાલસા હોય છે. આ બધાની પૂર્તી ધન, દોલત, શક્તિ અને પ્રતિષ્ઠા સાથે સંકળાયેલી હોય છે.

**૨. હિતોના વિરોધાભાસમાંથી સંઘર્ષ થાય છે :**

આ ધારણા મુજબ સમાજનો સભ્ય ધન, શક્તિ અને પ્રતિષ્ઠા માટે ભાગદોડ કરે છે અને એને પરિણામે સંઘર્ષ થાય છે. કોલિન્સ એનો સ્વીકાર કરે છે કે સમાજનો પ્રત્યેક વ્યક્તિ લાલચી નથી હોતી. અને એવું પણ નથી હોતું કે દરેક વ્યક્તિ સમાજરૂપથી શક્તિની વહેંચણી માટે ભાગદોડ કરે છે. આ સંદર્ભમાં વાલેસ અને વુલ્ફ જણાવે છે કે લોકો સમાન રીતે સત્તાના ભૂખ્યા ન હોય તો પણ સત્તા અસમાન હોય છે. અમુક લોકો પાસે વધુ સત્તા હોય તો સ્વાભાવિક રીતે જ બીજા લોકો પાસે ઓછી સત્તા હોય છે. વધુ સત્તાવાળા લોકો ઓછી સત્તાવાળા લોકો પાસે આજ્ઞા પાલનની અપેક્ષા રાખે છે. સમાજમાં સત્તા અને પ્રતિષ્ઠા અછત વસ્તુ છે અને સંપત્તિ કેટલીકવાર સત્તા અને પ્રતિષ્ઠા પર આધારિત છે.

સામાજિક સંઘર્ષના હાર્દ સમાન બળ કે દબાણ છે. બળ એવી વસ્તુ છે કે જેની તરફ લોકો વળે છે અને કેટલાક લોકો વધુ બળવાન હોય છે. આથી સંઘર્ષ સર્જાય છે કારણ કે હિંસક બળ હંમેશા સુષુમ સાધન છે.

કોલિન્સ કહે છે કે સમાજમાં નાનામાં નાની વ્યક્તિને પોતાની ગરિમા હોય છે અને આ ગરિમાને અણીશુદ્ધ રાખવા માટે દોલત, શક્તિ અને પ્રતિષ્ઠા માટે સંઘર્ષ કરવા તૈયાર હોય છે. જેની પાસે વધુ બળ હોય છે તે પોતાની પ્રતિષ્ઠા જાળવી રાખે છે. વાસ્તવમાં હિંસાત્મકરૂપથી બીજા પર દબાણ લાવવાનો આ એક મહત્ત્વનો સ્રોત છે.

૩. સામાજિક રચનાતંત્ર અને પરિવર્તનના નિર્ણયિકવાદી વિશ્લેષણના ભાગ તરીકે કોલિન્સ સંઘર્ષના સાધનોનું વિશ્લેષણ કરે છે. લોકો સામાજિક સંઘર્ષ માટે ભૌતિક અને યાંત્રિક સાધનો તથા વ્યક્તિગત સંબંધોમાં શક્તિ અને ભૌતિક આકર્ષણ શક્તિનો ઉપયોગ કરે છે.

જેઓની સાથે વ્યક્તિઓ સંપર્કમાં હોય અને જેમની સાથે તેઓને ભૌતિક વસ્તુઓ તથા દરજ્જા માટે વાટાઘાટની શક્યતા હોય તેવા લોકોના સંખ્યા અને પ્રકાર સાથે તે સંબંધ ધરાવે છે.

વ્યાવસાયિક, સામુદાયિક અને રાજકીય જીવન વ્યક્તિ માટે મહત્ત્વના છે.

## ૧.૩ સંઘર્ષ સિદ્ધાંત અને સ્રોતના પ્રકાર :



કોલિન્સ સંઘર્ષ સિદ્ધાંતના પ્રારંભમાં સામાજિક રચના અને પરિવર્તનને સમજાવે

છે. જ્યારે કોઈ વ્યક્તિ સંઘર્ષને સ્વીકારે છે ત્યારે સંઘર્ષ કરવાવાળી વ્યક્તિ અથવા સમૂહના સ્રોત પર નિર્ભર કરે છે. કોલિન્સે ચાર પ્રકારના સ્રોતને મહત્વના ગણ્યા છે.

**૧. ભૌતિક અને ટેકનિકલ સ્રોત :**

જેમાં સંપત્તિ, સાધન, શિક્ષા, દીક્ષા, કુશળતા અને સર્વાધિક હથિયાર વગેરેનો સમાવેશ થાય છે.

**૨. શારીરિક આકર્ષણ અને શક્તિ :**

ક્યારેક પુરુષ અને સ્ત્રીના શારીરિક વ્યક્તિત્ત્વ, રંગ, રૂપ, સૂરીલો કંઠ હોવો. લાંબી ગરદન હોવી, આકર્ષક વ્યક્તિત્વ હોવું વગેરે તાકાતવાન સ્રોત છે. સુંદર સ્ત્રીઓ વચ્ચે સંઘર્ષ થાય છે.

**૩. સંઘર્ષ અને કોમની વિશિષ્ટતા :**

જયારે જયારે સાંપ્રદાયિક ઝઘડા થાય છે ત્યારે અમુક કોમની સંખ્યા વધુ હોય છે તો અમુક કોમની સંખ્યા ઓછી હોય છે. ઘણીવાર બહાદુરી બતાવવા હિંસા વધતી જાય છે.

**૪. સંઘર્ષ અને પરંપરાઓનો સ્રોત :**

ઘણીવાર સંઘર્ષમાં ભાગીદારી કરવાવાળા સમૂહો અને વ્યક્તિઓને સાંસ્કૃતિક સંપત્તિના સ્રોતમાં લાવવમાં આવે છે અને એમાંથી સંઘર્ષની પ્રેરણા મળે છે.

કોલિન્સના મતે સામાજિક સ્તરીકરણના વિશ્લેપણના ત્રણ સ્રોત ધન-દોલત, શક્તિ અને પ્રતિષ્ઠાના આધાર પર છે.

કોલિન્સ સંઘર્ષના કારણમાં ન્યૂનતમ સ્રોતને માને છે. જે વ્યક્તિ પાસે ઓછામાં ઓછા સ્રોત છે એ સંઘર્ષને આહ્વાન આપતા નથી.

કોલિન્સના મતે ધર્મવિધિ વિનિમયમાં નીચેના ચાર તત્ત્વો મહત્ત્વના છે :

૧. વ્યક્તિઓની ભાગીદારી
૨. ભાગીદાર વ્યક્તિઓમાં પારસ્પરિક ચેતના માટે કોઈ પ્રસંગે એકત્ર થવું
૩. સામાન્ય સંવેગાત્મક સુઝાવ
૪. પ્રસંગ સંબંધિત પ્રતીક

ધર્મવિધિની ભૂમિકા ક્યારેક સંઘર્ષને જન્મ આપે છે.

## ૫.૪ સામાજિક સંસ્થાઓ અને સાધનો

સંઘર્ષમય હિતો, સાધનોની વહેંચણી અને સામાજિક સંસ્થાઓનું સ્વરૂપ એ ત્રણ વચ્ચેના સંબંધ કોલિન્સે દર્શાવ્યો છે.

**૧. શિક્ષણ :**

સત્તા, સંપત્તિ અને પ્રતિષ્ઠાના સંઘર્ષમાં શૈક્ષણિક લાયકાતનો એક સાધન તરીકે ઉપયોગ થાય છે. લોકોની કારકિર્દીમાં શિક્ષણ અગત્યની ભૂમિકા ભજવે છે. શિક્ષણ

દરજ્જા જૂથ તફાવતનો મહત્વનો આધારસ્તંભ છે.

ઉચ્ચ નોકરી માટેના માપદંડ તરીકે શિક્ષણનો ઉપયોગ કરવામાં આવે છે. આ પ્રબુદ્ધ વર્ગ સમાજમાં પોતાની સંસ્કૃતિને માન મળે તે માટે પ્રયત્ન કરે છે. વ્યક્તિની શૈક્ષણિક લાયકાત, કક્ષા, અનુભવ નોકરીની લાયકાતમાં વધારો કરે છે અને એમને પ્રતિષ્ઠિત વ્યવસાય પ્રાપ્ત કરવાનો માર્ગ બતાવે છે.

**૨. સંગઠનનો સિદ્ધાંત :**

કોલિન્સ સંગઠનને સંઘર્ષનું ક્ષેત્ર ગણે છે. અગાઉ જોયું તેમ બહુમતિ અને ચઢિયાતું સ્થાન ભોગવતી વ્યક્તિ તેનાથી ઉતરતી કક્ષાનું સ્થાન ધરાવતી વ્યક્તિઓને નિયંત્રીત કરવાનો પ્રયત્ન કરે છે. કોલિન્સ આ માટે સંગઠનના સિદ્ધાંતમાં સજા પદ્ધત્તિનો નિર્દેશ કરે છે. જેમાં બળ અથવા દબાણ, ભૌતિક બદલો અને પ્રેરણાત્મક નિયંત્રણનો સમાવેશ થાય છે. સંગઠન પર અસર કરતી વહીવટી પ્રયુક્તિના સંદર્ભમાં કોલિન્સ દેખરેખની પ્રયુક્તિ, કામની ગુણવત્તા અને કાર્યદક્ષતાની ચકાસણીની પ્રયુક્તિ, લેખિત ઔપચારિક નિયમોનો ઉપયોગ કરવાની પ્રયુક્તિ, માહિતી ઉપર નિયંત્રણ કરવાની પ્રયુક્તિ, પર્યાવરણ નિયમનની પ્રયુક્તિ વગેરેનો નિર્દેશ કરે છે.

**૩. રાજ્ય :**

રાજયના વિશ્લેષણમાં કોલિન્સ કહે છે કે દબાણ કે બળ સામાજિક જીવન અને સામાજિક સંઘર્ષનું હાર્દ છે. રાજય વિશિષ્ટ પ્રકારનું સંગઠન છે. રાજય સંગઠનોમાં સર્વોપરિ છે. તેનું બળ લશ્કર અને પોલિસ તંત્રમાં રહેલું છે. કોલિન્સના મતે રાજકીય વ્યવસ્થાનું નિયંત્રણ કરવા માટે કઈ રીતે હિંસા બળ સંગઠિત થયેલ છે અને કયા હિત-જૂથ રાજયની નીતિનું નિયંત્રણ કરે છે અને હિતજૂથોની અસર કેવી છે વગેરેની રજૂઆત કરે છે.

## ૫.૫ કોલિન્સના સિદ્ધાંતનું મૂલ્યાંકન :

કોલિન્સના સિદ્ધાંતો માઈક્રો સોશિયોલોજી અને મેક્રો સોશિયોલોજી બન્નેનું એકીકરણ કરે છે. એક બાજુ દુર્ખિમ, વેબર અને ડરેહેન્ડોર્ફ છે તો બીજી બાજુ ગારફિંકલ અને ગોફમેનને પણ સિદ્ધાંતમાં સ્થાન મળ્યું છે. પરંતુ એમનામાં સંઘર્ષ સિદ્ધાંતનો અભાવ છે. એ સંઘર્ષ કરતા આંતરક્રિયાની ચર્ચા વધુ કરે છે જે એની મર્યાદા સૂચવે છે. આ રીતે સામાજિક સંઘર્ષના વિશ્લેષણલક્ષી શાખાના સિદ્ધાંતશાસ્ત્રીઓ સમાજશાસ્ત્રને વસ્તુલક્ષી વિજ્ઞાન તરીકે જુએ છે. તેઓ હકીકત અને મૂલ્યોને એકબીજાથી અલગ પાડે છે અને સમાજશાસ્ત્રને મૂલ્યમુક્ત વિજ્ઞાન બનાવવા ઈચ્છે છે.

આમ સામાજિક સંઘર્ષના વિશ્લેષણાત્મક સમાજશાસ્ત્રી તરીકે કાર્લ માર્ક્સ, રાલ્ફ ડરેહેન્ડોર્ફ, લુઈસ કોઝર અને કોલિન્સને આપણે ઉપર્યુક્ત રીતે મૂલવી શકીએ.

## તમારી પ્રગતિ ચકાસો :

૧. કોલિન્સના સંઘર્ષના સિદ્ધાંતના મુખ્ય તત્ત્વો જણાવો.
૨. સંઘર્ષના સમાજશાસ્ત્ર વિશે કોલિન્સના વિચારો સ્પષ્ટ કરો.
૩. કોલિન્સ સંઘર્ષના કેટલા સ્રોત જણાવે છે ? ક્યા ક્યા ?
૪. કોલિન્સના સંઘર્ષના સિદ્ધાંતનું મૂલ્યાંકન કરો.

## નોંધ

# MSO -01
## સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો ભાગ -૪

## વિભાગ
# 4

## એકમની રૂપરેખા


| | | |
|---|---|---|
| ૧. | પ્રતીકાત્મક આંતરક્રિયાવાદ | ૫ |
| ૨. | ઘટનાશાસ્ત્રીય અભિગમ | ૨૨ |

નોંધ

## નિષ્ણાત સમિતિ

| | |
|---|---|
| ડૉ. આમ્રપાલી મર્ચંટ | વાઈસ ચાન્સેલર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અમદાવાદ. |
| ડૉ. વિદ્યુત જોષી | ભૂતપૂર્વ વાઈસ ચાન્સેલર, ભાવનગર યુનિવર્સિટી. |
| ડૉ. હેમીક્ષા રાવ | પ્રોફેસર અને અધ્યક્ષ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ. |
| ડૉ. ચંદ્રકાંત ઉપાધ્યાય | નિયામક આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ. |

## લેખક :

ડૉ. આમ્રપાલી મર્ચંટ — વાઈસ ચાન્સેલર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અમદાવાદ.

## પરામર્શક (વિષય)

ડૉ. વિદ્યુત જોષી — ભૂતપૂર્વ વાઈસ ચાન્સેલર, ભાવનગર યુનિવર્સિટી.

## પરામર્શક (ભાષા) :

ડૉ. પ્રદીપ જોષી — આચાર્યશ્રી, આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વસો.

## સંપાદન :

શ્રી એસ. એચ. બારોટ
મદદનીશ કુલસચિવ,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અમદાવાદ.


પ્રકાશક
એસ. એચ. બારોટ (ઈન્ચાર્જ રજીસ્ટ્રાર) ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
સરકારી બંગલા નંબર - ૯, ડફનાળા, શાહીબાગ, અમદાવાદ ૩૮૦ ૦૦૩, ટે. નં. ૨૨૮૬૯૬૯૦


સર્વ હક્ક સ્વાધીન. આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈપણ ભાગને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈપણ રીતે પુનઃ મુદ્રિત કરવાની મનાઈ છે.

નોંધ

# ૧. પ્રતીકાત્મક આંતરક્રિયાવાદ

સમાજને સમજવા માટે સમાજશાસ્ત્રમાં મુખ્યત્વે બે વિચારધારાઓ છે અને તેના જુદા જુદા અભિગમો જોવા મળે છે. એક વિચારધારા બૃહદ સ્તરીય અભ્યાસો પર ભાર મૂકે છે જેના ઉદાહરણ તરીકે આપણે કાર્યાત્મકવાદને દર્શાવી શકીએ. માર્ક્સ, વેબર, દુર્ખિમ, પરેટો, મર્ટન, પાર્સન્સ વગેરે વિદ્વાનોના વિચારો આ બૃહદ સ્તરીય વિચારધારામાં મહત્ત્વના છે. આ વિદ્વાનો સમગ્ર સમાજને અભ્યાસનું કેન્દ્ર બનાવીને એવો સિદ્ધાંત સ્થાપિત કરવા માગે છે જે દરેક સમાજોને લાગુ પાડી શકાય. આ માટે તેઓ ઐતિહાસિક તેમજ અનુભવજન્ય સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરે છે. તેમનો અભિગમ નિગમનાત્મક છે અર્થાત્ પોતાના અભ્યાસ બાદ તેઓ જે પણ નિષ્કર્ષ પર આવે છે તે સમગ્ર સમાજને લાગુ પાડે છે.

બીજો અભિગમ સૂક્ષ્મ સ્તરીય અભ્યાસોનો છે. આ અભિગમ વ્યક્તિને મહત્ત્વનું એકમ માને છે કારણ કે સમાજનું નિર્માણ વ્યક્તિઓ દ્વારા જ થાય છે. એટલા માટે જ જો વ્યક્તિને સમજીએ તો જ આપણે સમાજને સમજી શકીએ. આ વિચારધારા અંતર્ગત પ્રતીકાત્મક આંતરક્રિયાવાદ, ઉદ્દામવાદી સમાજશાસ્ત્ર, એથ્નોમેથોડોલોજી, ફિનોમેનોલોજી વગેરેને ગણાવી શકાય. સૂક્ષ્મ સ્તરીય સિદ્ધાંતોને વિકસાવવામાં હર્બર્ટ મીડ, ચાર્લ્સ હોટન કૂલે, હોમાન્સ, શુટ્ઝ, બ્લુમર, ઈરવિંગ ગોફમેન, ડેવી, ગારફિંકલ વગેરેનો ફાળો મહત્ત્વનો છે. તેઓ આગમનાત્મક અભિગમનો ઉપયોગ કરે છે તથા મનોવૈજ્ઞાનિક પદ્ધતિ પર ભાર મૂકે છે. વ્યક્તિ અથવા નાના સમૂહોનો અભ્યાસ કરી તેનો નિષ્કર્ષ સમગ્ર સમાજને લાગુ પાડે છે. પ્રતીકાત્મક આંતરક્રિયાવાદ પણ સૂક્ષ્મ સ્તરીય અધ્યયન પર ભાર મૂકે છે.

પ્રતીકાત્મક આંતરક્રિયાવાદ સમાજશાસ્ત્રનો એક એવો સૈદ્ધાંતિક દષ્ટિકોણ છે જે સામાજિક આંતરક્રિયા પર ભાર મૂકે છે. સમાજશાસ્ત્રમાં પ્રતીકાત્મક આંતરક્રિયાવાદી વિચારધારાનો ઉદ્‌ભવ સાવયવી દષ્ટિકોણ, સ્વરૂપવાદી શાખા, કાર્યાત્મકવાદ અને સંઘર્ષવાદી અભિગમના વિરોધના રૂપમાં થયો. આધુનિક સમાજશાસ્ત્રનો ઉદય ૧૯મી સદીના પ્રારંભમાં યૂરોપમાં થયો. સમાજશાસ્ત્રના પ્રણેતા તરીકે ઓગસ્ટ કોમ્ટ, હર્બર્ટ સ્પેન્સર, મેક્સ વેબર, કાર્લ માર્ક્સ અને ઈમાઈલ દુર્ખિમના નામો વિશેષરૂપે ઉલ્લેખનીય છે. આ પરંપરાગત સમાજશાસ્ત્રીઓએ સામાજિક ઉત્ક્રાંતિ, બૃહદ સામાજિક સંરચના, સામાજિક વ્યવસ્થા, વર્ગ સંઘર્ષ, સામાજિક પ્રક્રિયા, સામાજિક પરિવર્તન વગેરે વિષયક મહત્ત્વપૂર્ણ સિદ્ધાંતોનું પ્રતિપાદન કર્યું.

૧૯મી સદીના અંતમાં સમાજશાસ્ત્રીય સિદ્ધાંતકારોની રુચિમાં પરિવર્તન આવ્યું અને તેઓ બૃહદ સામાજિક સંરચનાઓ અને સામાજિક પ્રક્રિયાઓને બદલે નાના પાયા પરના અભ્યાસો પર ધ્યાન કેન્દ્રિત કરવા લાગ્યા. તેઓ એવું માનવા લાગ્યા કે વિકાસવાદી દષ્ટિબિંદુ અને સામાજિક પ્રક્રિયાઓના આધારે સામાજિક સંબંધો અને માનવીય વ્યવહારોની જટિલતાને સમજી શકાય નહીં. આ જટિલતાઓને સમજવા માટે પ્રતીકાત્મક આંતરક્રિયાવાદની એક નવા જ અભિગમ તરીકે શરૂઆત થઈ. પ્રતીકાત્મક આંતરક્રિયાવાદ એ બાબત પર ધ્યાન કેન્દ્રિત કરે છે કે – વ્યક્તિનો સમાજ સાથે શું સંબંધ છે? વ્યક્તિની આંતરક્રિયાની પ્રવૃત્તિ કઈ છે? અત્યાર સુધી વ્યક્તિ અને સમાજ વચ્ચેના સામાજિક સંબંધોની વ્યાખ્યા સામાજિક સંસ્થાઓના આધારે કરવામાં આવતી હતી

પરંતુ પ્રતીકાત્મક આંતરક્રિયાવાદીઓ સંસ્થાને બદલે વ્યક્તિની દૃષ્ટિએ વિચારવા લાગ્યા. આ અભિગમમાં વ્યક્તિનો સમાજ પર અને સમાજનો વ્યક્તિ પર કેવો પ્રભાવ પડે છે તેનો અભ્યાસ કરવામાં આવે છે.

## પ્રતીકાત્મક આંતરક્રિયાવાદનો અર્થ અને પરિભાષા :

પ્રતીકાત્મક આંતરક્રિયાવાદ મૂળભૂત રીતે એક સામાજ-મનોવૈજ્ઞાનિક અભિગમ છે. પ્રતીકાત્મક આંતરક્રિયાવાદમાં અમૂર્ત સામાજિક સંરચનાઓના બદલે માનવીય વ્યવહારોના મૂર્ત સ્વરૂપો, આંતરક્રિયા, સામાજિક ક્રિયા અને સામાજિક સંબંધોના ગત્યાત્મક પાસાં પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. આમાં માનવીની આંતરક્રિયાને અભ્યાસના એકમ તરીકે અપનાવવામાં આવે છે અને વ્યક્તિની મનોવૃત્તિઓને આંતરક્રિયાની પૃષ્ઠભૂમિના રૂપમાં જોવામાં આવે છે. પ્રતીકાત્મક આંતરક્રિયાવાદીઓ માનવી અને સામાજિક સંરચનાને વધારે જટિલ અને ક્રિયાશીલ માને છે. પરંપરાગત સમાજશાસ્ત્રીઓના મતે વ્યક્તિ બાહ્ય ઉત્પ્રેરણાઓ પ્રત્યે પોતાની પ્રતિક્રિયા વ્યક્ત કરે છે. જ્યારે આંતરક્રિયાવાદીઓ એમ માને છે કે સમાજનું નિર્માણ આંતરક્રિયા કરવાવાળા વ્યક્તિઓથી થાય છે જે બાહ્ય ઉત્પ્રેરણાઓ પ્રતિ પોતાની પ્રતિક્રિયા જ વ્યક્ત નથી કરતા પરંતુ તેમાં તેઓ અનુભવ કરે છે, સમજે છે તથા વ્યાખ્યા પણ કરે છે. પરંપરાગત સમાજશાસ્ત્રીઓ વ્યક્તિને વલણોનો સમૂહ માને છે. જ્યારે આંતરક્રિયાવાદીઓ વ્યક્તિને ગતિશીલ અને પરિવર્તનશીલ કર્તાના રૂપમાં જૂએ છે. તેમના મતે માનવી ક્યારેય પૂર્ણ અવસ્થા સુધી નથી પહોંચતો પરંતુ હંમેશા વિકાસની પ્રક્રિયામાં જ રહે છે. સામાજીકરણની પ્રક્રિયા દ્વારા વ્યક્તિ અન્ય વ્યક્તિઓ અને સમાજ વિશે કંઈક ને કંઈક શીખતો રહે છે અને ગ્રહણ કરતો રહે છે.

વ્યક્તિની જેમ સામાજિક પર્યાવરણ પણ સતત બદલાતું રહે છે, તેમજ આપણને પ્રભાવિત પણ કરતું રહે છે. માનવીમાં મનની સાથે સાથે 'આત્મ' અથવા 'સ્વ' પણ જોવા મળે છે. આ 'આત્મ' અથવા 'સ્વ' કોઈ મનોવૈજ્ઞાનિક તથ્ય નથી પરંતુ સામાજિક પ્રક્રિયાનો જ એક પક્ષ છે જેનો ઉદ્ભવ વ્યક્તિમાં તેના દ્વારા કરવામાં આવેલા સામાજિક અનુભવો તથા ગતિવિધિઓ દરમ્યાન થાય છે.

આંતરક્રિયાવાદીઓના મતે આંતરક્રિયાની સંપૂર્ણ પ્રક્રિયા પ્રતીકાત્મક છે. સંકેત અથવા પ્રતીકોના માધ્યમથી જ વ્યક્તિ પરસ્પર આંતરક્રિયા કરે છે. આ પ્રતીકોનું નિર્માણ સમાજના વ્યક્તિઓ દ્વારા જ કરવામાં આવે છે, અને તેઓ જ આ પ્રતીકોનો વિશેષ અર્થ નક્કી કરે છે. ભાષા અને શબ્દ પ્રતીકોની જ વ્યવસ્થા છે. કયા શબ્દનો કયો અર્થ થશે તે સમાજ નક્કી કરે છે. આંતરક્રિયા દરમ્યાન પ્રતીકોનું નિર્માણ થાય છે અને પ્રતીકો જ આંતરક્રિયાની પ્રક્રિયાને શક્ય બનાવે છે. આ રીતે બંને પરસ્પર એકબીજાના પૂરક છે. આમ પ્રતીકો અને આંતરક્રિયા બંને મહત્ત્વના છે. આંતરક્રિયાવાદનો સંબંધ વ્યક્તિઓ વચ્ચેના સામાજિક વિનિમય સાથે પણ છે. સામાજિક વિનિમય પ્રતીકો દ્વારા થાય છે અને પ્રતીકો સંસ્કૃતિ પાસેથી પ્રાપ્ત થાય છે. એટલા માટે જ સમાજમાં પ્રચલિત અને સંસ્કૃતિ દ્વારા જેને સમર્થન પ્રાપ્ત થયું છે તેવા પ્રતીકોના માધ્યમથી જ વ્યક્તિ પોતાની મનોવૃત્તિઓને અભિવ્યક્ત કરે છે અને આંતરક્રિયા કરે છે. પ્રતીકાત્મક આંતરક્રિયાવાદની કેટલીક વ્યાખ્યાઓ નીચે મુજબ છે.

માર્વિન ઈ. ઓલ્સનના મતે પ્રતીકાત્મ સિદ્ધાંતનો સંબંધ મુખ્યત્વે એ વૈષયિક અર્થો સાથે છે જે લોકો પોતાની તથા બીજાની ક્રિયાઓનો કરે છે.

બૅર્નાર્ડ ફિલિપ્સના મતે પ્રતીકાત્મક આંતરક્રિયાવાદ એક સૈદ્ધાંતિક અભિમુખતા છે જે પરિસ્થિતિ, ભૂમિકા અને આત્મબિંબની વ્યક્તિ દ્વારા કરવામાં આવેલી પરિભાષા પર પ્રકાશ ફેંકે છે.

ફ્રાંસિસ અબ્રાહમના મતે પ્રતીકાત્મક આંતરક્રિયાવાદ આંતરક્રિયાની પ્રકૃતિ, સામાજિક ક્રિયા અને સામાજિક સંબંધના ગતિશીલ પ્રતિમાનો પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આંતરક્રિયાને અધ્યયનના એક એકમના રૂપમાં ગ્રહણ કરવામાં આવે છે.

હર્બર્ટ બ્લુમરના મતે પ્રતીકાત્મક આંતરક્રિયા માનવીઓમાં જોવા મળતી વિચિત્ર અને વિશિષ્ટ વિશેષતાવાળી આંતરક્રિયા સાથે સંબંધિત છે.

માનિસ અને મેલ્ટઝેરના મતે પ્રતીકાત્મક આંતરક્રિયાવાદનો સંબંધ માનવીય વ્યવહારના આંતરિક અથવા કાર્યાત્મક પાસાં સાથે છે.

એલ. એચ. વાર્શેના મતે આંતરક્રિયાવાદનો સંબંધ આંતરક્રિયા, ભાષા, અભિવૃત્તિ અને આત્મ સાથે છે. પ્રતીકાત્મક આંતરક્રિયાવાદ એક એવો અભિગમ છે જે ભાષાને કેન્દ્રમાં રાખે છે અને તેની આસપાસ કેન્દ્રિત છે, ભાષાને જ તે આંતરક્રિયાનો પર્યાય માને છે અને એક એવી સામાજિક પ્રક્રિયા માને છે જેમાં મન, આત્મ અને ભૂમિકા ગ્રહણનો ઉદ્ભવ થાય છે.

## પ્રતીકાત્મક આંતરક્રિયાવાદની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ :

પ્રતીકાત્મક આંતરક્રિયાવાદ અમેરિકન સમાજશાસ્ત્રની એક શાખા છે. તેનો વિકાસ અમેરિકન દાર્શનિકોના એક સમૂહ દ્વારા થયો જેમાં જોન ડીવી, ડબલ્યુ. આઈ. થોમસ, ચાર્લ્સ હોટન કૂલે, વિલિયમ જેમ્સ, બોલ્ડવિન અને જ્યોર્જ હર્બર્ટ મીડ મુખ્ય છે. મીડ પછી હર્બર્ટ બ્લૂમર, ગસફિલ્ડ, ટર્નર, ગોફમેન, જ્યોર્જ સ્ટીન, ફ્રેડ ડેવિસ વગેરે વિદ્વાનોએ પ્રતીકાત્મક આંતરક્રિયાવાદને સાતત્ય પ્રદાન કર્યું. પ્રતીકાત્મક આંતરક્રિયાવાદનો ઉદ્ભવ અને વિકાસ અમેરિકાના શિકાગો વિશ્વવિદ્યાલયમાં સમાજશાસ્ત્ર વિભાગમાં થયો હતો. એટલા માટે જ તેને સમાજશાસ્ત્રની શિકાગો શાખા તરીકે પણ ઓળખવામાં આવે છે. આગળ જતાં આ સૈદ્ધાંતિક વ્યવસ્થાનો વિસ્તાર થતાં અન્ય ત્રણ શાખાઓનો પણ ઉદ્ભવ થયો જેને નીચે મુજબ દર્શાવી શકાય.

(૧) હર્બર્ટ બ્લૂમર અને શિકાગો શાખા

(૨) મમફોર્ડ કોહન અને આયોવા શાખા

(૩) ઈરવીંગ ગોફમેન અને રંગભૂમિ

યૂરોપમાં આ સિદ્ધાંતમા વિશ્વાસ કરવાવાળા અનેક વિદ્વાનો છે. જ્યોર્જ સિમેલ સૌપ્રથમ એવા સમાજશાસ્ત્રી છે જેણે માનવીના સામાજિક જીવનના ક્ષેત્રમાં રૂચિ દર્શાવી. તેના મતે સમાજના અસ્તિત્ત્વ માટે સામાજિક આંતરક્રિયા આવશ્યક છે. વેબરે પણ સામાજિક ક્રિયાને સમાજશાસ્ત્રના વિષયવસ્તુના રૂપમાં સ્વીકારી છે. તેના મતે સામાજિક ક્રિયા પાછળ કોઈને કોઈ ઉદ્દેશ્ય અવશ્ય હોય છે, તેનો કોઈને કોઈ અર્થ હોય છે અને આ ક્રિયા સાંકેતિક હોય છે.

વિલિયમ જેમ્સે વ્યક્તિ અને સમાજના સંબંધોની વ્યાખ્યાને એક નવું સ્વરૂપ પ્રદાન

કર્યું. તેણે મૂળ પ્રવૃત્તિના સ્થાને ટેવને મહત્ત્વ આપ્યું. તેના મતે ટેવ માનવ વ્યવહારને નિર્દેશિત તો કરે જ છે પણ સાથે સાથે સામાજિક દષ્ટિએ પણ મહત્ત્વ ધરાવે છે. તેઓ ટેવને અનુકરણનો વિકલ્પ માને છે. તેણે વ્યક્તિગત ચેતના અને માનસિક અવસ્થાઓના મહત્ત્વનો પણ ઉલ્લેખ કર્યો છે.

વિલિયમ થોમસે પ્રતીકાત્મક આંતરક્રિયાવાદને એક નવી દિશા આપી. તેમના મતે જો આપણે માનવ વ્યવહારને સમજવો હોય તો માનવીના એ માનસિક દષ્ટિકોણને જાણવો પડશે જે બાહ્ય સંસારના વિશેષ અર્થનું ઘડતર કરે છે. સમાજશાસ્ત્રએ વ્યક્તિની સમાજ અને સંસ્કૃતિ પર અને સમાજ અને સંસ્કૃતિની વ્યક્તિ પરની નિર્ભરતાને જાણવી જોઈએ. થોમસ મનોવૃત્તિઓ અને સામાજિક મૂલ્યોને માનવીય વ્યવહારને સમજવા માટે મહત્ત્વના માને છે. મનોવૃત્તિ વ્યક્તિની વ્યક્તિગત ચેતનાને અભિવ્યક્ત કરે છે કે જેના આધારે તે સામાજિક ક્રિયા કરે છે. થોમસના મતે વ્યક્તિનું સંપૂર્ણ સામાજિક જીવન તેની મનોવૃત્તિઓનું નિર્માણ કરે છે અને તેના આધારે જ વ્યક્તિત્વનું નિર્માણ થાય છે. વ્યક્તિ આંતરક્રિયાની જ નિપજ છે. સામાજિક વ્યક્તિત્ત્વને પામવા માટે એ આવશ્યક છે કે વ્યક્તિ વસ્તુઓના સામાજિક અર્થને શીખે અને સમાજની આવશ્યક્તા મુજબ અનુકૂલન કરે. વિલિયમ થોમસે નૈનિકી નામના વિદ્વાન સાથે મળીને આ સિદ્ધાંતને વિસ્તાર્યો છે. તેમણે માનવીય વ્યવહાર પર ભૌતિક પર્યાવરણ અને ભૌતિક પરિબળોના પ્રભાવનો સ્વીકાર કર્યો છે. તેમના મતે માનવીય ક્રિયાઓ અને વ્યવહારો પર ભૌતિક પરિબળોનો પ્રભાવ સ્પષ્ટપણે જોવા મળે છે.

પ્રતીકાત્મક આંતરક્રિયાવાદની વિચારધારા સાથે સંબંધિત વિદ્વાનોની એક લાંબી યાદી છે, પરંતુ જ્યોર્જ હર્બર્ટ મીડને આ સિદ્ધાંતના અગ્રેસર ગણી શકાય. આ વિચારધારાના અન્ય સમર્થકોમાં ચાર્લ્સ હોટન કૂલે, વિલિયમ જેમ્સ, બોલ્ડવિન, ડબલ્યુ.આઈ. થોમસ, બ્લૂમર, ઈરવિંગ ગોફમેનને ગણાવી શકાય. આમાંથી કેટલાંક મુખ્ય વિચારકોના વિચારોને અહીં આપણે સમજીશું.

## પ્રતીકાત્મક આંતરક્રિયાવાદમાં ચાર્લ્સ હોર્ટન કૂલેનું પ્રદાન :

અમેરિકન સમાજશાસ્ત્રી ચાર્લ્સ હોટન કૂલેનો જન્મ મિશિગન નામના શહેરમાં થયો હતો. તેમના પિતા મિશિગન વિશ્વવિદ્યાલયમાં કાયદાના પ્રાધ્યાપક હતા. ઉદારવાદી વાતાવરણમાં કૂલેએ શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. સમકાલીન સમાજશાસ્ત્રીઓની જેમ તેઓ હર્બર્ટ સ્પેન્સરના સામાજિક ઉત્ક્રાંતિના વિચારોથી પ્રભાવિત થયા હતા. આમ છતાં તેઓએ સ્પેન્સરના સામાજિક ઉત્ક્રાંતિવાદની ટીકા પણ કરી છે. આ ઉપરાંત તેઓ ડાર્વિનના જૈવિક ઉત્ક્રાંતિવાદ, ગોથેનું તત્ત્વજ્ઞાન તેમજ ઈમરસનના રોમાન્ટિસિઝમથી પણ પ્રભાવિત હતા. કૂલે ખાસ કરીને જોન ડીવીના પ્રસંશક હતા. ડીવીએ સામાજિક જીવન અને ભાષાની પ્રકૃતિ તથા કાર્યો વિશે મહત્ત્વપૂર્ણ વિચારો વ્યક્ત કર્યા હતા. આ વિચારોથી કૂલેના કાર્યને પણ પ્રેરણા મળી છે. કૂલેએ સામાજિક જીવનની પ્રકૃતિને ખૂબ જ ધીરજતાથી સમજવાનો પ્રયાસ કર્યો છે. માનવીય પ્રકૃતિને સમજીને જ આપણે સમાજવ્યવસ્થાને સમજી શકીએ એમ તેઓ દૃઢપણે માનતા હતા. આ જ સંદર્ભમાં ૧૯૦૨માં તેમનું પ્રથમ પુસ્તક 'Human Nature and the Social Order' પ્રકાશિત થયું. ૧૯૦૯માં 'Social Organization' તથા ૧૯૧૮માં 'Social Process' એમ અન્ય બે મુખ્ય પુસ્તકો પણ પ્રકાશિત થયા. કૂલેએ, જેમ્સ ફ્રેઝરના એ વિચારને સ્વીકાર્યો છે કે મન હંમેશા પરિવર્તિત અને વિસ્તૃત થતું રહે છે. 'આત્મ'ની રચના અને વિકાસ બાહ્ય સંસાર સાથેના સંપર્કથી જ થાય છે એ પણ તેમણે ફ્રેઝર પાસેથી જાણ્યું. આ રીતે કૂલેના ચિંતનમાં અનેક વિદ્વાનોનો પ્રભાવ જોવા મળે છે. કૂલેના વિચારોને સમજવા માટે આપણે તેના જૈવિક ઉત્ક્રાંતિ, દર્પણ સ્વ, પ્રાથમિક સમૂહ તેમજ અધ્યયન પદ્ધતિ વિશેના વિચારોને સમજવા જરૂરી છે.

### કૂલેના જૈવિક ઉત્ક્રાંતિ વિષયક વિચારો :

કૂલેનો સમાજશાસ્ત્રીય સિદ્ધાંત તેના સામાજિક વિચારોથી પ્રભાવિત છે. કૂલેના સામાજિક વિચારોના બે મુખ્ય આધારો છે જે તેણે સામાજિક જીવનની પ્રકૃતિના સંદર્ભમાં પ્રતિપાદિત કર્યા હતા. આ બે આધારો આ પ્રમાણે છે.

(૧) સામાજિક જીવન મૂળભૂત રીતે સાવયવી ઉત્ક્રાંતિ છે. તથા

(૨) સમાજ આદર્શ રીતે લોકતાંત્રિક, નૈતિક અને પ્રગતિશીલ છે.

કૂલેના મતાનુસાર વ્યક્તિ વિના સમાજનું અને સમાજ વિના વ્યક્તિનું અસ્તિત્વ સંભવિત નથી. વ્યક્તિ વિનાનો સમાજ એ માત્ર એક કલ્પના જ છે. સમાજ વિશે સાવયવી દૃષ્ટિકોણ એવું દર્શાવે છે કે વ્યક્તિ અને સમાજ વચ્ચે અવિભાજ્ય પારસ્પરિકતા જોવા મળે છે. આ બંને અપૃથક છે. વ્યક્તિ વિનાનો સમાજ અને સમાજ વિનાની વ્યક્તિ એ ન સ્વીકારી શકાય તેવી કલ્પના છે. કૂલે કહે છે કે જ્યારે આપણે સમાજને એક સાવયવ તરીકે ઓળખાવીએ છીએ ત્યારે તે નિશ્ચિત રૂપે જ એક જટિલ વ્યવસ્થા છે જે વ્યક્તિઓ વચ્ચેની આંતરક્રિયાઓ દ્વારા ટકી રહે છે અને વિકાસ પામે છે. સમાજના કોઈ એક ભાગમાં પરિવર્તન આવે છે તો તે સમાજના બીજા ભાગને પણ પ્રભાવિત કરે છે.

કૂલેનો ઉત્ક્રાંતિવાદ સ્પેન્સર અને ડાર્વિનના ઉત્ક્રાંતિવાદ કરતા ભિન્ન છે. શરૂઆતમાં વિચારકો સમાજની ઉત્ક્રાંતિમાં સમાજની બૃહદ સંરચના અને વર્ગ સંઘર્ષને જાણવામાં રસ ધરાવતા હતા જ્યારે કૂલે વ્યક્તિને ઊંડાણપૂર્વક સમજવાનો પ્રયત્ન કરતા હતા. તેઓ વ્યક્તિને સમાજથી અલગ એકમ નહીં પરંતુ તેને સમાજનુ મનોવૈજ્ઞાનિક અંગ માને છે.

કૂલે પ્રત્યેક વ્યક્તિને જીવનનું એક તાજું સંગઠન માને છે જે જૈવિક રીતે વારસાગત અને સામાજિક ભૂતકાળથી નિર્મિત થાય છે. માનવીના આ વિકાસના પ્રવાહમાં પ્રત્યેક વ્યક્તિની પોતાના સમયની સંસ્કૃતિ, ભાષા, આંતરક્રિયા અને શિક્ષણનું મહત્ત્વપૂર્ણ યોગદાન રહેલું છે. આ રીતે કૂલેના મતે સાવયવી ઉત્ક્રાંતિમાં વ્યક્તિ અને સમાજ વચ્ચે સર્જનાત્મક લેણદેણ છે. વ્યક્તિ અને સમાજ બંને એક જ તથ્યની અભિવ્યક્તિ છે. તેના મતે સમાજ માનસિક સ્વ અને આંતરક્રિયાનું જાળું છે.

આ રીતે કૂલેના મતે સમાજની સાવયવી પ્રકૃતિને જાણવી તે સમાજશાસ્ત્રનું મૌલિક કાર્ય છે. સમાજશાસ્ત્રએ સમાજને સમજવો હશે તો તેણે વ્યક્તિઓની માનસિક ક્રિયાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે કે જેનાથી સમાજનું નિર્માણ થાય છે. કૂલે જણાવે છે કે વ્યક્તિ એકબીજા માટે કેવી કલ્પના કરે છે એ જ સમાજ વિશેનું મુખ્ય તથ્ય છે. અંગત વિચારો વચ્ચેનો પારસ્પરિક સંબંધ જ સમાજ છે તથા તેનું અવલોકન અને વિશ્લેષણ જ સમાજશાસ્ત્રનો મુખ્ય હેતુ હોવો જોઈએ.

## કૂલેનો દર્પણ સ્વનો ખ્યાલ :

કૂલેએ બૃહદ સામાજિક સંસ્થાઓની તુલનામાં વ્યક્તિની પ્રકૃતિ, ખાસ કરીને સામાજિક સંસ્થાઓની અંતર્ગત મનના અભ્યાસ પર વધારે ભાર મૂક્યો છે. કૂલે ભાષા, કુટુંબ, ઉદ્યોગ, શિક્ષણ, ધર્મ અને કાનૂનને સમાજની મુખ્ય સંસ્થાઓ માને છે. કૂલેના મતે આ સંસ્થાઓ સમાજના તથ્યોનું નિર્માણ કરે છે, જે લોકમાનસ દ્વારા પરિભાષિત છે. તેનો સમાજશાસ્ત્રીય અભ્યાસ કરવો જોઈએ. કૂલેના મતે આ સંસ્થાઓ અને સંગઠનોનો જન્મ પ્રથાઓ, સંકેતો, વિશ્વાસો અને ભાવનાઓને કારણે થાય છે. આ રીતે સંસ્થા વ્યક્તિના મનની પેદાશ છે જે માનવીની માનસિક ટેવોને કારણે સમાજમાં ટકી રહે છે. જ્યારે આપણે સમાજની સંસ્થાઓને મન દ્વારા રચાયેલી માનીએ છીએ ત્યારે તેનું તાત્પર્ય એ છે કે વ્યક્તિ સામાજિક સંરચનાનું પરિણામ નથી પરંતુ તે તેનો નિર્માતા તથા પોષક પણ છે.

કૂલેના મતે લોકો પરસ્પર એકબીજા વિશે કઈ કલ્પનાઓ કરે છે એ જ સમાજ વિશેનું એક તથ્ય છે. તેમણે પોતાના પુસ્તક 'Human Nature and the Social Order'માં સામાજિક સ્વના સિદ્ધાંતની રજૂઆત કરી છે જેમાં રોજિંદા જીવનના વિચારો અને ભાષામાં ઉપયોગમાં લેવાતા હું (I) પર ભાર મૂક્યો છે. આ 'હું' નો સંબંધ વ્યક્તિના શરીર સાથે નહીં પરંતુ મારાપણાની ભાવના સાથે છે. પોતાના વિશેની આ જ માનસિક છબિને કૂલે 'દર્પણ સ્વ' તરીકે ઓળખાવે છે.

વ્યક્તિ અને સમાજ વચ્ચેના સંબંધોને સ્પષ્ટ કરવા માટે કૂલેએ આ સિદ્ધાંતની રજૂઆત કરી છે. તેમના મતે વ્યક્તિ અને સમાજને એકબીજાથી અલગ કરીને વૈજ્ઞાનિક વિવેચન કરી શકાય નહીં. સમાજના સંપર્કમાં આવવાથી જ વ્યક્તિના 'સ્વ'નો વિકાસ

થાય છે. સમાજ વ્યક્તિ માટે દર્પણનું કાર્ય કરે છે. તે તેમાં પોતાની છબિને નિહાળે છે અને સમાજના લોકો તેના વિશે શું કહે છે તેના આધારે જ પોતાના વિશેની ધારણા બાંધે છે. જે રીતે આપણે દર્પણમાં જોઈને એ જાણવાનો પ્રયત્ન કરીએ છીએ કે અમુક પ્રકારનો પોશાક આપણને કેવો લાગે છે, વાળ બરાબર છે કે નહીં, મેકઅપ કેવો લાગે છે – વગેરે. આ જ રીતે બાળક પણ સમાજરૂપી દર્પણમાં પોતાને જૂએ છે. સમાજના લોકો પોતાના વિશે શું કહે છે તેના આધારે જ તે પોતાના વિશેની ધારણા બાંધે છે. તેના આધારે જ તેનામાં હિનતા અથવા શ્રેષ્ઠતાનો ભાવ પેદા થાય છે. આમ પોતાના વિશેની બીજાઓની પ્રતિક્રિયાથી જ વ્યક્તિના સ્વનું નિર્માણ થાય છે.

કૂલેએ દર્પણ સ્વની પ્રક્રિયાને ત્રણ વિભાગોમાં વિભાજીત કરી છે.

૧. બીજા પોતાના વિશે શું વિચારે છે ?

૨. બીજાના નિર્ણયોના આધારે તે સ્વયં પોતાના માટે શું વિચારે છે ?

૩. પોતાના જ વિશે વિચારીને વ્યક્તિ પોતાના વિશે કેવી લાગણી અનુભવે છે ?

આમ અન્ય દ્વારા વ્યક્ત કરવામાં આવેલી પ્રતિક્રિયાના આધારે જ વ્યક્તિ પોતાના વિશેનો અભિપ્રાય બાંધે છે. બાળપણમાં જ વ્યક્તિ પોતાના વિશે જે ધારણા બાંધી લે છે તે જીવનભર ટકી રહે છે અને પછી જો ખૂબ પ્રયત્ન કરે તો જ તે ધારણામાં પરિવર્તન આવે છે.

આમ એક બાબત સ્પષ્ટ છે કે સ્વ એ સામાજિક આંતરક્રિયાની નિપજ છે. વ્યક્તિ જ્યારે એવું વિચારવા માટે સમર્થ થાય છે કે અન્ય પોતાના વિશે શું વિચારે છે ત્યારે 'સ્વ'નો ઉદ્‌ભવ થાય છે. બીજા શબ્દોમાં એમ કહી શકાય કે 'સ્વ' સ્વયં અથવા અન્યના મન દ્વારા ઉત્પાદિત અને પ્રમાણિત થાય છે.

મન શું છે ? એ સમજાવતા કૂલે જણાવે છે કે મન આંતરક્રિયા કરતી વિવિધ વ્યક્તિઓનું બનેલું સાવયવી સમગ્ર છે. જે રીતે ઓરકેસ્ટ્રાનું સંગીત એ ભિન્ન ભિન્ન છતાં એકબીજા સાથે સંબંધિત સૂરોની નિપજ છે તે જ રીતે મન પણ વિવિધ વ્યક્તિઓ વચ્ચેની આંતરક્રિયાનું પરિણામ છે. કૂલેના મતે સામાજિક ચેતના અને આત્મ ચેતના અવિભાજ્ય છે. સ્વની પ્રતિભાનો ઉદ્‌ભવ કોઈ સંદર્ભ સમૂહમાં જ થાય છે. સમાજ અને સ્વની આ પ્રકારની ચેતના મનમાં કેન્દ્રિત થાય છે અર્થાત્ માનવીની કલ્પનામાં કેન્દ્રિત થાય છે. સામાજિક વિજ્ઞાનોની તમામ કલ્પનાઓ માનવીના મનમાં જ થાય છે.

કલ્પના કરવાની શક્તિ જ 'મન' અને 'સ્વ'નો ઉદ્‌ભવ છે. જ્યારે એક વ્યક્તિમાં 'હું' ની ભાવના પેદા થાય છે ત્યારે જ વ્યક્તિ 'તમે' અને 'તેઓ' વિશે વિચારવા લાગે છે. સ્વનો ઉદ્‌ભવ અન્યના 'સ્વ' સાથેની આંતરક્રિયામાંથી જ થાય છે. 'સ્વ' મુખ્યત્વે ન તો વૈયક્તિક હોય છે ન તો સામાજિક, પરંતુ તે વ્યક્તિ અને તેના સામાજિક વાતાવરણની નિપજ છે. અન્ય આપણા માટે શું વિચારે છે તેનો ખ્યાલ આવતા જ સ્વનો ઉદ્‌ભવ થાય છે.

## કૂલેનો પ્રાથમિક જૂથનો ખ્યાલ :

કૂલેના વિચારોમાં પ્રાથમિક જૂથનો ખ્યાલ ખૂબ જ મહત્ત્વનો છે. ૧૯૦૯માં 'Social Organization' નામના પુસ્તકમાં તેણે આ ખ્યાલ રજૂ કર્યો છે. કૂલેનો દર્પણ સ્વનો ખ્યાલ માનવીય સામાજિક સંબંધોનું નિર્માણ કરે છે, જેમાં પ્રાથમિક જૂથ સૌથી વધારે

મહત્ત્વપૂર્ણ સંગઠન છે. કૂલેના મતે પ્રાથમિક જૂથ સામાજિક પ્રકૃતિ અર્થાત્ વ્યક્તિના આદર્શો, પ્રેમની ભાવના, સ્વતંત્રતા અને ન્યાયની આવશ્યકતાનું નિર્માણ કરે છે.

પ્રાથમિક જૂથની વ્યાખ્યા આપતાં કૂલે નોંધે છે કે 'જે જૂથના સભ્યો પરસ્પર ગાઢ અને મોઢામોઢના સંબંધો અને સહકારથી જોડાયેલા હોય એવાં જૂથોને હું પ્રાથમિક જૂથો તરીકે ઓળખું છું. આવા જૂથો પ્રાથમિક અનેક અર્થમાં હોય છે, મુખ્યત્વે તો તે પ્રાથમિક એ અર્થમાં છે કે તે વ્યક્તિનો સામાજિક સ્વભાવ અને સામાજિક આદર્શો ઘડવામાં પાયારૂપ છે.' કૂલેના મતે કુટુંબ, પડોશ જૂથ તેમજ રમતગમતના સમૂહો સહકાર અને મિત્રતાનું નિર્માણ કરવાવાળા સાર્વભૌમિક પ્રાથમિક સમૂહો છે. તેમાં માનવીની પ્રકૃતિનો જન્મ થાય છે. જૂથ વ્યક્તિને સામૂહિક હિત માટે વૈયક્તિક હિતની બલિ આપવા માટે બાધ્ય કરે છે તથા તેનામાં સહાનુભૂતિ અને પ્રેમની ભાવનાનું પોષણ કરે છે.

આ સંદર્ભમાં જ કૂલેએ પોતાની એક નૂતન અધ્યયન પદ્ધતિને પણ વિકસાવી છે તે છે - સહાનુભૂતિપૂર્ણ અન્તર્દર્શન પદ્ધતિ. આ પદ્ધતિને વેબરની વર્સ્ટેહન પદ્ધતિ અને સોરોકિનની તાર્કિક અર્થપૂર્ણ અધ્યયન પદ્ધતિ સાથે સરખાવી શકાય. કૂલે આ પદ્ધતિમાં વ્યક્તિ પોતાને અન્યના સ્થાન પર રાખીને એવી કલ્પના કરે છે કે તેને વિશ્વ કેવું દેખાય છે.

આમ પ્રતીકાત્મક આંતરક્રિયાવાદમાં ચાર્લ્સ હોટન કૂલેનું પ્રદાન અનન્ય છે.

## પ્રતીકાત્મક આંતરક્રિયાવાદમાં જ્યોર્જ હર્બર્ટ મીડનું પ્રદાન :

જ્યોર્જ હર્બર્ટ મીડ અમેરિકન સમાજશાસ્ત્રી હતા. તેમનો જન્મ ૨૭મી ફેબ્રુઆરી, ૧૮૬૩માં અમેરિકાના દક્ષિણી હેડલે નામના સ્થળે થયો હતો. તેમણે ૧૮૮૮માં હાર્વર્ડ વિશ્વવિદ્યાલયમાંથી સ્નાતકની પદવી મેળવી હતી. તેમણે મિશિગન વિશ્વવિદ્યાલયમાં ઈનસ્ટ્રક્ટર તરીકે પણ કાર્ય કર્યું હતું. જોન ડીવીના આમંત્રણને સ્વીકારી તેઓ ૧૮૯૪માં શિકાગો વિશ્વવિદ્યાલય ખાતે ગયા અને ત્યાં જ તેમણે પોતાનું અંતિમ જીવન પસાર કર્યું. ૨૬મી એપ્રિલ, ૧૯૩૧ના રોજ તેમનું અવસાન થયું.

મીડે એકપણ પુસ્તક લખ્યું નથી પરંતુ કેટલાંક લેખો લખ્યા છે. મીડના મૃત્યુ બાદ તેમના વિદ્યાર્થીઓએ તેમના વ્યાખ્યાનો અને લેખોનું સંકલન કરી ચાર પુસ્તકોના સ્વરૂપમાં પ્રકાશિત કર્યા. આ ચાર પુસ્તકો આ મુજબ છે

1. The Philosophy of the present, 1932
2. Mind, Self and Society, 1934
3. Movements of Thought in the 19th Century, 1936
4. The Philosophy of the Act, 1938

૨૦મી સદીના પ્રારંભમાં મીડે પોતાના અધ્યાપન કાર્યનો પ્રારંભ કર્યો ત્યારે મોટાભાગના સમાજશાસ્ત્રીઓ સામાજિક સંગઠનો, તેની સંરચના અને કાર્યોમાં વિશેષ રસ ધરાવતા હતા. કૂલે અને મીડ વૈયક્તિક આંતરક્રિયાઓ અને નાના પાયા પરના એકમોના અભ્યાસ પર વિશેષ ભાર મૂકે છે. મીડે પોતાના સમાજશાસ્ત્રને સામાજિક મનોવિજ્ઞાન તરીકે ઓળખાવ્યા હતા જેનું મુખ્ય કાર્ય વ્યક્તિ અને સમાજના સંબંધોનો અભ્યાસ કરવાનું છે. મીડ તત્ત્વજ્ઞાન અને સામાજિક મનોવિજ્ઞાનના અભ્યાસુ હતા.

પ્રતીકાત્મક આંતરક્રિયાવાદમાં મીડનું જો કોઈ મહત્ત્વપૂર્ણ યોગદાન હોય તો તે છે Mind, Self and Societyમાં તેના વિચારો. માનસિક પ્રક્રિયાઓ, ક્રિયા અને આંતરક્રિયા વચ્ચેના સંબંધોને દર્શાવવા એ મીડનું મુખ્ય કાર્ય હતું. આ સંબંધોના વિશ્લેષણ દરમ્યાન મીડે પ્રતીકાત્મક આંતરક્રિયાવાદીઓ દ્વારા પ્રયોજાયેલા અનેક ખ્યાલો જેવા કે હાવભાવ, પ્રતીક, ભાષા, અર્થ, સ્વ, હું અને મારું અને સામાજીકરણને પરિભાષિત કર્યા. મીડે મન, સ્વ અને સમાજ વિશે કેટલીક બાબતો દર્શાવી છે અને તેની વિસ્તૃત વ્યાખ્યા આપી છે.

પ્રતીકાત્મક આંતરક્રિયાવાદના સંદર્ભમાં મીડે જે વિચારો વ્યક્ત કર્યા છે તેને આપણે નીચે મુજબ દર્શાવી શકીએ :

(૧) મીડના મતે માનવીના વિચાર, અનુભવ અને વ્યવહાર બધું જ સામાજિક છે.

(૨) માનવીના વિચાર, અનુભવ અને વ્યવહારોને પ્રતીકો દ્વારા સમજી શકાય છે કારણ કે માનવી પ્રતીકોના માધ્યમથી જ આંતરક્રિયા કરે છે.

(૩) બધા જ પ્રકારના પ્રતીકોમાં ભાષા મુખ્ય છે. આંતરક્રિયાવાદીઓ માટે ભાષાનો અભ્યાસ સૌથી વધારે મહત્ત્વપૂર્ણ છે.

(૪) પ્રતીક કોઈ વસ્તુ કે ઘટનાની આંતરિક પ્રકૃતિને માત્ર વ્યક્ત નથી કરતા પરંતુ તેને પરિભાષિત પણ કરે છે અને તેનો જવાબ પણ આપે છે. પ્રતીક માનવ જ્ઞાનની બાહ્ય અભિવ્યક્તિ છે. મીડે પોતાના આ મુદ્દાને સમજાવવા માટે એક ખુરશીનું ઉદાહરણ આપ્યું છે. ખુરશીનું પ્રતીક વસ્તુઓના એક વર્ગનું પ્રતિનિધિત્વ કરે છે, તેને પરિભાષિત પણ કરે છે અને સાથે સાથે તે ક્રિયા કરવા માટે એટલે કે બેસવા માટેનો સંકેત પણ આપે છે. પ્રતીક વસ્તુઓ અથવા ઘટનાઓ પર વિશેષ અર્થનું આરોપણ કરે છે અને આવું કરતી વખતે બીજા સંભવિત અર્થોને તે અલગ કરે છે. ઉદાહરણ તરીકે ખુરશી પર ઊભા રહી શકાય છે, તેને સળગાવીને આંધણ તરીકે પણ તેનો ઉપયોગ કરી શકાય છે અને તેનાથી અન્ય પર હૂમલો પણ કરી શકાય છે. પરંતુ ખુરશીના પ્રતીકમાં આવા બધા જ ઉપયોગોને ક્રિયા દરમ્યાન અલગ કરી શકાય છે.

(૫) મીડ કહે છે કે પ્રતીકો વિના માનવીય આંતરક્રિયા અને માનવ સમાજ શક્ય નથી. પ્રતીકો દ્વારા જ માનવી પોતાના પ્રાકૃતિક અને સામાજિક પરિવેશ સાથે આંતરક્રિયા કરે છે. આ પ્રતીકો માનવનિર્મિત હોય છે. માનવીના અસ્તિત્વ માટે એ આવશ્યક છે કે તે પ્રતીકોનું નિર્માણ કરે, તેને વિશિષ્ટ અર્થ પ્રદાન કરે અને આ પ્રતીકોની દુનિયામાં નિવાસ કરે. અર્થો અને પ્રતીકોના આ માનવ નિર્મિત વિશ્વના આધારે જ સંપૂર્ણ આંતરક્રિયા તેમજ સંપૂર્ણ સમાજ વ્યવસ્થા ટકી રહે છે.

(૬) સામાજિક જીવનનું સાતત્ય ત્યારે જ સંભવ છે જ્યારે સમાજના મોટાભાગના સભ્યો પ્રતીકોનો સમાન અર્થ સમજે. એટલે કે સમાજના એક સભ્ય દ્વારા પ્રયોજાયેલા પ્રતીકોનો અર્થ સમાજના અન્ય સભ્યો પણ એ જ રૂપમાં ગ્રહણ કરે તે જરૂરી છે. જો આવું નહીં બને તો અર્થપૂર્ણ વિનિમય શક્ય બનશે નહી. પ્રતીકોના ઉપયોગથી જ માનવીય આંતરક્રિયા પૂર્ણ બને છે.

(૭) આંતરક્રિયા કરવા માટે તેમાં જોડાયેલા લોકોના ઈરાદાઓના અર્થોને સમજવા તથા તેની વ્યાખ્યા કરવી પડે છે. આવું સામાન્ય પ્રતીકો હોય તો જ શક્ય બને છે. આમાં ભૂમિકા ગ્રહણની પ્રક્રિયા મહત્ત્વની છે. ભૂમિકા ગ્રહણની પ્રક્રિયા દરમ્યાન એક વ્યક્તિ કે જે અન્ય વ્યક્તિ સાથે આંતરક્રિયા કરવા ઈચ્છે છે તે જે-તે વ્યક્તિના પદ પર પોતાને કાલ્પનિકરૂપે કલ્પીને ભૂમિકાને ભજવે છે. આમ કરીને તે પ્રતીકનો ઉપયોગ કરવાવાળા વ્યક્તિની મનોદશાને સમજે છે તથા તેના દ્વારા પ્રયોજાયેલા પ્રતીકના અર્થને પણ જાણવાનો પ્રયત્ન કરે છે.

(૮) પ્રતીકાત્મક આંતરક્રિયાવાદમાં મીડ સ્વના વિકાસને મહત્ત્વપૂર્ણ માને છે. આ સંદર્ભમાં 'સ્વ' શું છે અને તેનો વિકાસ કઈ રીતે થાય છે તે જાણવું જરૂરી છે. મીડ જણાવે છે કે 'સ્વ' ન તો મનોવૈજ્ઞાનિક સાવયવ છે અને ન તો પ્રાણીશાસ્ત્રીય એકમ. પરંતુ તે મૂળભૂત રીતે એક સામાજિક પ્રક્રિયા છે જેની ઉત્પત્તિ સામાજિક અનુભવ અને ગતિવિધિઓ દ્વારા થાય છે. સામાજિક આંતરક્રિયા, વિનિમય અને જૂથ પ્રક્રિયાઓ જ સ્વનો પ્રારંભ કરે છે કે જેમાં વ્યક્તિ પોતાના બધા જ

અનુભવોને સંગઠિત કરે છે. આ રીતે એક વ્યક્તિના 'સ્વ'નું નિર્માણ 'મહત્ત્વપૂર્ણ અન્ય'ની સાથે આંતરક્રિયા દરમ્યાન થાય છે. ઉદાહરણ તરીકે જોઈએ તો કોઈ વ્યક્તિ પોતાના વિશે એવું ક્યારે વિચારે છે કે તે પોતે બુદ્ધિશાળી છે. પ્રતીકાત્મક આંતરક્રિયાવાદના સિદ્ધાંત અનુસાર તે એટલા માટે બુદ્ધિશાળી નથી કે તે ખૂબ સારું વિચારી શકે છે અથવા લોકો તેને બુદ્ધિશાળી માને છે. પરંતુ જ્યારે અન્ય વ્યક્તિઓ તેની પાસે સલાહ લેવા આવે છે, તેની વિશેષતાનો લાભ લેવા માટે આવે છે ત્યારે આ અન્ય લોકો સાથેનો તેનો અનુભવ તેના સ્વને વિકસાવે છે. આ જ રીતે વ્યક્તિ પોતાના વિશે સુંદર, ડરપોક, ઈમાનદાર વગેરે ખ્યાલો મહત્ત્વપૂર્ણ સામાજિક સમૂહો સાથેના આ પ્રકારના અનુભવોમાંથી ગ્રહણ કરે છે.

(૯) સ્વનો ઉદ્‌ભવ અને વિકાસ વ્યક્તિની અન્યની ભૂમિકા ગ્રહણની ક્ષમતા પર આધાર રાખે છે. સ્વનો વિચાર જન્મજાત નથી હોતો પરંતુ તે બાળપણથી જ શીખી શકાય છે. મીડે સ્વના વિકાસના ત્રણ સ્તરો દર્શાવ્યા છે.

૧. અનુકરણાત્મક સ્તર :

આ સ્તરનો પ્રારંભ બાળકના બીજા વર્ષ દરમ્યાન થાય છે. આમાં બાળક પોતના માતા-પિતા, ભાઈ-બહેન અને અન્ય લોકો કે જે નજીકના સંપર્કમાં આવે છે તેનું અનુકરણ કરે છે.

૨. નાટકનું સ્તર :

આ સ્તરનો પ્રારંભ બાળકના ત્રીજા વર્ષ દરમ્યાન થાય છે. આ સ્તરમાં બાળક એ ભૂમિકાઓને ભજવવાનું શીખે છે જે તેની પોતાની નથી. ઉદાહરણ તરીકે તે માતા-પિતા, ભાઈ-બહેન અને નર્સ વગેરેની ભૂમિકાઓ ભજવે છે. આવું કરતી વખતે તે એ બાબત પ્રત્યે જાગૃત હોય છે કે તેની પોતાની ભૂમિકા તથા તે જેની ભૂમિકા ભજવી રહ્યો છે તે બંનેમા તફાવત છે. આ દરમ્યાન બાળક સામાજિક વાસ્તવિક્તાઓથી પરિચિત થાય છે.

૩. રમતગમતનું સ્તર :

આ ત્રીજી અને અંતિમ અવસ્થામાં બાળકની આત્મ ચેતનાનો વિકાસ થાય છે. તે સામાન્યીકૃત અન્યની ભૂમિકાને ગ્રહણ કરે છે. આ અવસ્થામાં તે કોઈ એક જ વ્યક્તિની મનોવૃત્તિને નહીં પરંતુ અનેક લોકોની મનોવૃત્તિ કે જે તેના સામાજિક સમૂહમાં સમાયેલી હોય છેં તેને એક સાથે એક જ સમયે ધારણ કરી'લે છે. તે સહયોગી અને વિરોધી એમ બધા જ પ્રકારના વ્યવહારોને એકસાથે કાલ્પનિક રીતે ગ્રહણ કરી લે છે. જેમ કે કુટુંબમાં માતા-પિતા અને અન્ય સભ્યોના સહકાર અને સંઘર્ષને તે એકસાથે ગ્રહણ કરી લે છે. એવી જ રીતે ક્રિકેટ ટીમના જુદા જુદા ખેલાડીઓ જેવા કે વિકેટકીપર, બેટ્સમેન, બોલર, ફિલ્ડર વગેરેને એકસાથે ગ્રહણ કરી લે છે અને સામાજિક વાસ્તવિક્તાઓ સાથે તેને જોડી દે છે. આમાંથી 'સ્વ'ની ભાવનાનો ઉદ્‌ભવ થાય છે.

મીડ માનવીને પોતાની જાત માટે એક પદાર્થ સમાન માને છે. એટલે કે માનવી પોતાના અંગે પ્રત્યક્ષીકરણ કરે છે, વિચાર કરે છે અને સ્વના ખ્યાલનો વિકાસ કરે છે. પોતાની જાતને સંબોધે છે. વ્યક્તિ સતત પોતાની જરૂરિયાતો, પ્રશ્નો, ધ્યેયો, અપેક્ષાઓ વગેરેનું વિશ્લેષણ કરે છે. 'સ્વ' એટલે કે સજીવતંત્ર કે જે

પ્રક્રિયા દ્વારા તૈયાર થાય છે. 'સ્વ' સક્રિય અને સર્જનાત્મક છે. વ્યક્તિ નિષ્ક્રિય છે એવા ટાલ્કોટ પાર્સન્સના ખ્યાલને મીડ સ્વીકારતા નથી. 'સ્વ' આંતરક્રિયાની પ્રક્રિયા દ્વારા ઘડાય છે. મીડના મતે 'સ્વ' મનોવૈજ્ઞાનિક અને સમાજશાસ્ત્રીય રીતે જૈવિક, બૌદ્ધિક અને 'હું' તરીકે અસ્તિત્વ ધરાવે છે. મીડના મતે 'સ્વ' સામાજિક પરિસ્થિતિમાંથી ઉદ્દભવે છે. ભૂમિકાની ભજવણી દ્વારા 'સ્વ' ઘડાય છે. વ્યક્તિ ભૂમિકા ભજવતી વખતે અન્યના દષ્ટિકોણનો પણ વિચાર કરે છે અને અન્ય વ્યક્તિઓના મૂલ્યાંકનમાંથી કેટલુંક સર્વસામાન્ય તારવી પોતાની ભૂમિકાનું પણ મૂલ્યાંકન કરે છે. વ્યક્તિ અન્ય દ્વારા ભજવાતી ભૂમિકાઓ, એમના વલણો, મૂલ્યો, ધોરણો અને અપેક્ષાને પણ સમજે છે.

(૧૦) મીડના મતે વિચારની પ્રક્રિયા એ આંતરિક વાતચીતની પ્રક્રિયા છે. માટે જ્યાં સુધી વ્યક્તિ પોતાના સ્વ પ્રત્યે જાગૃત નહીં હોય ત્યાં સુધી તે પોતાની જાત સાથે વાતચીત નહીં કરી શકે અને વિચાર કરવાનું શક્ય બનશે નહીં. સ્વ પ્રત્યેની જાગૃતિથી જ વ્યક્તિ પોતાનું ધ્યેય નક્કી કરી શકે છે, ભવિષ્યની યોજનાઓ ઘડી શકે છે તથા ક્રિયાઓના વિકલ્પને પસંદ કરી શકે છે. આના આધારે જ તે પોતાના વિશે અન્યના વિચારોને જાણી શકે છે. અન્ય લોકો પોતાની પાસે કેવી અપેક્ષાઓ રાખે છે તેના આધારે તે પોતાની ક્રિયાઓને બદલી પણ શકે છે અને તેને કારણે જ સમાજમાં સહકારની ક્રિયા સંભવી શકે છે.

ટૂંકમાં કહીએ તો મીડના મતે સમાજ અને વ્યક્તિ એકબીજાથી અભિન્ન છે.સામાજિક સંદર્ભના અભાવમાં માનવી સામાજિક બની શકતો નથી. આ જ કારણે તે સ્વની ચેતનાનો વિકાસ કરે છે. તે બીજાની ભૂમિકાઓને ગ્રહણ કરવાનું શીખે છે જે તેના સ્વના વિકાસ માટે જરૂરી છે. મીડના મતે પ્રતીકાત્મક આંતરક્રિયા એ વિશિષ્ટ છે કારણ કે તે માનવી માનવી વચ્ચે જ થાય છે.વ્યક્તિ એકબીજાની ક્રિયાઓ અંગે માત્ર પ્રતિભાવ જ નથી આપતા પરંતુ તેનું અર્થઘટન કરી તેને સમજવાનો પ્રયાસ કરે છે. સમાજની જાળવણી અને પરિવર્તન બંને સ્વની ક્રિયા ઉપર આધારિત છે. 'સ્વ'ના અર્થઘટનો, પ્રત્યક્ષીકરણો, મૂલ્યો વગેરે ઉપર આ બાબત આધારિત છે. જ્યોર્જ હર્બર્ટ મીડ સમાજનો વૈજ્ઞાનિક રીતે અભ્યાસ કરવા માટે નિરીક્ષણ, સહભાગીદારી અને અંતઃ નિરીક્ષણ પર ભાર મૂકે છે.

## સ્વના કાર્યો :

મીડે સ્વના નીચે મુજબના કાર્યોનો ઉલ્લેખ કર્યો છે.

**૧. પ્રત્યાયન :**

સ્વ પ્રત્યાયનની એક વસ્તુના રૂપમાં કાર્ય કરે છે. જો કે માનવ સમાજ મૂળભૂત રીતે તો પ્રતીકાત્મક છે. સ્વના અભાવમાં વ્યક્તિ પોતાની જાત સાથે અને અન્ય સાથે પ્રત્યાયન નહીં કરી શકે. પરસ્પર વિનિમય કરવા માટે પ્રતીકોનું હોવું આવશ્યક છે કારણ કે તે પ્રત્યાયનનું સાધન છે.

**૨. પરિસ્થિતિનું વિશ્લેષણ :**

પ્રત્યેક પરિસ્થિતિનું વિશ્લેષણ કરવાનું અને તેને અનુરૂપ નિર્ણય લેવાનું કાર્ય વ્યક્તિનો 'સ્વ' જ કરતો હોય છે.

**૩. સ્વ નિર્દેશન અને સ્વ નિયંત્રણ :**

વ્યક્તિ બાહ્ય ઉત્પ્રેરણાઓ પ્રતિ નિષ્ક્રિય રૂપે જ પ્રતિક્રિયા નથી કરતો પરંતુ આવું કરતા પહેલા તે વિચારે છે, વ્યાખ્યા કરે છે અને પોતાના વિચારોને સંગઠિત કરે છે. વિકલ્પોને પસંદ કરે છે અને ભવિષ્યમાં શું કરવું તે નક્કી કરે છે. આ બધું સ્વના વિકાસ પર જ આધારિત છે.

**૪. સ્વ નિર્ણય :**

અન્ય સાથેના અનુભવોના આધાર પર જ વ્યક્તિ પોતની સ્વની પ્રતિભાનું મૂલ્યાંકન કરે છે. અન્ય લોકોના ભૂમિકા ગ્રહણના આધારે વ્યક્તિ એવી કલ્પના કરે છે કે અન્ય લોકો તેનો આદર, પ્રસંશા કે ઘૃણામાં કેવા પ્રકારના વિચારો ધરાવે છે અને ત્યારબાદ વ્યક્તિ તે પ્રમાણે પોતાનું આચરણ ગોઠવે છે.

**૫. ઓળખ :**

સ્વનું એક કાર્ય પોતાની ઓળખ આપવાનું છે. સામાજિક આંતરક્રિયા અને અનુભવની પ્રક્રિયામાં લોકો સ્વને એક નામ અને લેબલ પ્રદાન કરે છે જેમ કે મૂર્ખ, બુદ્ધિશાળી, ડરપોક, શરમાળ, બહાદુર વગેરે. વ્યક્તિ પણ પોતની જાતને આ નામથી ઓળખવા લાગે છે.

પ્રતીકાત્મક આંતરક્રિયાવાદ શબ્દનું ઘડતર કરનાર સમાજશાસ્ત્રી તરીકે હર્બર્ટ બ્લુમરનું પ્રદાન ખરેખર અનન્ય છે. Symbolic Interactionism : Perspective and Method, ૧૯૬૯ નામના પુસ્તકમાં તેમણે પ્રતીકાત્મક આંતરક્રિયાવાદની વિસ્તારથી ચર્ચા રજૂ કરી છે. આ શબ્દનો સૌપ્રથમ પ્રયોગ તેમણે Man and Society નામના પુસ્તક માટે પોતે લખેલા એક લેખમાં કર્યો હતો. બ્લુમર એ જાણવા માગતા હતા કે કઈ રીતે એક વ્યક્તિનો સામાજિક વ્યક્તિના રૂપમાં વિકાસ થાય છે. તેમણે એક નવજાત શિશુના વિકાસક્રમને જાણવાનો પ્રયત્ન કર્યો. તેઓ જણાવે છે કે શિશુનો સમાજ સાથેનો જે પણ સંબંધ છે તે પ્રતીકોના માધ્યમથી જ છે. જુદા જુદા પ્રતીકોના માધ્યમથી જ બાળક અને સમાજ એકબીજાને સમજે છે. દિવાળી, હોળી, નૃત્ય, મૂર્તિ, પોશાક વગેરે તેના સુખ કે દુઃખના પ્રતીકો છે. બાળકનો વિકાસ પ્રતીકાત્મક આંતરક્રિયાવાદથી જ થાય છે એવું સમાજલક્ષી મનોવિજ્ઞાનનું દઢપણે માનવું છે. બ્લુમર જ્યોર્જ હર્બર્ટ મીડના વિદ્યાર્થી હતા. બ્લુમરે શિકાગો વિશ્વવિદ્યાલયમાંથી મીડ પાસેથી શિક્ષણ મેળવ્યું હતું. ત્યારબાદ તેઓ કેલિફોર્નિયા વિશ્વવિદ્યાલયમાં વધુ અભ્યાસ માટે ગયા હતા. વ્યક્તિઓની આંતરક્રિયાને કારણે સમાજ સતત બદલાતો રહે છે એવા મીડના ખ્યાલ સાથે તેઓ સહમત હતા. તેઓ કાર્યાત્મકવાદીઓના એ ખ્યાલને સ્વીકારતા નથી કે સમાજ એક સંરચના છે અને તેના કેટલાંક નિશ્ચિત કાર્યો છે. પરંતુ તેઓ એવું માને છે કે સમાજ તો એક ગતિશીલ પ્રક્રિયા છે.

બ્લુમરના મતે વસ્તુઓમાં અર્થ સમાયેલા હોતા નથી પરંતુ વ્યક્તિ પરિસ્થિતિની વ્યાખ્યા કરીને જ તેને અર્થ પ્રદાન કરે છે. કોઈ પણ વસ્તુને વ્યક્તિ પારસ્પરિક સહમતીથી જ અર્થ પ્રદાન કરે છે. આમ સમાજશાસ્ત્રના એક અભિગમના સમર્થકો એવું માને છે કે સામાજિક આંતરક્રિયાનો અભ્યાસ એ જ સમાજશાસ્ત્રનું વિષયવસ્તુ છે.

બ્લુમરના પ્રતીકાત્મક આંતરક્રિયાવાદની કેટલીક વિશેષતાઓને આપણે નીચે મુજબ દર્શાવી શકીએ.

૧. માનવ સમાજનું નિર્માણ વ્યક્તિઓ દ્વારા થાય છે જેમાં 'સ્વ' મહત્ત્વનો છે. 'સ્વ' દ્વારા જ વ્યક્તિ પોતાની આસપાસના જગત વિશેનું જ્ઞાન મેળવી શકે છે, અન્યની ક્રિયાઓની વ્યાખ્યા કરે છે અને પોતાની ક્રિયાને નિર્દેશિત કરે છે.

૨. વૈયક્તિક ક્રિયાઓનું નિર્માણ 'સ્વ'ની સૂચનાના આધારે જ ક્રમબદ્ધ રીતે થાય છે. તે જે રીતે ક્રિયા કરે છે તેને તે નોંધે છે, તેની વ્યાખ્યા કરે છે અને તેના આધારે જ પોતાની ક્રિયાનો ક્રમ નક્કી કરે છે.

૩. સામૂહિક ક્રિયાઓ વૈયક્તિક ક્રિયાઓના સહકારથી જ થાય છે જેમાં વ્યક્તિ એકબીજાની ક્રિયાઓની વ્યાખ્યા અને મૂલ્યાંકન કરે છે.

૪. માનવીય આંતરક્રિયાઓનો સ્રોત તેની આંતરિક પ્રેરણાઓ અને બાહ્ય ઉદ્દીપક નથી પરંતુ માનવ તેના પ્રતીકોના આધારે આંતરક્રિયા કરે છે જેને તે વિશિષ્ટ અર્થ પ્રદાન કરે છે.

૫. કોઈ પણ વસ્તુનો પોતાનો કોઈ અર્થ નથી હોતો પરંતુ સામાજિક આંતરક્રિયા દરમ્યાન આ અર્થનું નિર્માણ થાય છે અને તેનો વિકાસ થાય છે. આ અર્થ જ

સમાજમાં સ્થાપિત થાય છે, સ્વીકૃત બને છે અને પુન: આંતરક્રિયા માટે સમાજના સભ્યો દ્વારા આ જ અર્થ પ્રયોજાય છે.

૬. બધા જ પ્રતીકાત્મક અર્થો સમાજમાં ચાલતી વ્યાખ્યાત્મક પ્રક્રિયાઓનું પરિણામ છે. કર્તા દ્વારા કરવામાં આવેલી આંતરક્રિયાના કારણે આ વ્યાખ્યાઓનું સમય અને જરૂરિયાતો પ્રમાણે નિર્માણ, પરિવર્તન અને વિકાસ થાય છે.

આ રીતે બ્લુમરના મતે વ્યક્તિની ક્રિયાઓને સંચાલિત કરવાવાળા પ્રતીકાત્મક અર્થોનો વિકાસ અને જટિલ વ્યાખ્યાત્મક પદ્ધત્તિઓનો વિકાસ એક હારમાળાના રૂપે આંતરક્રિયા દરમ્યાન થાય છે.

બ્લુમરના મતે સામાજિક ક્રિયા વિશે આંતરક્રિયાવાદી દષ્ટિકોણ સમાજશાસ્ત્રની મુખ્ય વિચારધારા દ્વારા પ્રગટ કરવામાં આવેલા દષ્ટિકોણથી અલગ છે. બ્લુમર સમાજને આંતરક્રિયાની સતત ચાલતી પ્રક્રિયાના રૂપમાં જૂએ છે જેમાં કર્તા એકબીજા સાથે અનુકૂલન સાધે છે અને પરિસ્થિતિની વ્યાખ્યા કરે છે. સમાજશાસ્ત્રની કાર્યાત્મકવાદી શાખા ક્રિયાને સામાજિક વ્યવસ્થાનો એક વિકલ્પ માને છે. કાર્યાત્મકવાદીઓના મતે ક્રિયા કેટલા પ્રકારની હશે તે સમાજવ્યવસ્થાની જરૂરિયાતો, વ્યવસ્થાના મૂલ્યો, ભૂમિકાઓ તથા માપદંડો પર આધારિત છે. એટલે કે ક્રિયા સામાજિક પરિસ્થિતિમાં એક ચોક્કસ નિયમ પ્રમાણે બને છે. બ્લુમર આ વિચારનો અસ્વીકાર કરે છે. તે ક્રિયાને એક સતત ચાલતું ચક્ર માને છે જેમાં વ્યક્તિ અને સમૂહ પોતાની વ્યાખ્યાઓ અને અર્થોનું સદાય નિર્માણ કરે છે અને તેને પુન: પરિભાષિત કરે છે. આમ વ્યક્તિ જ બધી સામાજિક ક્રિયાઓનું કેન્દ્ર છે. આ રીતે પ્રતીકાત્મક આંતરક્રિયાવાદીઓ વ્યક્તિઓને જ સામાજિક ક્રિયાનું કેન્દ્ર માને છે જે પરંપરાગત સમાજશાસ્ત્રથી અલગ છે.

બ્લુમર કહે છે કે સામાજિક ક્રિયાઓ સ્વયં કર્તાઓ દ્વારા નિર્મિત વ્યાખ્યાઓમાંથી જન્મે છે એ બાબત પરંપરાગત સમાજશાસ્ત્ર સ્વીકારતું નથી. બ્લુમરના મતે માનવી સ્વયં પોતાના સામાજિક જીવનનો નિર્માતા છે, તે પોતાની આજુબાજુ જોવા મળતી બાહ્ય પરિસ્થિતિની પેદાશ નથી. તેનું સ્પષ્ટપણે માનવું છે કે સામાજિક માન્યતાઓ પણ સામાજિક વ્યવસ્થા દ્વારા નહીં પરંતુ સામાજિક કર્તા દ્વારા જ નિર્ધારિત થાય છે.

બ્લુમર માનવીની આંતરક્રિયાના અભ્યાસ માટે એક વિશિષ્ટ પદ્ધત્તિને વિકસાવવા માગતા હતા. પ્રત્યક્ષવાદીઓની જેમ અભ્યાસ પદ્ધત્તિમાં તેઓ કાર્ય-કારણના સંબંધને સ્વીકારતા નથી. દા. ત. એક વિધાન છે કે ઔદ્યોગીકરણને કારણે સંયુક્ત કુટુંબો તૂટવા લાગ્યા છે અને વિભક્ત કુટુંબોનું પ્રમાણ વધવા લાગ્યું છે. બ્લુમર આ વિધાનના સંદર્ભમાં જણાવે છે કે આમાં પરિવર્ત્યોને વિભાજીત કરવામાં આવ્યા છે અને એક ઘટના બીજી ઘટનાને જન્મ આપે છે એવી કલ્પના કરવામાં આવી છે. પરંતુ ક્યાંય પણ કર્તાના દષ્ટિકોણનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. ઔદ્યોગીકરણ અને કુટુંબ વચ્ચેનો સંબંધ સ્થાપિત કરતા પહેલા કર્તા ઔદ્યોગીકરણ અને કુટુંબનો શું અર્થ કરે છે, તેની કઈ વ્યાખ્યા કરે છે તે રજૂ કરવું જરૂરી છે.

## બ્લુમરનું પદ્ધત્તિશાસ્ત્ર :

પ્રતીકાત્મક આંતરક્રિયાવાદનું પદ્ધત્તિશાસ્ત્ર કેવું હોવું જોઈએ એ બાબતને, લગતા

વિચારો હર્બર્ટ બ્લુમરે રજૂ કર્યા છે. તે માનવ વ્યવહારને સમજવા માટે આગમનાત્મક પદ્ધતિને સૌથી વધારે યોગ્ય માને છે. તેઓ કાર્યાત્મકવાદીઓની નિગમનાત્મક પદ્ધતિને સ્વીકારતા નથી. બ્લુમર પ્રાકૃતિક વિજ્ઞાનોની અભ્યાસ પદ્ધતિનો પ્રયોગ સામાજિક વિજ્ઞાનોમાં ન કરવાનું સૂચન કરે છે. બ્લુમર કહે છે કે કેટલાક સમાજશાસ્ત્રીઓ જીવન વિશેના પોતાના જ્ઞાનના આધારે જ અન્વેષણ કરે છે અને પ્રાકૃતિક વિજ્ઞાનોની અભ્યાસ પદ્ધતિની નકલ કરે છે. આનું પરિણામ એ આવે છે કે તેઓ કામચલાઉ પરિભાષાઓને સામાજિક જગત પર લાદી દે છે જેનો તેમની સાથે કોઈ સંબંધ નથી. સામાજિક વાસ્તવિક્તાઓ વિશેના કર્તાના દૃષ્ટિકોણને સમજ્યા વિના જ તેને પૂર્વ પરિભાષિત શ્રેણીઓ અને ખ્યાલોમાં ઢાળી દેવામાં આવે છે. આ રીતે સામાજિક વાસ્તવિક્તાને જાણવાના ઓછા અને તેને તોડીફોડીને રજૂ કરવાના પ્રસંગો વધારે બને છે. આના કરતા તો સમાજશાસ્ત્રી વ્યક્તિના અનુભવની પાર્શ્વભૂમાં પ્રવેશે તે વધારે ઉપયોગી બનશે. બ્લુમરના મતે સમાજશાસ્ત્રીઓએ પદ્ધતિશાસ્ત્રના રૂપમાં નીચે મુજબ કાર્ય કરવું જોઈએ.

૧. પૂર્વ નિધારિત શ્રેણીઓમાં તથ્યોને સાંકળવાને બદલે સમાજ વૈજ્ઞાનિકે સામાજિક વાસ્તવિક્તા વિશે કર્તાના વિચારોને જાણવાનો પ્રયાસ કરવો જોઈએ કારણ કે ક્રિયા કર્તાના અર્થ પર આધારિત છે. એટલા માટે સમાજશાસ્ત્રીઓએ વિશ્લેષણની પ્રક્રિયાનો ઉપયોગ કરવો જોઈએ. આનો અર્થ એ થયો કે તે જે લોકોનો અભ્યાસ કરવા ઈચ્છે છે તેની ભૂમિકાઓને ગ્રહણ કરી કર્તાના આંતરિક જગતમાં પ્રવેશ કરવાનો પ્રયત્ન કરે. પરંતુ બ્લુમરે એ નથી દર્શાવ્યું કે આ પ્રકારની પદ્ધત્તિ કઈ રીતે સંચાલિત કરી શકાય.
૨. બ્લુમર સંખ્યાત્મક પદ્ધત્તિના વિરોધી હતા. જો કે તેમણે સંખ્યાત્મક પદ્ધતિને નકારી નથી પરંતુ તેને પરંપરાગત સમાજશાસ્ત્રીઓની જેમ મૂલ્યવાન પણ માનતા નથી.
૩. બ્લુમર સામાજિક જીવનની જટિલતાઓને ઓછી કરી તેને વૈજ્ઞાનિક પરિવર્ત્યોના રૂપમાં પ્રગટ કરવાનો પણ વિરોધ કરે છે. તેઓ વિવિધ પરિવર્ત્યો વચ્ચે સહસંબંધ દર્શાવીને નિષ્કર્ષ પર પહોંચવાના પણ વિરોધ કરે છે. કારણ કે આવું કરવાથી વ્યાખ્યાત્મક પ્રક્રિયાઓની અવગણના થાય છે કે જેનું સામાજિક જીવનમાં ખૂબ જ મહત્ત્વ છે.
૪. બ્લુમર સમાજશાસ્ત્રમાં અમૂર્ત સિદ્ધાંતોના નિર્માણનો પણ વિરોધ કરે છે. તેઓ એવો તર્ક રજૂ કરે છે કે સિદ્ધાંત નિર્માણમાં જે ખ્યાલોનો પ્રયોગ કરવામાં આવે છે તેનું અનુભવજન્ય વિશ્વ નબળું છે. અનુભવજન્ય વિશ્વની પ્રક્રિયાઓમાં પ્રતીકો બદલાતા રહે છે. આવી પરિસ્થિતિમાં સમાજશાસ્ત્રીય ખ્યાલો આ પ્રતીકોને પોતાના સિદ્ધાંતમાં સમાવી શકતા નથી.
૫. બ્લુમરે સામાજિક જીવનના અભ્યાસ માટે સહાનુભૂતિપૂર્વકના આત્માવલોકન પર ભાર મૂક્યો છે.

આમ પ્રતીકાત્મક આંતરક્રિયાવાદમા હર્બર્ટ બ્લુમરનું પ્રદાન નોંધપાત્ર છે.

**તમારી પ્રગતિ ચકાસો :**

૧. પ્રતીકાત્મક આંતરક્રિયાવાદનો ઉદ્દ્ભવ અને વિકાસ ક્યા થયો ?
૨. પ્રતીકાત્મક આંતરક્રિયાવાદમાં ચાર્લ્સ હોટન કૂલેનો ફાળો જણાવો.
૩. પ્રતીકાત્મક આંતરક્રિયાવાદમાં મીડના પ્રદાનની ચર્ચા કરો.
૪. પ્રતીકાત્મક આંતરક્રિયાવાદમાં હર્બર્ટ બ્લુમરનું પ્રદાન જણાવો.

પ્રાચીનકાળથી માનવીમાં પોતાની આસપાસની દુનિયા વિશે જાણવાની જિજ્ઞાસા રહેલી છે. આ જગતમાં તેનું શું સ્થાન છે તથા આ જગત સાથે તેને શું સંબંધ છે એ જાણવા માટે પણ તે ઉત્સુક હોય છે. ગ્રીક વિદ્વાન એરિસ્ટોટલે પોતાની કૃતિ 'ઈરિક્ષ'માં લખ્યું છે કે બધા જ મનુષ્યો જાણવા માટે શોધ કરે છે. માનવીનું વિશ્વ માત્ર ભૌતિક પર્યાવરણ જ નથી પરંતુ પ્રતિકાત્મક દષ્ટિએ રચાયેલી અર્થબોધની રચના પણ છે. આ એ દુનિયા છે જેનો માનવી સામનો કરે છે તથા સમજવાનો પ્રયત્ન કરે છે. માનવી માત્ર સામનો જ નથી કરતો પરંતુ અર્થઘટન પણ કરે છે, તે માત્ર પ્રતિક્રિયા જ વ્યક્ત નથી કરતો પરંતુ અન્વેષણ તથા સર્જન પણ કરે છે. તે (માનવી) માત્ર જગતને જાણવા માટે જ શોધ નથી કરતો પરંતુ જગતને સમજવા માટે પ્રેરિત પણ થાય છે. એનો (માનવીનો) આ વિશ્વ સાથે, એના સાથીદારો સાથે, અને સ્વયં સાથે શું સંબંધ છે - એને જાણવાનો પ્રયાસ તે કરે છે. એટલા માટે જ એવું કહેવામાં આવે છે કે માણસ અર્થઘટન કરવાવાળું પ્રાણી છે.

આ બહુપારિમાણિક વિશ્વને જાણવા તથા તેનું અર્થઘટન કરવા માટે માનવીએ દર્શનશાસ્ત્ર, વિજ્ઞાન, જ્યોતિષશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને અનેક અન્ય પ્રાકૃતિક અને સામાજિક વિજ્ઞાનોને જન્મ આપ્યો. માનવીના સામાજિક જગતને જાણવા, સમજવા અને તેની વ્યાખ્યા કરવા માટે એક વિષના રૂપમા સમાજશાસ્ત્રની શરૂઆત થઈ. સમાજશાસ્ત્રએ થોડાક જ સમયમાં સામાજિક જીવન વિશે વિશેષ જ્ઞાન પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કર્યો તથા સામાજિક વ્યવહારને સમજવા માટે વિશેષ ભાષા, અનુસંધાન, અધ્યયન પદ્ધત્તિ તથા વિચારોના સૈદ્ધાંતિક સંપ્રદાયોને જન્મ આપ્યો.

સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો તથા અધ્યયન પદ્ધત્તિઓને સામાજિક વ્યવસ્થા તથા સામાજિક વ્યવહારને સમજવા માટેની દષ્ટિએ બે ભાગોમાં વહેંચી શકાય.

૧. ગતિશીલ સિદ્ધાંતો અથવા અર્થઘટનાત્મક સિદ્ધાંતો

૨. ઐતિહાસિક અથવા સંરચનાત્મક કાર્યાત્મક સિદ્ધાંત

સમાજશાસ્ત્રમાં ઐતિહાસિક તથા સંરચનાત્મક કાર્યાત્મક સિદ્ધાંતોને પરંપરાગત સિદ્ધાંત માનવામાં આવે છે. તેઓ સમાજવ્યવસ્થાને પૂર્વ નિર્મિત તથા સ્થિર માને છે તથા સામાજિક વ્યવહારની ઐતિહાસિક અને કાર્યવાદી વ્યાખ્યા કરે છે.

બીજી બાજુ અર્થઘટનાત્મક સિદ્ધાંતની અંતર્ગત ઘટનાશાસ્ત્ર(ફિનોમેનોલોજી) તથા એથ્નોમેથોડોલોજી જેવા સિદ્ધાંતો આવે છે જે સમાજવ્યવસ્થા અને સામાજિક જીવનનું અર્થઘટન કરે છે. તે સામાજિક કર્તાના દષ્ટિકોણથી સામાજિક ક્રિયાને સમજવા પર ભાર મૂકે છે. પોતાને તથા બીજા સાથેના પોતાના સંબંધોને જાણવા અને સમજવા માટે આ બંને સિદ્ધાંતોએ જાણવાનો પ્રયત્ન કરે છે કે :

૧. લોકો પોતાની દુનિયાની ઘટનાઓ, લોકો અને ઘટનાઓનો કેવો અર્થ કરે છે ?

૨. લોકો પોતે પોતાને તથા બીજાને ક્યા પરિપ્રેક્ષ્યથી જૂએ છે ?

૩. તેના વ્યવહાર પાછળ ક્યા ઉદ્દેશો છૂપાયેલા છે ?

આ સિદ્ધાંતો સામાજિક તથા વ્યવહારવાદી વિજ્ઞાનો પાછળ ક્યા ઉદ્દેશો છૂપાયેલા છે, તેના કાર્યો ક્યા છે - તે સમજાવે છે. ચિનોય અને હેવિટના મતાનુસાર આ જ

સામાજિક-ઐતિહાસિક પરિસ્થિતઓના સંદર્ભમાં વ્યક્ત કરવામાં આવે છે. જ્યારે ઘટનાશાસ્ત્રમાં માનવીના જ્ઞાનનો સંબંધ તેની પોતાની ચેતનાના આધાર પર સ્પષ્ટ કરવામાં આવે છે. તેમાં વ્યક્તિના પોતાના દૈનિક જીવનના વિચારોનું વિશ્લેષણ કરવામાં આવે છે. આ સંદર્ભમાં કાર્લ મેનહાઈમના વિચારોનો ઉલ્લેખ આવશ્યક છે. મેનહાઈમના મતાનુસાર સામાજિક જ્ઞાનનો ઉદ્ભવ સામાજિક-સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિમાંથી થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો કોઈ વ્યક્તિનું જ્ઞાન, સમાજમાં તેને આપવામાં આવેલા દરજ્જા તથા સામાજિક વર્ગનું ફળ છે. આમ મેનહાઈમના મતે માનવજ્ઞાનની કલ્પના સમાજ અને સંસ્કૃતિથી પર રહીને ન કરી શકાય. પરંતુ ઘટનાશાસ્ત્રીઓનો મત છે કે માનવીના સામાજિક જ્ઞાનનો સ્રોત સમાજ અને સંસ્કૃતિ નહીં પરંતુ સ્વયં માનવીની ચેતનાશક્તિ છે. આ વિચારધારએ જ્ઞાનના સમાજશાસ્ત્ર માટે પોતાની વૈયક્તિક તથા વૈચારિક સંસારની શોધ કરવાનું આરંભી દીધું.

માનવી સદાય પ્રકૃતિના રહસ્યોને જાણવા માટે ઉત્સુક રહ્યો છે. આ ઉત્સુકતાને કારણે જ તે ચંદ્ર પર પહોંચ્યો, અનેક દ્વીપ,તથા મહાદ્વીપોની શોધ કરી શક્યો અને અનેક શોધખોળ કરવામાં સફળ થયો છે. જ્યાં જ્યાં માનવજ્ઞાનમાં વૃદ્ધિ થઈ તેણે જ્ઞાનનું વિભાજન કરી અનેક વિજ્ઞાનોનો પાયો નાંખ્યો. શરૂઆતમાં વિજ્ઞાનની શાખાઓ ખૂબ ઓછી હતી પરંતુ આજે પ્રત્યેક વિજ્ઞાન અનેક શાખાઓમાં વહેંચાયેલું છે. વિજ્ઞાનોને મુખ્યત્વે બે વિભાગોમાં વહેંચી શકાય - પ્રાકૃતિક અથવા શુદ્ધ વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન. સમાજશાસ્ત્ર પણ સામાજિક વિજ્ઞાનોમાંનું જ એક છે જેનો જન્મ ઈ.સ. ૧૮૩૮માં થયો હતો. છેલ્લા લગભગ ૧૫૦ વર્ષોમાં તેની અનેક શાખાઓ અને પેટાશાખાઓનો વિકાસ થયો છે. તેમાં અનેક અધ્યયન પદ્ધત્તિઓ, સિદ્ધાંતો, દષ્ટિકોણો, અવધારણાઓ, પ્રકારો અને પેરેડાઈમનો વિકાસ થયો છે જેણે સમાજશાસ્ત્રને એક સમૃદ્ધ વિજ્ઞાન બનાવવામાં યોગદાન આપ્યું છે. વર્તમાન સમયમાં ઘટનાશાસ્ત્રનો ઉદ્ભવ પણ સમાજશાસ્ત્રની એક શાખા, સિદ્ધાંત અને દષ્ટિકોણના રૂપમાં થયો છે કે જે પરંપરાગત અથવા શાસ્ત્રીય સમાજશાસ્ત્રથી અલગ છે. ઘટનાશાસ્ત્ર એક પદ્ધત્તિ છે, વિચારધારા નહીં. આ એક દર્શન છે, એક સિદ્ધાંત છે.

## ઘટનાશાસ્ત્રનો અર્થ અને પરિભાષા :

અંગ્રેજી ભાષાનો 'Phenomenology' શબ્દ ગ્રીક ભાષાના 'Phainin' પરથી બન્યો છે. જેનો અર્થ 'દેખાડવું' (To Show) એવો થાય છે. અર્થાત્ કોઈ વસ્તુના સાચા અર્થને દર્શાવવો. વસ્તુઓ જેવી દેખાય છે એ જ એ વસ્તુનો સાચો અર્થ છે. જુદા જુદા વિદ્વાનોએ ઘટનાશાસ્ત્રની જુદી જુદી પરિભાષા અને વ્યાખ્યાઓ આપી છે. એમાંથી કેટલાક વિદ્વાનોનો આપણે અહીં ઉલ્લેખ કરીશું.'

ઘટનાશાસ્ત્રને જ્ઞાનની એક શાખાના રૂપમાં પરિભાષિત કરવામાં આવ્યું છે જે અમૂર્તતાના આધાર પર નહીં પરંતુ વાસ્તવિક અવલોકનને શ્રેય આપે છે. ઘટનાશાસ્ત્ર અધ્યયનની એક પદ્ધત્તિ, એક બૌદ્ધિક સિદ્ધાંત છે, જે યથાસ્થિતિના સ્થાન પર વ્યાવહારિક અવલોકન પર ભાર મૂકે છે.

સમાજવિજ્ઞાન વિશ્વકોશમાં ઘટનાશાસ્ત્રને પરિભાષિત કરતા લખવામાં આવ્યું છે કે 'આ તત્ત્વજ્ઞાનની એક પદ્ધત્તિ છે, જેની શરૂઆત વ્યક્તિથી થાય છે. વ્યક્તિના સ્વપ્નના

સમાજશાસ્ત્રનું સારતત્વ છે. આ સંદર્ભમાં જ અર્થઘટનાત્મક સિદ્ધાંતની અંતર્ગત આપણે આગળ ઘટનાશાસ્ત્ર તથા એથ્નોમેથોડોલોજીનો ઉલ્લેખ કરીશું.

## ઘટનાશાસ્ત્ર (Phenomenology)

સમાજશાસ્ત્રમાં ઘટનાત્મક દૃષ્ટિકોણ એક નવો જ દૃષ્ટિકોણ છે. તેને પ્રત્યક્ષવાદ અથવા વિજ્ઞાનવાદનો વિરોધી વિકલ્પ કહી શકાય. ઓગસ્ત કોમ્ત તથા દુર્ખિમે સમાજશાસ્ત્રને પ્રાકૃતિક વિજ્ઞાનની જેમ એક વિજ્ઞાનના રૂપમાં પ્રતિષ્ઠિત કરવાનો ભરપૂર પ્રયત્ન કર્યો. તેમણે કહ્યું કે જે વૈજ્ઞાનિક પદ્ધત્તિઓનો પ્રયોગ પ્રાકૃતિક વિજ્ઞાનોમાં કરવામાં આવે છે અને જેના કારણે તેણે વિજ્ઞાનનો દરજ્જો પ્રાપ્ત કર્યો છે એ જ વૈજ્ઞાનિક પદ્ધત્તિઓનો પ્રયોગ સમાજશાસ્ત્રમાં પણ કરી શકાય. એટલા માટે તે પણ પ્રાકૃતિક વિજ્ઞાનોની જેમ એક વિજ્ઞાન જ છે. કોમ્ટ અને દુર્ખિમના આ પ્રયત્નને કારણે તેમના સમાજશાસ્ત્રને પ્રત્યક્ષવાદી સમાજશાસ્ત્રના નામથી ઓળખવામાં આવે છે.

બીજી બાજુ કેટલાક એવા સમાજશાસ્ત્રીઓ છે જેને સમાજશાસ્ત્રનું વિજ્ઞાન હોવું એ બાબતે શંકા છે. તેમાં એથ્નોમેથોડોલોજીસ્ટ, ઉદ્દામવાદીઓ તથા ફિનોમેનોલોજીસ્ટ વગેરે મુખ્ય છે. ઘટનાશાસ્ત્રીઓ એવું માને છે કે સમાજશાસ્ત્ર અને શુદ્ધવિજ્ઞાનોમાં મૂળભૂત કેટલોક ભેદ છે. પ્રાકૃતિક અથવા શુદ્ધ વિજ્ઞાનોનું અભ્યાસવસ્તુ પદાર્થ છે. પદાર્થની વિશેષતા એ છે કે તેમાં કોઈ ચેતના નથી. ભૌતિક પદાર્થ ચેતનારહિત હોય છે માટે પ્રયોગશાળામાં તેના પર પરીક્ષણ અને પ્રયોગ સરળતાથી કરી શકાય છે. બીજી બાજુ સમાજશાસ્ત્રનું અભ્યાસવસ્તુ માનવી છે કે જે એક જાગૃત અને ચેતનવંતુ પ્રાણી છે. માનવીના અધ્યયનમાં તેની ચેતનાશક્તિ એક મહત્વપૂર્ણ તત્ત્વ બની જાય છે. માનવીની આ ચેતનાશક્તિ જ પ્રાકૃતિક વિજ્ઞાનો તથા સમાજશાસ્ત્રની અધ્યયન પદ્ધત્તિમાં મહત્વપૂર્ણ અંતર ઊભું કરે છે. અહીંયા જ ઘટનાશાસ્ત્રીઓ પરંપરાગત સમાજશાસ્ત્રીઓની વિચારધારાથી અલગ થઈ જાય છે.

ઘટનાશાસ્ત્રીઓમાં મેક્સવેબર, કાર્લમેનહાઈમ, હર્સેલ, આલ્ફ્રેડ શુટ્ઝ, બર્જર તથા લૂકમેન, હીપ તથા રાથ, નેટેંસન વગેરે મુખ્ય છે. ફિનોમેનોલોજીના જન્મદાતા એડમંડ હર્સેલ એક તત્ત્વજ્ઞાની હતા. જેમણે પોતાની કૃતિ 'Ideas : Introduction to pure Phenomenology' (1913)માં ઘટનાશાસ્ત્ર શબ્દનો ઉપયોગ કર્યો હતો. વળી તેમણે ઘટનાશાસ્ત્રને જન્મ આપીને સમાજશાસ્ત્રમાં તત્ત્વજ્ઞાનનું મહત્વ દર્શાવ્યું. હર્સેલના મતાનુસાર ઘટનાશાસ્ત્રની રૂચિ એ વસ્તુઓને જાણવામાં હોય છે કે જેનું જ્ઞાન વ્યક્તિઓને પોતાની ઈન્દ્રિયો દ્વારા પ્રાપ્ત થાય છે. ઘટનાઓ વિશેનું આપણું સંપૂર્ણ જ્ઞાન ઈન્દ્રિયજન્ય છે. ઘટનાશાસ્ત્રનો ઉદ્ભવ ભલે અમેરિકામાં ન થયો હોય પરંતુ તેનો વિકાસ અમેરિકામાં થયો છે તથા ત્યાંના સમાજશાસ્ત્રીઓ ઉત્તરોત્તર તેના વિકાસમાં લાગેલા છે. અમેરિકામાં ઘટનાશાસ્ત્રની જે ધારાનો વિકાસ થયો છે તેના પ્રણેતા જ્યોર્જ સાન્યાનાછે.

ઘટનાશાસ્ત્રનો ઉદ્ભવ સમાજશાસ્ત્રની જ એક નવીન શાખાના રૂપમાં થયો છે. તે જ્ઞાનના સમાજશાસ્ત્રની જ એક વિશેષ શાખા છે. પરંપરાગત સમાજશાસ્ત્ર અને ઘટનાશાસ્ત્રમાં મુખ્યત્વે બે આધાર પર ભેદ પાડી શકાય – વિશ્લેષણના આધાર પર તથા દૃષ્ટિકોણના આધાર પર. પરંપરાગત સમાજશાસ્ત્રમાં માનવીના જ્ઞાનનો સંબંધ

અનુભવથી જે કંઈપણ પ્રાપ્ત થાય છે તેનો સમાવેશ ઘટનાશાસ્ત્રમાં કરવામાં આવે છે. સ્વયંના અનુભવની બહાર જે પણ પૂર્વ માન્યતાઓ, પૂર્વગ્રહ અને દાર્શનિક જ્ઞાન હોય છે તે બધું જ ઘટનાશાસ્ત્રના ક્ષેત્રની બહાર છે.'

ઘટનાશાસ્ત્રનું સમાજશાસ્ત્ર એ સમાજશાસ્ત્ર છે જેમાં વ્યક્તિ ઈન્દ્રિયો દ્વારા વસ્તુઓને જેવી રીતે જૂએ છે એવી જ રીતે તેની વ્યાખ્યા કરે છે.

જ્યોર્જ પાસ્થસ ઘટનાશાસ્ત્રને એક અધ્યયનપદ્ધતિ, એક અભિગમ તથા એક દર્શન માને છે. મેક્સવેબર તથા જ્યોર્જ સિમેલ પણ તેને એક અધ્યયન પદ્ધતિ માને છે.

નાટન્સનના મતાનુસાર ઘટનાશાસ્ત્ર એ સંબોધન છે જેના માધ્યમથી સામાજિક ક્રિયાના અર્થની વૈયક્તિક દૃષ્ટિકોણથી વ્યાખ્યા કરવામાં આવે છે.

જોન રેક્સના મતાનુસાર ઘટનાશાસ્ત્ર એક વિશેષ પ્રકારનું આંતરજ્ઞાન છે જેના દ્વારા વસ્તુઓના વાસ્તવિક સ્વરૂપનું તથા સામાજિક જીવનના તથ્યો વિશે સિદ્ધાંતનું નિર્માણ કરવામાં આવે છે.

સિમેલ ઘટનાશાસ્ત્રને એક એવો અભિગમ માને છે કે જે ચેતનાને મહત્વ આપે છે. કોઈપણ વસ્તુ અથવા ઘટના આપણી ચેતનામાં જેવી લાગે છે, તે જ તેનું વાસ્તવિક રૂપ છે. કારણ કે, પ્રત્યેક ઘટના અથવા વસ્તુને ચેતનાના એક ભાગના રૂપમાં સમજી શકાય છે. આ પદ્ધતિ વિજ્ઞાનનું આંધળુ અનુકરણ ન કરવા પર ભાર મૂકે છે. શુટ્ઝ ઘટનાશાસ્ત્રને વસ્તુપરક ચેતનાની પ્રાતિતિક અથવા વ્યક્તિનિષ્ઠ સમજ માને છે.

પરંપરાત્મક સમાજશાસ્ત્રમાં સમાજ, સંસ્કૃતિ, સંસ્થાઓ તથા બાહ્ય પર્યાવરણને મુખ્ય સ્થાન આપવામાં આવે છે. જ્યારે ઘટનાશાસ્ત્ર આ બધાના સ્થાન પર માનવીના ચેતના જગતમાં પ્રવેશ કરવા પર ભાર મૂકે છે. ઘટનાશાસ્ત્ર માત્ર પરંપરાગત સમાજશાસ્ત્રથી અલગ જ નથી પરંતુ તે બધા જ પ્રકારના વૈજ્ઞાનિક કથનોથી અલગ રહીને ઘટના જગતને સમજવાના પ્રયાસ પર ભાર મૂકે છે. ઘટનાશાસ્ત્રમાં ઘટનાને સમજવા માટે ચેતનાના જ્ઞાનને મહત્વ આપવામાં આવે છે.ચેતનાનું માપ અનુભવ છે જ્યારે વિજ્ઞાનનું પ્રમાણ તથ્ય છે.

વળી ઘટનાશાસ્ત્રનો પ્રારંભિક ઉદ્‌ભવ દર્શનશાસ્ત્રની એક શાખાના રૂપમાં થયો છે. પરંતુ વર્તમાનમાં તે સમાજશાસ્ત્રની પણ એક શાખા માનવામાં આવે છે. કાર્યાત્મકવાદીઓ સમાજને એક વ્યવસ્થાના રૂપમાં જૂએ છે અને સમાજના વિભિન્ન અંગોમાં સુમેળભર્યા સંબંધોની વાત કરે છે. કાર્યાત્મકવાદીઓ માને છે કે સામાજિક વ્યવસ્થા જ માનવીના વ્યવહારને નિર્ધારિત કરે છે. જ્યારે ઘટનાશાસ્ત્ર રોજબરોજની સામાજિક ક્રિયાઓ અને ઘટનાઓને વ્યક્તિનિષ્ઠ આધાર પર સમજવાનો પ્રયત્ન કરે છે. સમાજશાસ્ત્રની એક શાખાના રૂપમાં ઘટનાશાસ્ત્ર નીચેના મુદ્દાઓ પર ભાર મૂકે છે :

૧. સામાજિક વાસ્તવિક્તાને ભૌતિક વાસ્તવિક્તમાં ન બદલી શકાય.
૨. ઘટનાનો અર્થ વ્યક્તિનિષ્ઠતાના સંદર્ભમાં જ સમજી શકાય છે.
૩. સામાજિક વાસ્તવિક્તાને જાણવા માટે ઘટનાને માત્ર વ્યક્તિનિષ્ઠ અર્થમાં જ નહીં પરંતુ તેનું વિશ્લેષણ સમગ્રના સંદર્ભમાં કરવું જોઈએ માત્ર એક ઘટનાના રૂપમાં નહીં.
૪. ઘટનાશાસ્ત્રમાં કોઈ ઘટનાને જાણવા માટે બાંધવામાં આવેલા સિદ્ધાંતોના આધાર પર નહીં પરંતુ કોઈ વ્યક્તિની વ્યક્તિગત ચેતના અને સમજણના

આધાર પર જ્ઞાન પ્રાપ્ત કરવા પર ભાર મૂકવામાં આવે છે.

## ઘટનાશાસ્ત્રના લક્ષણ, પ્રકૃતિ અને માન્યતાઓ :

ઘટનાશાસ્ત્રીય અભિગમ અનુસાર સામાજિક જગત 'અર્થનું જગત' છે. કોઈપણ એવી વૈષયિક વાસ્તવિક્તા નથી જે આ અર્થથી પર હોય. આ પ્રકારે સામાજિક વિશ્વનું નિર્માણ એના સભ્યોના વ્યક્તિનિષ્ઠ અનુભવોના બહારના તત્ત્વોથી થાય છે. સામાજિક વિશ્વને સામાજિક તથ્ય અથવા વસ્તુ માનવું એ સામાજિક વાસ્તવિક્તાને તોડીફોડીને પ્રસ્તુત કરવી અથવા તેની ખોટી વ્યાખ્યા કરવા બરાબર છે.

દુર્ખિમે અપરાધ અને આત્મહત્યાને સામાજિક તથ્ય માન્યા છે. આમ તેઓ વાસ્તવિક્તા પર પોતાના વિચારોને લાદે છે તથા સામાજિક જગતની વાસ્તવિક્તાને તોડીફોડીને પ્રસ્તુત કરે છે. જે સમાજ વૈજ્ઞાનિક અપરાધ અને આત્મહત્યાના કારણોને સામાજિક પરિસ્થિતિઓ અથવા માનસિક દશાઓમાં શોધે છે તે અપરાધ અને આત્મહત્યાના સામાન્ય જ્ઞાનના સિદ્ધાંતને જ વ્યક્ત કરે છે.

એટકિન્સન કહે છે કે અપરાધને વૈષયિક તથ્યના રૂપમાં વર્ગીકૃત ન કરી શકાય કે જેના કારણોની વ્યાખ્યા કરી શકાય છે. કેટલીક વ્યક્તિઓ દ્વારા આ ક્રિયાઓને અપરાધનો અર્થ આપવામાં આવ્યો હોય છે જે અપરાધ કરવાવાળી વ્યક્તિના પોતાના અર્થ કરતા અલગ છે.

પ્રત્યક્ષવાદી અને ઘટનાશાસ્ત્રીય અભિગમ એકબીજાથી વિરુદ્ધ અધ્યયન પદ્ધત્તિઓનો ઉપયોગ કરે છે. સામાજિક વાસ્તવિક્તા વિશે બંનેની માન્યતા એકબીજાથી અલગ છે. પ્રત્યક્ષવાદીઓ પ્રાકૃતિક વિજ્ઞાનોના તર્ક અને પદ્ધત્તિઓનો સ્વીકારે છે જ્યારે ઘટનાશાસ્ત્રીઓ તેનો અસ્વીકાર કરે છે. તેથી પ્રમાણોની પ્રકૃતિ અને વિશ્લેષણ વિશે બંનેના વિચારો પરસ્પર વિરોધી છે. સમાજશાસ્ત્રીય અનુસંધાનમાં તથ્યોના મુખ્ય ગુણ અને વિશેષતાઓ વિશે પણ બંનેમાં સંમત થતા નથી. આના ફળસ્વરૂપે માનવીય ક્રિયાનું વિશ્લેષણ અને સમાજ વિશે બંનેમાં ભિન્નતા જોવા મળે છે. ઘટનાશાસ્ત્ર એવું માને છે કે પ્રાકૃતિક વિજ્ઞાનો અને સમાજ વિજ્ઞાનોના વિષયવસ્તુમાં મૌલિક ભેદ છે. પ્રાકૃતિક વિજ્ઞાનોનો સંબંધ પદાર્થ સાથે છે અને પદાર્થમાં કોઈ ચેતના હોતી નથી. વળી તેના વ્યવહારની વ્યાખ્યા બાહ્ય ઉત્પ્રેરણાની પ્રતિક્રિયાના રૂપમાં કરી શકાય છે. પદાર્થને એક નિશ્ચિત રૂપમાં વ્યવહાર કરવા માટે બાધ્ય કરે છે કારણ કે તેનો વ્યવહાર મૂળરૂપે અર્થ વગરનો છે. દા.ત. પાણીને ગેસ પર મૂકવાથી તેને ગરમ થવું જ પડશે. પાણીમાં ચેતના નહીં હોવાના કારણે તે મનુષ્યની જેમ કોઈ કાર્ય કરવા માટે ના નહીં પાડે. પદાર્થથી વિરુદ્ધ માનવીમાં ચેતના હોય છે. માનવી જૂએ છે, વ્યાખ્યા કરે છે તથા જગત વિશેના જ્ઞાનના આધારે અનુભવ કરે છે. તે સક્રીયરૂપે પોતાની સામાજિક વાસ્તવિક્તાનું નિર્માણ કરે છે. અર્થનું પોતાનું કોઈ સ્વતંત્ર અસ્તિત્વ નથી હોતું, તેની પોતાની કોઈ વાસ્તવિક્તા નથી હોતી કે જે સામાજિક કર્તાથી-અલગ હોય. અર્થ કોઈ બાહ્ય સમાજ દ્વારા લાદવામાં નથી આવતા હોતા જે વ્યક્તિને એક વિશિષ્ટ પ્રકારે વ્યવહાર કરવા માટે બાધ્ય કરતા હોય. પરંતુ અર્થનું નિર્માણ અને પુનઃનિર્માણ તો સામાજિક આંતરક્રિયા વખતે સ્વયં કર્તાઓ દ્વારા જ કરવામાં આવે છે.

ઘટનાશાસ્ત્રીય અભિગમ પરંપરાગત સમાજશાસ્ત્રીય અભિગમ (તર્ક અને પ્રત્યક્ષવાદી પદ્ધત્તિને સ્વીકારે છે) કરતા અલગ છે. આ સંદર્ભમાં બ્રિટીશ સમાજશાસ્ત્રી

એટકિન્સને અપરાધ અને આત્મહત્યાના સંદર્ભમાં પ્રત્યક્ષવાદી સમાજશાસ્ત્રીઓ દ્વારા અપનાવવામાં આવેલી અધ્યયન પદ્ધત્તિઓને બિનઉપયોગી માન્યા છે. તેઓ કહે છે કે સામાજિક વિશ્વ તો એવું જ છે કે જેવું કર્તા પોતે તેને સમજે છે તથા તેની વ્યક્તિનિષ્ઠ વ્યાખ્યા કરે છે. સામાજિક કર્તા એને જે અર્થ પ્રદાન કરે છે તેનાથી અલગ તેની કોઈ વાસ્તવિક્તા નથી. આ પ્રકારે આત્મહત્યાની ક્રિયા એ એવી ક્રિયા છે કે જેને સામાજિક કર્તા સ્વયં આત્મહત્યા માને છે. કેટલીક ક્રિયાઓને ડોક્ટર, પત્રકાર, શંકાસ્પદ મૃત્યુની તપાસ કરવાવાળા અધિકારી, મૃત વ્યક્તિના મિત્રો તથા પરિવારના સભ્યો વગેરે આત્મહત્યાની શ્રેણીમાં મૂકે છે. આત્મહત્યાની પરિભાષા એ બાબત ઉપર આધાર રાખે છે કે તેઓ ઘટનાની વ્યાખ્યા કઈ રીતે કરે છે. જે સમાજશાસ્ત્રી પ્રત્યક્ષવાદી પદ્ધત્તિના આધાર પર આત્મહત્યાનો અભ્યાસ કરે છે તેઓ વૈષયિક રૂપમાં એ નક્કી કરે છે કે કોઈ ઘટના આત્મહત્યા છે કે નહીં. તેમના મતે આત્મહત્યાની ટકાવારી જાણી શકાય છે. એટકિન્સન એ વિચારનો સ્વીકાર નથી કરતા કે આત્મહત્યા વૈષયિક તથ્ય છે તથા તે સામાજિક કર્તાની સમજ અને જ્ઞાનથી અલગ છે. એટલા માટે એ વાતની કોઈ ઉપયોગિતા નથી કે સમાજશાસ્ત્રી આત્મહત્યાને એક તથ્યના રૂપમાં સ્વીકારે અને એના કારણોની શોધ કરે. એટકિન્સન કહે છે કે આની જગ્યાએ તો સમાજશાસ્ત્રીઓએ તો એ પ્રશ્ન પૂછવો જોઈએ કે મૃત્યુને આત્મહત્યાની શ્રેણીમાં કઈ રીતે વર્ગીકૃત કરવામાં આવે છે ? આ પ્રશ્નનો જવાબ મેળવવા માટે આપણે અપ્રાકૃતિક મૃત્યુના કારણોનો અભ્યાસ કરવાવાળા વ્યક્તિઓ દ્વારા કોને આત્મહત્યા માનવામાં આવે છે તેના અર્થોને શોધવા પડશે. આ પ્રકારનો અભિગમ સામાજિક જગતને કમ સે કમ તોડીફોડીને પ્રસ્તુત કરે છે. કારણ કે આમાં એ પ્રક્રિયાને શોધવાનો અને સમજવાનો પ્રયત્ન કરવામાં આવે છે કે જેનાથી સભ્યો પોતાની સામાજિક વાસ્તવિક્તાનું નિર્માણ કરે છે.

એટકિન્સન દુર્ખિમના આત્મહત્યાના સિદ્ધાંતોનો પણ અસ્વીકાર કરે છે. તેઓ દુર્ખિમની જેમ આત્મહત્યાને સામાજિક તથ્ય નથી માનતા કારણ કે એક તો સરકારી આંકડા સાચા નથી હોતા અને બીજુ આત્મહત્યા માટે જે પદ્ધત્તિઓનો ઉપયોગ કરવામાં આવે છે તો માત્ર તેનો પ્રયોગ કરવાથી કોઈપણ મૃત્યુને આત્મહત્યાની શ્રેણીમાં મૂકી શકાય નહીં. તેઓ કહે છે કે, દુર્ખિમે આત્મહત્યાને વસ્તુ અથવા સામાજિક તથ્ય માનીને સામાજિક વાસ્તવિક્તાને તોડીફોડીને અને ખોટી રીતે પ્રસ્તુત કરી છે. તેઓ પોતાની વાસ્તવિક્તાને સામાજિક જગત પર લાદે છે. તેઓ જે જાણવા માંગે છે તેને જ તોડીફોડી નાંખે છે.

## ઘટનાશાસ્ત્રની મુખ્ય વિશેષતાઓ :

**(૧) સામાજિક ક્રિયાને કર્તાના દૃષ્ટિકોણથી સમજવા પર ભાર મૂકવો :**

ઘટનાશાસ્ત્રમાં સમાજ અને સામાજિક ક્રિયાને કર્તાના દૃષ્ટિકોણથી સમજવાનો પ્રયત્ન કરવામાં આવે છે. જુદા જુદા માનવીઓ વચ્ચે અનેક પ્રકારના સામાજિક સંબંધો જોવા મળે છે. આ સંબંધો વિશે સ્વયં સંબંધોના નિર્માતા 'કર્તા' શું વિચારે છે એ જાણવાનો પ્રયાસ ઘટનાશાસ્ત્રમાં કરવામાં આવે છે.

(૨) અર્થની શોધ :

ઘટનાશાસ્ત્રમાં એ જાણવાનો પ્રયાસ કરવામાં આવે છે કે લોકો પોતાની આજુબાજુમાં બની રહેલી ઘટનાઓ અને ક્રિયાઓનો કેવો અર્થ કરે છે અને આ ઘટનાઓને તે કઈ રીતે સમજે છે. આ રીતે તેમાં અર્થની શોધ કરવામાં આવે છે.

(૩) દૃષ્ટિકોણની જાણકારી :

ઘટનાશાસ્ત્રમાં લોકોના દૃષ્ટિકોણને સમજવાનો પ્રયત્ન કરવામાં આવે છે. કારણ કે આ દૃષ્ટિકોણના આધાર પર જ તેઓ પોતાને તથા સમાજના અન્ય સભ્યોને સમજવાનો પ્રયત્ન કરે છે.

(૪) માનવવ્યવહાર અને પ્રેરણા :

ઘટનાશાસ્ત્રની અંદર માનવીય વ્યવહાર અને તેની પાછળ નિહિત પ્રેરણાઓનો અભ્યાસ કરવામાં આવે છે. જ્યારે કોઈ વ્યક્તિ ક્રિયા અથવા વ્યવહાર કરે છે ત્યારે એ જાણવાનો પ્રયત્ન કરવામાં આવે છે કે તેની પાછળ તેનો હેતુ ક્યો છે, એવી કઈ બાબત છે જે તેને ક્રિયા કરવા માટે પ્રેરે છે. આ રીતે ઘટનાશાસ્ત્ર માનવીય વ્યવહારને સમજવાનો એક વ્યવસ્થિત પ્રયત્ન કરે છે.

(૫) પરંપરાગત સમાજશાસ્ત્રની વિરૂદ્ધ :

ઘટનાશાસ્ત્રમાં સમાજ અને સામાજિક વાસ્તવિક્તાની વ્યાખ્યા પરંપરાગત સમાજશાસ્ત્રથી જુદી રીતે કરવામાં આવી છે. ઘટનાશાસ્ત્ર મુજબ સામાજિક વાસ્તવિક્તા એ જ છે જે સમાજના સભ્યો જૂએ છે, કરે છે અને અનુભવે છે. ઘટનાશાસ્ત્ર સામાજિક, ઐતિહાસિક અને કાર્યવાદની જેમ સમાજ, સંસ્થા અને સમૂહની સ્થાયી સંરચના અને તેના કાર્યોમાં વિશ્વાસ નથી કરતું. ઘટનાશાસ્ત્રીઓનું વિશ્વ તો એ જ છે જેને એ સમૂહના સભ્યો કોઈ એક સમયે જૂએ છે, વિચારે છે, અનુભવે છે અને ક્રિયા કરે છે.

(૬) વિજ્ઞાન વિરોધી :

ઘટનાશાસ્ત્ર વિજ્ઞાનવાદમાં વિશ્વાસ નથી કરતુ પરંતુ એ તો તેનું વિરોધી છે. એ દર્શનશાસ્ત્રની નજીક છે. ઘટનાશાસ્ત્ર વૈજ્ઞાનિક અધ્યયન પદ્ધત્તિને અપૂર્ણ અને અવિશ્વસનીય માને છે. ઘટનાશાસ્ત્ર વિજ્ઞાનની જેમ તર્ક, કાર્ય-કારણ, સિદ્ધાંતો અને અવધારણાઓમાં વિશ્વાસ નથી ધરાવતું. પરંતુ તે પોતાનું સમગ્ર ધ્યાન માનવીની ચેતના પર કેન્દ્રિત કરે છે. તે એવું માને છે કે પ્રાકૃતિક વિજ્ઞાનો અને સામાજિક વિજ્ઞાનોની વચ્ચે એક ન જોઈ શકાય એવું વાસ્તવિક અંતર છે.

(૭) અનુભવવાદ વિરોધી :

ઘટનાશાસ્ત્ર અનુભવવાદનો વિરોધી છે. અનુભવવાદમાં એવો વિશ્વાસ કરવામાં આવે છે કે એક સમાજશાસ્ત્રી એક વૈજ્ઞાનિક રૂપમાં વિશ્વના જ્ઞાનની શોધ પોતાની પાંચ જ્ઞાનેન્દ્રિયો દ્વારા જ કરી શકે છે. અને એક એવા જ્ઞાનકોશની રચના કરી શકે છે કે જે વિશ્વની વૈષયિક વાસ્તવિક્તાને સારી રીતે દર્શાવી શકે છે. આ પ્રકારના અનુભવવાદી અધ્યયનને બહુ જ સામાન્ય અધ્યયન માને છે કારણ કે આ અધ્યયન પદ્ધત્તિમાં અનેક

સામાજિક જટિલતાઓને એટલી સરળ માની લેવામાં આવે છે કે એને સિદ્ધ કરવાની આવશ્યક્તા જ અનુભવાતી નથી. માનવીનું મસ્તિષ્ક એટલું સરળ નથી જેટલું પરંપરાગત સમાજશાસ્ત્રી માને છે. એમના મતે તો માનવ મસ્તિષ્ક એક ખાલી ડબ્બા જેવું છે કે જેમાં એ જ વસ્તુ ભરી શકાય છે કે જે સમાજ ઈચ્છે છે. તેમાં માનવીનું પોતાનું તત્ત્વ, બુદ્ધિ, શક્તિ જેવી કોઈ જ વસ્તુ નથી. બીજા શબ્દોમાં કહીએ તો તેમાં માનવીનું પોતાનું કંઈ છે જ નહીં. માનવી પોતે ક્રિયાશીલ નથી, તે તો માત્ર આજુબાજુથી આવવાવાળા ચિત્રોને પોતાના પડદા પર અંકિત કરે છે. જ્યારે ઘટનાશાસ્ત્રીઓ એવું માને છે કે માનવીની પોતાની ચેતના હોય છે અને તે ખાલી ડબ્બા અથવા સિનેમાના પડદાની જેવી નથી. તે સમાજથી અલગ પોતાનું અસ્તિત્વ ધરાવે છે.

**(૮) એક દાર્શનિક અભિગમ :**

ઘટનાશાસ્ત્રીય દૃષ્ટિકોણ એક દાર્શનિક અભિગમ છે. આ પદ્ધત્તિનો આધાર દર્શનશાસ્ત્રને જ માનવામાં આવે છે. ૧૯૫૦ પછી અનેક સમાજશાસ્ત્રીઓ એવા થયા છે જેણે હર્સેલના વિચારોને ગ્રહણ કર્યા અને આગળ ધપાવ્યા. તેમણે ઘટનાશાસ્ત્રની દર્શન અને અધ્યયન પદ્ધત્તિ બંનેના ક્ષેત્રમાં પૂરતા પ્રમાણમાં કાર્ય કર્યું અને તેના વિકાસમાં યોગદાન આપ્યું છે. ઘટનાશાસ્ત્રમાં ચેતના પર વધારે ભાર મૂકવામાં આવે છે. તેઓ એવું માને છે કે આપણે આપણા પૂર્વ વિચારો, માન્યતાઓ અને વિશ્વાસોને ભૂલીને એક નવીન ઘટનાશાસ્ત્રીય અવધારણા તથા અધ્યયન પદ્ધત્તિની રચના કરવી જોઈએ. હમણા સુધી બધા જ સમાજશાસ્ત્રી એવું માનતા હતા કે સમાજ એક સંગઠન છે અને સંસ્થાઓ અને સમૂહ તેના અલગ અલગ અંગો છે. હર્સેલના મત મુજબ આ વિશ્વાસો અને માન્યતાઓને ભૂલવી પડશે અને એ પણ ભૂલવું પડશે કે સમાજમાં અન્ય વ્યક્તિઓ પણ છે. તેઓ કહે છે કે એ ક્રમને ઉલટાવી દો કે સમાજ માનવીને સામાજિક બનાવે છે અથવા માનવી પર નિયંત્રણ કરે છે. એ પણ ભૂલવું પડશે કે સામાજિક વ્યવસ્થા જ સામાજિક વ્યવહારનું કારણ છે. હર્સેલ એવું માને છે કે કાર્ય અને કારણના આધાર પર માનવીના સ્વાભાવિક અને વાસ્તવિક સ્વરૂપનું વર્ણન ન કરી શકાય. આ પ્રકારની ધારણાઓને હર્સેલે પાશવિક પક્ષપાત કહ્યો છે. આ પાશવિક પક્ષપાત પર સમાજશાસ્ત્રીઓએ વિજય મેળવવો પડશે. આપણે શાંત ચિત્તે પ્રત્યેક વસ્તુને નિષ્પક્ષતા સાથે પોતાની બુદ્ધિથી વિચારવું પડશે. આ અધ્યયન પદ્ધત્તિને હર્સેલે યૂનાની દર્શનમાંથી ગ્રહણ કરી હતી. યૂનાની દર્શનમાં આ અધ્યયન પદ્ધત્તિને ઈપોક કહેવામાં આવે છે.

**(૯) માનવીના ચેતના જગત પર વિશેષ ભાર :**

ઘટનાશાસ્ત્રમાં માનવીના આંતરિક અને ચેતના જગત પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. શૂટ્ઝ કહે છે કે બાહ્ય જગતના અસ્તિત્વનો ઈન્કાર ન કરી શકાય. પરંતુ વાસ્તવિક જગતની અનુભૂતિ કરવા માટે થોડા સમય માટે પણ આપણે બાહ્ય જગતને ભૂલાવી દેવું પડશે. પરંપરાગત સમાજશાસ્ત્રમાં સમાજ, સંસ્કૃતિ, સંસ્થાઓ અને બાહ્ય પર્યાવરણને મહત્વપૂર્ણ સ્થાન આપવામાં આવ્યું છે. ઘટનાશાસ્ત્રમાં આ બધાનો ત્યાગ કરીને માનવીના ચેતના જગતમાં પ્રવેશ કરવાની વાત કરવામાં આવી છે.

**(૧૦) વાસ્તવિકતાની અવધારણાને સમજવા પર ભાર મૂકવો :**

*ઘટનાશાસ્ત્રની શબ્દાવલિમાં વાસ્તવિકતાની અવધારણાનો ખૂબ જ ઉપયોગ કરવામાં આવ્યો છે. તેમાં બે પ્રકારની વાસ્તવિકતાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. (૧) વ્યક્તિનિષ્ઠ અને (૨) વસ્તુનિષ્ઠ*

*ટીમશેફના મતે વ્યક્તિનિષ્ઠ અર્થમાં સામાજિક વાસ્તવિકતાનો અર્થ કોઈ વ્યક્તિનો સંસાર પ્રત્યે તેના દૃષ્ટિકોણના આધાર પર ઉત્પન્ન વિશ્વાસો, આકાંક્ષાઓ, પરિભાષાઓ, અર્થો તથા મૂલ્યોની એ બાબતો સાથે છે જે તેની સામાજીકરણની પ્રક્રિયા દ્વારા ઉત્પન્ન થાય છે.* Subjective reality mean an individuals acceptance of a set of beliefs, expectations, definitions, meanings, evalutions as his or her own views of the world which develop throgh the process of socialization.

*વસ્તુનિષ્ઠ દૃષ્ટિએ વાસ્તવિકતાને પરિભાષિત કરતા ટીમશેફ લખે છે કે – 'વસ્તુનિષ્ઠ વાસ્તવિકતા એક સમૂહ દ્વારા સામાજિક રૂપથી માનવામાં આવે છે. કારણ કે તે વ્યક્તિથી બહાર હોય છે. માટે તે એક સ્વરૂપ ગ્રહણ કરી લે છે. અહીં વ્યક્તિઓથી તાત્પર્ય એ લોકોનું છે જે કોઈ એક સમૂહના સભ્યો છે અને એ સમૂહના સામાન્ય પ્રકારોને માને છે. સમૂહના સભ્યોના સામાન્ય મૂલ્યાંકનો, પરિસ્થિતિઓ અને વ્યવહાર બધા જ સભ્યો માટે સમાન બની જાય છે. પરિણામે તેઓ એક સામાન્ય જગતના ભાગીદાર બને છે.'*

Objective reality is socia' shared by a group. They become objectified by virtue of their being external to the individual persons who share common typification i.e. common evaluations about types of persons and situations and behaviour appropriate to them, share a common social world.

*ઘટનાશાસ્ત્રનો ઉદ્ભવ અને વિકાસમાં અનેક સામાજિક - દાર્શનિકોનું યોગદાન રહ્યું છે. જેમાં હર્સેલ, મેક્સવેબર, કાર્લ મેનહાઈમ, આલ્ફ્રેડ શુટ્ઝ, મોર્ટિઝ, ગિગર, માર્ટિન હૈડેગર, મોરીસ મર્લિન પોન્ટી, સાર્ત્ર, બર્જર તથા લૂકમેન, હીપ વગેરે મુખ્ય છે. આ વિદ્વાનો પૈકી કેટલાક મુખ્ય વિદ્વાનોના યોગદાનની અત્રે ચર્ચા કરીશું.*

## ઘટનાશાસ્ત્રમાં એડમંડ હર્સેલનું યોગદાન :

એડમંડ હર્સેલ(૧૮૫૯ - ૧૯૩૮)ને ઘટનાશાસ્ત્રનો પ્રવર્તક અને જન્મદાતા માનવામાં આવે છે. તેમણે પોતાના બે પુસ્તકો 'Ideas, Introduction to pure Phenomenology - 1913' તથા 'Phenomenology and the crisis of western Philosophy - 1936' માં ઘટનાશાસ્ત્ર સંબંધી પોતાના મહત્વપૂર્ણ વિચારોને પ્રગટ કર્યા કે જે પરંપરાગત સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો અને તેની અધ્યયન પદ્ધતિઓથી એકદમ વિરુદ્ધ છે. આ એક નવીન અભિગમ છે જે અત્યાર સુધી સ્વીકારાય રહેલા વૈજ્ઞાનિક અભિગમ કરતા અલગ છે. અત્યાર સુધી સમાજશાસ્ત્રમાં અપનાવવામાં આવી રહેલા અભિગમ અને અધ્યયન પદ્ધત્તિઓમાં પ્રાકૃતિક વિજ્ઞાનોની નકલ કરવામાં આવતી હતી તથા સમાજશાસ્ત્રી સમાજ સંબંધી કેટલીક વાતોને સ્વયંસિદ્ધ માનીને ચાલી રહ્યા હતા. પ્રાકૃતિક અથવા શુદ્ધ વિજ્ઞાનોમાં જ્ઞાત વસ્તુથી અજ્ઞાત વસ્તુની શોધ કરવામાં આવે છે. કેટલીક આધારભુત વાતોને સત્ય માનવામાં આવે છે અને એ સત્યથી અજ્ઞાત વસ્તુ કે સ્થિતિને જાણવાનો પ્રયાસ કરવામાં આવે છે. પ્રાકૃતિક વિજ્ઞાનોની અધ્યયયન પદ્ધત્તિને પરંપરાગત સમાજશાસ્ત્રીઓએ પણ અપનાવી છે. જે વસ્તુ અજ્ઞાત હોય છે તેને પ્રશ્ન કરે છે અને એ વસ્તુથી ઉચિત જવાબ જાણવાનો પ્રયાસ કરવામાં આવે છે.

હર્સેલે ઘટનાશાસ્ત્રને એક નવીન અધ્યયન પદ્ધત્તિના રૂપમાં પ્રસ્તુત કર્યો. આમાં વૈજ્ઞાનિક પદ્ધત્તિની જેમ ન તો કોઈ ઉપકલ્પનાનો સહારો લેવામાં આવ્યો છે અને ન તો કોઈ કથન વગેરેને આધાર બનાવીને અધ્યયન કરવામાં આવે છે. ઘટનાશાસ્ત્રમાં અધ્યયનકર્તાને અવલોકન, વર્ણન તથા વર્ગીકરણનો સહારો લેવાનો હોય છે. તે પ્રકૃતિમાં સંરચનાનું અવલોકન કરે છે કે જે પ્રયોગાત્મક પદ્ધત્તિમાં સંભવિત નથી.

હર્સેલે પોતાના પુસ્તકમાં ઘટનાશાસ્ત્ર તથા ઘટનાશાસ્ત્રીય દર્શનમાં તથા સમાજશાસ્ત્ર અને વિજ્ઞાનમાં ભેદ પાડવાનો પ્રયત્ન કર્યો છે. ઘટનાશાસ્ત્રમાં હર્સેલે કોઈ પણ પ્રકારના સિદ્ધાંત કે ઉપકલ્પનાનો સહારો લીધો નથી. પરંતુ બાહ્ય જગતના અસ્તિત્વનો અવશ્ય સ્વીકાર કર્યો છે. તેઓ એવું માને છે કે પ્રકૃતિમાં સ્થિરતા જોવા મળે છે. પ્લેટોએ પણ આ આધારભુત વાતનો સ્વીકાર કર્યો હતો કે વિજ્ઞાનને કોઈ ને કોઈ આધાર અવશ્ય હોય છે. જે વિજ્ઞાન આધારભુત કથનનો સ્વીકાર નથી કરતું તે વિજ્ઞાન હોઈ જ ન શકે. હર્સેલના મતે શુદ્ધ ઘટનાશાસ્ત્ર અને ઘટનાશાસ્ત્રીય દર્શનમાં કોઈ જ અંતર નથી. હર્સેલે શાંત ચિત્તે પ્રત્યેક વસ્તુ નિષ્પક્ષતા સાથે, પોતાની બુદ્ધિથી વિચારવાની અધ્યયન પદ્ધત્તિ પર ભાર મૂક્યો છે કે જે એક દાર્શનિક પદ્ધત્તિ છે.

હર્સેલના મતાનુસાર માનવ મસ્તિષ્કનું મુખ્ય કાર્ય પોતાના દ્વારા અનુભવાયેલ વ્યવહાર તથા નવીન અનુભવના ભેદને સ્પષ્ટરૂપે જાણવાનું છે.

હર્સેલ દ્વારા પ્રતિપાદિત ઘટનાશાસ્ત્ર દર્શનવિહોણું વિજ્ઞાન નથી. તેમણે ઘટનાશાસ્ત્ર પર ગંભીરતાથી ચિંતન કર્યું છે અને કેટલાક નિશ્ચિત તર્કના આધાર પર પરંપરાગત સમાજશાસ્ત્રની આલોચના કરી છે. તેમણે ઘટનાશાસ્ત્રને એક દર્શન, એક અધ્યયન પદ્ધત્તિ અને એક નવીન સમાજશાસ્ત્રીય દષ્ટિકોણનો દરજ્જો પ્રદાન કર્યો છે. એમના દ્વારા પ્રતિપાદિત ઘટનાશાસ્ત્ર એક વ્યાપક દર્શનશાસ્ત્ર છે. એક દર્શનશાસ્ત્રીય કાર્યક્રમમાં તેનો ઉદ્દેશ માનવજ્ઞાનનો વાસ્તવિક આધાર જાણવાનો છે. આ અંતર્ગત આપણે સાર તત્ત્વોની શોધ કરીએ છીએ. આપણે એ તત્ત્વોની શોધ કરીએ છીએ જેના પર કોઈ

સામાજિક કે સાંસ્કૃતિક પર્યાવરણનો પ્રભાવ ન પડ્યો હોય. આ અંતર્ગત અપ્રગટ પૂર્વ કલ્પનાઓ કે જેને જ્ઞાનની સંજ્ઞા આપવામાં આવે છે, તેને પ્રગટ કરીને માનવીના જ્ઞાનના અંતિમ આધારોને જાણવાનો છે. આ પ્રકારે ઘટનાશાસ્ત્રની અનુસંધાન પદ્ધતિ વૈજ્ઞાનિક છે. આ દર્શનનો આધાર કોઈ અંતિમ શૂન્ય બિંદુ નથી કે જેના દ્વારા લોકોના નિહિત પક્ષપાતોને તથા પૂર્વ સૈદ્ધાંતિક વિચારોને પક્ષપાત રહિત થઈને પ્રગટ કરવાનો પ્રયાસ કરવામાં આવે છે.

અજાણ્યા અને નિહિત વિચારો, પૂર્વગ્રહો અને પક્ષપાતોને પ્રગટ કરવા એ ઘટનાશાસ્ત્રનો મુખ્ય ધ્યેય છે. એના પર આધારિત આ એક અધ્યયન પદ્ધતિ પણ છે. ઘટનાશાસ્ત્રનું કાર્ય નિરંતર આલોચના અને પુનઃનિરીક્ષણ કરવાનું છે. એમાં એ વિચારનો સ્વીકાર કરવામાં આવ્યો છે કે સંસાર વાસ્તવિક અને અવલોકનીય છે, પરંતુ તેને પરંપરાગત સમાજશાસ્ત્રીય અધ્યયન પદ્ધતિઓથી જાણી શકાતો નથી. એને જાણવા માટે તો નવીન ઘટનાત્મક અધ્યયન પદ્ધતિઓને જ અપનાવવી પડશે. તેને માનવીની ચિંતનશીલ ચેતના દ્વારા જ જાણી શકાય છે. સામાજિક જગત એને તેની વાસ્તવિકતા સમાજમાં જ નિર્મિત થાય છે જેની વ્યાખ્યા કરવાની આવશ્યક્તા છે.

હર્સેલે સામાજિક જગતને સમજવાની ક્રિયા પર ભાર મૂક્યો છે. માનવ સમાજની પરિસ્થિતિઓ અને તેની વાસ્તવિક્તાઓને સમજવા માટે એ પરિસ્થિતિઓનો અર્થ સમજવો પડશે અને તેનો વાસ્તવિક અર્થ એ પરિસ્થિતિમાં ભાગ લેવાવાળા વ્યક્તિઓના વ્યક્તિગત અનુભવના આધાર પર જ જાણી શકાય છે. વ્યક્તિ જે સમાજ અને પરિસ્થિતિમાં પોતાનું જીવન પસાર કરે છે એના વિશે તે કેટલીક પૂર્વ કલ્પનાઓ ઘડી દે છે. હર્સેલના મતાનુસાર એ જીવંત જગતની સંરચનાનો અભ્યાસ કરી લેવો જોઈએ જેમાં ભાગ લેવાવાળા લોકો પોતાની પૂર્વકલ્પિત સંરચનાઓનો પ્રયોગ કરે છે.

હર્સેલે ઘટનાશાસ્ત્રમાં હેતુઓને પણ મહત્વ આપ્યું છે.

સંક્ષેપમાં હર્સેલના ઘટનાશાસ્ત્રીય યોગદાનને આ રીતે વ્યક્ત કરી શકાય :

(૧) મનુષ્ય વિશ્વ વિશે પોતાના અનુભવના આધાર પર જ્ઞાન પ્રાપ્ત કરે છે. આ અનુભવ આપણે જ્ઞાનેન્દ્રિયો દ્વારા અર્થાત્ માનસિક ચેતના દ્વારા કરીએ છીએ. ઈન્દ્રિયો અને ચેતનાની બહાર આપણે કોઈ જ સીધો સંપર્ક વિશ્વની વાસ્તવિક્તા સાથે નથી.

(૨) માનવી જીવંત જગતમાં રહે છે અને ક્રિયા તથા કાર્યો કરે છે. જન્મથી મૃત્યુ સુધી માનવી જીવંત જગતની ચાર દિવાલોથી બંધાયેલો રહે છે. આ જીવંત જગત અનેક પ્રકારની વસ્તુઓ, વિચારો તથા સાંસ્કૃતિક અને ભૌતિક તત્ત્વોથી ભરેલું પડ્યું છે. મનુષ્યનો સંપર્ક આ જીવંત જગત સાથે છે. આ જીવંત જગત સામૂહિક રૂપે અનુભવજન્ય જગત છે.

(૩) હર્સેલે વિજ્ઞાન દ્વારા સ્થાપિત એ માન્યતાને પડકારી છે કે વ્યક્તિથી પર તથ્યોની એક દુનિયા છે જે માનવ ચેતના અને ઈન્દ્રિયોથી સ્વતંત્ર અને બહાર છે જેને વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા સમજી શકાય છે. હર્સેલ કહે છે કે જીવંત જગતને વૈજ્ઞાનિક પદ્ધતિથી નહીં પરંતુ ચેતના દ્વારા જાણી શકાય છે. તેઓ કહે છે કે જીવંત જગતમાં જે કંઈ પણ છે એ પૂર્વગ્રહ છે. એને જેમ છે તેમ સ્વીકારવો જોઈએ નહીં. વાસ્તવિક્તા તો એ છે કે જેને વ્યક્તિ પોતાની ચેતના, મસ્તિષ્ક, અનુભવ અને ઈન્દ્રિયો દ્વારા બોધગમ્ય સમજે છે.

## ઘટનાશાસ્ત્રમાં આલ્ફ્રેડ શૂટ્ઝનું યોગદાન :

હર્સૅલના શિષ્ય આલ્ફ્રેડ શૂટ્ઝ (૧૮૯૯ - ૧૯૫૯) એક જર્મન દાર્શનિક વિચારક અને વિદ્વાન હતા. એમણે સમાજશાસ્ત્રીય ઘટનાશાસ્ત્રનો પાયો નાંખ્યો. જર્મનીમાં હિટલરના નાઝીવાદી અત્યાચારોની તેઓએ આલોચના કરી હતી. તેઓ જર્મનીથી ભાગીને અમેરિકા ચાલ્યા ગયા હતા. ત્યાં તેમણે બૅંકમાં નોકરી કરવાની સાથે સાથે ન્યૂ સ્કુલ નામની એક સમાજશાસ્ત્રીય સંશોધન સંસ્થામાં સામાજિક દર્શન ભણાવવાનું પણ કાર્ય કર્યું. લગભગ નવ વર્ષના સમયગાળા બાદ તેઓને આ જ સંસ્થામાં સમાજશાસ્ત્રના પ્રાધ્યાપક નિમવામાં આવ્યા. આ અધ્યાપન દરમિયાન તેઓએ હર્સૅલના ઘટનાશાસ્ત્ર સંબંધી વિચારો પર પોતાના વિચારો વ્યક્ત કર્યા. શૂટ્ઝે ઘટનાશાસ્ત્રની અંતર્ગત લોકોના દૈનિક જીવનની પરિસ્થિતિઓને વધારે મહત્ત્વ આપ્યું. તેમણે વેબરની વર્સ્ટેહનની અવધારણાની પણ વિસ્તૃત વ્યાખ્યા કરી. વર્સ્ટેહનથી વેબરનું તાત્પર્ય વ્યક્તિનિષ્ઠ જ્ઞાન સાથે છે જેને શૂટ્ઝે ઘટનાશાસ્ત્રનો આધાર માન્યો. શૂટ્ઝે પોતાના પુસ્તક Studies in Ethnomethodological Philosophy તથા Phenomenology of the social world(kt ઘટનાશાસ્ત્ર સંબંધી પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. અમેરિકન સમાજશાસ્ત્રમાં ઘટનાશાસ્ત્રને પ્રવેશ કરાવવાનું શ્રેય શૂટ્ઝને ફાળે જાય છે. શૂટ્ઝનું ઘટનાશાસ્ત્ર યૂરોપના ઘટનાશાસ્ત્ર અને અમેરિકાના આંતરક્રિયાવાદનું મિશ્રણ છે.

શૂટ્ઝે સામાજિક સંબંધોને મહત્ત્વ તો આપ્યું પરંતુ સમાજિક સંબંધોની વ્યાખ્યા તેમણે પરંપરાગત સમાજશાસ્ત્રીય આધારના સ્થાને ઘટનાત્મક આધાર પર કરી. સામાજિક સંબંધો વિશે તેમણે બે અવધારણાઓને જન્મ આપ્યો છે. એક વિચિત્રતતા અને બીજી વિશિષ્ટીકરણ (Uniqueness & Typifications). સમાજમાં અનેક પ્રકારની પરિસ્થિતિઓ જન્મ લેતી રહે છે. કોઈ કોઈવાર એક જ પ્રકારની પરિસ્થિતિઓનું પુનરાવર્તન થતું રહેતું હોય છે. આ પ્રકારે શૂટ્ઝે પરિસ્થિતિઓ તથા વ્યક્તિઓનું વિશિષ્ટીકરણ તથા વર્ગીકરણ કર્યું છે. તેમના વિશિષ્ટીકરણ અને વર્ગીકરણની વ્યાખ્યા પરંપરાગત સમાજશાસ્ત્રીય સિદ્ધાંતોથી અલગ રીતે નવીન દૃષ્ટિકોણથી કરવામાં આવી છે. તેમની વિશિષ્ટીકરણ અને વર્ગીકરણની અવધારણાઓને આધારે કોઈ એક પરિસ્થિતિમાં ભાગ લેવાવાળા કે આ પરિસ્થિતિથી પ્રભાવિત થવાવાળા વ્યક્તિઓના વિચારો અને તેમની ધારણાઓ પર નિર્ભર કરે છે. સામાજિક સંબંધોનુ વર્ગીકરણ પણ વિચિત્ર પરિસ્થિતિઓના આધાર પર જ કરવામાં આવે છે. શૂટ્ઝના સમાજિક સંબંધોના વર્ગીકરણનો નિયમ આ પ્રમાણે છે - સંબંધ જેટલા વૈયક્તિક હશે એટલી જ વિચિત્ર તેની વિશેષતાઓ હશે. સંબંધ જેટલા અવૈયક્તિક હશે એટલા જ વર્ગીકૃત હશે. (The more personal the relationship the more unique is its character bound to be; the more impersonal the relationship the more typified) આ કથનથી સ્પષ્ટ થાય છે કે સંબંધ બે પ્રકારના હોય છે - વૈયક્તિક અને અવૈયક્તિક. આપણા પારસ્પરિક સંબંધો જટેલા વધારે વૈયક્તિક હશે એટલા જ વિચિત્ર પણ હશે અને સંબંધ જેટલા અવૈયક્તિક હશે એટલા જ તે વિશિષ્ટ હશે. શૂટ્ઝનો મત છે કે પ્રત્યેક વ્યક્તિ પોતાની પ્રત્યેક સામાજિક પરિસ્થિતિને પોતાના વ્યક્તિગત દૃષ્ટિકોણથી જૂએ છે અને તેને સમજવાનો પ્રયત્ન કરે છે. પરિસ્થિતિઓના અનુકૂળ અને પ્રતિકૂળ થવા પ્રમાણે તે પોતાના સંબંધોનું નિર્માણ કરે છે અને તે પ્રમાણે જ તે પરિસ્થિતિઓને પોતનો અર્થ પ્રદાન કરે છે. આ

પ્રકારે પ્રત્યેક સામાજિક વ્યક્તિ પોતાની સામાજિક ક્રિયાઓનું મૂલ્યાંકન પોતાની પરિસ્થિતિ પ્રમાણે કરે છે. પારસ્પરિક આંતરક્રિયામાં ભાગ લેવાવાળા લોકો આંતરક્રિયાઓનો શું અર્થ કરશે એ એમના દૃષ્ટિકોણની પારસ્પરિક્તા પર નિર્ભર કરે છે. આને સ્પષ્ટ કરવા માટે વાલેસ અને વુલ્ફે ઓરકેસ્ટ્રા પાર્ટીનું ઉદાહરણ આપ્યું છે. ઓરકેસ્ટ્રા વગાડવાવાળી પાર્ટીના સભ્યોનો એક સમૂહ હોય છે કે જે એક જ પરિસ્થિતિમાં ઓરકેસ્ટ્રા વગાડે છે. ઓરકેસ્ટ્રાના સંચાલક, અન્ય વાદકો વચ્ચેના સંબંધો અને પરિસ્થિતિની એક રચના થઈ જાય છે. ઓરકેસ્ટ્રાની પરિસ્થિતિનો વાસ્તવિક અર્થ ઓરકેસ્ટ્રાના સભ્ય જે નિષ્પક્ષતા સાથે સમજી શકે છે એમ બીજા લોકો સમજી શકતા નથી. શુટ્ઝે આ પરિસ્થિતિને સહયોગી અર્થ (Shared meaning) કહ્યો છે. સહયોગી અર્થ આંતરક્રિયાની પરિસ્થિતમાં જ સમજી અને અનુભવી શકાય છે.

શુટ્ઝના મતે પ્રત્યેક સામાજિક પરિસ્થિતિનું અધ્યયન આંતરવ્યક્તિનિષ્ઠતા (Inter subjectivity) ના આધાર પર કરવું જોઈએ. પરંતુ એમણે આ અધ્યયન પદ્ધતિનો પ્રયોગ કેવી રીતે કરવો જોઈએ એવું નથી દર્શાવ્યું. તેમના મતે સામાજિક પરિસ્થિતિનું અધ્યયન સ્વાભાવિક અભિવૃત્તિ (Natural Attitude)દ્વારા કરવો જોઈએ. સ્વાભાવિક અભિવૃત્તિનો અર્થ છે - જગતના અસ્તિત્વના વિષયમાં એક સરળ વિશ્વાસની અભિવૃત્તિ જેની અનુભૂતિ લોકો દ્વારા કરવામાં આવે છે અને જેના અસ્તિત્વમાં લોકો વિશ્વાસ કરે છે.

આ રીતે શુટ્ઝના ઘટનાશાસ્ત્રના મુખ્ય ત્રણ તત્ત્વો છે - જીવંત જગત, સ્વાભાવિક અભિવૃત્તિ અને આંતરવ્યક્તિનિષ્ઠતા. આ ત્રણેય તત્ત્વો ઘટનાશાસ્ત્રની આધારશીલા મનાય છે. અને ઘટનાશાસ્ત્રીય સમાજશાસ્ત્રની રચના આ ત્રણેય અવધારણાઓના આધાર પર કરવામાં આવી છે. શુટ્ઝના ઘટનાશાસ્ત્રને હજુ વધારે વિકસિત કરવામાં હિપ અને રાથનું યોગદાન મહત્વનું છે.

જ્યોર્જ સાન્ત્યાનાએ અમેરિકન ઘટનાશાસ્ત્રનો પાયો નાંખ્યો પરંતુ તેની વિચારધારા વધારે પ્રચલિત થઈ શકી નથી. હર્સેલે ઘટનાને સમાજની વાસ્તવિક્તા સમજવામાં મહત્વપૂર્ણ માની પરંતુ સાન્ત્યાનાએ એને શંકાની દૃષ્ટિએ જૂએ છે. સાન્ત્યાના મતે ઘટનાઓ વિશે કોઈ નિષ્કર્ષ પર પહોંચતા પહેલા આપણે ઘટનાઓના સારને ગ્રહણ કરવો જોઈએ. સારના આધારે જ એ જાણી શકાય છે કે સાર સાર્વભૌમિક છે કે નહીં. આ સાર જ ઘટનાશાસ્ત્રનું વિષયવસ્તુ છે. સાન્ત્યાનાએ દર્શાવ્યું છે કે વસ્તુઓનું અસ્તિત્વ જે આપણી આસપાસ છે જેમ કે પૂંજીવાદ, ધર્મ, વર્ગ અને શિક્ષણ વગેરે બધુ જ શંકાશીલ છે. એમના અસ્તિત્વને આપણે જેમ છે એમ જ સ્વીકારવું જોઈએ નહીં. પરંતુ તેને શંકાની નજરે જોવું જોઈએ. તેઓ સંદેહ કે સંશયને ઘટનાશાસ્ત્રનું મુખ્ય બિંદુ માને છે. સંદેહ જ એમના વિશ્લેષણની કેન્દ્રીય અવધારણા છે. કોઈ વસ્તુનો જેમ છે તેમ સ્વીકાર કરવો એ તો પશુ જેવો વિશ્વાસ છે. તેનો કદી આ રૂપમાં સ્વીકાર કરવો જોઈએ નહીં.

## બર્જર તથા લૂકમેનનું યોગદાન :

બર્જર અને લૂકમેન બંને અમેરિકન સમાજશાસ્ત્રી છે જેમની રૂચિ જ્ઞાનના સમાજશાસ્ત્રમાં રહી છે, પરંતુ ઘટનાશાસ્ત્ર તથા એથ્નોમેથોડોલોજીના ક્ષેત્રમાં પણ તેમનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. તેમણે The Social Construction of Reality નામના પુસ્તકમાં પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. બર્જર કહે છે કે શબ્દ સામાજિક રૂપે નિર્મિત થાય છે અને સામાજિક રૂપે જ તે સમાજમાં પોતાનું અસ્તિત્વ બનાવી રાખે છે. Words are socially constructed and socially maintained આ રીતે બર્જર સમાજને જ શબ્દોની રચના અને સ્રોત માને છે. શબ્દોની નિરંતર રહેવાવાળી વસ્તુનિષ્ઠ અને વ્યક્તિનિષ્ઠ વાસ્તવિક્તા વિશિષ્ટ સામાજિક પ્રક્રિયા પર આધાર રાખે છે. અર્થાત્ તે સામાજિક પ્રક્રિયા દરમ્યાન પોતાના અલગ અલગ સંસારનું સર્જન કરે છે અને તેને સ્થાયિત્વ પ્રદાન કરે છે.

બંને વિદ્વાનોએ એ પણ દર્શાવ્યું છે કે ઘટનાશાસ્ત્રમાં વાસ્તવિક્તાને જાણવાનો પ્રયત્ન કરવામાં આવે છે. તેમના મતે વાસ્તવિક્તા એ જ છે જેની વ્યાખ્યા સમાજના લોકો દ્વારા તેમની દૈનિક ક્રિયાઓના આધાર પર કરવામાં આવે છે. ઘટનાશાસ્ત્ર લોકોમાં અનિવાર્ય રીતે જોવા મળતા ભય પ્રત્યે પણ જાગૃત છે. લોકોમાં આ ભય સામાજિક જગતની વિભિન્ન પ્રકારની વ્યાખ્યાઓના કારણે ઊભો થાય છે. એક સમાજશાસ્ત્રી માટે એ આવશ્યક છે કે એને સામાજિક જગતની આ વ્યાખ્યાઓનું જ્ઞાન હોય. સમાજશાસ્ત્રીમાં જ્ઞાનની આ અનુભૂતિ સમાજમાં નિર્તંર થવાવાળી વ્યાખ્યાઓના આધાર પર જ શક્ય છે.

## કાર્લ મેનહાઈમનું યોગદાન :

આ જર્મન દાર્શનિક અને સમાજશાસ્ત્રીને જ્ઞાનના સમાજશાસ્ત્રનો જનક માનવામાં આવે છે. એમણે Ideology and Utopia નામના પોતાના પુસ્તકમાં જ્ઞાનના સમાજશાસ્ત્ર વિશે પોતાના સ્પષ્ટ વિચારો વ્યક્ત કર્યા છે. વળી ૧૯૨૨માં પોતાની ડોક્ટરેટની ડિગ્રી માટે લખવામાં આવેલા શોધ નિબંધ 'Structural Analysis of Epistemology' માં તેમણે જ્ઞાનના સમાજશાસ્ત્રનું બીજ રોપ્યું હતું. મેનહાઈમનો મત છે કે સામાજિક જ્ઞાનનો આધાર સમાજ જ છે. સમાજમાંથી જ જ્ઞાન જન્મ લે છે અને તેનાં જ તેનો વિકાસ થાય છે. દાર્શનિકોનો મત હતો કે માનવીના જ્ઞાનનો આધાર તેના પોતાના મસ્તિષ્કની ચેતનાશક્તિ છે. એનાથી વિરુદ્ધ મેનહાઈમે કહ્યું કે સમગ્ર જ્ઞાન, સમગ્ર વિચારોનો આધાર સમાજ પોતે જ છે. માનવી સમાજમાં રહીને આંતરક્રિયા કરે છે. આ આંતરક્રિયાઓના ફળસ્વરૂપે જ માનવીના જ્ઞાનનો ઉદ્ભવ થાય છે. માનવીને સંસારની બધી જ વસ્તુઓનું જ્ઞાન તેની સામાજિકતાના આધાર પર જ થાય છે. મેનહાઈમનો મત છે કે બધા જ પ્રકારનું જ્ઞાન પરિસ્થિતજન્ય હોય છે. આ જ કારણ છે

કે પ્રત્યેક યુગની પોતાની વિચારધારા પણ હોય છે. પ્રત્યેક સમાજમાં બે પ્રકારના લોકો હોય છે. એક પ્રાચીન સંસ્કૃતિ અને પરંપરાને સ્થાયી બનાવી રાખવાનો પ્રયાસ કરવાવાળા તથા બીજા સમાજમાં પરિવર્તનની ઈચ્છાવાળા. મેનહાઈમે આ બંનેની વચ્ચેનો માર્ગ અપનાવ્યો છે અને બંનેમાં સમન્વયની વાત કરી છે. એમનું કહેવું છે કે સમાજની પ્રત્યેક પરિસ્થિતિમાં પરંપરા અને આધુનિક્તાનો વિચિત્ર સમન્વય હોય છે. કોઈ પરિસ્થિતિ વિશે જ્ઞાન આ પ્રકારે સમય અને સ્થાનની સાપેક્ષ હોય છે. મેનહાઈમના વિચારો પર હર્સેલના વિચારોની સ્પષ્ટ છાપ જોવા મળે છે.

ઘટનાશાસ્ત્રના ક્ષેત્રમાં જર્મન વિદ્વાન મેક્સવેબરનું યોગદાન પણ મહત્વપૂર્ણ છે. તેઓ પ્રથમ સમાજશાસ્ત્રી હતા કે જેમણે માનવક્રિયામાં માનવીની ચેતનાના મહત્વનો સ્વીકાર કર્યો. તેમણે કહ્યું કે જો આપણે માનવીની સામાજિક ક્રિયાઓને સમજવી હશે તો આપણે કર્તાના મસ્તિષ્કની ચેતનાત્મક સ્થિતિઓને જાણવી પડશે. ઘટનાશાસ્ત્રના ક્ષેત્રમાં વેબરનું સૌથી મહત્વપૂર્ણ યોગદાન એ છે કે તેમણે માનવીય ક્રિયાના વિશ્લેષણમાં માનવીના મસ્તિષ્કની સ્થિતિઓનો એક મહત્વપૂર્ણ તત્ત્વના રૂપમાં સ્વીકાર કર્યો.

## ઘટનાશાસ્ત્રીય અભિગમની આલોચના :

નેટૅન્સન તથા વાર્શહિ વગેરેએ ઘટનાશાસ્ત્રની અનેક ટીકા કરી છે. નેટૅન્સન એક દાર્શનિક પણ છે જે ઘટનાશાસ્ત્રમાં વિશ્વાસ કરે છે તથા તેને સામાજિક અને વ્યવહાર સંબંધી વિજ્ઞાનોનો વિશેષજ્ઞ પણ માનવામાં આવે છે. નેટૅન્સનો મત એ છે કે ઘટનાશાસ્ત્રમાં હજુ સુધી કોઈ

૧. ઉચિત સિદ્ધાંતનો વિકાસ થઈ શક્યો નથી.

૨. એની કોઈ અધ્યયન પદ્ધતિ પણ સુનિશ્ચિત થઈ શકી નથી એટલે કે આમાં સિદ્ધાંત અને અધ્યયન પદ્ધત્તિનો સદંતર અભાવ છે.

૩. વાર્શહિનો મત છે કે ઘટનાશાસ્ત્રમાં વસ્તુનિષ્ઠ અને વ્યક્તિનિષ્ઠ જગત વચ્ચે જે ભેદ પાડવામાં આવ્યો છે તે સ્પષ્ટ નથી થઈ શક્યો.

૪. જેટલીન કહે છે કે ઘટનાશાસ્ત્ર એક ગૂઢ શબ્દ છે જેના અનેક અર્થ છે. આ રીતે આ એક જટિલ શબ્દ છે.

૫. બામૈન હર્સેલના યોગદાનને સમાજવિજ્ઞાનમાં મહત્વપૂર્ણ નથી માનતા. એમના વિચારો અને પ્રકારોને ન અપનાવી એમાં કેટલાક ઉપયોગી પ્રકારોને ચૂંટીને ઉપયોગમાં લાવવાં જોઈએ.

૬. ઘટનાશાસ્ત્ર પ્રત્યક્ષવાદ અને વિજ્ઞાનવાદને નકારે છે. જે પ્રત્યક્ષવાદના આધાર પર સમાજશાસ્ત્ર પ્રાચીનકાળથી જ અનેક અભ્યાસો કરી રહ્યું છે અને અમૂલ્ય સાહિત્યનું સર્જન કરી રહ્યું છે તેનો જ ઘટનાશાસ્ત્ર ધૂળમાં મેળવી દે છે. આ વસ્તુનિષ્ઠ અધ્યયનના સ્થાને વ્યક્તિનિષ્ઠ અધ્યયન પર ભાર મૂકે છે.

૭. આ પદ્ધત્તિ તર્કના સ્થાને કાલ્પનિક્તામાં વિહાર કરે છે જે અર્થહિન છે.

૮. ઘટનાશાસ્ત્ર દ્વારા માત્ર નાના પાયા પરના જ અભ્યાસો કરી શકાય છે, બૃહદ સ્તરીય નહીં.

૯. ઘટનાશાસ્ત્ર અત્યાર સુધી માત્ર એક સૈદ્ધાંતિક અભિગમ જ છે એના દ્વારા કોઈ

પ્રયોગાત્મક અનુભવ નથી કરી શકાયા.

૧૦. કેટલાક વિદ્વાનો ઘટનાશાસ્ત્રને દર્શનશાસ્ત્ર સાથે જોડાયેલું હોય એવું માને છે એટલા માટે તેઓ સમાજશાસ્ત્ર માટે અનુપયોગી માને છે.

ઉપર્યુક્ત ત્રુટિઓ હોવા છતાં ઘટનાશાસ્ત્રએ સામાજિક વાસ્તવિકતાને સમજવા માટે મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

## તમારી પ્રગતિ ચકાસો :

૧. ઘટનાશાસ્ત્રની મુખ્ય વિશેષતાઓ સમજાવો.
૨. ઘટનાશાસ્ત્રીય અભિગમમાં એડમંડ હર્સેલના પ્રદાનની ચર્ચા કરો.
૩. આલ્ફ્રેડ શુટ્ઝના ઘટનાશાસ્ત્રીય અભિગમ અંગેના વિચારો જણાવો.
૪. ટૂંક નોંધ લખો.
   (૧) ઘટનાશાસ્ત્રીય અભિગમમાં કાર્લ મેનહાઈમનું યોગદાન
   (૨) ઘટનાશાસ્ત્રીય અભિગમમાં બર્જર તથા લુકમેનનું યોગદાન

# NOTES

# NOTES

# NOTES